
આવતી કાલનાં
નાગરિકો માટે
જ્ઞાન-સંસ્કાર
અને ચારિત્ર્યઘડતર
પ્રબોધતું માસિક

કુમાર


૪૨૦

તંત્રી • બચુભાઈ રાવત



વર્ષ ૩૫ મું
અંક ૧૨ મો
ડિસેમ્બર
૧૯૫૮

સંસ્થાપક • રવિશંકર રાવળ



રાણકપુરનાં શિલ્પો : મંદિરો જનસંપર્કનાં કેન્દ્રો હોવાથી તેની દીવાલો ઉપર રામાયણ-મહાભારત તથા પુરાણોના કથાપ્રસંગો કોતરવામાં આવે છે. રાણકપુરમાં પણ રામાયણ, ભાગવત, કોશાસ્થૂલિભદ્ર, નેમીનાથ આદિના જીવનપ્રસંગો તથા લોકજીવનનાં દશ્યો સાદી શિલ્પશૈલીમાં કોતરેલાં છે, તેનાં થોડાં રેખાંકન મથાળાના ત્રણ પટ્ટીઓમાં આપ્યાં છે. નીચે ચોથી પટ્ટીમાં ત્યાંની વિપુલવિવિધ શોભન-સામગ્રીમાં કમળનાં જે વિવિધ સ્વરૂપોનો વિન્યાસ કર્યો છે તેના થોડા નમૂના કલાકારે તારવેલા તે આપ્યા છે. એ જ રીતે જમણી બાજુની છેલ્લી તકતીમાં ત્યાં વૃક્ષનાં જે વિવિધ શોભનસ્વરૂપો ઉતાર્યાં છે તેમાંથી કદલીવૃક્ષનો નમૂનો તથા કમળવેલનાં આલેખન આપ્યાં છે. (રેખાંકન : છેલશંકર વ્યાસ)

કુમાર
ડિસેમ્બર ૧૯૫૮
અંક ૪૨૦

ચિત્રો—

કાવ્યો—

ચરિત્ર—

વાર્તા—

લેખો—

વિભાગો—

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ० ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

વાચકો લખે છે.

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ ઑક્ટોબર અંકમાં શ્રી સાધુરામ દવે લિખિત લેખમાળામાં બ્રિજની ઉત્પત્તિ વિષે વાંચ્યું. એ વિષે હિન્દી ડાઇજેસ્ટ 'નવનીત'-માં નીચે મુજબ ઉલ્લેખ થયો છે:

'તાશકે ખેલ "બ્રિજ" કે પ્રારંભ કી કહાની બડી હી મનોરંજક હૈ. સન્ ૧૯૦૩કી બાત હૈ કિ દક્ષિણ આફ્રિકાકી લડાઇમેં ચાર સૈનિકોંકો શત્રુઓંસે એક પુલકી રક્ષાકે લિયે ભેજા ગયા. ઉન્હેં પુલકી રક્ષાકે હેતુ પૂરી રાત જાગકર બિતાની થી. અતઃ ઉન્હોંને તાશકા એક ઐસા ખેલ નિકાલા, જિસમેં તીન વ્યક્તિ ખેલ સકેં ઔર ચૌથા ખિલાડી વહાં ચુપચાપ બૈઠા રહકર શત્રુપક્ષકો સતર્કતા સે દેખતા રહે. સાથસાથ ઉસ ખેલમેં ઉન્હોંને યહ ભી વ્યવસ્થા રખી થી કિ બારીબારીસે હરખિલાડીકો "ડમી" ખિલાડી બનનેકા અવસર મિલતા રહે.(ડૉ. પટ્ટાભી સીતારામૈયા કૃત 'ફેધર્સ ઍન્ડ સ્ટોન્સ')'

(આતરસુંબા) —અશોક શાહ

ગુજરાતી માસિકોમાં 'કુમાર' જ બ્રિજની રમત વિષે પહેલ કરે છે. આપશ્રીને તથા શ્રી દવે ને અભિનંદન. તે માટે એક નમ્ર સૂચન કરું? લેખમાળામાં બને ત્યાં સુધી ગુજરાતી શબ્દો વપરાય તે ઇચ્છવાજોગ છે. જરૂર પડે ત્યારે અંગ્રેજી શબ્દ મૂકી ગુજરાતી કૌંસમાં મૂકવાને બદલે ગુજરાતી શબ્દ તથા ઉચ્ચાર બહાર મૂકી અંગ્રેજી શબ્દ કૌંસમાં મૂકવો વધારે ઠીક લાગશે. આમાં અંગ્રેજી બિલકુલ ન જાણનારા વાચકો (જે હોય તેમને) મુશ્કેલી નહિ પડે, પણ અંગ્રેજી શબ્દપ્રયોગો સમજી શકશે. દા.ત. ચારે રમનારા 'પાસ' (નથી બોલતું) કહે ત્યારે એ બાજી નકામી થાય છે. તેને અંગ્રેજીમાં "કૅશિંગ ધ ડીલ" (cashing the deal) કહે છે.

(મુંબાઇ) —કીર્તિ કુ. દોશી

અંક ૪૧૯માં એક ભાઇએ ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીના માયોપિયાના લેખ અંગે કેટલીક માહિતી પૂછાવી છે. ડૉ. અગ્રવાલે માયોપિયા પર 'નેત્રસુધાર' નામનું પુસ્તક હિંદીમાં લખ્યું છે, જેના પરથી ગુજરાતી ભાષાંતર 'આંખોનું આરોગ્ય' કુન્દનિકા કાપડિયાએ કરેલું છે ને સસ્તું સાહિત્ય કાર્યાલય તરફથી પ્રસિદ્ધ થયું છે. આ પુસ્તકમાં બતાવેલી કસરત અને સારવારથી માયોપિયામાં સારો ફાયદો થાય છે એવો મારો પોતાનો જાત અનુભવ છે. સારવાર નિયમિત અને બરાબર કરે તો કદાચ ૧ થી ૨ સુધીનો નંબર નિર્મૂલ પણ થઈ શકે.

(દેવગઢબારીઆ) —પ્રવીણ આર. કડકિયા

એક રાત્રે મુંબાઈથી આવી એમણે (શ્રી વસાએ) સમાચાર આપ્યા: 'આજે ખબર મળી છે કે શ્રી. સુકાનીનું અવસાન થયું છે.' મને ખૂબજ દુઃખ થયું. મોડી રાત સુધી એમની જે વાર્તાઓ વડે એમના તરફ માયા–મમતા બંધાએલી તે સાથે એમને અમે યાદ કર્યા.

મેં એમની સૌથી પહેલી વાર્તા શરૂઆતમાં 'કુમાર'માં 'સોનાર પસા' વાંચેલી. અને તે સાથેજ દરિયાઈ સાહસકથાનું આકર્ષણ થયેલું. અને 'દરિયાનો દાનવ' વાંચ્યા પછી તો એમની કલમ પ્રત્યે માયા બંધાઈ ગએલી. એ વાર્તાના કૅપ્ટન ફૉન લ્યુકનેરના શબ્દો: 'નિરાશાથી અજેય બની ક્યારેય તમારા વહાણ પર પાણી ફરવા દેશો નહિ'; 'હમેશાં જર્મન ઓકવૃક્ષની માફક અડગ અને ટટ્ટાર રહો.' એ તો જીવન-પથમાં કીમતી મુદ્રાલેખ જેવા બની રહ્યા છે. અને તે પછી તો ઘણુંય,—'હડકીવારી આઈ', 'એચ.એમ. આઈ. એસ. બંગાળ, 'નાખવાનું ખમીર', અને છેલ્લે 'દેવો ધાધલ': કોને યાદ કરીએ અને કોને વીસરીએ? દેવા ધાધલનું તો ખૂબજ ખેંચાણ. 'કુમાર' આવે ને હું પહેલાં જ 'દેવો ધાંધલ વાંચું. એ વાર્તા પૂરી થઈ ત્યારે તો ખૂબ નિરાશા થએલી. એ શરૂ થઇ ત્યારના પ્રસ્તાવમાં એમનું નિવેદન હતું કે જૂના સમયની છેલ્લી વાર્તા લખું, અને પછી અર્વાચીન વહાણવટાની સાહસકથાઓ લખીશ. શું આજ એમની છેલ્લી વાર્તા ઠરી? આજ સુધીની સાગરી સાહસકથાઓમાં શિરમોરસમી 'દેવો ધાધલ' એમની છેલ્લી પ્રસાદી છે, ને છેલ્લે 'બેલીનો સાદ' સાંભળતાં એમને ય જાણે અનંતનો સાદ સંભળાયો—ને એ ચાલી નીકળ્યા.

સાચે જ! શ્રી 'સુકાની' જતાં કોઈ એક નિકટનું સ્વજન ગુમાવ્યું હોય એવો શોક થાય છે. એક 'કુમાર' જ એવું માસિક હતું અને શ્રી 'સુકાની' જ એવા કલમસ્વામી હતા કે જેમણે આપણી દરિયાઇ તાકાતને સાકારરૂપ આપ્યું, આપણા ખલાસીઓ અને આપણા સાગરખેડુઓને–'ચીંથરે વીંટયાં રત્નો'ને બહાર પ્રકાશમાં આણ્યા, એમની ખેલદિલી, સાહસ ને સંનિષ્ઠાને બિરદાવ્યાં. જ્યારે ફ્તહ-ઉલ-બારી વાંચેલી ત્યારે તો મારું મસ્તક એમની ઝિંદાદીલી, સાહસ ને પ્રમાણિકતા પર નમી ગએલું. અને એ પોતે પણ દરિયાઈ જીવન સાથે સીધા સંકળાએલા રહેલા, એટલે જે સચ્ચાઇ, જોમ અને જોશ જોઇએ તે એમની વાર્તાઓમાં સપ્રમાણ સાકાર થતાં.

શ્રી સુકાની જતાં હાલ પૂરતો તો 'કુમાર' માં દરિયાઈ કથાઓનો રસ જરા ઓછો થશે. 'કુમાર' એમની પ્રસાદીથી ભર્યુંભર્યું લાગતું. એમની ખોટ તો 'કુમાર'ને અને અમ સૌ વાચકોને જબરી પડી છે, છતાં એમને પગલે અનેક 'સુકાની'ઓ ઊભા થાય અને એમણે પાડેલો ચીલો ચાલુ રહે એવી અપેક્ષા રાખું તો અસ્થાને નહિ લાગે.

એમનો પ્રત્યક્ષ પરિચય તો કોઈ દિવસ નથી થયો, છતાં 'કુમાર' વડે જે જૂની પરિચિતતા હતી તેથી એમને વિદાય થએલા જાણી ખૂબ દુઃખ થયું છે, અને 'કુમાર' દ્વારા એમને અંજલી મોકલું છું. એમના પવિત્ર આત્માને ખૂબ સુખ શાંતિ ઈચ્છીને. વંદન હજો અનંતનાં યાત્રી તને અને તારી સમૃદ્ધ કલમને!

(બોરીવલી) —લોપા નાનાલાલ વસા


નવેમ્બર અંકમાં ફિરોઝશાહ રૂસ્તમજી મહેતાનો 'લુવ્ર' વિષેનો લેખ વાંચીને આનંદ અને ગ્લાનિ બન્ને અનુભવ્યાં: આવા બેનમૂન કલાસંગ્રહનો ગુજરાતને પરિચય કરાવ્યા બદલ આનંદ; અને અમદાવાદ જેવી ધનાઢ્ય નગરી પોતાને આંગણે સમ ખાવા જેટલી પણ એક આર્ટ ગૅલેરી નથી વસાવી શકતી એવી આપણાં પ્રજાજનોની ઉદાસીનતા નીરખીને ગ્લાનિ. પ્રજાની aesthetic sense ખીલવવા માટે આવા કલાસંગ્રહોની જરૂરીઆત સૌ કોઈ સ્વીકારે છે. અમદાવાદ પાસે કલાપારખુઓ છે, ધન છે, બુદ્ધિકૌશલ્ય છે, તો એક સુંદર આર્ટ ગૅલેરી અહીં સ્થાપવાનું શું આપણા નાગરિકો માટે દુષ્કર છે? કે પછી योजकस्तत्र दुर्लभः એ જાણીતા વાક્યનું પુનરુચ્ચારણ કરીને બેસી રહેવાનું જ આપણાં લલાટે લખાયું છે? આ બાબતમાં કંઈ થઈ શકશે ખરું? એક પ્રજા તરીકે આપણે એવા તો કેવા નમાલા બની ગયા છીએ કે આવી મોટી ખોટ કોઇને સાલતી પણ નથી?

(અમદાવાદ) —ચિનુભાઈ મોદી

લુવ્રના લેખમાં ફ્રાન્સિસ પહેલાની તવારીખની ભૂલ લાગે છે. તેની તવારીખ ઈ.સ. ૧૪૯૪ થી ૧૫૪૭ની છે. તે ઈ.સ. ૧૫૧૫માં ગાદીએ આવ્યો હતો.


(રાજકોટ) —દયાશંકર મગનલાલ વ્યાસ

[*લેખકની ભૂલ જ છે. એન્સાઇક્લોપીડિયામાં ઈ. ૧૫૪૭ છે. જન્મની સાલ સાચી છે.]



ધરણશાહે બંધાવેલું નલિનીગુલ્મ વિમાનના આકારનું રાણકપુરનું વિખ્યાત જૈનમંદિર 'ત્રૈલોકયદીપક ચતુર્મુખ પ્રાસાદ' (ફોટો · સત્યવતીબહેન ઝવેરી)

'અંગના' · પ્રાચીન ઈરાની ભીંતચિત્રની અનુકૃતિ · કલાકાર સરખિસ કચ્ચાદોરિયાં (લેડી તનુમતિ ચીનુભાઈના સંગ્રહમાંથી · 'અંગના' વાર્ષિકના સૌજન્યથી)



ભારતનાં અજંતા, બાઘ, બામીઆન જેવાં ગુફામંદિરોની ભીંતો પરનાં સૌન્દર્યશાળી પ્રાચીન ચિત્રો પર નજર ફેરવ્યાફેરવીને કોઈ જાદુગર જેવી સમાધિપૂર્વક તેની પૂર્ણ ચિત્રિત ભૂમિ અને રેખાવિલાસ ઉકેલવીને તેની અક્ષરશઃ નકલો કરનાર ખ્યાતનામ ઈરાની કલાકાર સરખિસ કચ્ચાદોરિયાંનું નામ પ્રાચીન ચિત્રોના સંરક્ષક તરીકે જગજાણીતું છે. તેમણે પોતાના માદરે વતન ઈરાનના શાહ અબ્બાસના રાજમહેલોનાં ખંડિયેરોમાં દેખાતાં રંગધાબાં પરથી પણ એવાં ચિત્રો સર્જન કર્યાં છે. અમદાવાદના સર ચીનુભાઈના કલાસંગ્રહમાં તેમની અજંતાની એવી જે અનુકૃતિઓ ઉપરાંત ઈરાની ભીંતચિત્રની પણ એક અનુકૃતિ છે તે લેડી તનુમતિના સૌજન્યથી અહીં આપી છે. એ પરથી લાગે છે કે શાહ અબ્બાસના કાળ સુધી તો અજંતાએ પ્રસારેલી રેખાની કલા ઈરાનિયામાંથી લુપ્ત થઈ નહોતી. વિશેષ પરિચય માટે જુઓ આ અંકની 'કલાવાર્તા'.

કુમાર

ડિસેમ્બર
૧૯૫૮

દીપ બરાબર

· ગાન ·

અખિયાં દીપ બરાબર સળગી.
તંતુ તંતુ સ્નેહાતુર બાળી
વાટ કજળી તે કીકી કાળી;
શેષ રહી લાલાશ લ્હાયની
લેશ થાય નહિ અળગી,
અખિયાં દીપ બરાબર સળગી.
પૂર્યો પરચો નૅાતમ નાથે,
કેવળ નીર ભર્યું નિજ હાથે!
'સરોદ' અદકી બળ્યા કરે તે
તનના ટોડલે વળગી!
અખિયાં દીપ સમોવડ સળગી.

'સરોદ'

એક અન્યોક્તિ

· ઉપજાતિ ·

શત એષણાઓ
હૈયા મહીં એ મૃદુ છોડ કેરા
ભરી હતી,—જે પડને ધરાના
ભેદી હજુ આ હમણાં જ કેવો
શ્વસી રહ્યો'તો જગને;
સહર્ષ
આમૂલ એને
ચરી ગયો ગર્દભ એક પુષ્ટ.

લાભશંકર ઠાકર



ઋતુચક્ર

· વસંતતિલકા ·

આષાઢની પ્રથમ વૃષ્ટિ સમી તું રીઝી
રેલી-શું મત્ત મનના થનગ્યા મયૂર!
ને શ્રાવણી રિમઝિમે કરી સ્વપ્નચૂર
હૈયાની ભૂમિ હરિયાળી સમગ્ર કીધી!

સાન્નિધ્યમાં તવ શરન્નભ શા સુરમ્ય
પામ્યો અમી નયનના અનુરાગ કેરાં.
કૅાળેલ પુષ્પ સમ જૂઈ તણાં અધૂરાં
કેવાં થયાં ઉર સુગંધથી ધન્ય ધન્ય!

હેમંતને લઈ વધાવી ઉમંગભેર
તું પ્રાચી શી કિરણથી થઈ દીપ્તિવંત
હું યે તુષારકણ શો તુજ સ્ફૂતમંત
હૈયાની પાંખડી વિષે ઠરું મોતી પેર!

ઝંકાર શીત સમીરે ઝીલીને સુમંદ
ગુંજી રહ્યા હૃદયના શત તાર, છંદ!
ને શર્વરી શિશિરની સમ દીર્ઘ મીઠાં
સ્વપ્નો અનેક સખિ, આવતનાંય દીઠાં!

જ્યાં આપણી સભર ફુલ્લ વસંત ખીલી
ત્યાં યૌવને રસભરી શરણાઈ ફૂંકી!
પાસે પરસ્પર સરી કર બે મિલાવી
માણ્યો સમુત્સવ પ્રિયે, બસ ઝૂકીઝૂકી!

ગ્રીષ્મે છક્યાં ઉભય એથીય—મોગરાની
મસ્તાન ગંધ સમ! ચાંદનીમાંહિ રાગે
આશાવરી: જીવનમાધુરી આ મઝાની
ર્‌હેશે બની નિત નવા જહીં સૂર જાગે!

આ આપણા પ્રણયનું ઋતુચક્ર ચાલે,
વૈવિધ્યમાં વિકસતાં ઉરપદ્મ પૂરાં
શાં ભિન્નભિન્ન દલ કોમલ નિત્ય ખૂલે!
એકાગ્ર થૈ રસ સનાતન માણી ર્‌હેતાં!

હેમન્ત દેસાઈ



ભેદ

· ગાન ·

વૃંદાવનમાં માધવને જોવા ગોપીઓ ઘેલી થઇ રહી છે, ત્યારે એક જણી બેઠીબેઠી લોબરીએ આભલાં ટાંકે છે! અધીરી સહિયરો આથી અકળાઈને તેને આ વિચિત્રતાનું કારણ પૂછે છે, તેમને પોતાની આ ઠંડકનો ભેદ ઉકેલતી પેલી કહે છે...

લિયો હઉં ભેદ દાખી!
આકળી આમ શું થાવ એલી, હવે ઝાઝું રિયું નંઈ બાકી!
ઘેલીઘેલી થઇ રોજ જુવો એનું રૂપ ન ક્યાંય સમાતું,
તોય કહો નંઇ કોઇ દિ' તમને મનમહીં ઈમ થાતું—
(કે) કોડી સમાણાં બે નેણથી કેટલી ઝીલી જાશે એની ઝાંખી?
લિયો હઉં ભેદ દાખી!
એવડી એક જ વાતે મુંને સાહી, કાલ્ય લગી કોરી ખાધી!
તંઇ અચાનક રાતે રૂડો કંઈ ઉકેલ ગ્યો એનો લાધી!
હમજી હવે આ લોબરીએ કયમ આભલાં રહી છું ટાંકી?!
લિયો દીધો ભેદ દાખી!

પ્રદ્યુમ્ન તન્ના

...કે માધવની મહત્તાને પીવા માટે મામૂલી બે આંખ પૂરતી ન હોવાથી આભલાં રૂપી આ અનેક આંખોમાં એનું પ્રતિબિંબ પકડી લેવું છે.



[ફોટો · સુમનભાઈ શેઠ–મિયાંગામ]

સ્વ. વિદ્યાબહેન નીલકંઠ

ગુજરાતના અભ્યુદિત સમાજજીવનનાં સંસ્કારજનની સમાં વિદુષી સન્નારી અને ધીટ·પીઢ સામાજિક કાર્યકર લેડી વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠનું, આ ૭મી ડિસેમ્બર–કાર્તિક વદ ૧૧–ને રવિવારે બપોરે ૧૨ વાગ્યે ૮૨ વર્ષની વયેઅવસાન થતાં, જૂની પેઢીનાં એક ખાનદાન ને ધુરંધર અગ્રણીની ખોટ પડી છે.


અમદાવાદના સરકારી ન્યાયખાતામાં નાઝરના ઊંચા હોદ્દા સુધી પહોંચેલા શ્રી ગોપીલાલ મણિલાલ ધ્રુવ, અને ગુજરાતના અગ્રણી નાગરિક સરદાર ભોળાનાથ સારાભાઇનાં પુત્રી બાળાબહેનને ત્યાં, ઈ. ૧૮૭૬ની ૧લી જૂને અમદાવાદમાં એમનો જન્મ થએલો. ગળથૂથીમાંથી જ ઉચ્ચ સંસ્કાર પામીને, સ્ત્રીશિક્ષણના અભાવના એ જમાનામાં ગુજરાતી તથા અંગ્રેજી શિક્ષણમાં પહેલ કરીને, ઈ. ૧૮૯૧માં તેઓ મૅટ્રિક થયાં તે પહેલાં બે વર્ષે, ઈ. ૧૮૮૯માં જાણીતા સમાજ-સુધારક મહીપતરામ રૂપરામ નીલકંઠના સૌથી નાના પુત્ર રમણભાઇ સાથે એમનું લગ્ન થયું. આમ, ગુજરાતનાં બે આગેવાન અને સંસ્કારી ખાનદાનના સાયુજ્યનું સદ્ભાગ્ય પામેલાં વિદ્યાબહેનને હાથે જાણે સમુચિતરીતે જ ગુજરાતના સ્ત્રીસમાજના અભ્યુદયનું કાર્ય નિર્મિત થયું હતું. એટલે, લગ્નજીવન ગાળતાં છતાં, અને અનેક સામાજિક બંધનો છતાં, સમાજના ઉગ્ર ઉપહાસ અને વિરોધનો નીડરતાથી સામનો કરીને તેમણે કૉલેજમાં પ્રવેશ કર્યો, અને પોતાનાં નાનાં બહેન શારદાબહેન સાથે ઈ. ૧૯૦૧માં ગુજરાતનાં પ્રથમ સ્ત્રી ગ્રૅડ્યુએટ થઇને ગુજરાતની સ્ત્રીકેળવણીનાં બંધ દ્વારને હિંમતપૂર્વક ખોલી નાખ્યાં. એમના આ અગ્રચારી-કાર્યમાં એમના પતિ રમણભાઇની સહાય ને હૂંફ એટલાં હતાં કે તેઓ જાતે એમને કેટલાક વિષયો શીખવતા. ઉપરાંત બી. એ. માં એમના ઐચ્છિક વિષયો તત્ત્વજ્ઞાન અને તર્કશાસ્ત્રના પ્રાધ્યાપક કાશીરામ દવેનું અવસાન થતાં સ્વ. આનંદશંકરભાઇને હાથે પણ એમને એ વિષયોના શિક્ષણનો લાભ મળેલો, જેને પરિણામે તેઓ આખી યુનિવર્સિટીમાં એ વિષયમાં પહેલે નંબરે અને બી. એ.માં બીજે નંબરે ઉત્તીર્ણ થએલાં, અને ગુજરાત કૉલેજનાં ફેલો નિમાએલાં.

એવું જ પ્રોત્સાહન અમદાવાદના ત્યારના પીઢ સામાજિક કાર્યકર રા. બ. લાલશંકર ઉમિયાશંકરને હાથે પામીને, તેમણે ઈ. ૧૯૦૦ના છપ્પનિયા દુકાળ વખતે સ્ત્રીઓ અને બાળકોનાં શુશ્રૂષાકાર્યમાં જોડાઇને ગુજરાતની સમાજસેવામાં પ્રવેશ કર્યો; ને ત્યારથી તે જીવનની છેલ્લી ઘડી સુધી, લગભગ છ દાયકાના—બે પેઢી જેટલા જીવનકાળ દરમ્યાન એમણે ગુજરાતના સમાજજીવન, શિક્ષણ, સાહિત્ય, સંસારસુધારા અને નારીપ્રતિષ્ઠાનાં ક્ષેત્રોને પોતાના સતત અને સંગીન સેવાકાર્યથી જે સિંચિત કર્યું છે એની સુવાસ વર્ષો સુધી ગુજરાતના જીવનમાં પમરતી રહેશે અને ગુજરાતની બહેનોને સુશિક્ષિત સ્ત્રીનાં કર્તવ્યોનું તથા તેના વિકાસની શકયતાઓનું સ્મરણ કરાવતી રહેશે.

આની સાથોસાથ, જાહેર કાર્યોમાં ગળાડૂબ રહેતા સર રમણભાઈનું ઘણુંખરુ અંગત કામ પણ તેમણે સંભાળી લીધું હતું, અને તેમની સાહિત્યોપાસનામાં સહાયભૂત થવાની સાથેસાથે પોતાનું સાહિત્યજીવન પણ તેમણે વિકસાવ્યું હતું. પતિના તંત્રીપદ નીચે નીકળતા ત્યારના પ્રતિષ્ઠિત સામયિક 'જ્ઞાનસુધા'ના સંપાદનકાર્યમાં સહાય ઉપરાંત પ્રસંગોપાત્ત લખવા માંડેલા એમના લેખો રમણભાઈ સાથેની સહકૃતિ 'હાસ્યમંદિર'માં ગ્રંથસ્થ થયા છે; અને રમેશચન્દ્ર દત્ત કૃત નવલકથાનું અવતરણ 'સુધાહાસિની', તથા મહારાણી ચિમનાબાઈ ગાયકવાડ લિખિત પુસ્તકના 'હિંદના સામાજિક જીવનમાં સ્ત્રીનું સ્થાન' એ નામથી તેમણે શારદાબેન સાથે કરેલો અનુવાદ–બંને શિષ્ટમાન્ય ગણાયાં છે. એ ઉપરાંત 'નારીકુંજ', 'ગૃહદીપિકા', 'જ્ઞાનસુધા' તથા આત્મકથાત્મક જીવનસ્મરણો 'ફોરમ' એમની અન્ય કૃતિઓ છે. એમની નિરૂપણશૈલી સ્વાભાવિક, સુસંબદ્ધ ને મુદ્દાસર, તથા લેખન સરળ છતાં વિચારશીલ હતું. એમની આ સેવાના ફલસ્વરૂપે ગુજરાતી સાહિત્ય પરિષદે પોતાના વડોદરા અધિવેશનના પ્રમુખપદનું માન એમને આપેલું. વળી અખિલ હિંદ મહિલા પરિષદે પણ ૧૯૩૨ના પોતાના લખનૌ અધિવેશનનું અધ્યક્ષપદ એમને આપેલું. એ જ રીતે એમની ઉજ્જ્વલ સમાજસેવાની કદરમાં બ્રિટિશ સરકારે એમને પ્રથમ એમ. બી. ઈ. (મેમ્બર ઑવ ધ બ્રિટિશ ઍમ્પાયર) અને પાછળથી કૈસરે હિંદના ચન્દ્રકો એનાયત કર્યા હતા; અને કોઇ પણ પુરુષની હરોળમાં ઊભી રહે એવી તેમની કુશાગ્ર બુદ્ધિ તથા વિદ્વત્તાની કદર કરીને કર્વે યુનિવર્સિટીએ એમને ડી. લિટ.(ડૉકટર ઑવ લિટરેચર)ની સંમાન્ય પદવી અર્પણ કરી હતી.

સ્વભાવે શાંત અને ઠાવકાં વિદ્યાબહેન ઉત્તરાવસ્થાએ પણ પ્રગતિશીલ વિચારો ધરાવતાં, અને એમની સાથેના સંપર્કમાં આવનાર સૌને એમની વિનમ્રતા, મધુરતા તથા સૌજન્યનો અનુભવ થતો. ગુજરાત વિદ્યાસભાનાં ૩૦ વર્ષ સુધી મંત્રી, ગુજરાતસાહિત્યસભાનાં આખર સુધી પ્રમુખ, ને એ જ રીતે સ્ત્રીશિક્ષણ, સમાજસેવા, ઉચ્ચ કેળવણી, નારીપ્રતિષ્ઠા, જાહેરઆરોગ્ય, મ્યુનિસિપાલિટી આદિ સંખ્યાબંધ સંસ્થાઓનાં ક્રિયાશીલ સભ્ય, મંત્રી કે પ્રમુખ તરીકે તે સર્વના પ્રાણરૂપ બનીને સતત સેવાઓ આપતા રહેવા ઉપરાંત એમણે વિદ્યાવ્યાસંગી સુખી કુટુંબ પણ ઉછેર્યું. એમની પાંચ પુત્રીઓ (સર્વશ્રી જ્યોત્સ્નાબહેન મહેતા, સરોજિનીબહેન મહેતા, સૌદામિનીબહેન ગગનવિહારી મહેતા, વિનોદિનીબહેન તથા તરંગિણીબહેન ચોળિયા) તથા બે પુત્રો (સર્વશ્રી કંદર્પકુમાર અને સુશ્રુત) એમ સાતે સંતાનો સંસ્કાર-સૌરભવંત છે. આવી 'લીલીવાડી' મૂકીને તથા ૮૨ વર્ષનું પૂર્ણાયુ ભોગવી એતો જીવન સાર્થકયનો સંતોષ લઇને ગયાં, પણ ગુજરાત તો એમને અભાવે ઊણું જ રહેવાનું.

ગુજરાતની જ્ઞાનભૂમિને અભિનવ વિજ્ઞાનજળે સતત સિંચિત કરતા રહેલા ગરવા વિજ્ઞાનવિદ્ અને પ્રગલ્ભ ને શુદ્ધ શૈલીના સાહિત્ય-સેવી



(ફોટો : જગન મહેતા · આગ્રા · એપ્રિલ ૧૯૪૭)

ડૉ. કાન્તિલાલ છ. પંડ્યા

જેમનાં લેખનસામર્થ્ય ને જ્ઞાનભાંડારનો 'કુમાર'ના વાચકોને આંશિક પરિચય છે તે, ગુજરાતની જ્ઞાનભૂમિને અભિનવ વિજ્ઞાનજળે–ગુજરાતમાં નવા વિજ્ઞાનના પવનની લહેરખી વાવા લાગી તે સમયથી તે આજ સુધી સતત સિંચિત કરતા આવેલા, આપણા એક ગરવા વિજ્ઞાનવિદ, સાક્ષર શિરોમણિ શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનાં જીવનકવનના ગુજરાતી સાહિત્યજગત આગળ પ્રતિનિધિ રહેલા, પ્રગલ્ભ અને શુદ્ધ શૈલીના સાહિત્યકાર, વિરલ સંસ્કારસેવી, તથા ગુજરાતની પ્રત્યેક પ્રકારની રચના-પ્રવૃત્તિ પરત્વે ક્રિયાશીલ અમી-દ્રષ્ટા ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડ્યાનું ચાલુ સાલની ૧૪મી ઑક્ટોબરે મુંબાઈમાં ખાર ખાતેના તેમના નિવાસસ્થાને, ૭૩ વર્ષની વયે, લાંબા સમયની પેટના કૅન્સરની બીમારીમાં અવસાન થતાં ગુજરાત સાચે જ રંક થયું છે. ગુજરાતી સાહિત્યને શ્રી ગોવર્ધનરામનો પ્રતિનિધિ કદાચ કોઈ બીજો મળત, સાહિત્ય અને વિજ્ઞાનનું જે સમૃદ્ધ વસ્તુ તેમણે આપ્યું છે એ પણ કદાચ કોઈ બીજો આપી જાત, પણ એ સર્વની પાર્શ્વભૂમિકામાં કામ કરતાં તેનાં પ્રેરક બળ સરખાં, તેમનાં પોતીકાં ઉદાત્ત-અભિજાત વસ્તુસમજ, જીવનદૃષ્ટિ અને સત્યસંવાદ ફરી ક્યાંથી મળવાનાં, એ પ્રશ્ન હાલતુરત તો અનુત્તર રહી જાય છે.

ઈ. ૧૮૮૬ની ૨૪મી ઑગસ્ટે, સંવત ૧૯૪૨ની શ્રાવણ સુદિ નવમીને દિવસે લગભગ મધ્યાહ્ને નડિયાદમાં વડનગરા નાગર જ્ઞાતિમાં એમનો જન્મ થયો હતો. પિતા શ્રી છગનલાલ હરિલાલ પંડ્યા સંસ્કૃતના એક બહુ કઠિન ગ્રંથ 'કાદંબરી'નું (ઘણુંખરું કોઈ પણ હિંદી ભાષામાં ન થયું હોય એવું) 'અદ્વિતીય સુંદર' ભાષાંતર કરીને ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ થઈ ગએલા વિદ્વાન સાક્ષર તથા ગુણજ્ઞ સંસ્કાર-સેવી ગૃહસ્થ હતા, અને જૂનાગઢના નાયબ દીવાનને પદે પણ એ કાર્ય કરી ગએલા. 'સરસ્વતીચંદ્ર'ના ત્રીજા ભાગની 'નિવાપાંજલિ' જેમને અર્પિત થઈ છે તે, શ્રી ગોવર્ધનરામનાં નાનાં ને વહાલાસોયાં વિદુષી બહેન સમર્થલક્ષ્મી તેમનાં માતા. આમ તેમને વિદ્યા-સંસ્કારનો વારસો પિતા, માતા તથા માતુલ–એમ ત્રિવિધ પક્ષેથી મળ્યો હતો. દાદા હરિલાલ પંડ્યા નાણાં ધીરવાનો ધંધો કરતા. પિતા(છગનલાલ)ના માતામહ કૃપાદત્ત રામદત્ત પંડ્યાની મુંબાઇમાં પેઢી હતી, અને તેઓ ચીન દેશમાંથી ચા વગેરે મંગાવી તેનો વેપાર કરતા. ગુજરાતી સાહિત્યના પંડિત યુગ્મના વિદ્વાન સાક્ષર અને ગોવર્ધનરામના પિતરાઇ ભાઈ મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી એ કૃપાદત્ત પંડ્યાના ભાણેજ થાય. મનઃસુખરામના બાળપણમાં જ તેમના પિતા અવસાન પામ્યા હોવાથી એઓ અને એમનાં માતા કૃપાદત્ત પંડ્યાના આશ્રય તળે રહેતાં. એ મનઃસુખરામનો યે કાન્તિભાઇને પહેલેથી ગાઢ સાહિત્ય-સંબંધ હતો. કાન્તિભાઇ તો પોતાના વિજ્ઞાન-શૉખનું યે બીજ પિતામાં જુએ છે: 'એમનો વિજ્ઞાન તરફનો રસ તો બહુ જ થોડાને જાણીતો છે; કારણ કે એમના જીવનમાં એ તીવ્ર છતાં લગભગ દટાએલો જ રહ્યો. મારા જેવા કેટલાક બહુ થોડાને તે સ્પષ્ટ હતો.'

પોતે ચાર ભાંડુઓ: બે ભાઈઓ અને બે બહેનો. એમાં સૌથી મોટાં વસંતબા, જે શ્રી ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યાને પરણેલાં. તેમનાથી નાના કાન્તિલાલ. એ પછીનો નાનો ભાઈ બંને પગે ખોડવાળો હતો ને તે નાનપણમાં જ ગુજરી ગએલો. સૌથી નાનાં બહેનનું નામ ચંપકબા. (જેમના પતિ શ્રી રતિલાલ ચુ. યાજ્ઞિક હમણાં–કાન્તિભાઈના અવસાન બાદ થોડા દિવસે અમદાવાદમાં ગુજરી ગયા.) શ્રી ચન્દ્રશંકર પંડ્યા તો કાન્તિભાઈના અભિન્નહૃદય સુહૃદ બની રહેલા.

ઈ. ૧૮૯૪માં માતા સમર્થલક્ષ્મીનું અવસાન થતાં કાન્તિભાઇનું ૧૮૯૪થી '૯૬ સુધીનું પ્રાથમિક શિક્ષણ મોસાળમાં જ નડિયાદની સરકારી 'મિડલ સ્કૂલ'માં થયું; પણ ૧૮૯૭માં માતામહ માધવરામ ગુજરી જતાં તેઓ પિતા પાસે જૂનાગઢ ગયા. ત્યાં પણ પિતાની કાળજી-ભરી સંભાળ અને દેખરેખે એમને માતાની ખોટ લાગવા દીધી નહિ. તે પછી એક વર્ષે, ૧૮૯૮માં ગોવર્ધનરામ મુંબાઈની ધીકતી વકીલાત છોડીને—સાક્ષરજીવન ગાળવાની ઉદાત્ત ભાવનાથી નિવૃત્ત થઇને નડિયાદ આવ્યા; ને પછીને વર્ષે–ઈ. ૧૮૯૯માં ગોવર્ધનરામના પિતરાઈ ભાઈ મનઃસુખરામના પુત્ર તનઃસુખરામનાં પુત્રી ઉમાંગલક્ષ્મી સાથે કાન્તિભાઈનું લગ્ન થયું. એ સમયે કાન્તિભાઇનું વય તેર વર્ષનું હતું.

ગળથૂથીમાંથી જ વિદ્યાસંસ્કારસંપન્ન કાન્તિભાઈ સ્વકુટુંબના આવા ઉમદા વાતાવરણમાં પ્રથમથી જ પ્રગતિ કરતા રહેલા. વિદ્યાર્થી તરીકે તેઓ બાળપણથી અત્યંત તેજસ્વી હતા. મૅટ્રિકનો અભ્યાસ જૂનાગઢમાં કરીને ૧૯૦૨માં તેઓ ૬૫૦માંથી ૩૫૬ માર્ક સાથે આખી યુનિવર્સિટીમાં ૨૦મે અને ગુજરાત ખાતે પહેલે નંબરે પાસ થયા, ત્યારે



પિતા; વચ્ચે મોટાં બહેન વસંતબા; માતા સમર્થલક્ષ્મીના ખોળામાં પોતે

છપેલો બ્લૉક : 'નવચેતન'ના સૌજન્યથી



પિતા છગનલાલ હરિલાલ પંડ્યા ઉત્તરાવસ્થાએ

જૂનાગઢની હાઈસ્કૂલના હેડમાસ્તર શ્રી કૌશિકરામ વિઘ્નહરરામ મહેતાએ, કાન્તિભાઇની આ ઝળકતી ફતેહના સમાચાર બ્લૅક બોર્ડ પર મોટે અક્ષરે લખીને આવતાંજતાં સૌને વંચાય તેમ મૂકેલા. એ કૌશિકરામભાઈ ચારિત્ર્યશીલ અને આદર્શ શિક્ષક હતા અને કાન્તિભાઇની માફક અનેક શિષ્યોએ તેમની પાસેથી જીવનનું પ્રેરણાબળ મેળવેલું.

૧૯૦૩માં પ્રીવિયસ પાસ થયા બાદ આંખમાં ખીલ થવાથી ૧૯૦૪માં ઈન્ટરની પરીક્ષા તેઓ આપી શકેલા નહિ. એટલે ૧૯૦૫માં તેઓ ઇન્ટર પાસ થયા, ને ૧૯૦૭માં બહાઉદ્દીન કૉલેજમાંથી રસાયન તથા ભૌતિક વિજ્ઞાન સાથે બી.એ.ની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી.

મુંબાઈમાં બી.એ.ની પરીક્ષા આપતાં પહેલાં વાંચવા માટે તેઓ વિલ્સન કૉલેજની હૉસ્ટેલમાં પોતાના માસિયાઈ ભાઈ(ગોવર્ધનરામનાં બીજાં બહેન શ્રી શણગારલક્ષ્મીના પુત્ર) ભાનુશંકર હરિશંકર યાજ્ઞિક સાથે રહેલા. ત્યાં તેમના સમાનશીલ બીજા મિત્રોમાં, જાણીતા નાટ્યકાર અને બૅરિસ્ટર નૃસિંહદાસ વિભાકર, વિજ્ઞાનવિદ્ અને વિદ્વાન પોપટલાલ ગોવિંદલાલ શાહ, સિંધિયા કંપનીના વડા મનસુખલાલ આત્મારામ માસ્ટર ને જાણીતા વિજ્ઞાની પ્રિન્સિપલ ડૉ. કુંવરજી નાયક (જે ત્યારે વિલ્સન કૉલેજ હૉસ્ટેલના સુપરિન્ટેન્ડેન્ટ હતા) વગેરે હતા. એ જ સાલ ૧૯૦૭ના ડિસેમ્બરમાં સૂરતની વિખ્યાત તોફાની કૉંગ્રેસ ભરાઈ ત્યારે સૌ સ્વયંસેવક તરીકે ગએલા, જ્યાં એક સમયના જાણીતા લેખક રાજેન્દ્ર સોમનારાયણ દલાલ કૅપ્ટન હતા.

જૂનાગઢ કૉલેજના એમના સહાધ્યાયીઓમાં ગુજરાતના સાહિત્ય ને સંસ્કાર જીવનમાં ઉજ્જવળ ફાળો આપી ગએલા ઘણા સજ્જનો હતા, જેમાં શિવલાલ ઉ. યાજ્ઞિક, અંબાલાલ ખુ. જાની, રવિશંકર વલ્લભજી આચાર્ય, ગિરિજાશંકર વલ્લભજી આચાર્ય, પુરુષોત્તમરાય ત્રિ. માંકડ, જયસુખલાલ પુ. જોષીપુરા, શંકરલાલ અ. બક્ષી, બાપુભાઇ જાદવરાય વૈષ્ણવ, ઝવેરીલાલ પુ. ઝાલા, નાગરદાસ ગાંધી, સાકરલાલ અમૃતલાલ દવે વગેરેને મુખ્ય ગણાવી શકાય. ૧૯૦૭માં ગોવર્ધનરામનું અવસાન થતાં યુવાવયના કાન્તિભાઇને તો તે પોતાની મોટી આંતરિક ઓથ ખોવાયા જેટલું વસમું હતું. એનું આશ્વાસન એમણે ગોવર્ધનરામના અક્ષરજીવનને ગુજરાતી સાહિત્યમાં પોતાની શક્તિરીતિની ઉચ્ચતમ માત્રામાં આજીવન મૂર્તિમંત કરતા રહીને શોધ્યું.

બી.એ. પાસ થયા બાદ ગુજરાતના ગરવા વિજ્ઞાની ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરની પ્રયોગશાળામાં રસાયણશાસ્ત્રનો અભ્યાસ કરીને ૧૯૧૦માં તે એમ.એ. થયા. (વચ્ચે ૧૯૦૯માં મોટાં બહેન શ્રી વસંતબાની માંદગી વખતે તેમની સારવારમાં રોકાએલા રહેવાથી તેઓ પરીક્ષામાં બેસી શકેલા નહિ.) એ સમયમાં એમ.એ. થવું ઘણું જ કઠિન ગણાતું અને નાગરી ન્યાતમાં તેઓ લગભગ પ્રથમ એમ.એ. હતા, એટલે એની ખુશાલીમાં તેમનાં દાદી બહેનબા બહેને આખી ન્યાત જમાડેલી. એમના વિજ્ઞાનગુરુ શ્રી ત્રિભુવનદાસ ગજ્જરે એમની વિજ્ઞાનનિષ્ઠા માટે આપેલું પ્રમાણપત્ર પણ એમની વિજ્ઞાનદીક્ષા જેટલું જ ઊજળું છે: 'મારા હાથ તળે કામ કરતા મારા ઉત્તમ વિદ્યાર્થીઓ પૈકીના શ્રી કાન્તિલાલ એક છે, અને પ્રત્યેક રાસાયનિક કે વિશ્લેષકને તાત્ત્વિક અગત્યના ત્રણ ગુણો - ચોકસાઈ, ધૈર્ય ને જાગૃતતા– શ્રી કાન્તિલાલ પૂર્ણાંશે ધરાવે છે.'

૧૯૧૧ના જુલાઇથી હજી આગળ અભ્યાસ માટે તેઓ 'બૅંગ્લોર ઇન્સ્ટિટ્યૂટ ઑાવ સાયન્સ'માં દાખલ થયા, ને ત્યાં પહેલી જ બૅચમાં પ્રો. રૂડૉલ્ફ અને પછી પ્રો. સડબરો સાથે 'ઍપ્લાઈડ કેમિસ્ટ્રી'માં કામ કરવા સાથે કેમિકલ એન્જિનીઅરિંગ તથા મશીન–ડ્રૉઇંગ આદિનો અભ્યાસ પણ તેમણે કરેલો. ૧૯૧૩ સુધી બૅંગ્લોર રહી એ જ સાલમાં, તેઓ આગ્રાની 'સેન્ટ જ્હૉન્સ કૉલેજ'માં રસાયણના એસોસીએટેડ પ્રોફેસર તરીકે જોડાયા. બૅંગલોરના એમના સહાધ્યાયી શ્રી પોપટલાલ ગોવિંદલાલ શાહ ત્યારનાં સ્મરણો આલેખતાં લખે છે: '૧૯૧૩માં તુર્તમાં જ ખૂલેલા બૅંગ્લોરના તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑાવ રીસર્ચમાં સંશોધન માટે અમે બે ગુજરાતીઓ ત્રણ મહિના સાથે રહ્યા હતા. તે પ્રસંગે અમે રોજ રાતે ગુજરાતી સાહિત્યના વિકાસનાં સ્વપ્નાં સેવતા ને છેવટે એ નિર્ણય ઉપર આવ્યા હતા કે ગુજરાતી સાહિત્યમાં વિજ્ઞાનનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાં એ અમારે અમારા જીવનનું ધ્યેય ગણવું. કાન્તિભાઇને આગ્રા કૉલેજમાં એક જ ઠેકાણે વર્ષો સુધી રસા-



કિશોર વયે



તરુણ વયે



મધ્યાહ્‌ને: ૧૯૨૦માં



પ્રૌઢ વયે

મનવિદ્યાના અધ્યાપકનું કામ કરવાનો લાભ મળ્યો; અને ૧૯૨૧ની સાહિત્યપરિષદના વિજ્ઞાનવિભાગના પ્રમુખ તરીકે વૈજ્ઞાનિક શબ્દકોશ તૈયાર કરવાની તેમણે યોજના કરી.'

આગ્રામાંની તેમની નાનાવિધ પ્રવૃત્તિઓ સહુકોઈને આકર્ષણ, અને પ્રેરણાનું સ્થાન બની રહેતી. અહીં તેનો એક જ દાખલો જોઇએ. આગ્રાની કૉલેજ મિશનરી હતી, પણ વિદ્યાર્થીઓ મોટે ભાગે હિંદુ હતા; તેથી દર જન્માષ્ટમીના તહેવારે કૃષ્ણની મૂર્તિને શણગારીને ઉત્સવ ઊજવાતો ત્યારે શ્રી કાન્તિલાલ એકએ ઠેકાણે પ્રમુખ અચૂક હોય. તેમાં તેઓ જન્માષ્ટમીનું મહત્ત્વ કેવળ ધાર્મિક દૃષ્ટિએ નહિ પણ કૃષ્ણનું ચરિત્ર આખા જીવનનાં સઘળાં અંગોમાં કઈ રીતે ઉતારી શકાય તે વિષે મનનીય ઉદ્‌બોધન કરતા. ગુજરાતથી દૂરદૂર છેક આગ્રામાં રહેલે પણ તેમણે ગુજરાતી સાહિત્ય ને પ્રજા સાથે ગાઢ સંપર્ક રાખેલો.

પોતાના વિજ્ઞાન-અભિલાષ અને લેખન કઇ રીતે આરંભાયાં અને પોષાયાં એ વિષે 'વિજ્ઞાનમંદિર ભાગ ૧'ની પ્રસ્તાવનામાં તેમણે લખ્યું છે: "નક્કી હતું કે મારે વિજ્ઞાન લેવાનું છે, વિજ્ઞાન શીખીને રાસાયનિક ઉદ્યોગમાં પડવાનું છે. બંગભંગ, સ્વદેશી વગેરેની હવા અમને પણ લાગી હતી. સરકારી નોકરી ન જ કરવી, સ્વતંત્ર રાસાયનિક ઉદ્યોગમાં સ્વતંત્ર જીવન ગાળવું અને એ દ્વારા દેશસેવા કરવી, એવા ખયાલો બંધાયા હતા. આગ્રાની કૉલેજની નાનકડી પ્રયોગશાળા, સાધનોની તંગી તથા ખાનગી કૉલેજોમાં પ્રોફેસરોને કરવું પડતું વેતરું, એ જોઇને ઔદ્યોગિક રસાયનના વિચારને તિલાંજલિ જ આપવી પડી. છતાં એમાંથી કેટલાંક સારાં ફળો નીકળ્યાં, અને તેમાંનું એક એ હતું કે વિજ્ઞાનને ગુજરાતીમાં ઉતારવાની જરૂર સમજાઈ, ને તેનો આરંભ થયો. આમ, સાધારણ સાહિત્યના કહીએ એવા લેખોનું મારું લેખન તો ૧૯૦૮થી શરૂ થઈ ગયું હતું. વળી, કાંઈક અકસ્માતથી, ગોવર્ધનરામભાઈ મારા મામા હતા એ સંબંધની જવાબદારીથી, મારા નાના મામા નરહરિરામના આગ્રહથી, તથા ચન્દ્રશંકર ન. પંડ્યાએ માથે લીધા પછી માંદા થઈ છોડી દીધેલું હોવાથી એક બન્ધુકૃત્ય મારે પ્રાપ્ત થયું એવી સમજથી, એમ.એ.નો અભ્યાસ કરતાંકરતાં પણ 'શ્રીયુત ગોવર્ધનરામ' (ગોવર્ધનરામ-ચરિત્ર) લખ્યું. અન્ય માસિકોમાં ય હું લખતો. પણ ૧૯૧૫-૧૬માં વિજ્ઞાનને ગુજરાતીમાં થોડુંઘણું ઉતારવાના તથા ગુજરાતી ભાઇઓને વિજ્ઞાન સમજાવવા યત્ન કરવાના કોડ જાગ્યા અને નવો ધર્મ પ્રાપ્ત થયો. તેવામાં હાજીમહમ્મદે 'વીસમી સદી' પ્રકટ કર્યું, એમણે મારા કોડને ખૂબ પોષણ આપ્યું. 'સમાલોચક'માં ભાઈ રમણીયરામે પણ એવો જ ભાવ વિજ્ઞાન પ્રતિ દેખાડ્યો. પછીથી ક્રમેક્રમે નવાં પત્રોના તંત્રીઓ–જેમકે 'કુમાર', 'પ્રસ્થાન', 'શારદા', 'નવચેતન', 'ગુજરાતી', 'માનસી', 'ગુણસુંદરી' વગેરેના તંત્રીઓ—એ મારી પ્રકાશનની માંગ ઉમળકાથી ઝીલી."


ત્રણ જ વર્ષમાં, ૧૯૧૬માં તેમને આગ્રા કૉલેજના આખા વિજ્ઞાન-વિભાગના ઉપરી બનાવવામાં આવ્યાં. ત્યાં તેમણે રસાયણનું સંશોધનકાર્ય શરૂ કર્યું. ૧૯૧૮માં સંશોધનના એમના કાર્યનો ઉલ્લેખ કરતાં એ કૉલેજના પ્રિન્સિપલ મિ. કૅનન ડેવીસે સાગ્રહ કહેલું: "એમના કાર્યને લીધે જ આ કૉલેજ યુનિવર્સિટીમાં ઊંચા ધોરણે ચડી છે. જો એમને અમે આપી શકીએ છીએ તેથી વધુ ઉજ્જ્વળ કારકિર્દીમાં જવાનું થાય તો અહીં એમની જગ્યા પૂરવી અતિ કઠિન કાર્ય થશે."

અને ખરેખર, ૧૯૨૦ના ઑગસ્ટમાં તેમને વિશેષ અધ્યયન માટે ઇંગ્લંડ જવાનું થયું, અને કૉલેજવાળાઓએ પણ ઉષ્મા અને ઉમળકાભરી રજા આપી. ઇંગ્લંડ જવામાં, તેમની સાથે શ્રી સન્મુખલાલ પંડ્યા વહાણવટાના વધુ અભ્યાસ માટે, અને શ્રી રંજિતલાલ પંડ્યા (કાન્તિભાઈની ફોઈના પુત્ર) બૅરિસ્ટર થવા માટે એક જ સ્ટીમરમાં હતા. ઇંગ્લંડ જવાના પ્રયત્નો તો પહેલાં પણ તેઓ કરતા જ રહેલા; પરંતુ પૈસાની તકલીફ ઉપરાંત એમનાં પત્નીને કોઈ જોષીએ કહેલું કે અમુક વર્ષ સુધી એમને પાણીની ઘાત છે, આથી એમનું મન ન દુભાય તે ખાતર તેઓ ખાસ વહેલા ન ગયા. અને ગયા ત્યારે પણ દેવું કરીને ગએલા, જે બધું તેમણે કમાઈમાંથી પાઇએ પાઇ ચૂકવી આપેલું.

ઈંગ્લંડમાં ત્રણ વર્ષ રહ્યા એ દરમ્યાન તેઓ પ્રયોગશાળામાં જ હાથે રાંધતા, અને ફુરસદે થોડુંઘણું એમનાં મકાનમાલિક મિસિસ નાઈટને ય શિખવાડતાં. છેક સુધી તેઓ શાકાહારી જ રહેલા. જઇને તરત ૧૯૨૦થી તેમણે 'ઈમ્પીરિયલ કૉલેજ ઑવ સાયન્સ ઍન્ડ ટેકનૉલૉજી'માં પ્રો. થૉર્પના હાથ નીચે કામ શરૂ કરી દીધું. ૧૯૨૧માં ઈમ્પીરિયલ કૉલેજનો પોસ્ટ ગ્રૅડ્યુએટનો ડિપ્લોમા(ડી.આઈ.સી.), અને ૧૯૨૩માં લંડન યુનિવર્સિટીની (નાગરી નાતમાં સર્વપ્રથમ વાર) પીએચ.ડી.ની ઉપાધિ મેળવી. તે દરમ્યાન ૧૯૨૧ના ઑગસ્ટ–નવેમ્બરમાં કેમિકલ ઈન્ડસ્ટ્રીની સોસાએટીએ કૅનેડા(મૉન્ટ્રીઅલ)માં તથા ન્યૂ યૉર્કમાં પરિષદો ભરી, તેમાં બ્રિટિશ પ્રતિનિધિમંડળના તેઓ એકમાત્ર હિંદી પ્રતિનિધિ હતા. આમ થોડો સમય તેમને અમેરિકાનો સંપર્ક પણ મળી ગયો. ત્યાં તેમણે 'વિજ્ઞાનના જાદુગર' ટૉમસ આલ્વા એડિસનની યે મુલાકાત લીધેલી. એ સર્વનું વર્ણન તેમણે 'સમાલોચક'માં પ્રવાસપત્રો રૂપે આપ્યું છે. પાછા ફરતાં તેઓ જર્મની, ઈટલી વગેરે દેશોનો પ્રવાસ કરતા કરતા ૧૯૨૩માં હિંદ આવ્યા. એ જ વર્ષે અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ માનપત્રથી તેમનો જાહેર સત્કાર કર્યો અને પ્રમુખશ્રી આનંદશંકર બા. ધ્રુવે તેમને 'બ્રાહ્મણ' કહીને સંબોધ્યા.



પોતે ને ચન્દ્રશંકર (ભાવનગર: ૧૯૦૨) જમણી બાજુ:



ભાનુશંકર ને પોતે ઈ. ૧૯૦૭માં સાથે ગ્રેજ્યુએટ થયા ત્યારે

વર્ષોથી પોતાને જેનાથી વિખૂટા રહેવું પડ્યું હતું એ માતૃભૂમિ ગુજરાતમાં નોકરી મેળવવાની તેમની તીવ્ર ઉત્કંઠા હતી, અને તે માટે તેમણે ઠીકઠીક રાહ જોઈ; પરંતુ એ ન બનતાં ૧૯૨૪થી ફરી આગ્રાની સેન્ટ જ્હૉન્સ કૉલેજમાં ૫૦૦–૫૦–૧૦૦૦ને વધુ મોટે પગારે જોડાઈ ગયા અને ત્યાં એમણે ઉત્તરોત્તર પ્રગતિ કરી. અલ્લાહાબાદ, બનારસ અને લખનૌની યુનિવર્સિટીઓના પણ રસાયન વિભાગની અભ્યાસક્રમસમિતિના સભ્યપદે તથા પરીક્ષક તરીકે તેઓ નિમાતા. સમસ્ત ઉત્તરપ્રદેશની યુનિવર્સિટીઓમાં તો તેમનું બહુમાન હતું જ, પણ ૧૯૨૭ ૧૧મી ઑક્ટોબરે આગ્રામાં ભરાએલી આખા યૂ.પી.ની છઠ્ઠી ‘સોશ્યલ કૉન્ફરન્સ’ની સ્વાગતસમિતિના પણ તેઓ અધ્યક્ષ હતા. આ પરથી, ગુજરાતથી સો સો યોજનો દૂર આગ્રા શહેરમાં યોજાતાં આવાં સાંસ્કારિક સંમેલનોમાં પણ ગુજરાતને માટે ગૌરવપ્રદ એવું તેમનું કેવું ઊંચું અને પ્રતિષ્ઠિત સ્થાન રહેતું તેની કલ્પના આવી શકશે.

૧૯૨૬ની ૨જી જાન્યુઆરીએ તેમનાં પત્ની શ્રી ઉમાંગબહેનનું, ટૂંકા ગાળાની માંદગી પછી, અવસાન થયું. એક તો આ દુઃખના આઘાતપૂર્વક અને બીજું સ્થિર વિચારપૂર્વક, એ ધીટ પુરુષે ફરી લગ્ન ન કરવાનો નિશ્ચય જાહેર કર્યો. જોકે ખુદ તેમના પિતા, શ્રી ઉમાંગબહેનના જ પિતા અને તેમના શ્વશુર, તથા બીજા ઘણા સગા–નાતીલાઓએ ફરી લગ્ન કરેલાં. સગાંવહાલાંઓએ પણ તેમને ફરી લગ્ન કરવા સમજાવ્યા, પરંતુ તેઓ એકના બે ન થયા. તેઓ કહેતા: ‘કનકબહેન(એમનાં એક નજીકનાં બહેન)ને કોઇ કેમ કહેતું નથી, અને મને શા માટે? બિચારી બહેનને તો કંઇ જ સંતાન નથી; મને તો ત્રણ છે.’ આવી જ ધીટતા એમણે વિલાયતથી પાછા આવ્યા બાદ ન્યાત એમની પાસે પ્રાયશ્ચિત્ત કરાવવા તૈયાર થઇ તેની સામે બતાવેલી: ‘મેં ત્યાં જઇને કોઇ અપેય-પાન કર્યું નથી, અભક્ષ્ય-ભક્ષણ કર્યું નથી કે પાપ-આચરણ કર્યું નથી. પછી પ્રાયશ્ચિત્ત શાનું કરવાનું? મારાં બધાં જ સ્નેહીજનો મારી સાથે બેસીને જમે છે; હજી ગઈ કાલે તો નાતવાળાઓએ ભેગા થઇને મને માનપત્ર આપ્યાં; અને આજે પ્રાયશ્ચિત્તનો દંડ કરો છો?’

સ્વ. ઉમાંગબહેનથી તેમને ત્રણ સંતાન (પુત્રીઓ) થએલાં. સૌથી મોટાં પુત્રી શ્રી કુંજબાળાબહેનનો જન્મ ૧૯૧૪માં થએલો, પણ જ્ઞાને-ગુણે તેજસ્વી એ બાળાનું વીસ જ વર્ષની વયે ૧૯૩૪માં ક્ષયના આજારમાં અવસાન થયું. બીજાં પુત્રી શ્રી રશ્મિબાળાબહેન ૧૯૧૭માં જન્મ્યાં અને તેમણે એમ.એસસી. સુધીનો અભ્યાસ કર્યો. તેમનું લગ્ન પેટલાદના શ્રી દ્રુમન મણિલાલ ત્રિવેદી સાથે થયું છે. ત્રીજાં પુત્રી કુ. રજનીબાળાબહેનનો જન્મ ૧૯૨૫માં થયો. તેઓ પણ એમ.એસસી., પી એચ.ડી. થઇ હાલ મુંબાઈની હોમિયોપથીની કૉલેજમાં અભ્યાસ કરે છે.

કાન્તિભાઇના અભિન્નહૃદય સાહિત્યકાર-સુહૃદ શ્રી ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા તેમના બનેવી થાય, એ આપણે આગળ જોઈ ગયા. વયમાં મોટા ચંદ્રશંકર અભ્યાસમાં પણ થોડા આગળ હતા. કાન્તિભાઈ મૅટ્રિકની પરીક્ષા આપવા પોતાના નાના મામા નરહરિરામને ત્યાં મુંબાઇ ગયા ત્યારે ગોવર્ધનરામભાઇ એમ.એ.ની પરીક્ષાના અભ્યાસક્રમ માટે મુંબાઈ આવેલા. ચન્દ્રશંકર ત્યારે એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રીવિયસમાં હતા. કાન્તિભાઈ અને તેમના મશિયાઇ ભાઇ ભાનુશંકર પરીક્ષા આપવા નીકળ્યા ત્યારે ચન્દ્રશંકરે ગોવર્ધનરામને કહ્યું ‘આ તમારા ભાણેજો પરીક્ષા આપવા જાય છે તેમને આશીર્વાદ તો આપો’. ત્યારે ગોવર્ધનરામે પોતાની લાક્ષણિક ઢબે જવાબ આપેલો: ‘એ પાસ થવા યોગ્ય હોય તો પાસ થાય એવા મારા આશીર્વાદ છે.’

ગુજરાતના એ પ્રભાવશાળી વક્તા, હોમરૂલ આંદોલનના એક આગેવાન ને ઊર્મિશીલ કવિ ચન્દ્રશંકરનાં કાવ્યોનું સંપાદન કરીને કાન્તિભાઇએ તેમના પ્રત્યેનું મિત્ર, સંબંધી અને સાહિત્યકાર તરીકેનું ત્રેવડું ઋણ અદા કર્યું. એ પુસ્તક(ચન્દ્રશંકરનાં કાવ્યો)ના પ્રસ્તાવનાલેખ ‘ચન્દ્રશંકર’માં ગુજરાતના સાહિત્ય-સંસ્કારના એ ઊગમકાળની આંશિક પ્રસંગ–તસવીર કાન્તિભાઇએ વિગતે આપી છે. એમાં એક ઋણસ્વીકાર કરતાં કાન્તિભાઇ લખે છે: ‘મારું બાળપણનું શરમાળપણું, સભાક્ષોભ, સંકોચ વગેરે જીતવામાં અને બોલવાનો ખરો આનંદ સમજવામાં તથા મેળવવામાં ચન્દ્રશંકરની મદદ મને ખૂબ મળી છે: ને ખૂબવહાલથી મળી છે.’ શ્રી વસંતબાનું ૧૯૧૮માં અવસાન થઈ ગયું ને શ્રી ચન્દ્રશંકરે પણ ૧૯૩૭ના અરસામાં વિદાય લીધી.

ચન્દ્રશંકરના મિત્રમંડળમાંથી વિકસેલા અને મુખ્યત્વે ગ્રૅડ્યુએટો તથા પોસ્ટ-ગ્રૅડ્યુએટોના મંડળ ‘ધ યુનિયન’ (સ્થપાયું ઈ. ૧૯૦૮)ના કાન્તિભાઈ પ્રથમ મંત્રી હતા. પહેલાં ‘ધ યુનિયન’ દર રવિવારે સવારે ગિરગામના ‘આર્યસમાજ-મંદિર’માં મળતું. તેમાંથી યે વિકસીને તે ‘ગૂર્જરસભા’ બન્યું. એની બેઠકો ત્યારે ગુજરાતના સાહિત્ય-સંસ્કાર-ચિંતનનો નવોન્મેષ જન્માવનારાઓનો ‘અડ્ડો’ હતી. અહીં તો ત્યાં ભેગા મળનારાની નાનીસરખી યાદી જ આપીએ: ચન્દ્રશંકર અને કાન્તિલાલ તો ખરા જ. બીજાઓમાં ઉદાર વિચારવૃત્તિના, આવેશભરી પણ એકધારી વક્તૃતાવાળા, પાછળથી સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીના એક મુખ્ય ધુરંધર બનેલા શ્રી મનસુખલાલ માસ્તર અને તેમનાં સહચારિણી તારાબહેન; અચ્છા સાહિત્યકાર, નાટકકાર અને દેશસેવક શ્રી નૃસિંહદાસ વિભાકર; ‘ગુજરાતી’ સાપ્તાહિકમાં

જોડાઈને પત્રકાર, સાહિત્યકાર તથા વિદ્વાન તરીકે સારી રીતે જાણીતા થએલા શ્રી અંબાલાલ જાની; પોતાની ઊંડી સાહિત્ય-ભક્તિનાં બે નાનકડાં ફળો 'જ્યોતિર્વિલાસ અથવા રાત્રિની બે ઘડીની મોજ' તથા કમળાના પત્રો–પોતાના પતિ પ્રતિ' એ બે સરસ અનુવાદો આપી જનાર, મનઃસુખરામ ત્રિપાઠીના દૌહિત્ર અને કાન્તિભાઈ તથા ચન્દ્રશંકરની 'ત્રિપુટી' રચનાર શ્રી શિવલાલ યાજ્ઞિક; આર્યસમાજના એક કાર્યકર્તા તથા પત્રકાર થએલા શ્રી પરધુભાઇ શર્મા બ્રહ્મભટ્ટ; 'સમાલોચક'ને વર્ષો સુધી કુશળતાથી ચલાવનાર શ્રી રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠી; 'સમાલોચક'ના એક વધુ સહાયક શ્રી ભાનુશંકર હ. યાજ્ઞિક; ચન્દ્રશંકરના એક પરમ મિત્ર અને સિંધિયા કંપનીના બીજા એક મુખ્ય ધુરંધર શ્રી સન્મુખલાલ પંડયા; વિજ્ઞાન લઇને ત્યારે તાજા સ્નાતક થએલા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક; સન્મુખભાઈના નાના ભાઇ અને હાલ એન.એમ. ત્રિપાઠીની કંપનીના સંચાલક શ્રી પરમસુખભાઇ પંડયા; એન. એમ. ત્રિપાઠીની કંપનીના સ્થાપક તથા માલિક ને ગોવર્ધનરામના નાનાભાઈ શ્રી નરહરિરામ માધવરામ ત્રિપાઠી; શ્રી તારાબહેનના પિતા દાક્તર ખાંડવાળા અને તેમનું કુટુંબ; શ્રી તારાબહેનના મામા, સૉલિસિટર અને મુંબાઈ કૉંગ્રેસ કમિટીના એક વારના પ્રમુખ શ્રી નગીનદાસ માસ્તર; લેખકો–પ્રોફેસરો શ્રી મોહનલાલ પાર્વતીશંકર દવે તથા અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી (મોહનભાઈ-ગમનભાઈની જોડી); સદાના જ્ઞાનજિજ્ઞાસુ અને ગાંધીજીએ જેમની શક્તિથી આકર્ષાઈને 'ચરખાસંઘ'માં જોડી દીધેલા તે શ્રી શંકરલાલ બૅન્કર; ગુજરાતની અસ્મિતાના આદ્ય પ્રેરક તથા ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક ને સદાના પડદા પાછળના કાર્યકર શ્રી રણજિતરામ વાવાભાઇ મહેતા; શ્રી મનઃસુખરામ ત્રિપાઠીના પુત્ર શ્રી તનઃસુખરામ; 'સમાલોચક'ના એક આદ્યતંત્રી શ્રી ઉત્તમલાલ કે. ત્રિવેદી. પોતાની વકાલત ને સાહિત્યની કારકિર્દી બંનેમાં બુદ્ધિના એકસરખા વિદ્યુત્ચમકાર દાખવતા શ્રી કનૈયાલાલ મુનશી; 'સુંદરીસુબોધ'ના આદ્યતંત્રી અને ગુર્જરજીવનના શિષ્ટ વાર્તાકાર શ્રી ભોગીન્દ્રરાવ દિવેટિયા 'સાર્જન્ટરાવ'; 'કાવ્યમાધુર્ય'ના સંપાદનથી જાણીતા થએલા શ્રી હિંમતલાલ ગ. અંજારિયા; કવિ મૂળજી વેદ; શ્રી હાજીમહમ્મદ અલારખિયા શિવજી; કવિ 'લલિત'જી; ઉત્સાહી સાહિત્યસેવી શ્રી નરહરિ દેશભક્ત વગેરે હતા.

શ્રી મુનશીએ પોતાની આત્મકથા 'સીધાં ચઢાણ'માં ત્યારનાં સ્મરણો નોધ્યાં છે! 'સાહિત્યમય જીવન એની (મંડળની) સૃષ્ટિ હતી. ઉચ્ચ અભિલાષાઓ રાખવી અને ભાવનાઓ સેવવી એને એણે ધર્મ માન્યો હતો. એણે રચેલું વાતાવરણ અધમ કે ગ્રામ્ય વિચારોથી કલુષિત થતું નહિ. એમાં ભળવું એ મારે માટે સુભાગ્ય હતું.' (પૂર્વાર્ધ). 'ચન્દ્રશંકર, કાન્તિલાલ અને માસ્તર ગુજરાતીમાં લખવા મને પ્રેર્યા કરતા.' (ઉત્તરાર્ધ). '૧૯૧૩માં ચન્દ્રશંકરના મોટા મંડળમાં એક નાનું મંડળ બન્યું. તેનું નામ મેં "ષડ્‌રિપુમંડળ" આપ્યું હતું. તેમાં ચન્દ્રશંકર, મનસુખરામ માસ્તર, કાન્તિલાલ પંડયા, નૃસિંહ વિભાકર, ઇન્દુલાલ યાજ્ઞિક અને હું હતા.' (પૂર્વાર્ધ). 'ષડ્‌રિપુમંડળ ખરેખરું મહાલવા લાગ્યું. અમે રોજ મળીએ, ચાપાણી લઈએ, સાહિત્યની ને બીજી વાતો કરીએ. ધાંટાધાટ પણ વખત આવ્યે કરીએ. ગૂંચવણો ઉકેલીએ કે વધારીએ. બધા જ બોલકણા, મહત્ત્વાકાંક્ષી, રસિક અને ભાવનાશીલ' (ઉત્તરાર્ધ). 'કાન્તિલાલ જોડે પણ એવો જ (ચન્દ્રશંકર જેવો જ) સંબંધ હતો, જોકે આવિર્ભાવ વધારે સંયમી' (ઉત્તરાર્ધ).



પત્ની ઉમાંગલક્ષ્મી સાથે

ઈ. ૧૯૩૬માં એમના પિતા છગનલાલ પંડયાનું અવસાન થયું. 'એક નવી જ જાતની ને અસહ્ય એકાકિતા મેં ત્યારે ને ત્યાર પછી અનુભવી છે' એમ કહીને પિતાના વ્યક્તિત્વને અંજલિ રૂપ, કાન્તિભાઇએ તેમનું ટૂંકું રેખાચિત્ર દોર્યું છે: 'શરીરે ઊંચા, પ્રતાપી, કસરતી ને બહુ શ્રમ લઇ શકે એવી શક્તિવાળા; પોતાનાં તેમજ બીજાનાં બાળકો માટે ખૂબ વાત્સલ ને તેઓના વિકાસમાં ઊંડો રસ લેનારા; બહુ ઉદાર, ને એક અનુપમ સંસ્કૃત ગ્રંથ(બાણભટ્ટની 'કાદંબરી')નું હજી પણ હિંદમાં અદ્વિતીય એવું ભાષાન્તર રમતમાં કરનારા. એમની જગ્યાએ જૂનાગઢમાં વધારે સત્તા કે પૈસા મેળવનારા ઘણા મળ્યા હોત, પણ એમની વિશુદ્ધ કીર્તિ ભાગ્યે બીજાને મળી હોત.' એમના સૌથી નાના પુત્ર ને કાન્તિભાઈના ઓરમાન ભાઈ શ્રી ઉપેન્દ્ર પંડયા આજે રાજકોટ કૉલેજમાં ગુજરાતીના પ્રોફેસર છે તે પણ એવા જ વિદ્યાવાન છે. હમણાં જ એમણે કરેલો 'સરસ્વતીચન્દ્રનો સંક્ષેપ' બહાર પાડયો છે.

૧૯૩૯માં શ્રી કાન્તિભાઈના વિદ્યાકાર્યની રજતજયંતી આગ્રા કૉલેજે ઊજવી તે સમયે મોટા સમારંભમાં વિદ્યાર્થીઓએ તેમને ભક્તિભાવ નીતરતું માનપત્ર આપેલું. કૉલેજના વિજ્ઞાનવિભાગની તેમણે ઘણી પ્રગતિ કરાવેલી. સંશોધનના મહાનિબંધો છપાવવા ઉપરાંત કૉલેજના 'સાયન્સ એસોસીએશન' અને આગ્રાની સાયન્ટિફિક સોસાએટી સ્થાપીને તે દ્વારા સ્થાનિક તથા બહારના વૈજ્ઞાનિકોનાં વિદ્વત્તાભર્યાં વ્યાખ્યાનો તે યોજતા. દર વર્ષે અખિલ ભારત સાયન્સ કૉંગ્રેસમાં તેઓ અચૂક હાજરી આપતા, અને તેમાં દેશ-પરદેશથી જે જે વિખ્યાત વિજ્ઞાનશાસ્ત્રીઓ આવતા તે સૌને આગ્રા તાજ જોવા તથા એસોસીએશનમાં વ્યાખ્યાન આપવા આગ્રહપૂર્વક બોલાવી લાવીને તેમણે કેટલા યે પ્રખ્યાત વૈજ્ઞાનિકોનો લાભ આગ્રા શહેર ને કૉલેજને અપાવ્યો હતો.

૧૯૪૭માં કૉલેજમાંથી તેઓ નિવૃત્ત તો થયા, છતાં માનાર્હ પ્રોફેસર તરીકે ત્યાંનું કામ ચાલુ રાખેલું. કૉલેજમાં તેઓ સ્ટાફના તથા વિદ્યાર્થીઓના ઘણા જ માનીતા થઈ પડેલા. કૉલેજના નોટીસબોર્ડ પર દર અઠવાડિયે એકએક નવું પ્રેરક અવતરણ તેઓ સ્વહસ્તે લખીને મૂકતા, જેમાંથી કેટલા યે વિદ્યાર્થીઓ પ્રેરણા મેળવતા. દર વર્ષે બી. એસસી. અને એમ. એસસી.ના વિદ્યાર્થીઓને પોતાને ઘેર અલ્પાહાર



ડૉ. કાન્તિલાલ છ. પંડયા, એમ.એ., પીએચ.ડી., ડી.આઈ.સી.
લંડનમાં ઈ. ૧૯૨૦માં છેલ્લી બે ડિગ્રી લીધી ત્યારે

માટે બોલાવતા, ને એ નિમિત્તે અંગત પરિચય કેળવતા તથા સૌને પ્રોત્સાહન આપતા. તેમાં પ્રોફેસરો તથા લેકચરરો પણ આવતા અને સૌમાં રીતસરની સ્પર્ધા ચાલતી કે એક્કે વર્ષ પડયા વગર કોણે આ ડૉ. પંડયાની પાર્ટીઓમાં હાજરી આપી છે! નિવૃત્ત થયા પછી કૉલેજમાં તેઓ એક-બે લેકચર આપવા જતા, અને બાકીના સમયમાં પોતાના જૂના લેખોને મઠારીને તૈયાર કરતા.

૧૯૫૧માં તેઓ બૅંગ્લોર સાયન્સ કૉલેજમાં ગએલા ત્યાં પગમાં ને શરીરમાં એક વિચિત્ર જાતના દર્દનો તેમને અનુભવ થયો, જેનું નિદાન છેવટે મે મહિનામાં મુંબાઈ આવ્યા બાદ પ્રોસ્ટેટ ગ્રંથિના કૅન્સર તરીકે થયું. મુંબાઇમાં તાતા ઑસ્પિટલના ડૉ. બૉર્જિસની દવાથી તેમાં ઘણો ફાયદો જણાયો. તે પછી ૧૯૫૪માં પિત્તાશયમાં સોજો આવવાથી પેટનું દર્દ, ઊલટી ને તાવના લગભગ આઠેક હુમલા થયા, અને દાક્તરી ઉપચારોથી કંટાળ્યા. ડૉકટરે ઑપરેશનનું નામ પાડયું. છેલ્લે મુંબાઇ(ખાર)માં જ વસતા પ્રો. સુબોધભાઇ મહેતા(શ્રી કૌશિકરામ વિ. મહેતાના નાના જમાઇ)ની બે ટીપાંની દવાથી થોડા જ દિવસમાં એવો આરામ થઈ ગયો કે ઠેઠ સાત મહિના પછી પેટમાં માત્ર એક સાધારણ દુખાવો ઊપડેલો, જે તરત પાછો મટી ગએલો. ત્યારથી હોમિયોપથી પર તેમની શ્રદ્ધા દઢ થઇ, ને દરેક ફરિયાદ પર હોમિયોપથીની જ દવા કરતા.


૧૯૫૨ની ૨૦મી જાન્યુઆરીથી ખારમાંના પોતાના નવા ઘરમાં વાસ શરૂ કર્યો, તે સાથે જ એમના જીવનનું નવું પ્રકરણ શરૂ થયું. કૉલેજની પ્રવૃત્તિઓ બંધ પડતાં એમનો કાર્યક્રોક સાહિત્યસર્જન તરફ વળ્યો. ૧૯૫૫ની વિજયાદશમીને દિવસે ગોવર્ધનરામની જન્મશતાબ્દી પ્રસંગે નડિયાદમાં તેમને હાથે, શ્રી સન્મુખરાય પંડયાની સાથે, નડિયાદમાંનું શ્રી ગોવર્ધનરામનું નિવાસસ્થાન 'સ્મૃતિમંદિર' તરીકે ખુલ્લું મુકાયું. તે વખતે નડિયાદમાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદની સ્વાગત સમિતિના તેઓ પ્રમુખ હતા. તેમની જીવન-કારકિર્દીનો બહોળો ભાગ તેમના માતુલ, સાક્ષરશિરોમણિ શ્રી ગોવર્ધનરામનાં જીવન-સાહિત્યની નાનાવિધ સેવામાં સમર્પિત થયો છે.

તેમના પોતાના કેટલા યે વૈજ્ઞાનિક સંશોધનના નિબંધો અપ્રકટ છે. વિજ્ઞાન લેખોના બે ગ્રંથો 'વિજ્ઞાનમંદિર ભાગ ૧-૨'નો અનુગામી ત્રીજો ભાગ તૈયાર કરતા હતા. એ ઉપરાંત એમણે લેસિંગના 'Nathan the wise' નાટકનો અનુવાદ પણ કરી રાખેલો છે. પણ છેલ્લે છેલ્લે તેમણે કરેલું ખાસ ગણનાપાત્ર કામ, તે તો ગોવર્ધનરામની નોંધપોથીઓ 'સ્ક્રૅપબુક'નું સંપાદન. એનો છેલ્લો ૭મો ભાગ પ્રકટ થઇ ગયો છે, અને ૧ થી ૬ ભાગ છેલ્લી માંદગી પહેલાં જ પૂરા કર્યા. તેઓ પોતાની પુત્રીઓને ઉદ્દેશીને કહેતા : 'મોટા મામા(શ્રી ગોવર્ધનરામ)નું કોણ કરનાર છે? તેથી એમના લેખોનું હું પહેલાં કામ કરીશ. મારું તો કરનાર તમે સૌ છો જ; પણ એમને માટે હું નહિ કરું તો પડી જ રહેશે.' એમનો છેલ્લો સંપાદન-લેખ તે એમના પિતાશ્રી છગનલાલ પંડયાએ લખી રાખેલી આત્મકથા 'મારો જીવનવૃત્તાંત'નું સંપાદન. એ એમના અવસાન બાદ 'નવચેતન'ના દિવાળી અંકમાં (તેમજ જુદી પુસ્તિકા રૂપે) પ્રકટ થયો.

દુઃખને તેઓ ઘણી જ શાંતિ અને ધૈર્યથી સહન કરતા. કોઈ દિવસ પોતાનું દુઃખ બીજાને જણાવા દેતા નહિ. ૧૯૫૮ની છેલ્લી બીમારીમાં કૅન્સર હાડકાંમાં તથા પેટની પાછળની લિંફ ગ્રંથિઓમાં વધી ગયું. છેલ્લે લીવર પર પણ એની અસર થઈ. દોઢેક મહિનો પથારીવશ રહ્યા. ખાવા પ્રત્યે અરુચિ તો છ-સાત મહિનાથી હતી, અને પેટમાં પણ અવારનવાર દુખાવો ઊપડતો, જે તાત્કાલિક ઉપચારથી શમી જતો. બીજા તબક્કાને લીધે કૅન્સરનું દર્દ પુષ્કળ થતું, પણ કોઇને જણાવા ન દેતા. જે મળવા આવે તેને હસીને મળતા. અંતે, ૧૪મી ઑક્ટોબરે, સંવત ૨૦૧૪ના આસો સુદિ ૨ ને મંગળવારે ન્યુમોનિયાનો તાવ ૧૦૫ ડિગ્રી થઈ ગયો અને ઑક્સિજન પર રાખ્યા. એ આખો દિવસ બેહોશ રહ્યા. રાત્રે ૧૧-૩૦ વાગ્યે તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું.

છેલ્લાં વર્ષોનો તેમનો નિવૃત્તિકાલ મોટે ભાગે સાહિત્ય-વાચન-વિનોદમાં જ પસાર થતો. સાહિત્યનાં છેલ્લામાં છેલ્લાં પ્રકાશનો ઉપરાંત તેઓ ચાલુ સામયિકોમાં પ્રકટ થતાં લખાણો પણ ઝીણવટથી વાંચી જતા, અને એમાંનું કાંઈ ગમી જતું તો તરત લેખકને પત્ર લખીને યા ટેલિફોન કરીને પોતાનો આનંદ વ્યક્ત કરતા. સંગીતનો યે તેમને પુષ્કળ શૉખ હતો અને તે છેક નાનપણથી વિકસેલો. નડિયાદમાં ભણતા ત્યારથી પોતાના ઘરની ખડકીમાં હિંચકે બેસીને સંસ્કૃતના શ્લોકો, સ્તોત્રો, અષ્ટપદી વગેરે ખૂબ સરસ હલકથી બોલતા તથા ગાતા. ચન્દ્રશંકરનાં ગીતો મીઠે કંઠે સંભળાવીને તેઓ રસતરબોળ કરી મૂકતા. સંગીતપરિષદ વગેરેમાં તેમની હાજરી અચૂક હોય. ઘેર પણ ઓરડામાં એક બાજુ સતત રેડિયો (એ જમાનામાં ફિલ્મી સંગીત બિલકુલ ન આવતું) ચાલુ હોય અને બીજી બાજુ પોતે કલાસનાં લેકચર તૈયાર કરે કે લેખો લખે;—એ બધું સાથે જ ચાલે. હારમોનિયમ પણ તેઓ સરસ વગાડતા, ને તેમની પાસેથી હાર્મોનિયમ વગાડતાં શીખી ગએલાંઓને તેમનાં આ શૉખ ને જ્ઞાનનો પરિચય હશે.

વિદ્યાર્થીઓને તેઓ પુષ્કળ આર્થિક સહાય કરતા. વિજ્ઞાન-શિક્ષણ



મુંબાઈનું ગુર્જરમંડળ—આગલી હારમાં બેઠેલા : ધનશંકર ત્રિપાઠી, ઈન્દુલાલ યાજ્ઞિક, નૃસિંહદાસ વિભાકર, ધનસુખલાલ મહેતા, કનૈયાલાલ મુનશી, મનસુખલાલ માસ્તર; પાછલી હાર : ભાનુશંકર યાજ્ઞિક, હરસિદ્ધભાઈ દિવેટિયા, અંબાલાલ જાની, રમણીયરામ ગો. ત્રિપાઠી, ચન્દ્રશંકર પડ્યા, શંભુલાલ દવે, હરગોવિંદ ભટ્ટ; પાછળ ઊભેલા : સન્મુખલાલ પંડ્યા, રઘુનાથદાસ કવિ, શિવલાલ યાજ્ઞિક.

માટે તો એટલો પ્રેમ કે વિદ્યાર્થીઓ આગળ વિજ્ઞાનની સાધારણ–અસાધારણ ખૂબીઓની વાતો કરતાં કદી થાક અનુભવતા નહિ.

આરોગ્ય અને આયુર્વિદ્યાના તેઓ નિપુણ જ્ઞાતા હતા. તેમનો આહારવિહાર સમતોલ અને વ્યવસ્થિત રહેતો. ૭૩ વર્ષના લાંબા આયુની એકેએક ક્ષણ જીવનકાર્યમાં ખર્ચી શકવાનું રહસ્ય તેમની આહારવિહારની આ રહેણીકરણીમાં રહેલું છે. તેઓ નિયમિત કસરત કરતા. આગ્રાથી નિવૃત્ત થયા ત્યાં સુધી ટેનિસના બે સેટ રોજ રમવાના એ આગ્રહી હતા. લંડન ગયા ત્યારે સૅન્ડોનો અંગત પરિચય સાધીને તેનો કોર્સ કરેલો. બીજો ખાસ લંબાઈ વધારવાનો–કસરતોનો જ ઘણુંખરું—રૅાસનો કોર્સ તેમણે અમેરિકામાં કરેલો. પથારીમાં પણ, ઊઠતાં પહેલાં થોડી 'બેડ-એક્સરસાઈઝ' કરી લેતા. ગમે તેવી માંદગી હોય, પણ પથારીની આ જાતની કસરત કરવી તેઓ ચૂકતા નહિ.

એમના વ્યક્તિત્વની નોંધપાત્ર ખાસિયતોમાં મુખ્ય તે વાતચીત કે વ્યાખ્યાન કરતી વખતની એમના વક્તવ્યની સચોટતા. તેઓ આપણા એક સરસ વક્તા અને વાતચીતના કલાકાર (conversationalist) હતા. સ્વ. ચન્દ્રશંકરના આ ગુણનું નિરૂપણ કરતાં તેમણે 'ચન્દ્રશંકરનાં કાવ્યો'ની પ્રસ્તાવનામાં લખ્યું છે તે એમને પોતાને માટે પણ એટલું જ સાચું છે : 'આટલા વિસ્તાર પર સંબંધો બાંધવાનું તથા પોતાની personalityનું જાદુ લગાડવાનું એક મુખ્ય સાધન ચન્દ્રશંકરની વાતચીત કરવાની શક્તિ હતી. એ શક્તિ હતી, શૅાખ હતો ને કળા પણ હતી. સંબંધો બાંધવાનું એ જેમ મોટું સાધન હતું તેમ આ સંબંધોનું ફળ પણ હતું. વિચારસરણી સુગમ, કઠિન વાતોને ય સરળ સચોટ રૂપમાં રજૂ કરી શકવાની શક્તિ, સાંભળનારના અનુભવને તથા જીવનને સ્પર્શ કરે એવી વાતો, રમૂજો તથા વ્યાવહારિક દૃષ્ટાંતો જાણે વગર પ્રયાસે રજૂ કરવાની છટા, છતાં જરૂર પ્રમાણે વિચાર તથા આદર્શોને માટે પ્રેરણા તથા ઉલ્લાસ જગાડી શકે એવું ગૌરવ: એમના વક્તૃત્વના મુખ્ય અંશોમાં આ હતા.'

એમના માણસભૂખ્યા સ્વભાવની કલ્પના તો એમના સંપર્કમાં આવેલાં જ કરી શકે. નાનામાં નાના સાથે તેના જેવડા થઇને હળીમળી જવાની ઉદાર હૃદયની કળા એમને સ્વાભાવિક હતી. આગ્રામાં કેટલાયે મહેમાનો આવે તેમના અને મુંબાઇમાં એમને મળવા આવનારાઓના એમના તરફના પ્રેમ-આદરના ભાવ પરથી એ સૌને કેટલા પ્રિય થઇ પડ્યા હતા તેનો ખયાલ આવી શકે. આગ્રાનું એમનું મકાન તો પૂનાવાળા સ્વ. જયશંકર ત્રિવેદી ને દિલ્હીવાળા સ્વ. યશવંત પંડ્યાની જેમ પ્રવાસી ગુજરાતીઓનો સ્નેહ-આતિથ્યનો ઉતારો બની ગએલું. એમને ગુજરાતના આદર્શ યજમાનો પૈકીના એક ગણાવી શકાય. નિ:સ્વાર્થવૃત્તિ, નમ્રતા, જાત પ્રત્યેની નિર્મોહિતાની દ્યોતક પડદા પાછળ રહીને કાર્ય કરવાની ટેવ, એ ગુણો દ્વારા એમનું સૌજન્ય ઑર ખીલી ઊઠતું. એમની નર્મહાસ્યની વિલક્ષણતા પણ એમના સમાગમમાં આવનારને એમના વ્યક્તિત્વના આકર્ષણનો એક અંશ બની જતી.

સાહિત્ય અને વિજ્ઞાનના વિદ્યાતત્ત્વનો એમના લેખનમાં વિશિષ્ટ અને વિરલ સમન્વય છે. તેમાં વિજ્ઞાનશાસ્ત્રીની ચોકસાઈ, સાહિત્યકારની હૃદયસ્પર્શિતા અને અક્ષરપંડિતની વિદ્વત્તા છે. એમના સાહિત્યનું સાહિત્ય તરીકે ઊંચું મૂલ્ય તો છે જ, પણ તેથી યે વિશેષ તો ગુજરાતની જ્ઞાનભૂમિને વિજ્ઞાનજળથી અભિસિંચિત કરવાનું માન પણ એમને ફાળે છે. નવા યુગના પવનની લહેરખી આપણે ત્યાં હજુ વાવી શરૂ થઈ હતી એ સમયે એમણે ગુજરાતી વાઙ્મયને વિજ્ઞાનના અભિનવ સ્વરૂપ સુધી આણી મૂક્યું, અને એમનું એ કાર્ય આખરી શ્વાસ સુધી વણથંભ્યું રહ્યું. સંસ્કાર અને સંસ્કારિતા વિષે અલગપણે જોકે એમણે લખ્યું નથી, પરંતુ એમના સાહિત્યના શબ્દેશબ્દમાંથી તેની ઉદાત્તતાના પ્રતિશબ્દ મળે છે. એમની તીવ્ર વિવેચનબુદ્ધિ ને ઊંડો વિજ્ઞાનપ્રેમ, શુદ્ધ લેખનશૈલી અને જીવનના અનેક વિષયોમાં પ્રસ-

What We All Want.

"A little more kindness, a little less creed;
A little more giving, a little less greed;
A little more smile and a little less frown;
A little less kicking a man when he's down.
A little more We, a little less I;
A little more laugh, a little less cry,
A little more flowers on the pathway of life
And fewer on graves at the end of the strife."

કાન્તિભાઈના અંગ્રેજી-ગુજરાતી હસ્તાક્ષર: ડાબી બાજુ: આગ્રા કૉલેજમાં દર અઠવાડિયે બોર્ડ ઉપર કોઈ પ્રેરક અવતરણ સ્વહસ્તે લખીને નિયમિત મૂકતા તેનો એક નમૂનો; નીચે: શ્રી રવિશંકર રાવળ ઉપરનો એક પત્ર; સામેના પાને ડાબી બાજુ. ત્રણ પુત્રીઓ: વચ્ચે-સૌથી મોટાં પુત્રી સ્વ. કુંજબાળા; ડાબી બાજુ-વચલાં પુત્રી સૌ. રશ્મિબહેન ત્રિવેદી; જમણી બાજુ-નાનાં પુત્રી કુ. રજનીબહેન પંડયા (ઈ. ૧૯૩૨માં). સામેના પાને જમણી બાજુ: પ્રિય સુહૃદ તથા બનેવી સ્વ. ચન્દ્રશંકર ન. પંડયા તથા મોટાં બહેન સ્વ. વસંતબા પંડયા સાથે વચ્ચે ઊભેલા પોતે.

રેલી એમની સહૃદય રસિકતા એમના લેખનમાં પ્રતિબિંબિત છે. એમના ગ્રંથસ્થ સાહિત્યમાં આટલી કૃતિઓ સમાવિષ્ટ છે: શ્રીયુત ગોવર્ધનરામ (૧૯૧૦); આઈન્સ્ટાઇન અને સાપેક્ષવાદ (૧૯૩૨); આપણો આહાર (૧૯૩૬); ચન્દ્રશંકરનાં કાવ્યો (સંપાદન, ૧૯૪૨); વિજ્ઞાનમંદિર ભાગ ૧લો (૧૯૫૦); વિજ્ઞાનમંદિર ભાગ ૨જો (૧૯૫૪); ગોવર્ધનરામનું સાલવારી જીવન અને સમકાલીન જીવન (પ્રથમ વાર ૧૯૫૫ના 'સંસ્કૃતિ'માં, ૧૯૫૭માં બીજી આવૃત્તિ); Govardhanram Madhavram Tripathi's Scrap Book Vol. VII (૧૯૫૭);

આર. ૭.૧.૫૬

સ્નેહી શ્રી રવિભાઈ

નોંધો કરી, સૌને યાદ રાખવાનું કહેવું, છતાં કામના ટાવાગ્યાની "માનગોષ્ઠી" ગઈ અ. હવે વળી ક્યારેક એ વાંચીએ ત્યારે। બાકી "કલા ને લોકઅભિરુચિ" નો "ગુ. સમાચાર"માં રસથી વાંચ્યું હતું. વસ્તુનો ઉઠાવ ને આખી લખાવટ ઉત્તમ છે. આવું સરસ આ વિષય ઉપર ગુજરાતમાં કોઈ લખતું નથી. ને એથી ય વધુ સારું, ગયે મહિને આવેલ "કુમાર"માં તમારો ને બચુભાઈનો એક જ લેખ "ચંદ્રકાંત પંડ્યા" ઉપરનો. ગુજરાતની obituary notes કોઈ સંઘરતું નહિ હોય, પણ આટલા સંક્ષેપમાં આવા સરસ લેખ કદાચ નહિ લખાયા હોય. તેમાં ય તમે બન્નેએ યશવંતભાઈના જીવન ઉપર જે પ્રકાશ નાંખ્યો છે તે સુન્દર, સ્નેહભર્યો ને જાણે એમને જ રજૂ કરી દેતો હોય એવો vivid છે. કહેવાય પણ થોડી છે? છતાં —

વડોદરા-ભાવનગરના વિદ્યાર્થીને ઈનામ અપાવી શક્યા તે માટે અભિનન્દન; એમનું નામ શું છે? રજનીનું તમને લાગે તે તમે લખો એવું બીજું કોણ લખનારું છે! તમારા સ્નેહાશીર્વાદથી એ પણ મસ્ત બનશે.

સાક્ષરલાલ તો મારા ભાઈ જ જાણે હતા. પણ આપણો કાંઈ ઈલાજ છે? દુઃખ પામ્યા વિના ગયા એ સદ્‌ભાગ્ય.

મારો સંક્ષિપ્ત જીવનવૃત્તાંત (સંપાદન, ૧૯૫૮). આ ઉપરાંત અગ્રિમ ભારતીય વૈજ્ઞાનિક સર સી. વી. રામન(જે એમના મિત્ર હતા તે)ના રેડિયો-વાર્તાલાપો ભેગા કરીને પોતે નાલંદા પ્રકાશન પાસે પુસ્તકાકારે પ્રકટ કરાવ્યા હતા. તેની પ્રસ્તાવના પણ પોતે જ લખી છે.


સાહિત્યકાર તરીકેની એમની ખરી ખ્યાતિ અને પરિપૂર્ણ કલા તો એમના 'શ્રીયુત ગોવર્ધનરામ' એ શ્રેષ્ઠ જીવનચરિત્રના પુસ્તક પર રચાએલી છે. વિજ્ઞાનના અધ્યાપક શુદ્ધ સાહિત્ય સુંદર રીતે લખી શકે એ વિચાર જ ઘણા વિવેચકોને ન ગમવાથી એમનું આ જીવનચરિત્ર જોઈએ તેટલું પ્રસિદ્ધ રીતે વખણાયું નથી; પરંતુ એમના પછી તૈયાર થએલા શ્રી વિનાયક મહેતાના 'નંદશંકર જીવનચરિત્ર' અને શ્રી અંબાલાલ પુરાણીના 'મણિલાલ નભુભાઈ' એ ઉત્તમ પુસ્તકો કરતાં પણ કાન્તિભાઈનું 'શ્રીયુત ગોવર્ધનરામ' વધારે ઊંચી કક્ષાનું છે. જીવનચરિત્ર લખવાનાં શાસ્ત્ર અને કલાની દૃષ્ટિએ ગુજરાતના શ્રેષ્ઠ સાક્ષર શ્રી ગોવર્ધનરામ વિષે આના કરતાં વધારે સારું પુસ્તક હજી સુધી તૈયાર થયું નથી. 'શ્રીયુત ગોવર્ધનરામ' વાંચતાં તેના લેખકની એક જીવનકથા-કલાવિશારદ તરીકેની છાપ વાચકમન ઝીલે છે; છતાં તેના લેખક તો 'રઘુવંશ' લખવા બેસતા કાલિદાસનો પેલો 'क्व सूर्यप्रभवो वंशः' શ્લોક સંભારીને નમ્રતાપૂર્વક લખે છે: 'પરંતુ, શ્રીયુત ગોવર્ધનરામના ચરિત્રનું સંપૂર્ણ ચિત્ર આપવાને બદલે તેને આ લેખની પેઠે સંક્ષિપ્ત તથા મર્યાદિત કરવું એ માર્ગ, જોકે એક પક્ષે ગોવર્ધનરામના નામને ઓછો અનુરૂપ જણાશે, તો પણ અન્ય પક્ષે લેખકનાં વર્તમાન અવકાશ તથા શક્તિઓને વિશેષ અનુકૂલ હોવાથી ઉક્ત ક્ષોભને કાંઈક શમાવે છે.' વધુમાં તેઓ કહે છે: 'આ પ્રમાણે શ્રીયુત ગોવર્ધનરામના મોટા શિષ્ટ જીવનચરિત્ર હોવાનો આ લેખનો કોઈ રીતે દાવો નથી. વળી જો એ મોટું ચરિત્ર કદી યે લખાય તો તેને આ લેખ બાધકારક નહિ પણ સહાયકારક થાય એવી આશા છે.' અને 'વિશેષમાં કાંઈ કહેવા જેવું હોય તો તે એ છે કે અંગ્રેજ કવિ પોપે એક ઘણું સત્ય વચન લખ્યું છે, અને તે એવું છે કે He who expects to see perfection wants to see something that never was before and shall never be in future. અર્થાત્ જે આકાશકુસુમની પેઠે સર્વદા અસંભવિત તથા અશક્ય છે. આ વચન આ લેખના નાયક શ્રીયુત ગોવર્ધનરામના સંબંધમાં પણ સત્ય છે અને તેથી વિશેષ સત્ય પ્રસ્તુત લેખના સંબંધમાં છે: શ્રીયુત ગોવર્ધનરામમાં જેટલી અપૂર્ણતાઓ હતી તેથી પણ વિશેષ અપૂર્ણતાઓ એમની આ લઘુ જીવનકથામાં છે—એ વાત આ લેખક વીસરી શકે તેમ નથી.' 'શ્રીયુત ગોવર્ધનરામ'ની તેમણે લખેલી પ્રસ્તાવનામાં ગુજરાતી




સાહિત્યમાં અપૂર્વ સ્વસ્થશ્રેષ્ઠ એવી જીવનચરિત્રકલાની મીમાંસા જોવા મળે છે. તેઓ લખે છે: 'નાયકના ચરિત્રનું સત્ય સ્વાભાવિક અને તાદૃશ કરવામાં આ ચિત્રની ઉત્કૃષ્ટતા અને સુંદરતા રહેલી છે— નાયકને સર્વ ગુણોથી અસત્ય રીતે સુંદર બનાવવામાં નહિ.'

'વિજ્ઞાનમંદિર'ના પહેલા ભાગમાં જુદાજુદા વૈજ્ઞાનિકોનો વિદ્વત્તા-પૂર્ણ પરિચય કરાવવામાં આવ્યો છે અને બીજા ભાગમાં એવા જ વિજ્ઞાનવિષયક લેખો છે. એમના નિવૃત્ત જીવનનું સૌથી ઉમદા કાર્ય તે સ્વ. ગોવર્ધનરામ ત્રિપાઠીની જન્મશતાબ્દી—ઊજવણીની યોજના અને તેમની અંગ્રેજીમાં લખાએલી ડાયરીનું સંપાદન કરી 'Scrap Book'ને નામે તાજેતરમાં પ્રકટ થએલું પુસ્તક. એ દ્વારા તેમણે માતુલ પ્રત્યેનું ઋણુ અદકું અદા કરી લીધું છે. 'સ્ક્રૅપ બુક'નું સંપાદન એ તો ગુજરાતના જીવનગ્રંથસાહિત્યમાં કીમતી પ્રદાન છે.

મધુર વ્યક્તિત્વ અને બીજાને સહાયક થઈ પડવાથી પરગજુ વૃત્તિ એ બે ગુણોએ એમના સમૃદ્ધ વ્યષ્ટિજીવનને સમષ્ટિ માટે શકય એટલું સેવાસમર્પિત કર્યું. સાહિત્ય–વિજ્ઞાન–સંસ્કારી કેટલી યે ગણનાપાત્ર સંસ્થાઓના તેઓ સભ્ય કે ફેલો હતા. વળી એ સૌની સભાઓમાં જાતે હાજર રહીને સક્રિય રસ લેવાનું તેઓ ચૂકતા નહિ, એવી તેમની સમયપરતા અને કર્તવ્યપરાયણતા હતી. જે જે સંસ્થાઓ સાથે તેઓ સંકળાએલા હતા તેની યાદી જ માત્ર અહીં આપીએ છીએ: પી.ઈ.એન. (મુંબાઇ); ગુજરાત સંશોધન મંડળ (મુંબાઈ); ઇન્ડિયન કમિટી ફૉર કલ્ચરલ ફ્રીડમ (મુંબાઇ); ફૉર્બ્સ સભા (મુંબાઇ); પ્રફુલ્લચન્દ્રરાય





વડોદરા પી.ઇ.એન. સંમેલનમાં પં. નેહરુ સાથે

સ્થાપિત ઇન્ડિયન કેમિકલ સોસાએટી(કલકત્તા)ના સ્થાપક સભ્ય અને ફેલો; સર સી. વી. રામન સ્થાપિત ઇન્ડિયન ઍકૅડેમી ઑવ સાયન્સિસ (બૅંગ્લોર); ૧૯૫૦ સુધી બ્રિટિશ કેમિકલ સોસાએટીના ફેલો; ૧૯૫૦ સુધી સોસાએટી ઑવ કેમિકલ ઇન્ડસ્ટ્રીઝ(લંડન)ના સભ્ય; મૉરલ રી-આર્મામેન્ટની સંસ્થાના સભ્ય; લેખકમિલન; પ્રવૃત્તિસંઘ (મુંબાઇ); ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ એસોસીએશન.

સુજનતા, સૌમ્યતા, શુદ્ધ સંયમીજીવન, શાન્ત અને સૌમ્ય વાણી, અને સૌથી વધારે તો શ્રી ગોવર્ધનરામે લખેલી 'તટસ્થ'વૃત્તિ ('તટસ્થ સાથીઓનું જીવન કેવળ સાક્ષર જીવન છે') એ તેમના જીવનના ચિર-સ્મરણીય અંશો છે. આપણી સાક્ષરપેઢીના એ લગભગ છેલ્લા સાક્ષીના જવાથી ગુજરાતની સાહિત્ય-આલમ સૂની બની છે, ને તેથી યે વિશેષ તો જે ખોટ સદૈવ સાલ્યા કરશે તે એ છે કે તેમના જેવો વિજ્ઞાનને સાહિ-ત્યના સેતુ દ્વારા લોકસમાજ સુધી પહોંચાડનાર બીજો પંડિત ક્યારે મળશે? તેમના અવસાન બાદ મળેલા અનેક પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સંદેશાઓ એમની મહત્તાને અપાએલી ભાવાંજલિ સમા છે. આગ્રાની સેન્ટ જ્હૉન્સ કૉલેજના પ્રિન્સિપલ શ્રી પી. ટી. ચંદીએ તો લખ્યું છે કે 'વિજ્ઞાનમાં અભ્યાસ અને સંશોધનને ક્ષેત્રે પોતાની થોડી પણ અગત્યની સ્થિતિ હોવાનો દાવો જો સેન્ટ જ્હૉન્સ કૉલેજ કરી શકતી હોય તો તે મુખ્યત્વે ડૉ. પંડયાના પ્રયત્નોને જ આભારી છે.' સર સી. વી. રામને તેમના મિત્રકર્તવ્યને સંભારીને છેલ્લે લખ્યું છે: 'ડૉ. પંડયા સાથેની મારી મિત્રાચારી એ મારે માટે કાયમનું મીઠું સંભારણું બની રહેશે.' આખા ગુજરાત પર એમની અમીનજર હતી એવા એ વત્સલ મોવડીની ખોટ ભૂલી શકાય એવી નથી, ત્યાં એમની આત્મનીઓ શ્રી રશ્મિબેન અને શ્રી રજનીબેનના દુ:ખની શી વાત કરવી? એમના આભિજાત્યને અંજલિ આપતાં શ્રી રજનીબેન લખે છે: 'અત્યારે થઈ જાય છે કે દાદાજીની પેઠે મુ. કાન્તિ-ભાઈનું ચરિત્ર પણ વહેલું લખાયું હોત તો? પણ એ તો આત્મપ્રશં-સાથી પર હતા, બીજા કોઇને પણ પ્રશંસા કરવા ના દેત.'

સાહિત્યસંપર્ક

શબ્દકથા 'દીનાર'

ગયા અંકમાં વર્ણવેલો 'દામ' શબ્દ જો ગ્રીક લોકો સાથેના આપણા જૂના સંબંધની એક કડી છે, તો 'દીનાર' શબ્દ પાછળ પ્રાચીન રોમન લોકો સાથેના આપણા સંબંધની કડી છુપાએલી છે.

સોનાના સિક્કા માટે 'સોનૈયો', 'સોનામહોર', 'અશરફી' ને 'ગીની'ની જેમ પહેલાંના સાહિત્યમાં 'દીનાર' શબ્દ પણ મળે છે. મુસ્લિમ અમલ દરમિયાન તે જાણીતો હતો ખરો, પણ વસ્તુતઃ તો એ 'દીનાર' આપણે ત્યાં ઈસવી પહેલી શતાબ્દીથી તે અગિયારમી શતાબ્દી સુધી ચલણમાં હતો. કુષાણ અને ગુપ્ત અમલ દરમિયાન સોનાના દીનારનું ચલણ હતું.

પણ મૂળમાં તો એ ચલણ રોમન લોકોનું, ને તેમની પાસેથી પહેલવહેલા કુષાણો આપણે



ત્યાં એ લઈ આવ્યા. ઈસવી સનની શરૂઆતમાં રોમન લોકોમાં 'દેનારિઉસ' (denarius) નામે સોનાનો સિક્કો ચલણી હતો. 'દેનારિઉસ'નું ભારતીય રૂપ તે 'દીનાર'. ઈરાન, અરબસ્તાન, ઇજિપ્ત વગેરે પશ્ચિમ એશિયાના દેશોમાં પણ એ રોમન સિક્કો 'દીનાર' નામે પ્રચલિત થયો. મધ્ય યુગમાં તે આપણે ત્યાંથી પ્રચારમાંથી નીકળી ગયો, તે પછી મુસ્લિમોએ તે ફરી દાખલ કરેલો.

—હરિવલ્લભ ભાયાણી

અંગના

આ અંકનું મુખચિત્ર જેના સૌજન્યથી આપ્યું છે તે 'અંગના' આપણાં ગણતરીનાં વાર્ષિકોમાં મોખરાનું સ્થાન ધરાવતું કહી શકાય. માત્ર સ્ત્રીઓ દ્વારા અને સ્ત્રીઓ માટે જ છેલ્લાં સાત વર્ષથી નીકળતા એ પ્રકાશનનો આ સાતમો અંક 'પુરુષ અંક' કાઢવાની નવીનતા એનાં તંત્રી શ્રીમતી સૌદામિનીબહેન વ્યાસે કરી છે; અને ગુજરાતી, હિંદી, અંગ્રેજી એમ ત્રણે ભાષાના તેના વિભાગોતથાચિત્રોની કૃતિઓ આ વર્ષે સ્ત્રીઓને બદલે બધી લબ્ધપ્રતિષ્ઠ પુરુષોની જ છે–જેમનાં નામમાત્રથી એની સમૃદ્ધિના વૈવિધ્યનો ખયાલ આવશે: અંગ્રેજીમાં સર્વશ્રી કનૈયાલાલ મુનશી, વાસુદેવશરણ અગ્રવાલ, કાલે ખંડાલાવાળા, અસીતકુમાર હલધર, મોહન ખોકર, દિલીપકુમાર રૉય, વિજય મર્ચન્ટ, ચાતુની પ.ણક્કર વગેરે; હિંદીમાં સર્વશ્રી ઈલાચન્દ્ર જોષી, યશપાલ, ભગવતીચરણ વર્મા, અમૃતલાલ નાગર, રાજેન્દ્ર નાગર, જગદીશ મિત્તલ આદિ; તથા ગુજરાતીમાં સ્વ. કેશવ હ. ધ્રુવ, સર્વશ્રી રવિશંકર રાવળ, ચુનીલાલ વ. શાહ, ધૂમકેતુ, સુન્દરમ્, શિવકુમાર જોષી, યશોધર મહેતા, ચન્દ્રવદન મહેતા, ચુનીલાલ મડિયા, ગુલાબદાસ બ્રોકર વગેરે.

એ દરેક કૃતિની કલાત્મક રજૂઆત 'અંગના'ની આગવી જ છે અને લેખકોના પરિચય સાથે તેના ફોટોગ્રાફને બદલે ખ્યાત કલાકાર ચન્દ્ર પાસે તેમનાં કાર્ટૂનો કરાવી મૂક્યાં છે એ તેનું નોંધપાત્ર અંગ છે. કદમાં કુમારથી લગભગ બેવડા મોટા, અને મોટા ભાગની બેરંગી છપાઈ તથા ચિત્રાત્મકતાથી આકર્ષક બનેલા, અને ત્રણ ત્રિરંગી ચિત્રોથી મંડિત આ અંકની કિમત રૂ. ૩; પ્રકાશક અંગના પબ્લિકેશન્સ, અમૃત બિલ્ડિંગ, રીલીફરોડ, અમદાવાદ-૧

Govardhanram Madhavram Tripathi's Scrap-Book: સ્વ. નરસિંહરાવ દિવેટિયા રોજનીશી લખતા તેની જાણ બહુ મોડી થએલી. 'સરસ્વતીચંદ્ર'ના ગૌરવવંતા સાહિત્યકાર, ગુજરાતના સાક્ષરશિરોમણિ શ્રી ગોવર્ધનરામ મા. ત્રિપાઠી પણ અંગ્રેજીમાં એવી નીશી લખતા, જેને એમણે 'સ્ક્રૅપ બુક' (પરચૂરણ નોંધ) એવું નામ આપ્યું છે. ગોવર્ધનરામનું વ્યક્તિજીવન અને વિચારજીવન ગુજરાતી સાહિત્યને શક્ય એટલી વિશેષ માત્રામાં

સુગ્રથિત ને અધિકૃતપણે પ્રાપ્ય કરાવવું એ, ગોવર્ધનરામના ભાણેજ (આ ગ્રંથના સંપાદક) સદ્‌ગત શ્રી કાન્તિલાલ છ. પંડયાનાં અનેક પૈકીનું એક જીવનકાર્ય રહ્યું હતું.

પ્રસ્તુત પુસ્તક એ 'સ્ક્રૅપબુક'ના સાત સંગ્રહો પૈકીનો છેલ્લો, (ગોવર્ધનરામના ૪૯થી ૫૧ના વય સુધી) લખાએલો, અને પહેલો પ્રકાશિત થએલો છે. મહાન લેખક ગોવર્ધનરામ મહાન માનવ પણ હતા, એની ઝાંખી આ નોંધો પરથી મળી રહે છે. પોતાની ભૂલો અને મુસીબતો ઝીણવટથી અવલોકવામાં અને પ્રદર્શિત કરવામાં તેઓ નાનમ અનુભવતા નથી, ઊલટા સંતોષ માને છે. 'સ્ક્રૅપ બુક'નું બીજું તાત્ત્વિક મહત્ત્વ છે તેના સર્જકના પ્રગલ્ભ વિચારોની પ્રક્રિયાને પ્રકટ કરવાનું. તેમના વિચારોની પ્રૌઢિ અને પરિપક્વતા સૌથી વિશેષ આ સાતમા સંગ્રહમાં જોવા મળે છે તે દૃષ્ટિએ પણ પ્રસ્તુત ગ્રંથનું પહેલું પ્રકાશન ઉચિત છે. ગોવર્ધનરામના વ્યક્તિજીવનનો નિકટતમ પરિચય તેમની પોતાની જ લખેલી દૈનિક ને અનુભવ તાજી પ્રામાણિક નોંધો દ્વારા થવો એ જિજ્ઞાસુઓ–રસિકોને લહાવો છે. આ સ્ક્રૅપ બુકના પ્રકાશનથી ગુજરાતની ગુણવાન ચરિત્રસાહિત્ય-સામગ્રીમાં એક પ્રકૃષ્ટ કોટિનો ઉમેરો થાય છે.

ફ્લૅપ પરની શ્રી ગો. મા. ત્રિ.ની પરિચાયક અંગ્રેજી જીવનનોંધ તથા સંપાદકે લખેલી પ્રસ્તાવના, ગોવર્ધનરામના 'કુટુંબજાલ' અને પુસ્તકના વસ્તુનો સંદર્ભ દાખવતી કક્ષાવાર અનુસૂચિ અને ગોવર્ધનરામની છબી તથા તેમના નડિયાદમાંના નિવાસસ્થાનનાં ત્રણ રેખાચિત્રો સાથે કિમત રૂ. ૨–૦૦; પ્રકાશક એન.એમ. ત્રિપાઠી (પ્રા.) લિ. મુંબાઈ–૨


Indian Literature Vol. 1, No. 1. પ્રસ્તુત સામયિક એનવી દિલ્હીની સાહિત્ય અકાદમી તરફનું બાખલ ભારતીય સાહિત્યનું પ્રથમ ષ.ણ્માસિક પ્રકાશન છે.

એઝરા પાઉન્ડ, ટી. એસ. એલિયટ કે ઝ્યાં પૅલ સાર્ત્ર વિષે જાણકારી ધરાવતા ગુજરાતી સાહિત્યરસિકને મરાઠી, તમિળ કે મળયાળમ સાહિત્ય વિષે નહિવત્ માહિતી હોય છે અને કાં તો હોતી જ નથી. વધુ કરુણ બીના તો એ છે કે એવા ઘણા સાહિત્યરસિકો બીજી ભારતીય ભાષાઓમાં ખાસ મહત્ત્વનું સાહિત્ય છે પણ નહિ એવી ધારણાઓ કરી બેસે છે.

એ પરિસ્થિતિમાં સાહિત્ય અકાદમીના આ પ્રકાશનનાં ઉદ્દેશ ને સામગ્રી આંતરભારતીય ભાષાઓનાં સાહિત્યોના જ્ઞાનવિનિમય માટે ઉપયોગી થઈ શકે તેવ છે. તેનું પ્રમુખ કારણ આ સામયિકને જુદીજુદી ભાષાઓના ઉત્કૃષ્ટ કોટિના સાહિત્યજ્ઞોએ માહિતીલેખો પૂરા પાડવામાં આપેલો ફાળો છે.

આ સામયિકમા આધુનિક ભારતીય ભાષાઓનાં સાહિત્યોના પરિચય ઉપરાંત સાહિત્ય વિષયક બીજા મહત્ત્વના ઉપયોગી લેખો પણ આપવામાં આવ્યા છે. આધુનિક ગુજરાતી સાહિત્યનો શ્રી નિરંજન ભગતે કરાવેલો પરિચય વ્યાઘાતક જણાય છે.

સંપાદકમંડળ: એસ. રાધાકૃષ્ણન્, હુમાયૂં કબીર, કે. આર. કૃપલાણી; છૂટક નકલનો રૂા. ૧–૦૦, વાર્ષિક લવાજમ: રૂા. ૨–૫૦; મોકલવાનું સરનામું: The Edior, Indian Literature, Sahitya Akademi, 74 Theatre Communication Bldg. Connaught Circus, New Delhi-1.



સ્વ. સુહૃદ શ્રી કાંતિભાઈ

દિવસના પાછલા ભાગની સૂર્યછાયા પેઠે સજ્જનની મૈત્રી આરંભમાં લઘુ ને પછીથી વૃદ્ધિમતી બને છે, એ સંસ્કૃત સુભાષિત અનુસાર જ મને કાન્તિભાઈની મૈત્રીનો લ્હાવ મળ્યો છે.

સ્વ. હાજીમહમ્મદ પોતાના 'વીસમી સદી' માસિક માટે દરેક વિષયના શ્રેષ્ઠ લેખકની ભાળ રાખતા, તેમાં વિજ્ઞાનવિભાગ કાન્તિભાઈની કલમથી સમૃદ્ધ બનતો. ગુર્જર સભા દ્વારા રણજિતરામ આદિ એ યુગના પ્રગતિવીરો ગુજરાતની અસ્મિતાની ભાવનાથી પ્રેરિત બન્યા હતા, તેમાં પણ કાન્તિભાઈ હતા. શિષ્ટ ગુજરાતી ભાષામાં વિજ્ઞાનવેત્તાઓ અને વિજ્ઞાનની પ્રગતિના લેખોથી પ્રજાને નવયુગનો રંગ લગાડવાની એમને ધગશ હતી, તે સાથે ગુજરાતની અન્ય સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં પણ ઊર્મિભર આનંદ તે અનુભવતા. ગુર્જર સભામાં કે હાજીના તંત્રીસદનમાં અમે ક્વચિત મળ્યા હોઇશું, ઉપલક વાતો થઈ હશે; પણ આ ઊગતા ગુજરાતી કલાકાર માટે એમને કેવી મમતા હતી તે તો અચાનક મને જાણવા મળ્યું. મેં કોઈ ઊર્મિના ઉછાળાથી 'ક્યાં છે ગુજરાતની કળા?' એવો લેખ લખી નાખ્યો હતો, પણ તે કોણ છાપશે તેની ચિંતા કરતાં સ્વ. ભોગીંદ્રરાવ દિવેટિયાને બતાવ્યો. તેમણે મારી પાસેથી તે રાખી લીધો. કેટલોક સમય વીતી ગયો અને તેનું શું થયું તે કંઈ ન જણાયું. ઘણે વખતે ૧૯૧૭ના મે માસના 'સાહિત્ય' નો અંક મને પોસ્ટમાં મળ્યો. આશ્ચર્યથી ઉઘાડીને જોઉં છું તો પહેલે જ પાને મારો લેખ છપાએલો! વડોદરાથી સ્વ. મટુભાઈ કાંટાવાળાના તંત્રીપદ નીચે નીકળતું એ માસિક એ કાળે સાહિત્ય-લેખકોનું પ્રમુખ વાજિંત્ર હતું ને સ્વ. મટુભાઇ ગુજરાતના સંસ્કૃતિવિભવના એક ચુસ્ત સ્તુતિગાતા હતા. મારા લેખને તેમણે આ સ્થાન આપી મને ખરેખર વિક્ષુબ્ધ કરી દીધો. સ્વતંત્ર લેખનો મારો એ પ્રથમ પ્રયાસ સ્વીકારપાત્ર બન્યો તેથી જ હું ભવિષ્યમાં સાહિત્યસેવામાં ઉમંગથી આગળ વધી શક્યો.

આ લેખ પ્રસિદ્ધ થયાને થોડા દિવસ થયા નહિ ત્યાં એક પરબીડિયું મળ્યું ને ઉઘાડી જોયું તો એમાં કાન્તિલાલ પંડ્યાની સહીથી એ લેખ પર પ્રશસ્તિવચનો હતાં. પત્રનો સાર આવો હતો: 'તમે ચીતરી શકો છો તે સાથે ગુજરાતનું આવું ભાવનાસ્વરૂપ લેખમાં ઉતારી શકો છો એ જોઈ અત્યંત રાજી થાઉં છું.'

આવા પ્રતિષ્ઠિત ગુજરાતી સાક્ષરને હાથે મારા તરંગો પર મહોર પડેલી જોઈ હું વિગલિત થઈ ગયો. આજે એ લેખની ક્ષતિઓ જોતાં લાગે છે કે કેટલી ઉદારતાથી તેમણે તેને નવાજ્યો હતો! પણ ઊગતા લેખકોને ઉત્તેજન આપનારા એવા કેટલા? માટે જ કાન્તિભાઇ વિરલ ગુજરાતી હતા. એટલા પરિચય પછી ઘણે વખતે 'કુમાર' પ્રસિદ્ધ થતાં ફરી કાન્તિભાઈના પ્રોત્સાહક પત્રો ચાલુ થયા અને પોતે તેના સાહિત્યસંભારમાં સક્રિય ભાગ લેવા લાગ્યા. એ બધું તો 'કુમાર'નાં પૃષ્ઠોમાં સંગ્રહાયું જ છે; પરંતુ તે ઉપરાંત પોતે જ્યારે પણ અમદાવાદ આવતા ત્યારે કુમાર કાર્યાલયમાં આવી મુક્ત મનમેળાપનો લ્હાવ આપતા.

આગ્રામાં કોઈ ગુજરાતી જાય અને કાન્તિભાઇ ભેગા થાય તો તેને ત્યાં ગુજરાતનો અનુભવ થયા વિના રહે નહિ. દિલ્હીમાં યશવંત પંડ્યા, પૂનામાં ત્રિવેદી સાહેબ તેમ આગ્રામાં કાન્તિભાઈનું નામ ગુજરાતના સુયોગ્ય પ્રતિનિધિ (હું દિક્પાળો કહું છું) તરીકે સર્વની જીભે સહજ ચડી જતું. એમના પરિચયમાં આવતા દરેક જણને આગ્રામાં કાન્તિભાઈનું આતિથ્ય મીઠું સ્મરણ બની રહેતું. સાથેસાથે આગ્રાના સંસ્કારી સમાજથી પણ તે જરાયે અલિપ્ત નહોતા. રાજા કી મંડીના સ્ટેશન પરથી મજૂર કે ટાંગાવાળાને પંડ્યા સાહેબને ઘેર જવાનું કહેતાં તે જેમ સીધો એમને ત્યાં લઇ જતો, તેમ જ આગ્રાના વેપારીઓ, પંડિતો અને પ્રોફેસરોની સાથે પણ પંડ્યા સાહેબની બેઠક રહેતી. કેટલાયે વિદ્યાર્થીઓને તેમની ગુપ્ત સહાય મળતી તો કેટલાયને અભ્યાસ તેમજ જીવનમાં મોંઘાં માર્ગદર્શન મળતાં.

આગ્રા તેમને સહજ છોડે એ અશક્ય હતું, પણ શરીરના વ્યાધિએ તેમને વતન ભણી સુકાન ફેરવવા ફરજ પાડી. પોતે વૈજ્ઞાનિક હોવાથી કૅન્સર જેવું દર્દ નિદાનમાં જણાયા છતાં અત્યંત કાળજીથી જીવનક્રમ નક્કી કરી મુંબાઈ આવી રહ્યા અને દાક્તરો, વૈદ્યો, હોમીઓપાથો વગેરેની સલાહ સૂચના તથા જાતસમજણથી એ ભયંકર દર્દને કેટલી યે વાર જીવલેણ થતાં ખાળી રાખ્યું, અને વખતોવખત વિવિધ મિત્રો, સંબંધીઓ તથા સાંસ્કારિક પ્રસંગોના સંપર્કથી નિરપેક્ષ ભાવે આનંદ માણતા રહ્યા. વરસમાં એકાદ બે વાર નડિયાદ-અમદાવાદ આવે ત્યારે એક દિવસ તો મારે માટે રાખે જ, અને શ્રમ બચાવવા બીજા નિકટના મિત્રોને પણ ત્યાં મળવા ખબર આપે. એ વિશ્રંભવાર્તાઓમાં ઘરની, પરિવારની, ગુજરાતની જાહેર વ્યક્તિઓ તથા સંસ્થાઓની, વગેરે અનેક વાતો રસપૂર્વક ચર્ચતા. સાથે ઘરનાં બાળકોને મીઠાશથી લડાવતા, અને સીનેમાની કડીઓ યાદ આપી તેમને રીઝવતા. તેઓ જાય ત્યારે કોઇ સ્વજન વિદાય લેતા હોય એમ ઘરનાં સૌનાં મન ભારે થઈ જતાં.

છેવટની મુલાકાતોમાં તબિયત ઘણી નાજુક અને નરમ થઈ ગઇ હતી તે વખતે તેમનાં સુપુત્રી ડૉ. રજનીબેન સાથેનાં સાથે જ હોય, ને કોઈ પરિષદ મેળાવડા કે મુલાકાતમાંથી ઘેર આવતાં જ કોઈ ચતુર ડ્રાઇવર મોટર તપાસી લે તેમ કાન્તિભાઇના થાક, ભૂખ, ઊંઘ, સર્વની ચિકિત્સા કરી તેમના માટે દવા, આરામ, ખોરાક ને વાતચિતની મર્યાદા નક્કી કરી નાખે.

કાન્તિભાઈની અનન્ય કુટુંબવત્સલતાની પાછળ મેં તેમની પવિત્ર જીવનનિષ્ઠા નિહાળી છે. નાગરી ન્યાતમાં તરુણ વયે વિધુર થએલા રૂપસંપન્ન, પદવીસંપન્ન, યુવાનને ફરી પરણવાનું જરા યે અશક્ય ન હોય; પણ કાન્તિભાઈએ સદ્ગત પત્નીનો સ્નેહ હૈયે ભારીને પોતાની મમતા પોતાની પુત્રીઓમાં પર્યાપ્ત કરી દીધી હતી. એ પુત્રીઓની પાછળ સ્વ. ધર્મપત્નીનું એ ધ્યાન ધરતા ત્યારે ઘણી વાર મને તાજ નિરખી રહેલા શાહજહાંનું ચિત્ર યાદ આવતું.

છેવટનાં વર્ષોમાં તેમણે મને સાવ આત્મીય બનાવી દીધો હતો. હું એમની આગળ મારી આશા-નિરાશા, ઉત્સાહ કે અભિરુચિ છુપાવી શકતો નહિ. ઘણી વાર તો હું તેમને લખ્યા વિના રહી શકતો નહિ એવી તેમના હૃદયની આકર્ષણશક્તિ હતી. હું તેમને પત્ર લખતો ત્યારે જણાવતો કે આ કાગળ નથી પણ 'વન-વે ટેલીફોન' છે. છતાં સામેથી તેમના દિલસોજીભર્યા હૃદયંગમ જવાબો આવતા, તે અમારી મૈત્રીની પ્રફુલ્લ પુષ્પસુવાસ જેવો આનંદ અને સમાધાન મારા મન પર છાઈ જતાં. છેલ્લા દિવસોમાં યે મળ્યો ત્યારે અંદરનું દુઃખ છતાં તેમની લાક્ષણિક ઢબે એક બાજુનો હોઠ દબાવી જરા હસ્યા: 'હવે કંઈ ગમતું નથી. મળી ગયા તે સારું લાગ્યું.' એમને વધુ બોલાવવા જેવી તબિયતે નહોતી. કટુતાને ય પોતાની મીઠાશથી ઓગાળી દેનાર એમના સમા કોઇક જ મેં જોયા છે. એ મૈત્રીથી હું ધન્ય બન્યો છું.

રવિશંકર મ. રાવળ

એક અપ્રતિમ સાહસ

★

રમેશ સૂરજલાલ



કમાન્ડર ગન્થર પ્રીન

બીજું વિશ્વયુદ્ધ જાહેર થયાને બે મહિના ભાગ્યે થયા હશે. બ્રિટનનો જંગી નૌકાકાફલો આધુનિક સંરક્ષણનાં બધાં સાધનોથી રક્ષાઇને 'સ્કેપા ફ્લો'માં સલામત નાંગરેલો પડચો હતો. સ્કેપા ફ્લો અજિત જળદુર્ગ મનાતો. તેની સાંકડી પ્રવેશ ખાડીમાં રોધક જહાજો હતાં, વીજળીક તારની ભયસૂચક આગાહી આપતી વ્યવસ્થા હતી, ઝૂલતી લોખંડી જાળીઓ હતી, અને એક જ વખત ધીંગા તારમાં ગૂંચવાયા પછી શત્રુ જળકિસ્તીઓ નાશ પામીને જ રહે એવી સુરંગો-ની કરામતો હતી.

આવી મજબૂત અને સજાગ કિલ્લેબંધી છતાં ૧૩મી ઑક્ટોબર ૧૯૩૯ની રાત્રે જર્મન ડૂબક-કિશ્તી(સબમરીન)ના એક યુવાન અને સાહસિક કમાન્ડર ગન્થર પ્રીને 'સ્કેપા ફ્લો'માં પ્રવેશ કર્યો, અને કિલ્લે-બંધીની બધી કરામતો ભેદીને બ્રિટનના ગંજાવર નૌકાજહાજ 'રૉયલ ઓક'ને છ ટૉર્પિડોનો ઉપરાઉપરી તાસીરો કરી જળસમાધિ લેવડાવી! ૭૮૬ અફસરો ને ખલાસીઓ સાથે બ્રિટનની તાકાતના પ્રતીક સમી એ જંગી યુદ્ધનૌકા ડૂબી. એ બ્રિટનના નૌકાબળને જીવલેણ પ્રહાર હતો.

ટૉર્પિડોના તાસીરાથી ચોંકી ઊઠેલા બ્રિટિશ અફસરોની તનતોડ દોડાદોડી છતાં, કમાન્ડર ગન્થર પ્રીન એ સૌને હાથતાળી દઇને પોતાની સબમરીનને 'સ્કેપા ફ્લો'માંથી બહાર કાઢી પાછી સહીસલામત જર-મંની ભેગી કરી દેવામાં સફળ થયો.

એક જ રાતમાં જર્મનીના એક સામાન્ય સબમરીન-કમાન્ડરમાંથી ગન્થર પ્રીન 'રાષ્ટ્રીય વીર' બની ગયો. તેની પ્રતિષ્ઠાનું સિંહાસન પ્રજાના હૈયા પર પ્રસ્થાપિત થયું. હિટલરે તેને ખાસ મુલાકાતનું માન આપ્યું અને તેને 'આયર્ન ક્રૉસ'ના પદકથી નવાજવામાં આવ્યો.

ખુદ ઇંગ્લૅંડમાં પણ અનેક પત્રોએ ગન્થર પ્રીનના પરાક્રમને અંજલિ-ઓ આપી; પાનાંઓ ભરીને તેની કલ્પિત કથાઓ છાપી તેની તસ્વીર પ્રકટ કરી; બ્રિટનના યુદ્ધકાલીન વડા પ્રધાન ચર્ચિલે પાર્લામેન્ટમાં આ પરાક્રમને 'અદ્‌ભુત સાહસ' તરીકે બિરદાવ્યું. અંગ્રેજ પ્રજાએ હિંમતને હમેશાં નવાજી છે—પછી તે શત્રુની હોય કે અંગ્રેજ બચ્ચાની. ગન્થર પ્રીન બ્રિટનમાં સૌથી લોકપ્રિય શત્રુ થઈ પડચો.

જવાંમર્દ ગન્થર પ્રીને અજોડ સાહસ કરી બતાવ્યું, પણ અંગ્રેજ અધિકારીઓ માટે તે કોયડારૂપ હતું. એક અજાણ્યો જર્મન, 'સ્કેપા ફ્લો'ની આવી દુર્ગમ સંરક્ષણ-કિલ્લેબંધી ભેદીને એક જંગી સબમરીનને ગુપ્ત ભેદોની ખબર વિના તો શી રીતે લાવી શકે? કદાચ તે ખાડીમાં પ્રવેશ કરવામાં અકસ્માત સફળ થયો હોય; પણ 'રૉયલ ઓક' પર ઉપરા-ઉપર છ ટૉર્પિડો છોડી, તેને જળસમાધિ લેવડાવ્યા પછી, તે આટઆટલી તકેદારી છતાં કેવી રીતે છટકી શકચો? અહીં જ ગૂંચવણ વધારે ગાઢી બને છે. 'રૉયલ ઓક'ના પ્રસંગ પછી ગન્થર પ્રીનનું શું થયું? નાત્સી સ્વામીઓ સાથે તેને કલહ જાગી પડચો? તે હજી જીવંત છે?

આ આખા યે પ્રકરણ ઉપર આજ સુધી મૌન જાળવવામાં આવ્યું હતું. પણ પ્રીનની કપ્તાની તળેની સબમરીન 'યુ-૪૭'ની કાર્યવાહીની સળંગ નોંધ મળતાં, અને જર્મન નૌકાધિકારીઓની મુલાકાતો પછી મળેલી માહિતીને આધારે એ પ્રકરણ ઉપરથી હવે પડદો ઊંચકાય છે.


પહેલા વિશ્વયુદ્ધ પછી જર્મન પ્રજા રાજકીય અને આર્થિક આંધી-ઓમાં સપડાઈ ગઈ. કટોકટીભર્યા એ કપરા કાળમાં, વિધવા માતાએ બીજાં બે બાળકો સાથે ગન્થરને પણ અનેક સંકટો વેઠી ઉછેર્યો. પ્રીન બાળકો પર જીવનનો સંઘર્ષ બહુ જ કુમળી વયે આવી પડચો; પણ એ કસોટીમાંથી ગન્થરે પોતાનો માર્ગ કાઢચો. તેનામાં જવાંમર્દને યોગ્ય એવા ગુણો ખીલ્યા. ૧૯૨૩ની સાલમાં ૧૫ વર્ષની વયે તે જર્મન નાવિક-શાળામાં જોડાયો. ત્રણ મહિનામાં પ્રાથમિક તાલીમ પૂરી થતાં તેણે જહાજ ઉપર 'કૅબિન બૉય' તરીકેની ચાકરી સ્વીકારી. અનુભવની શાળામાં ઘડાતાં ઘડાતાં એક પછી એક પરીક્ષાઓ પસાર કરીને ઈ. ૧૯૩૨માં તેણે અફસર થવા માટેની ઉપાધિ મેળવી. હવે તે સ્વતંત્ર કપ્તાનપદ માટેની બધી લાયકાતો ધરાવતો હતો, પણ જગતભરમાં આર્થિક કટોકટી ઘેરી બનતી જતી હતી એમાં એને કપ્તાનની નોકરી ક્યાંથી મળે? તેને લાંબો વખત બેકાર રહેવું પડચું. વચ્ચેવચ્ચે મળે તે નોકરી સ્વીકારી લેતો. આમાં તેની બચત બધી ખતમ થઇ ચૂકી, અને આખરે તેને બેકારી-ભથ્થું સ્વીકારવાનો વારો આવ્યો. તે નાત્સી પક્ષમાં જોડાયો. પોતાની વિચક્ષણ બુદ્ધિમત્તા ને અથાગ પરિશ્રમને પરિણામે બીજી જરૂરી તાલીમ મેળવી તે ૧૯૩૮ની સાલમાં યુ-બોટના સ્વતંત્ર કપ્તાનપદે પહોંચ્યો. બીજા વિશ્વ યુદ્ધની જાહેરાત થઈ ત્યારે ઍટલાન્ટિક મહાસાગરમાં તાલીમી કવાયતમાં તે ભાગ લઈ રહ્યો હતો.

લેફ્ટેનન્ટ પ્રીને પોતાની યુદ્ધ-કારકિર્દીનો આરંભ એક ગ્રીક જહાજ ડુબાડીને કર્યો. ત્યાર બાદ ગ્લાસગો બંદરે જતું ગંધકથી ભરેલું અંગ્રેજી જહાજ તેની ટૉર્પિડોનું નિશાન બન્યું.

બીજા વિશ્વયુદ્ધના બીજા મહિનામાં લેફ્ટેનન્ટ પ્રીનના નસીબનો સિતારો ચમકચો. જર્મન નૌકા-સેનાધિપતિ ડૉનિટ્ઝે, ગન્થરની પસં-દગી યુદ્ધના સૌથી જોખમદારીભર્યા કાર્ય માટે કરી. ઑર્કની દ્વીપસમૂહ-માં આવેલી સ્કેપા ફ્લોની ખાડીમાં બ્રિટનનો સમર્થ નૌકા કાફલો સુરક્ષિત શ્વાસ લેતો થંભ્યો હતો. આ કાફલાને જો ગંભીર નુકસાન પહોં-ચાડી શકાય તો જર્મનીને ખૂબ લાભ થાય. બ્રિટનનું નૌકાવર્ચસ્વ નાશ પામે ને જર્મનીનાં જહાજો સાતે સમુદ્રો પર પોતાનું વર્ચસ્વ જમાવે.

ઑક્ટોબર મહિનાના એક રવિવારે નૌકા-સેનાધિપતિ ડૉનિટ્ઝે ગન્થરને પોતાની યુદ્ધકચેરીમાં હાજર થવાનું ફરમાન મોકલ્યું. આવા ભગીરથ કાર્ય માટે અત્યંત ગુપ્તતા અને સાવચેતી જરૂરનાં હતાં.

ડૉનિટ્ઝની કચેરીની દીવાલ ઉપર ઑર્કની દ્વીપસમૂહ અને સ્કેપા ફ્લો ખાડીના વિશાળ, ઝીણી વિગતો આપતા નકશા લટકતા હતા. તેમાં નૌકા-સેનાધિપતિએ ગન્થર પ્રીનને સ્કેપા ફ્લોની ખાડીમાં પ્ર-વેશ કરવાના સાત જળમાર્ગો બતાવ્યા, સંરક્ષણ-કિલ્લેબંધી ને ખાસ તરકીબોની ઝીણવટભરી સમજણ આપી, ભરતી-ઓટ વિષેની માહિતી પૂરી પાડી, અને બ્રિટિશ નૌકાકાફલાનું સૂચિત સ્થાન પણ ચીંધ્યું. જર્મન નૌકા-સેનાધિપતિઓની પરાપૂર્વથી એ મહત્ત્વાકાંક્ષા ચાલી આવે છે કે બ્રિટનના કાફલાને તેના ગૃહવિસ્તારમાં જ પરાસ્ત કરવો. પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન આવી જ કામગીરી સ્વીકારનાર જર્મન સબ-મરીનનો કપ્તાન એમ્સમન કામ આવી ગયો હતો તે પણ સમજાવ્યું. અને આખરે ડૉનિટ્ઝે પોતાની માન્યતા દઢ શબ્દોમાં જાહેર કરી:



સ્કેપા ફ્લોનાં દુર્ગમ જળમાં ગંથર પ્રીનનો આક્રમણ માર્ગ

'અટપટા જળપ્રવાહો, દુર્ગમ કિલ્લેબંધી ને આધુનિક સંરક્ષણ-તરકીબો છતાં પણ એક કૃતનિશ્ચય કપ્તાન પોતાની સબમરીન સાથે 'સ્કેપા ફ્લો'ની ખાડીમાં જરૂર પ્રવેશ કરી શકે અને બ્રિટનના નૌકાબળને જીવલેણ ફટકો મારી પાછો પણ આવી શકે.' અને પોતાની દલીલો સમેટી લેતાં તેણે આખરી વાક્ય ઉચ્ચાર્યું, 'પ્રીન, મને હમણાં ને હમણાં તારો જવાબ જોઇતો નથી. તું નકશાઓ તારી સાથે લઈ જા, વિગતોનો અભ્યાસ કર, ભરતી-ઓટની ગણતરી કરી અનુકૂળ સમય શોધી કાઢ અને પછી તારો જવાબ આપજે. મંગળવાર સુધીમાં તારો નિર્ણય લેવાવો જોઈએ. તને આ કાર્ય અશક્ય લાગે તો વાત આગળ વધારતો નહિ. તારી 'ના'થી તારા દરજ્જામાં ફેર પડશે નહિ. આ કાર્યની જવાબદારી અને જોખમ હું સમજું છું.'

નૌકા-સેનાધિપતિ ડૉનિટ્ઝે પ્રીનની પસંદગી આ કામગીરી માટે શા કારણે કરી એ પ્રશ્ન સ્વાભાવિક ઉપસ્થિત થાય. ગન્થર પ્રીનની કારકિર્દીનો નકશો સાફ હતો. જરૂરી હિંમત, ધીટતા, પરિશ્રમ, શિસ્ત, જોખમનું ભાન અને બંધ મોં તેનાં વિશિષ્ટ લક્ષણો હતાં. તેના હાથ નીચેના નાવિકો ગન્થર માટે પ્રાણ પાથરવા તૈયાર હતા. નાવિકો પ્રત્યે તેની કુમળી લાગણી અને વફાદારી અજોડ હતાં.

સતત બે દિવસ સુધી પ્રીન નકશાઓ લઇ, વિગતો ટેબલ પર પાથરી કામ કરતો રહ્યો. આખા વીજળીક આક્રમણની શક્યતા તેના મનમાં યોજનાબદ્ધ થવા માંડી. નૌકા-સેનાધિપતિ ડૉનિટ્ઝને તેણે કામગીરીના સ્વીકારની જાણ કરી. જાનનું જોખમ છે તે ગન્થર પ્રીન પૂરેપૂરી રીતે સમજતો હતો, પણ યુદ્ધના ઇતિહાસમાં કોઈએ ન'તું કર્યું તે સિદ્ધ કરવાના એને કોડ હતા. બ્રિટનની કિલ્લેબંધી ભેદીને તેના જ ગૃહ-વિસ્તારમાં તેને બ્રિટનનો નૌકાકાફલો ડુબાડવો હતો.

ગન્થરને સબમરીન સાથે કીલના જર્મન નૌકામથક ઉપર હાજર રહેવાના હુકમો મળ્યા, અને જણાવ્યું કે બીજા હુકમો ત્યાર બાદ પહોંચતા કરાશે. કામગીરીનું મહત્ત્વ એટલું તો ભગીરથ હતું કે શત્રુને ગંધ પણ ન આવવી જોઈએ. સંપૂર્ણ ચૂપકીદી ને ગુપ્તતા જળવાવી જોઈએ.

૮મી ઑક્ટોબર ૧૯૩૯ની સવારે ગન્થર પ્રીનને આખરી હુકમો પહોંચાડવામાં આવ્યા, ને 'યુ-બોટ ૪૭' પોતાની કામગીરી પાર પાડવા ઉત્તર-ઉત્તર-પશ્ચિમ દિશામાં હંકારાઈ ગઈ.

ગન્થર પ્રીનની કાર્યવાહીમાં નૌકાસેનાધિપતિ ડૉનિટ્ઝનો સ્પષ્ટ અભિપ્રાય ટાંકેલો છે: 'હું માનું છું કે ભરતી પૂરી થાય ત્યારે 'સ્કેપા ફ્લો'માં સપાટી ઉપર આવીને પ્રવેશ કરવો શક્ય છે.' હવે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ભરતીની આવી ઝીણામાં ઝીણી વિગતો નૌકા-સેનાધિપતિ ડૉનિટ્ઝને શી રીતે સાંપડી? આજે જાણવા મળે છે કે સ્કેપા ફ્લોના નૌકામથકની ઝીણામાં ઝીણી વિગતો, ભરતી ઓટનો દૈનિક સમય, મોસમી ફેરફારો, જળપ્રવાહો, હવામાનની માહિતી, ને સંરક્ષણની કિલ્લેબંધી વિષેના જરૂરી સમાચારો સતત ૧૫ વર્ષના લાંબા ગાળા દરમ્યાન છેક છેલ્લી ક્ષણ સુધી જર્મન યુદ્ધકચેરીને નિયમિત મળતા જ રહ્યા હતા, અને તેના આધારે જ ડૉનિટ્ઝે પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો.

પહેલા વિશ્વયુદ્ધના અંતમાં જર્મન નૌકાસૈન્યને જટલૅન્ડ ખાતે ભારે શિકસ્ત બરદાસ્ત કરવી પડેલી. એ યુદ્ધ દરમિયાન એક જર્મન નૌકા-અફસર આલ્ફ્રેડ વ્હેરિંગ અપ્રતિમ શૌર્ય દાખવી ગયો. ગુપ્તચર ખાતાના વડા ઍડમિરલ કેનેરિસની નજરમાં તે વસી ગયો. તેને ગુપ્તચર વિભાગમાં તાલીમ અપાવી શરૂ થઈ. ઈ. ૧૯૨૩માં તે જર્મન ઘડિયાળો બનાવતી પેઢીનો વિતરક અધિકારી બન્યો. આ કામગીરી માટે સતત ત્રણ વર્ષ સુધી યુરોપના જુદાજુદા દેશોમાં તે મુસાફરી કરતો રહ્યો. તેણે કિસમકિસમની ગુપ્ત માહિતીઓ ભેગી કરી અને તે બધી જર્મન વડા મથકે સંગ્રહાતી રહી. ત્યાર બાદ તે ઘડિયાળો બનાવતી સ્વિસ પેઢીમાં ઉમેદવાર તરીકે જોડાયો અને સ્વિટ્ઝર્લૅંડનો વતની બની ત્યાંની રાષ્ટ્રીયતા તેણે મેળવી લીધી. શ્રીમાન આલ્ફ્રેડ વ્હેરિંગ હવે 'આલ્બર્ટ ઑર્ટેલ' બન્યા અને આ નવા નામ હેઠળ સ્વિસ શહેરી તરીકે તે ઇંગ્લંડમાં જઈ વસ્યા. ઇંગ્લંડમાં તેણે પોતાનું નાનકડું ઘર સ્કેપા ફ્લોના નૌકામથકથી દૂર કર્કપોલ ખાતે વસાવ્યું. ત્યાં તે સ્વિસ ચૉકલેટ ને ઘડિયાળો વેચતા, ઘડિયાળો રીપેર કરતા ને માહિતી મેળવતા.

સ્વિસ ભાષા અને રહેણીકરણી ઉપર તેનો અપ્રતિમ કાબૂ હતો, ને જે લાગટ વીસ વર્ષ તે ત્યાં રહ્યા એ દરમિયાન ક્યારેય પણ કોઇને યે શંકા માટે સ્થાન ન મળ્યું. આલ્બર્ટ ઑર્ટેલ ઇંગ્લંડ ખાતેથી લાંબા લાંબા પત્રો પોતાનાં સગાંઓને સ્વિટ્ઝર્લૅંડ ખાતે લખતા, જે ત્યાંથી જર્મન જાસૂસી વડા મથકમાં પહોંચાડાતા. આલ્બર્ટ ઑર્ટેલનાં સ્વિસ સગાંવહાંલાં પણ તેની મુલાકાતે આવતાં ને લાંબો વખત તેની સાથે રહેતાં. આ પ્રમાણે નિષ્ણાત ગુપ્તચરોને હાથે વીસ વરસ સુધી સ્કેપા ફ્લો ખાડીની ઝીણામાં ઝીણી વિગત ભેગી થતી રહી ને સ્વિટ્ઝર્લૅન્ડ દ્વારા મોકલાતી રહી. સ્વિટ્ઝર્લૅન્ડથી તેના પર ઘડિયાળો ને ચૉકલેટનાં મોટાં પારસલો આવતાં. ઉપરાંત પોતાના મિત્રોને પણ તેણે પોતાની આસપાસ વસાવ્યા. તેઓ પણ તેને જાસૂસીમાં મદદ કરતા રહ્યા. તેની દુકાન ખૂબ જ લોકપ્રિય બની ગઈ. તે બાળકોને ચૉકલેટ મફત પણ વહેંચતો, ને ઘડિયાળ દુરસ્તીની તેની કલા અદ્વિતીય ગણાતી.

ઈ. ૧૯૩૨માં શ્રીમાન ઑર્ટેલ બ્રિટિશ પ્રજાજન બન્યા. બીજા વિશ્વ-યુદ્ધની ઘોષણા થતાં તેમણે પોતાના નિવાસસ્થાન ઉપર 'યૂનિયન જૅક' ફરકાવ્યો અને રાષ્ટ્રીય બચતના બૉન્ડો પણ ખરીદવા માંડયાં.

સ્કેપા ફ્લોની ખાડીમાં ચોકી કરતી મનવારો, સંરક્ષણ માટે પાથરેલી લોખંડી જાળીઓ, વીજળીક ભયસૂચક અગમચેતીઓ તેમજ કિનારા પરનાં તોપમથકો પોતાના નૌકાકાફલાને સંપૂર્ણ રક્ષણ પૂરું પાડતાં હતાં એવી દૃઢ માન્યતા બ્રિટિશ અફસરોમાં પ્રવર્તતી હતી. વળી ઑર્ટેલને જાણવા મળેલું કે બ્રિટિશ કાફલા તરફ આવવાના પૂર્વ તરફના માર્ગોમાંની એક કર્કની ખાડીમાં હજી તારની પૂરતી જાળીઓ નંખાઈ નથી.

તેની સાંકડી નેળમાં દાટા તરીકે રાખેલાં ત્રણ અવરોધક જહાજોની વ્યવસ્થા સંરક્ષણ માટે પૂરતી ગણાતી હતી. જ્યારે એ ગાળા સિવાયના માર્ગો પરની જાળીઓના પડદા ને અવરોધો પાછળ જ લગભગ બધું ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. વળી એ ગાળાના અનિયમિત ભરતી-ઓટ અને ત્યાંની છીછરી ને વાંકીચૂંકી નેળોમાં ઠાંસી રાખેલાં ચોકીદાર જહાજોના વ્યૂહ વચ્ચેથી કોઈ પણ દુશ્મન સબમરીન કદી પ્રવેશી જ ન શકે એવી પોતાની વ્યાજબી માન્યતા ઉપર બ્રિટિશરો મુસ્તાક હતા.

ઑક્ટોબરની એક બપોરે ઑર્ટેલે દુકાન જલદી બંધ કરી. પોતાનો રેડિયો ચાલુ કર્યો અને બર્લિન સાથે સંપર્ક સાધ્યો: 'હુમલો આજે જ થવો જોઇએ. બ્રિટિશ અફસરો ગફલતમાં પડયા છે. આજની ભરતી અનુકૂળ થઇ પડશે. આ આખરી સંદેશ છે.' અને આ છેલ્લો બીનતારી સંદેશ પહોંચાડી તેણે પોતાનો રેડિયો તોડી નાખ્યો.

કેટલાક માને છે કે ગન્થર પ્રીને સ્કેપા ફ્લોમાંથી બહાર આવતાં આલ્બર્ટ ઑર્ટેલને કિનારા પરથી ઊંચકી લઈ સહીસલામત જર્મની પહોંચાડયો. એ ગમે તે હોય, પણ એક વાત ચોક્કસ છે કે રૉયલ ઓક ડૂબ્યા પછી આલ્બર્ટ ઑર્ટેલ ઈંગ્લંડમાંથી બિપત્તા બની ગયો.

ગન્થર પ્રીનને એ 'છેલ્લો સંદેશો' પહોંચાડવામાં આવ્યો હતો. કીલથી 'યુ-૪૭' ઊપડી ચૂક્યું હતું. માર્ગમાં તેણે ખુશીથી નાનાં જહાજો ડુબાડયાં હોત, પણ તેનાં લક્ષ્ય તો હતાં બ્રિટનનાં તોતીંગ યુદ્ધજહાજો.

સાંજના સાત વાગ્યે ખાણું પતાવી લેવામાં આવ્યું. હવે પછીના કલાકો દરમિયાન ચૉકલેટ અને સૅન્ડવિચથી ચલાવવાનું હતું. વીજળિક બળનો બચાવ કરવા રાત સુધી સમુદ્રને તળિયે જ ડૂબીને બેસી રહેવાનું હતું. પ્રીનને જોખમનું સંપૂર્ણ ભાન હતું. આકાશમાં હજી પ્રકાશ પથરાએલો હતો એટલે ફરજિયાત છુપાઈ જ રહેવું જોઇએ. ઊંઘ તેને આવી જ નહિ. આવા જીવસટોસટના ખેલ વખતે ઊંઘ કેમ લેવાય? સબમરીનના જુદાજુદા વિભાગોમાં તે આંટા મારતો રહ્યો.

છેલ્લી તૈયારીઓ ચાલવા માંડી. જો પકડાઈ જવાય તો સબમરીનને ઉડાડી દેવા બૉમ્બો ગોઠવી દેવામાં આવ્યા. પ્રીને ઘડિયાળ સામે જોયું અને હુકમ છોડયો: 'સબ(મરીન)ને સપાટી પર લાવો.'

પેરિસ્કોપ (કાટખૂણા આકારના દૂરબીન)માંથી સપાટીનાં દૃશ્યો દેખાવામાંડયાં.લક્ષ્ય આવી ગયું હતું.પણ પ્રીનને આકાશમાં ફેલાએલો પ્રકાશ સમજાયો નહિ. એ ચંદ્રપ્રકાશ ન હતો. સર્ચલાઇટ પણ પ્રકાશ-રેખાઓથી આકાશ ફંફોળતી ન હતી, છતાં આટલું અજવાળું શાનું?

પ્રીનને ઓચિંતો જ જવાબ સાંપડયો. આ તો ધ્રુવ-આકાશમાં દેખાતી 'ઑરોરા બોરેલિસ' હતી. અંધારી રાતના આ હુમલાની યોજના વખતે આ ધ્રુવપ્રકાશનો કોઇને યે ખયાલ નહોતો રહ્યો, એટલે ઘડીભર તો એ દ્વિધામાં પડયો: આક્રમણ મોકૂફ રાખવું? સંભવ છે કે કાલે પણ આ જ નૈસર્ગિક મુશ્કેલી ઊભી થાય! અફસરો સાથે ખડી મંત્રણા આરંભી. 'સદ્‌ગૃહસ્થો તમારો શો મત છે?'

'આક્રમણ જ! આ તો નિશાન માટે પૂરતો પ્રકાશ સાંપડે છે.'

ખલાસીઓ અને અફસરો હુમલા માટે ખડે પગે તૈયાર હતા. હવે હુમલો કરવા સબમરીન બહાર આવીને સપાટી પર જ આગળ વધી. દૂર આવેલી ટેકરી પર કોઈ સાઈકલ સવાર જતો હતો, તેની બત્તીનો પ્રકાશ સબમરીન પર ઝબકી ગયો! પણ આવાં જોખમો તો ખેડવાં જ રહ્યાં. ભરતીનાં પાણી ચડતાં હતાં તેનો લાભ લઈ, શ્વાસ પણ થંભાવી દેવા જેટલી ચૂપકીદી અને ઝડપથી યુ બોટે કર્કની નેળમાં પડેલાં બે જહાજોની ચોકી વચ્ચેથી સરકીને પોતાનો માર્ગ કરી લીધો. ત્યાં તો એમાંના એક જહાજના લંગરના પોલાદી દોરડામાં તે અટવાઈ, પણ સદ્‌ભાગ્યે જલદીથી તેમાંથી એનો છુટકારો થયો, નહિતર છેક લક્ષ્યસ્થાને આવીને સબમરીનનો નાશ કરવો પડત.

હવે 'યુ-૪૭' સ્કેપા ફ્લોમાં છડેચોક આગળ વધતી હતી. આકાશ સ્વચ્છ હતું. હવે છુપાઈ રહેવું ચાલે પણ નહિ. હવે તો હુમલો કર્યા પછી જ પાછા વળાય. ખાડીમાં નાનીનાની વીજળીની બત્તીઓ ટમટમતી હતી. એ તો ટૅન્કરો લંગર નાખીને પડયાં હતાં. ત્યાં તો આગળ સરકતાં એક તોતીંગ યુદ્ધજહાજની છાયા-આકૃતિ છતી થઈ. અને તેની પાછળ એવું જ તોતીંગ બીજું જહાજ જણાયું. પ્રીનની અનુભવી આંખે તરત ઓળખી લીધાં કે એ તો 'રૉયલ ઓક' અને 'રીપલ્સ' બાજુબાજુમાં નાંગરેલા હતાં. તે હજી જરા નજીક સરક્યો.

પહેલી નેમ તેણે 'રીપલ્સ' પર લીધી. શાંતિ એટલી તો પ્રગાઢ હતી કે ટૉર્પિડો છોડતાં થએલા એરપ્રેશરનો સૂસવાટો અને ક્લચનો નાનો કડાકો પણ તેને મોટા ધડાકા જેવો લાગ્યો. એ ઘાએ રીપલ્સનો છેડો ઉડાવી દીધો. 'રીપલ્સ' પર ભયની સંજ્ઞા ગાજી ઊઠી!

હવે ક્ષણ પણ ગુમાવવાની ન હતી. તરત નજીકના 'રૉયલ ઓક' પર ઉપરાઉપર બે ટૉર્પિડો છોડી પહેલો તાસીરો તેણે પૂરો કર્યો, અને સામનો થાય તે ટાળવા માટે તે પાછો ફર્યો.

પણ પેલાં જહાજોને હજી સાચો ખયાલ ન આવ્યો. એમણે ધાર્યું કે કાં તો કોઈ આંતરિક ધડાકો યા તો હવાઈ હુમલો થયો. એટલે તેઓ તેની ગડમથલમાં પડયાં. કોઇ સામનો થએલો ન જોતાં પ્રીને તરત પાછા વળીને 'રૉયલ ઓક' પર બીજી નેમ લીધી અને ત્રણ ટૉર્પિડોનો બીજો તાસીરો રૉયલ ઓકના પડખામાં પેસાડી દીધો! ખાડીમાં પાણીનો જાણે એક મોટો ડુંગર ઊછળ્યો. તેની સાથે ધુમ્રાથંભ, બ્રિજ અને ફનલોના ફુરચા હવામાં ઊછળ્યા. કાન ફાડી નાખે એવા ધડકા થયા. ભયનાં સાયરનો ને બ્યૂગલો ઉપરાઉપર ફૂંકાવા લાગ્યાં.

એક ટૉર્પિડોએ જહાજના દારૂગોળાના ભંડારમાં જ સીધી વાગેલી જણાઈ. લાલ પીળા ને આસમાની રંગની જ્વાળાઓએ આકાશને ભરી દીધું. 'રૉયલ ઓક' ઘડીના છઠ્ઠા ભાગમાં છિન્નભિન્ન થઈને ડૂબતું હતું.


પ્રીને તુતક પરથી નીચેના સાથીઓને આ આનંદના સમાચાર આપ્યા. શ્વાસ પણ બીતાં બીતાં લે એવી કલાકોની એમની ચૂપકીદી આનંદના પોકારોથી રણકી ઊઠી.

આક્રમણ તો પૂરું થયું, પણ હવે સફળ રીતે પાછા ફરવાની વેતરણ કરવાની હતી. સબમરીને મોરો ફેરવ્યો. ખાડીમાં સર્વત્ર ખળભળાટ મચી ગયો હતો. સર્ચલાઈટની પ્રકાશ-આંગળીઓ હવે આકાશમાં ને પાણીપર ફરવા લાગી. સબમરીનનો પીછો પકડનારાં જહાજો ને ટૉર્પેડો બોટો ચોમેરથી છૂટી. ડુબકી મારવા જતાં હવે વધારે જોખમ ખેડવું પડે એમ હતું, એટલે યુ બોટ-૪૭ સપાટી પર જ ઝડપથી આગળ વધી. એક વિનાશિકાએ તેને ભાળી લીધી, ને પીછો શરૂ કર્યો.

ઘડીઓ નહિ, પળો ને ક્ષણો ગણાતી હતી. ડૂબકી મારવાનોયે હવે વખત ન હતો—અનુકૂળતા હોત તો પણ. કેવળ ઝડપ જ હવે તેને બચાવી શકે તેમ હતી. ખાડીમાં ઝગી ઊઠેલી હજારો બત્તીઓના પ્રકાશમાં એક ભયંકર આકૃતિ સીધી સબમરીનની દિશામાં આવતી દેખાઇ. પ્રીન તેને ઓળખી ગયો. એ ડિસ્ટ્રૉયર હતી!

'ફુલ્લ સ્પીડ ઍહેડ!' પ્રીને ત્રાડ નાખી. તીરની પેઠે સબમરીન છૂટી ને ખાડીની સાંકડી નેળ 'કર્કસાઉન્ડ' તરફ જીવસટોસટની દોટ મૂકી.

જળગોળાઓ આસપાસ પડવા શરૂ થયા, પણ સદ્‌ભાગ્યે તે હજી દૂર હતા. એવામાં ડિસ્ટ્રૉયર કાંઈક આડમાર્ગે વળી ગઇ, અને 'યુ-૪૭' સામી ભરતીનાં પાણી કાપતી સાંકડી નેળમાંથી કોઈ ચમત્કાર હોય તેમ સલામત સરકી ગઈ! આ વખતે તેણે દક્ષિણનો માર્ગ લીધેલો. નેળને દાટીને પડેલા જહાજ અને કિનારા વચ્ચેથી (અનુ. પૃ ૫૦૭મે)



ભારતની સ્થાપત્યકળામાં અદ્વિતીય દરજ્જે શોભી રહેલું પશ્ચિમ ભારતનું જૈન મહામંદિર રાણકપુર

★ લેખક અને ફોટોકલાકાર ★
સત્યવતી ઝવેરી

જ્યાં જ્યાં રસોર્મિઓ જાગૃત થતાં જીવન સંગીતમય બન્યું છે ને એ ઊર્મિઓને સાકાર કરવાની પ્રગાઢ ઉપાસના તથા ભાવના છે, ત્યાંત્યાં કલાનું સર્જન છે. ભાવકના હૃદયમાં પણ એવી ઊર્મિઓ જાગૃત કરતી એ કળાકૃતિઓ મનુષ્યમાત્રના હૃદયમાં રહેલાં શાશ્વતતત્ત્વો પર રચાએલી છે, ને તેથી જ તેને નથી સ્થળ કે કાળનાં બંધનો.

માનવજાતિએ કંઈક વૈભવના વિલાસો માણ્યા છે અને અસહ્ય દુ:ખના ઝંઝાવાતો પણ અનુભવ્યા છે, છતાં એ બધું જ માનવ-સ્મૃતિમાંથી વિલીન થઇ ગયું છે; પણ સમૃદ્ધ અને વૈવિધ્યવિપુલ જીવન જીવતા કલાકારના જીવનમાં એ યુગની કવિતા કોતરાયા વિના રહેતી નથી. ઊંડે ઊંડે શાશ્વત તત્ત્વોને સ્પર્શતું કલાકારનું જીવન મનુષ્યજાતિની ભાવના અને તૃપ્તિમાં પલટાઈ જાય છે, અને તેથી જ તે વ્યક્તિના અનુભવમાંથી જન્મેલી કળા સનાતન બની જાય છે.


એ સંસ્કાર-સમૃદ્ધ યુગોની જીવનપ્રેરિત કથાઓ જેટલી કલાકારોને હાથે અંકાઇ તેટલી જ આપણે જાણી શક્યા. આજે ભારતને ખૂણે ખૂણે એવી કેટલી યે કૃતિઓ–જોકે ખંડિયેરો રૂપે–એ સમયનાં જીવન અને અનુભવોની ઝાંખી કરાવતા અમર અવશેષ રૂપે મોજૂદ છે. દેશના અજ્ઞાત ખૂણાઓમાં પ્રશાન્તપણે ઊભેલા શિલ્પ-સ્થાપત્યના આ નમૂનાઓ કાળનાં ગૂઢ અને ગાઢ પડળોને ભેદી એ સમયની પરિસ્થિતિનું દર્શન કરાવતા, સાધના તપ અને ભક્તિના સંગમના પ્રતીક સમા ઊભા છે.

સંપત્તિ, ભક્તિ અને કળાના સુમેળની લહરીઓથી સુવાસિત બનેલા વાતાવરણનો અનુભવ કરાવતો શિલ્પ-સ્થાપત્યનો એવો એક નમૂનો, તે રાજસ્થાનમાં મારવાડની મરુભૂમિમાં, મઘઇ નદીને કિનારે સઘન ઝાડીઓથી અને પહાડી સૌંદર્યથી વીંટળાએલું રાણકપુરનું મંદિર.

જોધપુર રાજ્યના ગોડવાડ પ્રાંતનાં દેસૂરી જિલ્લાના સાદડી ગામથી ૬ માઈલ દૂર પૂર્વ-દક્ષિણે આવેલા રાણકપુર નામના એ નાનકડા ગામે જવા માટે પશ્ચિમ રેલવેની નાની લાઈનમાં આવેલા આબુ અને અજમેરની વચ્ચેના ફાલના અથવા રાણી સ્ટેશને ઊતરવું પડે છે. ફાલનામાં હોટેલ નથી, પણ ત્યાંની જૈન ધર્મશાળામાં રહેવાની ઠીક ઠીક સગવડ છે. ટ્રેનમાંથી ઊતર્યા પછી તરત



નાગેન્દ્રની પીઠ ઉપર કાયોત્સર્ગપૂર્વક ધ્યાનમાં ઊભેલી ભગવાન પાર્શ્વનાથની મૂર્તિ તથા તેના શિરછત્રરૂપે ફેલાએલી ફણા, અને ચોમેર અજબ કૌશલપૂર્વક કરેલી નાગનાગિણીઓની શોભનગૂંથણીનું મનોરંજક શિલ્પ.



જેવી મંદિરની અંદર તેવી જ તેની બહારના સ્તંભો પર સફેદ આરસમાં માખણની પેઠે કોરેલી બારીક શિલ્પસમૃદ્ધિ


જ મોટર મળી જાય તો ત્યાંથી સીધા જ રાણકપુર જવાય; નહિ તો ફાલનામાં રાતવાસો રહી બીજે દિવસે કાં તો ખાનગી મોટર યા બસમાં રાણકપુર જવાય. બસ સાદડીને પાદર બદલવી પડે છે. સાદડી ફાલનાથી ૧૬ માઇલ છે; પણ રાણકપુર પછી ત્યાંથી છ જ માઈલ હોવાથી ઘણા ચાલતા પણ જાય છે.

મારવાડની રેતાળ, વેરાન ને નિર્જન મરુભૂમિ જોતાં એક જમાનામાં આ ભૂમિ વૈભવ ને સુખસંપત્તિથી હરીભરી હશે એ વાત આજે કદાચ સ્વપ્નવત્ લાગે; પરંતુ એ સૌંદર્યસ્વપ્ન નથી પણ સત્ય હકીકત છે.

ધીકતા વેપારવણજ અને લખલૂટ સંપત્તિથી જાહોજલાલીને શિખરે પહોંચેલી આ ભૂમિમાં વૈભવની સાથે સંસ્કાર, સાહિત્ય, ધાર્મિકતા ને ભક્તિરસનો સુમેળ જામ્યો હતો. એ જાહોજલાલી તો કાળના વહેણમાં વિલીન થઇ ગઈ, પણ વૈભવ અને ભક્તિરસના પવિત્ર સંગમમાં રસબસ જીવન જીવી ગએલાઓને હાથે સર્જાએલી એક અમર કૃતિ આજના વેરાન જંગલમાં પણ ત્યારની કીર્તિગાથા સંભળાવતી ઊભી છે.

ચોમેર પહાડી ટેકરીઓથી સુરક્ષિત અને સઘન ઝાડીઓથી વીંટળાએલા આ સ્થાપત્યરત્નની અનુપમ બાંધણી હરકોઈ યાત્રીને આશ્ચર્ય પમાડે છે. એને જોતાં જ થાય છે કે આ તે મંદિર કે નાનો શો રાજમહેલ! ખળખળ વહેતી નદી, ચારેબાજુ હરિયાળી લીલોતરીથી છવાએલી ટેકરીઓ, ને એની ગોદમાં પ્રશાંત ઊભેલું આ અદ્વિતીય બાંધણીનું મંદિર: કેવું કાવ્યમય દર્શન! આનાથી યે સુંદર અને ભાવગમ્ય દર્શન તો હશે જ્યારે આ સારું યે વાતાવરણ આરતી અને ઘંટના નાદે ને ભક્તગણોનાં કવનોથી અને ભજનોથી અહોનિશ ગુંજતું હશે.

ભારતના સ્થાપત્ય-ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાને શોભતા આ મંદિરની ભવ્યતાનું બહારથી દર્શન થતાં જ મન તેની અંદરની કારીગરી જોવા સહેજે ઉમળકાથી ઊભરાય છે. અને ખરે જ, અંદરનું ચારે બાજુનું વૈવિધ્યપૂર્ણ લાવણ્ય અને સારાયે મંદિરને જીવંત કરતી લલિત મૂર્તિઓને




બારીક સુશોભનો વચ્ચે વિવિધ અંગભંગિમાં વિલસી રહેલી નૃત્યાંગનાઓ ને વાદ્યધારિણીઓથી મંડિત ઘુમ્મટનું ઝુમ્મર

જોતાં એના ધન્યનામ સર્જક તથા એની પ્રેરણાનો વિચાર આવે છે, ને મન તેના ઐતિહાસિક પુરાવાઓ તરફ દોડે છે.

'ત્રૈલોક્યદીપક પ્રાસાદ, ત્રિભુવનવિહાર, નલિનીગુલ્મ વિમાન ને ચતુર્મુખ પ્રાસાદ' તરીકે જાણીતા આ 'ધરણવિહાર પ્રાસાદ'ના નિર્માતા હતા લખલૂટ સંપત્તિમાં રાચતા ધરણશાહ નામના શ્રેષ્ઠી. રાજકારણ, અર્થકારણ, સમાજક્ષેત્ર અને ધર્મક્ષેત્રમાં પ્રભાવ પાડી જાહોજલાલીને શિખરે પહોંચેલા જૈનોને એ સમયના રાજવીઓએ પણ પ્રતિષ્ઠાપદે સ્થાપ્યા હતા. તદનુસાર આ ધરણશાહ પણ જે ચતુર, કુશળ અને બુદ્ધિશાળી મુત્સદ્દી હતા, તે રાણાના મંત્રીપદને શોભાવતા. એમણે અઢળક દ્રવ્ય સંપાદન કર્યું હોવા છતાં પણ ધર્મકાર્યોથી વંચિત ન હતા. કહેવાય છે કે એક રાત્રે એમણે સ્વપ્નમાં 'બારમા દેવલોકનું નલિનીગુલ્મ વિમાન' જોયું અને એવી જ રચનાવાળું દેવાલય પૃથ્વી ઉપર સ્થાપિત કરવાના એમને મનોરથ જાગ્યા. ભાવના થતાં જ સંકલ્પ જન્મ્યો. દૃઢ નિશ્ચયી ધરણશાહ પાસે અઢળક દ્રવ્ય સાથે સાહસિક ઉદારતા હતી. સંકલ્પ થતાં જ ભાવિક ધરણશાહે અનેક કુશળ સોમપુરા શિલ્પીઓને બોલાવી પોતાના સ્વપ્ન અનુસારનું નલિનીગુલ્મ વિમાનના આકારનું મંદિર બંધાવવાની ઇચ્છા પ્રદર્શિત કરી.

કેટલાયે નકશાઓ દોરાયા. એમાં દેપા શિલ્પીએ દોરેલો નકશો તેમને પસંદ પડ્યો. પણ કારીગરો આવા ભવ્ય મહાલયના બંધારણમાં પોતાનાં મન અને તન પૂરી પ્રતીતિ વિના ખર્ચવા કેમ તૈયાર થાય? એમણે તો મંદિરના પાયા પૂરવા માટે સાત પ્રકારની બહુમૂલ્ય ધાતુઓ અને કસ્તૂરી જેવાં મોઘાં દ્રવ્યો મંગાવ્યાં. ભાવિક અને ઉદાર ધરણશાહે કારીગરોની આ સર્વ ઇચ્છા પૂર્ણ કરી, એટલું જ નહિ પણ મંદિરનો પાયો નંખાયો ત્યારે દરેક શિલ્પીને કબંધ પહેરાવી સૌને ખુશ કર્યા ને



પશ્ચિમ ભારતના સ્થાપત્યની એક વિશિષ્ટતા તે ગુજરાતના સ્થપતિઓએ ખાસ ખીલવેલી મેઘનાદમંડપની રચના

એમને સર્વ પ્રકારની સગવડ કરી આપી. ધરણશાહની ઉદારતા અને ઉત્સાહથી પ્રેરાઇ કારીગરોએ મન મૂકીને દિનરાત કામ શરૂ કર્યું. અને છતાં યે, કહેવાય છે કે, ધરણશાહના મનોરથ અપૂર્ણ જ રહ્યા. એમના મૃત્યુ વખતે તો સાત માળને બદલે ત્રણ માળનું જ મંદિર તૈયાર થઇ શકયું. ત્રણ જ માળના મંદિરની ભવ્યતા જો આવી અનેરી છે તો સાત માળની તો કલ્પનાયે અશકય છે.

ધરણશાહની પ્રેરણા ને કારીગરોની ઉપાસનાનું પ્રતીક રાણકપુરનું એ મહામંદિર આજે ભારતની સ્થાપત્યકળામાં અદ્વિતીય દરજ્જે શોભી રહ્યું છે. એની સુયોજિત, પ્રમાણબદ્ધ ને ભવ્ય સ્થાપત્ય માંડણી, એનાં પગથિયાંથી માંડીને દ્વારદેશો શૃંગારચોકીઓ તથા છેક શિખરો સુધીનું રચનાકૌશલ, અને એના અનુપમ સ્થાપત્યની સાથે સુમેળ લેતી વૈવિધ્ય-શિલ્પસમૃદ્ધિ જોનારને સાનંદાશ્ચર્યવિભોર બનાવી દે છે. અંદરના સભામંડપો, રંગમંડપો અને વિશાળ મેઘનાદ મંડપો, સમાંતર રચનાએ ઊભેલા તેના તોરણ-યુક્ત ઊંચા સ્તંભો, એકસરખી દેરીઓ, ઘુમ્મટો ને મૂર્તિઓ, એ સર્વનું શિલ્પલાવણ્ય, જ્યાં નજર કરો ત્યાં આંખને આંજી દે છે. તરેહતરેહનાં વાજિંત્રો સાથે નાનાવિધ અભિનયોમાં ઊભેલી દેવીઓના નૃત્યના તાલે હૃદય જાણે નાચી ઊઠે છે; અને સામે જ ઉપસ્થિત ભગવાનની મૂર્તિને નમન કરતાં વિચાર આવે છે કે આ તે પાર્થિવ રંગમંડપ કે સંગીતની રમઝટ જમાવતો સ્વર્ગીય મંડપ! સ્વરનો અભાવ હોવા છતાંયે વીણા, મંજીરાં, વાંસળી, પખાવજ આદિ અનેક વાજિંત્રો અને ઘૂઘરબંધ પગના તાલમાંથી ધ્વનિત થતા કાલ્પનિક મધુર સ્વરોમાં આપણે એકતાન થઈએ છીએ. વિવિધ વાજિંત્રો સાથે તે દરેકને અનુરૂપ નૃત્યના અભિનયો કરતી સુકોમળ અંગનાઓના અંગમરોડમાંથી નીતરતું લાવણ્ય અને માધુર્ય આપણને માનસિક પ્રસન્નતા આપે છે. તેની સાથે અભિનવ વસ્ત્રાભૂષણો, જાતજાતના કેશકલાપ અને સુંદર અલંકારોથી સુશોભિત મનમોહક રમણીઓને જ્યારે મુક્ત આવેગમાં રાસ રમતી જોઇએ છીએ ત્યારે કલાકારની અચૂક દષ્ટિનો ખયાલ આવે છે. આ રાસની ગતિ દર્શાવતા ઝાંઝરીઆળા પગ અને સુંદર વળાંક સાથે ગતિમાન થએલાં એમનાં અંગ, આજના હળવેથી અને નિર્જીવ જેવા રાસ રમનારાંઓ માટે ઉદાહરણ રૂપ છે.

તરેહતરેહના મુકુટ અને વિવિધ વસ્ત્રાભૂષણ તથા હથિયારોથી સજ્જ પુરુષમૂર્તિઓથી રક્ષાએલો આ મંદિરનો પ્રત્યેક સ્તમ્ભ વિવિધતાભરી કારીગરીથી શોભે છે. તે પરના સુઘડ, સુસ્પષ્ટ અને સપ્રમાણ કોતરણીવાળાં કળાશોભનોની રુચિરતા અને સુંદરતાથી ઉત્સુક થએલું મન તેમાંના નાનાવિધ પશુપંખીઓ, જુદાજુદા આકારના અર્ધ ખીલેલાં ને પૂર્ણ ખીલેલાં પુષ્પો, ફૂલવેલીઓ અને પલ્લવશોભનો જોતાં તૃપ્ત થતું જ નથી; અને એને જોતાંજોતાં પ્રશસ્તિના ઉદ્ગાર નીકળે છે કે વસ્તુમાત્રમાં સૌંદર્ય જોતા આ શિલ્પીઓએ કુદરતમાં ભરેલી છલોછલ સુંદરતાને જડ પથ્થરમાં પણ શી સફળતાથી ઉતારી છે!

કલાસમૃદ્ધિના સર્જક એ શિલ્પીઓના કલાનાદની અવધિનો ખયાલ તો જ્યારે છતમાંનાં ઝુમ્મરોમાં અંકિત નૃત્યાંગનાઓની વિવિધ ગતિમાં રહેલી સુંદર વળાંક લેતી અંગભંગિ જોઇએ ત્યારે આવે છે. એટલી ઊંચી છતમાં પણ કળાયુક્ત વેલબુટ્ટાનાં સુશોભન, કમલપત્રોની બારીક નકશી, સ્તંભોને જોડતા એક જ પથ્થરમાંથી આરપાર કોરીને અદ્ધર ગોઠવેલાં તોરણો, દેવ-દેવીનાં યુગલોનું મયૂરનૃત્ય, રાસ રમતી રમણીઓ, અને એવી અસંખ્ય ઝીણી સુંદરતમ કારીગરીથી સર્જાએલી કલાસૃષ્ટિનો ભંડાર તો અખૂટ છે. છતો ને ઘુમ્મટોમાં અનેક ઘટનાદશ્યો તથા જીવનપ્રસંગો પણ અચૂક ઝીણવટથી (અનુસંધાન પૃષ્ઠ ૪૯૨મે)

ભવ્ય દેરાસર


ભારતીય કલાક્ષેત્રે અન્ય પ્રદેશો જેટલો જ અગત્યનો ફાળો પશ્ચિમ ભારતે પણ નોંધાવ્યો છે અને એમાં સોલંકી યુગના નરેશો તથા શ્રીમંતોએ ધાર્મિક ભાવનાઓથી પ્રેરાઇને, સાહિત્ય સંસ્કાર અને લક્ષ્મીનો જે ત્રિવેણીસંગમ કરાવ્યો છે તેમાં સાહિત્ય, સાથે તેમણે શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રકળાની પણ ગૌરવયુક્ત ભેટ ધરી છે.

પશ્ચિમ ભારતના એ વિશાળ કલાવૃક્ષની પલ્લવસમૃદ્ધ શાખા સમું એક સ્થાપત્યરત્ન, મારવાડમાં અરવલ્લી પર્વતની વિખરાએલી શાખાઓમાંની એકમાં, વનરાઈથી છવાએલા પહાડની તળેટીમાં, ઘનશ્યામ માતાની ગોદમાં લપાએલા શ્વેત બાળક સમું, જાણે સ્વર્ગીય દેવવિમાન પૃથ્વી પર ઊતર્યું હોય તેવું, પથરાલી નદીના કિનારે, રાણપુરનું આરસનું જૈન દેરાસર આજે પણ તેજના અંબારસમું ઓપી રહ્યું છે.

ભારતીય પ્રણાલિકાનુસાર અહીં આપણા સ્થપતિઓએ જાણે સ્થાપત્યનો મહામણિ સરજાવ્યો છે. અને શિલ્પીઓએ એના વિશાળ ફલક ઉપર સ્તંભો ઘુમ્મટો મંડપો ને તોરણોમાં પોતાની ઊર્મિ તથા કૌશલને મુક્તપણે વહેતાં મૂકીને જે અનેક નરનારી, દેવદેવીઓ, પશુપક્ષીઓ અને વૃક્ષપુષ્પોની લીલા વિસ્તારી છે તે દંગ કરી મૂકે એવી છે.

૪૦ થી ૫૦ ફીટ ઊંચા સેંકડો સ્થંભોની આવલિ ઉપર ટેકાએલું, લગભગ ૧૩૦ ફીટ ઊંચું, ત્રણ માળનું તથા અનેક નાનાંમોટાં શિખરો અને ઘુમ્મટોથી શોભતું ને આજે પણ પૂજાવિધિથી પાવક આ મંદિર પશ્ચિમ ભારતમાં જ નહિ, પણ દેશસમસ્તમાં વિશિષ્ટાદ્વિતીય છે.

ખડ્ગનૃત્ય, મયૂરનૃત્ય, પતંગનૃત્ય, દંડનૃત્ય આદિ નૃત્યોના તાલબદ્ધ તેમજ અનેકવિધ મુદ્રાઓ અને ભાવથી મંડિત, એકભંગ દ્વિભંગ અને ત્રિભંગની અકલ્પ્ય ભંગિઓવાળા સંખ્યાબંધ અંગવિન્યાસો અહીં જોવા મળે છે. એના મેઘનાદ મંડપોના ઘુમ્મટો ને તેનાં ઝુમ્મરોમાં કંડારેલી વિદ્યાદેવીઓ, વિદ્યાધર-ગજાનનો ને નાનાવિધ નર્તકીઓ દ્વારા નિર્દેશેલા નૃત્યના અનેક પ્રકારો તેમજ વાદ્યના નમૂનાઓ, તથા નીચેથી ઉપર સુધી જુદાંજુદાં પશુપક્ષી, ફળફૂલ, વૃક્ષો અને માનવ-આકૃતિઓનાં શોભનશિલ્પોથી ખીચોખીચ ભરેલા સ્તંભો ભારતીય જનતાના કલા પ્રત્યેના પ્રેમ અને ભક્તિનાં દ્યોતક છે. સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનનું શિલ્પ, શ્રી નેમીનાથ ભગવાનનું પૂર્વ જીવન નિરૂપતા લોકજીવનના અનેક પ્રસંગો, રામાયણ અને મહાભારતની કથાઓનું પથ્થર પરનું આલેખન અને કોશા-સ્થૂલિભદ્રના જીવનની ઝાંખી કરાવતા પ્રસંગો પ્રસન્નમુગ્ધ કરે છે.



અન્ય દેરાસરો પેઠે રાણકપુરના ઘુમ્મટમાં પણ વિદ્યાદેવીઓની નીચે નાનાવિધ અંગભંગીઓમાં વાજિત્રો સાથેના વિદ્યાધરો કોતરેલા છે, જે પૈકીના એકનું રેખાંકન વચ્ચે આપ્યું છે. અહીં તાલબદ્ધ નૃત્યમાં અનેક ગણપતિઓ પણ વિદ્યાધર તરીકે જોવા મળે છે તે વિશિષ્ટતા છે મુખ્ય મંદિરના ગર્ભગૃહની બંને બાજુ, પ્રવેશદ્વારને બે પડખે દિક્પાળ પેઠે એકેક બીનધર અને બંસીધર કોતરેલા છે તે આ ઉપર ડાબી-જમણી તરફ આપ્યા છે. (રેખાંકન : છેલશંકર વ્યાસ)






મથાળે: રાણકપુરનાં શિલ્પોમાં કંડારેલા રમણીઓના કેશગૂંફનના થોડા પ્રકારો; ડાબી બાજુ: હાથમાં મંજીરાં ધારેલી નૃત્યાંગનાની કોતરેલી આ શિલ્પમૂર્તિ જેવી અસંખ્યવિધ મૂર્તિઓથી ત્યાંના સ્તંભો ને મંડપો ભરેલા છે. નીચે: ડાબી બાજુ–ચંપકવૃક્ષનું શોભનસ્વરૂપ; જમણી બાજુ–પુષ્પલતાઓ અને વેલપટ્ટીઓ વચ્ચે યોજેલાં પશુપક્ષીઓનાં શિલ્પોમાંથી હંસ-પોપટના નમૂના. (રેખાંકનો: છેલશંકર વ્યાસ)



રાણકપુરનું આ ભવ્ય જૈન દેરાસર બંધાવવાની શરૂઆત ઈ. સ. ૧૪૪૩માં થઈ અને ૧૪૯૬માં તેની પ્રતિષ્ઠા કરવામાં આવી. પશ્ચિમ રેલવેના અમદાવાદ દિલ્હી માર્ગ ઉપર ફાલના સ્ટેશને ઊતરી ત્યાંથી ૧૬ માઈલ આવેલા સાદડી ગામે પહેલાં જવું પડે છે. ત્યાં આણંદજી કલ્યાણજીની પેઢી સંચાલિત ધર્મશાળામાં ઉતારો કરી ત્યાંથી સાતેક માઇલે આવેલા રાણકપુરના મંદિરે જવાય છે. રસ્તો જંગલમાં થઇને જાય છે ને ચોર તેમજ હિંસક પ્રાણીઓના ભયવાળો પણ ગણાય છે. પરંતુ છેવટે નદીકિનારા પર ટેકરીઓની વચ્ચે આવેલા મંદિરે પહોંચતાં બધા પરિશ્રમનો ખંગ વળી રહે છે. ત્યાંની સુંદર ધર્મશાળામાં રહેવા, સૂવા તેમજ ખાવાપીવાની બધી સગવડ છે. વર્ષાઋતુમાં તો અહીંનો પ્રવાસ કઠિન જ નહિ પણ અશક્યવત્ છે, કેમકે રસ્તે પથરાળી નદીને પાંચ-છ વાર ઓળંગવી પડે છે.

રાણકપુરના ભવ્ય મંદિરની બાજુમાં બીજાં ત્રણચાર પ્રાચીન મંદિરો પણ છે જેમાં એક જીર્ણ સૂર્યમંદિર છે.

છેલશંકર વ્યાસ




‘કુમારના’ નામાક્ષરોની

હરીફાઈ માટે આવેલાં સંખ્યાબંધ આલેખનોમાંથી ભાગ્યેજ કોઇએ તેને માટે જાહેર કરેલી અપેક્ષા પૂરી પાડી છે કે અક્ષરો “સુવાચ્ય ને ઢાવકીરીતે, સાફ અને ધારદાર રેખાંકનમાં જોઇએ.” આવેલી કૃતિઓનો મોટો ભાગ અણઘડ ને કાચા વિદ્યાર્થીઓ તરફથી છે, જેમને માટે આ હરીફાઈ ન હતી. આથી સ્થિર કલમના કલ્પનાશીલ કલાકારો માટે આ હરીફાઈ ખુલ્લી જ છે. પોતાની કૃતિઓ પાછી મેળવવા ઇચ્છનારે જરૂરી પોસ્ટેજ મોકલી તે મંગાવી લેવી.


સૌંદર્યદ્વીપ બાલીનાં નૃત્યો

અગસ્ત્યને પગલે... લેખક અને ફોટોગ્રાફર... નવનીત પારેખ



બીજા દિવસે વહેલી સવારે હોટેલથી ટૅક્સી કરીને હું ફરી સાનૂર જઈ પહોંચ્યો. શ્રી લે-મેયૂર મારી રાહ જોતા બગીચામાં ફરી રહ્યા હતા. બાલીની ઉષ્ણ કટિબંધની આબોહવામાં ઘરમાં બેસવા કરતાં બહાર ખુલ્લામાં વધારે સુખદ તથા રુચિકર હતું, તેથી અમે બગીચામાં ચંપક-વૃક્ષોની આછી ઘટા નીચે બેઠક જમાવી અને વાર્તાલાપ શરૂ કર્યો. થોડી વારે ઘરમાંથી શ્રીમતી પૉલૉક તથા કુમારી લે-મેયૂર પણ આવીને વાતોમાં ભળ્યાં.

શરૂમાં મેં ગઇ કાલના મારા પરિભ્રમણની તથા તમ્પક-સીરિંગ અને ગુંહા-ગજની મુલાકાતની વાત કરી અને પછી આગલા દિવસના અધૂરા વાર્તાલાપના દોર પર અમારો વાર્તા-પ્રવાહ બાલીની સંસ્કૃતિ




ગરુડનૃત્ય કરતાં શ્રીમતી પૉલૉક

તથા કલા-પ્રણાલિકાઓ તરફ વળ્યો. આજે શ્રીમતી પૉલૉક અમને વિવિધ નૃત્યો કરી બતાવવાનાં હતાં તેથી મેં બાલીના સંગીત તથા અહીંની નૃત્ય-વિશેષતા વિષે જ પ્રશ્નો પૂછ્યા.

શ્રી લે-મેયૂરે જણાવ્યું કે બાલીની નૃત્ય-પ્રણાલિકાઓ ભારતની જેમ ઘણી પ્રાચીન નથી. તે દૃષ્ટિએ બાલીનાં કેટલાંક નૃત્યો શાસ્ત્રીય ન કહી શકાય. બાલીને મુકાબલે જાવાનું સંગીત તથા નૃત્ય-પ્રણાલિકાઓ વધુ જૂનાં તથા શાસ્ત્રબદ્ધ છે. જાવાસુમાત્રાનાં સાહિત્ય ને શિલ્પ-સ્થાપત્યની જેમ ત્યાંનાં સંગીત ને નૃત્ય પણ ભારતીય સંસ્કૃતિમાંથી ઉદ્‌ભવ્યાં છે અને ફૂલ્યાં-ફાલ્યાં છે; પરંતુ બાલીનું સંગીત તથા બાલીની નૃત્યકળા એટલાં રૂઢિગ્રસ્ત કે શાસ્ત્ર બદ્ધ નથી અને તેમના ઉપર ભારતીય સંસ્કૃતિની અસર પણ એટલી સચોટ કે સ્પષ્ટ નથી. તેમાં જે કાંઈ ભારતીય તત્ત્વો જોવા મળે છે તે પણ જાવા દ્વારા જ બાલીમાં ઊતરી આવ્યાં છે અને તેથી તેમાં જાવી તત્ત્વો પણ ભળેલાં છે.

જાવા તથા બાલીના લોકો પોતપોતાની નૃત્ય-પ્રણાલિકાઓ માટે સ્વાભાવિકરીતે જ ઘણું ગૌરવ ધરાવે છે અને કેટલીક વાર તેઓમાં તિરસ્કાર-મિશ્રિત સ્પર્ધા પણ જોવા મળે છે. જાવાના નૃત્ય-વિશારદો ક્યારેક બાલીની નૃત્યકળાને ઉછૃંખલ તથા ઘોંઘાટમય ગણાવે છે, જ્યારે બાલીના લોકો ક્યારેક જાવી નૃત્યકળાને નીરસ તથા મૃતઃપ્રાય કહી તેની અવગણના કરે છે. વાસ્તવિક રીતે તો બંને પ્રણાલિકાઓને પોતાની આગવી વિશિષ્ટતા તથા કલા-પ્રતિભા છે. જાવી નૃત્યકળા ઊંચી અભિરુચિવાળી, શાસ્ત્રબદ્ધ તથા ગંભીર છે જ્યારે બાલીની નૃત્યકળા જીવંત, મુક્ત, પ્રાણપૂર્ણ તથા લોકપ્રિય છે. બાલીમાં સંગીત, નૃત્ય તથા નાટ્યનો એક અજબ સમન્વય સધાયો છે. ત્યાં આ ત્રણે કળાઓ એકબીજીમાં એવી તો ઓતપ્રોત થઈ ગઇ છે કે તેમનું વિભાજન કરીને તેમનો એકાંગી અભ્યાસ કરવો તે બાલીની સમગ્ર નાટ્યકળાનું વિકૃત દર્શન કરવા બરાબર બની જાય છે. વળી આ ત્રણે કળાઓ બાલી લોકોના



શ્રી લે-મેયૂર અને લેખક

સમગ્ર જીવન સાથે પણ એવી વણાઇ ગઇ છે કે તેમની દૈનિક જીવનચર્યાથી ભિન્ન કોઈ કળા તરીકે પણ તેમનો વિચાર થઇ ન શકે.

જાવામાં, આપણે ત્યાં ઉત્તર-ભારતમાં, કે પશ્ચિમના વિવિધ દેશોમાં, નૃત્યકાર સામાન્યરીતે એક વિશિષ્ટ વ્યક્તિ હોય છે ને મુખ્યત્વે તે એક વ્યવસાયી કલાકાર હોય છે; પરંતુ બાલીમાં તેમ નથી. બાલીનો સંગીતકાર કે નૃત્યકાર પોતાની કલાસાધના કેવળ પોતાના શૉખ ખાતર અને ગામલોકોના મનોરંજન અર્થે જ કરે છે. આખો દિવસ ખેતરમાં હળ ખેડી આવેલો ખેડૂત કે એરણ ઉપર હથોડો ટીપ્યા કરતો લુહાર કે દિનભર ઘરકામ કરતી રહેલી ગૃહિણી રાત પડ્યે પોતાના ‘બંજાર’ (ગ્રામ-સંઘ)ના ગમેલન વાદ્યવૃંદમાં જોડાઈ જશે અથવા તો પોતાની વેશભૂષા સજીને ‘લેગૉંગ’ કે ‘આર્જો’ નૃત્ય કરવામાં પ્રવૃત્ત થશે. બાલીનો કલાકાર કદી ધનની અપેક્ષાથી કલાસાધના નથી કરતો; તે તો નિજાનંદ તથા ગ્રામસેવાની ભાવનાથી જ પોતાની કલા-સાધના કરે છે. મારા બાલીનિવાસ દરમ્યાન મેં એક નૃત્યકારને પૂછેલું કે ‘તમે શા માટે નૃત્ય કરો છો?’ તેમણે ટૂંકો પણ સચોટ જવાબ વાળ્યો હતો, ‘કારણકે મારાથી નૃત્ય કર્યા વિના રહી જ શકાતું નથી!’

બાલી લોકોના જીવનમાં આવી અવિભક્ત કલાભાવના હોવાથી ત્યાં કોઇ પણ પ્રસંગ કે સ્થળ નૃત્ય તથા સંગીત માટે અનુકૂળ મનાય છે. લગ્ન-પ્રસંગ હો કે અગ્નિ-સંસ્કારનો પ્રસંગ હો, કે કોઈના જન્મદિનની ઉજવણી હો, તેમાં ગમેલન તથા નૃત્યકારો તો અનિવાર્ય જ મનાય છે. અને આ માટે કોઈ ખાસ રંગભૂમિ ઊભી કરવાની જરૂર નથી હોતી. કોઇ મંદિરનું પ્રાંગણ કે કોઈ ઘરનું આંગણું, યા ગામનો ચોરો કે ગામને પાદરે આવેલા વિશાળ વટવૃક્ષનો છાંયો,—કોઈ પણ સ્થળ ગમેલનનાં વાદ્યો ગોઠવીને નૃત્ય કરવા માટે અનુરૂપ ગણાય છે.

શરૂઆતમાં તો શ્રી લે-મેયૂરે બાલીનાં સંગીત તથા વાદ્યોની સમજ આપી. આપણું ભારતીય સંગીત વ્યક્તિપ્રધાન છે તથા આલાપ તેનું મુખ્ય અંગ ગણાય છે; પરંતુ બાલીમાં વ્યક્તિગત (solo) સંગીત તો ક્વચિત જ સાંભળવા મળે છે. ત્યાં સામાન્યરીતે (પાશ્ચાત્ય સંગીતની જેમ) સમૂહ-સંગીત (Orchestral music) જ મુખ્યત્વે ખીલ્યું છે. આને ખરીરીતે તો ‘સમૂહ-વાદન’જ કહેવું જોઇએ, કેમકે ગાયનકળા અહીં વિશેષ ખીલી નથી. અહીંનું બધું સંગીત મુખ્યત્વે વૃંદવાદનરૂપે યા કોઇ નૃત્ય-નાટ્યના સાથ તરીકે જ રજૂ થાય છે. ભારતીય સંગીત સાથેની સરખામણીમાં આ એક મોટો ને મૂળભૂત તફાવત કહી શકાય. વળી વૃંદવાદનમાં પણ ક્વચિત જ થોડી પળો માટે વાંસળી કે રેયૉંગ-વાદ્ય એકલું વાગતું સાંભળી શકાય છે. આ પ્રણાલિકાને લીધે પશ્ચિમના



નીચે: કેચક-નૃત્ય માટેનું વાદ્યવૃન્દ ગમેલન; જમણી બાજુ: ભૂત-નૃત્યનું મ્હોરું





લેગૅાંગનૃત્ય કરતાં શ્રીમતી પૉલોક

સંગીતની જેમ બાલીનું સંગીત પણ સામાન્યપણે અગાઉથી જ બેસાડેલું (pre composed) તથા ઘૂંટેલું હોય છે; તેમાં, આપણે જેને 'ઉપજ'નું (spontaneous) સંગીત કહીએ છીએ, તેનો અભાવ છે. આમ છતાં પશ્ચિમની જેમ અહીં સંગીતની લિપિ (notations) વપરાતી નથી. બાલીનો વાદ્યકાર પોતાને વગાડવાનો ભાગ ખૂબ અભ્યાસથી બરોબર યાદ કરી રાખે છે અને તેને ભૂલચૂક વિના યથાસમય વગાડે છે.

બાલીના સંગીત-સપ્તકમાં સામાન્યરીતે પાંચ જ સ્વર હોય છે. (તેને 'સપ્તક'ને બદલે 'પંચક' કહેવું જોઈએ!) તે સ્વરોને તેઓ 'ડિંગ', 'ડૅાંગ', 'દૅંગ', 'દુંગ' તથા 'ડાંગ' નામે ઓળખે છે, જે અનુક્રમે આપણા 'પંચમ', 'ધૈવત', 'નિશાત', 'રિષભ' તથા 'ગંધાર' કહી શકાય. એમની 'ગૅાંગ-લુઆંગ' નામની મૂળ સંગીત-પદ્ધતિમાં તો સાત સ્વરોનું જ સપ્તક હતું, પરંતુ આજે એ લુપ્ત થઈ છે.

વળી અહીંના સંગીતને વિવિધ વાદન-પદ્ધતિઓમાં વહેંચી શકાય. આ વાદન-પદ્ધતિઓ તે દરેકમાં વપરાતાં વાદ્યો, તેની સંગીતરચના તથા તેને અનુરૂપ પ્રસંગ પ્રમાણે એકબીજીથી જુદી પડે છે. અગ્નિ-સંસ્કારને પ્રસંગે વપરાતી વાદનપદ્ધતિ જુદી હોય છે, તો મંદિરના ઉત્સવને ટાણે વપરાતી નોખી હોય છે. તેવી જ રીતે 'કેબીયાર' નૃત્ય માટે એક પદ્ધતિ વપરાય છે, જ્યારે સૈનિકોની કવાયત માટે વળી જુદી જ.

મંદિરોના વાર્ષિકોત્સવ તથા જમણવાર પ્રસંગે 'ગૅાંગ-ગેડે' નામની વાદનપદ્ધતિ વગાડાય છે. એમાં મૃદંગ, ઢોલ તથા કાંસાની ઝાલર ઘણે મોટેથી વગાડવામાં આવે છે તેથી તે કાંઈક ઘોંઘાટભર્યું લાગે છે. તેમાં 'ટ્રૅામ્પૅાંગ' નામનું લાંબું વાદ્ય મુખ્ય સૂર કાઢે છે.

કેબીયાર નૃત્ય માટે વપરાતી 'ગૅાંગ-કેબીયાર' પદ્ધતિ ઉપર્યુક્ત 'ગૅાંગગેડે' ઉપરથી જ ઊતરી આવી છે, પરંતુ તેનું સંગીત મૃદુ, મધુર તથા કર્ણપ્રિય હોય છે અને તેમાં ટ્રૅામ્પૅાંગ વાદ્ય નથી હોતું. બીજાં વાદ્યો—રેયૅાંગ, કૅડંગ, જૅકોક, ચૅંગ-ચૅંગ, ચાલુંગ, કુમ્પુર, કાંસાની ઝાલર વગેરે તો બંને પ્રકારમાં વપરાય છે.

લેગૅાંગ-નૃત્ય માટે વપરાતી પદ્ધતિ 'પેલેગૅાંગન' કહેવાય છે. આ સંગીત ઘણું મૃદુ તથા શાસ્ત્રીય છે ને તેમાંથી ઘણી નવી સંગીત શૈલીઓ નીપજી છે. આ પ્રકારનું વાદન લેગૅાંગ ઉપરાંત 'બારોંગ', 'જોક' તથા 'ચાલોનારંગ' નૃત્યો માટે પણ સાથ આપે છે.



જાંગર નૃત્યાંગના : બાલી

'ગૅન્ડેર વયાંગ' નામની વાદન-પદ્ધતિ જાણીતી છાયા-નાટિકા 'વયાંગ-કુલિત' માટે વગાડાય છે ને તેમાં ચાર ગૅન્ડેર વાદ્યો હોય છે. આ ગૅન્ડેર વાદ્ય માટે અહીં અત્યન્ત સન્માન છે. એને એક પ્રકારનું કાષ્ઠતરંગ જ કહી શકાય. એ બંને હાથ વડે વગાડવામાં આવે છે. ઉપરથી સરળ દેખાતા આ વાદ્ય પર પ્રભુત્વ મેળવવું ઘણું અઘરું મનાય છે.

'અંકલુંગ' નામની વાદન-પદ્ધતિ મુખ્યત્વે યુદ્ધ જેવા આવેશના પ્રસંગે તથા સૈનિકોની કવાયત વેળાએ વાગે છે. તેના સપ્તકમાં તો કેવળ ચાર જ સ્વર હોય છે! 'પેયોગૅડન' પદ્ધતિ ઘણી સરળ છે અને તે 'જોગેદ'નામના લાસ્યનૃત્ય સાથે વગાડાય છે. આ સિવાય પણ બીજી ઘણી સંગીત-પદ્ધતિઓ લોકો અનુસરે છે.

બાલીની આ વાદન-પદ્ધતિને ચાર અંગમાં વહેંચી શકાય: (૧) શરૂઆતમાં કોઈ એક જ વાદ્ય વગાડીને સંગીતનું વાતાવરણ સર્જવામાં આવે છે. આ અંગને 'ગેગીનામન' કહે છે તે પછી (૨) મુખ્ય સંગીત-રચનાનો પરિચય આપતો રાગ વગાડવામાં આવે છે જેને 'પૅંગુન્કાબ' કહે છે. ત્યાર બાદ (૩) મુખ્ય સંગીતરચના 'પૅંગાવાક' વાગે છે અને છેવટે (૪) રાગને પૂર્ણપણે વિકસાવીને 'પૅંગેચેત' અંગ વગાડે છે.

ભારતીય સંગીતની જેમ બાલીમાં પણ ભાવ પ્રમાણે રાગના પ્રકાર હોય છે. શૃંગાર-રસના તથા લાસ્ય પ્રકારના રાગ 'પૅંગીપુક' કહેવાય છે, જ્યારે વીર રસ દર્શાવતા રાગ 'બાપંગ' તથા 'ગીલક'ને નામે ઓળખાય છે. ભીષણ તથા રૌદ્ર રસ વ્યક્ત કરતા રાગ 'બાટેલ' અથવા 'કાલે' કહેવાય છે ને ગંભીર તથા કરુણ રાસ રજૂ કરતા રાગ 'મેમાનીસાન' નામે જાણીતા છે. બાલીના ગમેલનનાં વાદ્યો જાવી વાદ્યવૃંદને મળતાં જ હોવાથી અહીં ફરી તેની વિગત આપવી જરૂરી નથી.

બાલીની નૃત્યકલાની પરંપરા વિષે પણ શ્રી લે-મેયૂરે ઘણી રસિક માહિતી આપી. પ્રાચીન કાળમાં મૂળ તો ભારતીય અધિનિવેશકો તથા વસાહતીઓ દ્વારા આપણાં જ સંગીત તથા નૃત્ય જાવા-બાલીમાં પ્રવેશ પામ્યાં. જોકે આજે એ પ્રણાલિકાઓ તથા શૈલીઓમાં ફેર પડી જઇને ઘણી નવી નૃત્યપદ્ધતિઓ પણ

અરિતત્વમાં આવી છે; છતાં આજે પણ બાલીના લોકો સંગીત તથા નૃત્યશાસ્ત્રના ઉદ્ભવ માટે તો ભારતીય માન્યતાને જ અનુસરે છે. તેઓ માને છે કે 'ભટ્ટાર-ગુરુ'એ (શિવે) જ અસલ સંગીતશાસ્ત્રની રચના કરી અને તેમણે જ વિવિધ વાદ્યોનું પણ સર્જન કર્યું. તે પછી 'સ્વર્ગના સમ્રાટ' ઇંદ્રે અત્યન્ત સ્વરૂપવાન 'દેદારી' (અપ્સરાઓ) ઉત્પન્ન કરી, જેમણે સ્વર્ગના દેવો માટે નૃત્ય શરૂ કર્યું. 'અર્જુન-વિવાહ' નામે ગ્રંથ અનુસાર એક મહામણિના સાત ટુકડામાંથી મુખ્ય દેદારી (અપ્સરા) ઉત્પન્ન થઇ હતી. તેમણે નૃત્ય શરૂ કરતાં પહેલાં સ્વર્ગના દેવતાઓની ત્રણ વાર પ્રદક્ષિણા કરવા માંડી; પરંતુ તેમના લાવણ્યથી મોહિત થએલા દેવો પોતાના મોભા તથા પ્રતિષ્ઠાને લીધે શરમાઈને આમતેમ ડોક ફેરવી શકતા નહોતા; તેથી જ ઇંદ્રે પોતાના મુખ-મંડળ ઉપર ઘણી આંખો ધારણ કરીઅને બ્રહ્માએ ચારે દિશામાં એકએક મુખ ધારણ કર્યું !

ભારતીય નૃત્યની જેમ બાલીના નૃત્યશાસ્ત્રનો આરંભ તો મૂળે દેવ-પૂજા અર્થે જ થયો હતો. આજે ઘણાંખરાં નૃત્યો જોકે લોકરંજન માટે ભજવાય છે, છતાં કેટલાંક નૃત્યો તો મંદિરના દેવોની પૂજાર્થે તથા કેટલાંક ભૂતપ્રેતને શાન્ત કરવાના હેતુથી પણ કરવામાં આવે છે. સામાન્યપણે કુમાર-કન્યાઓ તથા યુવક-યુવતીઓ જ નૃત્ય કરે છે, પરંતુ કેટલીક વાર પ્રૌઢ વયે પહોંચેલાં સ્ત્રી-પુરુષો પણ નિઃસંકોચ નૃત્ય કરતાં નજરે પડે છે.

નૃત્ય વિનાની ભાગ્યે જ કોઈ નાટિકા બાલીમાં ભજવાતી હશે. તેથી નાટિકાના કથાનક પ્રમાણે નૃત્ય તથા સંગીતના પણ વિભાગ પડેલા છે. રામાયણની આખ્યાયિકાઓ 'વયાંગ-વૉંગ' રીતે ભજવાય છે, જ્યારે શૃંગારરસની કથાઓ 'આર્જા' નૃત્યશૈલીમાં રજૂ થાય છે; ને ઐતિહાસિક પ્રસંગો વળી 'ટોપેંગ' નૃત્યપદ્ધતિએ ભજવાય છે.

દરેક નૃત્ય-પદ્ધતિની પોતાની આગવી નિશ્ચિત શૈલી તથા મુદ્રાઓ તો હોય છે, છતાં નૃત્યકાર પોતાની મુખમુદ્રા તથા અભિનય દ્વારા કલા પરનું પોતાનું પ્રભુત્વ સિદ્ધ કરી આપે છે. જાવાનાં નૃત્યોમાં તો મુખ-મુદ્રા તથા અભિનયનું સ્થાન ઘણું ગૌણ તથા મર્યાદિત છે ત્યારે બાલી-માં તેથી ઊલટું વેશભૂષાનું મહત્ત્વ ઘણું ઓછું છે અને અહીંનો નૃત્ય-કાર પોતાના અભિનય તથા મુખમુદ્રા દ્વારા જ મુખ્યત્વે પોતાનું કથા-નક રજૂ કરે છે. જાવી નૃત્યનાં મહોરાં (masks) પણ ચુસ્ત શાસ્ત્રીય ઢબે બનાવેલાં હોય છે જ્યારે બાલીના મહોરાં–મુખવેશ મુક્તરીતે, વાસ્તવિક મુખમુદ્રાને અનુરૂપ બનાવાય છે.

બાલીમાં આબાલવૃદ્ધ સૌકોઈ પોતાના 'બંજાર'(ગ્રામસંઘ)ના વાદ્ય-વૃંદમાં ઉત્સાહથી અંગત રસ લે છે અને તેના કામમાં પોતાનો વ્યક્તિગત ફાળો પણ આપે છે. વળી આ બધાં વાદ્યો ગામલોકોની સહિયારી માલિકીનાં હોય છે, જ્યારે તેના વાદકો તો સમય પ્રમાણે બદલાતા રહે છે. ઘણી વાર તો નૃત્યકારોના પોષાક તથા આભૂષણો પણ આ 'બંજાર' તરફથી જ રાખવામાં આવે છે. આમ બાલીના સમસ્ત ગામ-લોકો જ સીધીરીતે ત્યાંની સંગીત તથા નૃત્ય પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. બંજારના ગમેલનના વાદ્યકારો તથા નૃત્યકારો, તેમજ તેમને શિક્ષણ આપતા ગામ પરગામના ગુરુઓ સૌ પોતાની સેવા તથા સમય મફત અને કલા-નિષ્ઠાની ભાવનાથી આપતા હોય છે. આથી સ્વાભાવિકરીતે જ ગામના લોકો તેમનું બહુમાન કરે છે અને તેમને અવારનવાર મિજબાની તથા નાની ભેટસોગાદો આપે છે.

બાલીની વિવિધ નૃત્ય-શૈલીઓનો પરિચય આપતાં શ્રીમતી પોલોકે જણાવ્યું કે બાલીનાં નૃત્યોમાં મુખ્યત્વે હાથનો જ અભિનય થાય છે; તેમાં પગનો ઉપયોગ કશો નથી હોતો. ભારતમાં નૃત્યનો તાલ જાળવવા મુખ્યત્વે પગનો ઉપયોગ થાય છે ને 'કથક' જેવામાં તો હાથ-ના અભિનય કરતાં પગના તાલની અગત્ય જરા યે ઊતરતી નથી ગણાતી;

શરીર–મન–જ્ઞાનતંતુઓને **યોગાસનો** સ્વસ્થ રાખતી વ્યાયામરીતિ

સિંહાસન

આમાં સિંહના મુખના દેખાવનું અનુકરણ કરવાનું હોય છે એટલે એને સિંહાસન કહે છે.



પાથરણા ઉપર પગ લાંબા કરીને બેસો. હવે વૃષણની નીચેના જમણા ભાગમાં ડાબા પગની પાની અને ડાબા ભાગમાં જમણા પગની પાની, જનનેન્દ્રિયોને નુકસાન ન થાય એવી રીતે ગોઠવો. એમ ન ફાવે તો જમણા પગના પંજાને ડાબા ઢગરા નીચે, (પગનું તળિયું ઢગરાને અડકે એવી રીતે) અને ડાબા પગના પંજાને જમણા ઢગરા નીચે ગોઠવો. બંને હાથનાં આંગળાં પહોળાં કરીને તે તે ઢીંચણ ઉપર મૂકો. હવે મોં બને એટલું પહોળું કરો અને જીભને બને તેટલી બહાર કાઢો. ડોકને નમાવીને સિદ્ધાસનની જેમ રાખો અને આંખો નાકની અણી ઉપર સ્થિર કરો એટલે સિંહાસન થઈ જશે.

આ આસનમાં શ્વાસોચ્છ્વાસ મોંથી ચાલે છે, એટલે એનાથી ગભરાવું નહિ, તેમજ એને વધારેમાં વધારે ત્રણ મિનિટ જ રાખવું. ઓછામાં ઓછું અર્ધી મિનિટથી શરૂ કરી શકાય.

ઉડ્ડીયાન ઈ. કરવાનું આ આસન પછી સુગમ થઇ જાય છે તથા મોં અને ગરદનના સ્નાયુઓને લાભ થાય છે.

(આના પછી જ અર્ધમત્સ્યેન્દ્રાસન વગેરે આસનો કરવાં.)


પરંતુ બાલીના નૃત્યમાં પગનો કે તેના તાલનો કશો ભાગ નથી હોતો.

જ્યારે કોઈ બંજાર (ગ્રામસંઘ) નવા વાદ્ય-વૃંદ તથા નાટ્ય-સંઘ ઊભા કરે છે ત્યારે ગામલોકો વિધિપૂર્વક તેનો ઉદ્ઘાટન-સમારોહ ઊજવે છે. આ ઉત્સવને 'માલા સ્પાસિન' કહે છે. મંદિરના પૂજારીઓ તથા ગુરુજનો નવા પોષાકો તથા નવાં વાદ્યો પર આશીર્વચન વરસાવે છે અને નૃત્યકારનાં તો કપાળ, નેત્રો, મસ્તક, હાથ તેમજ જીભ ઉપર બ્રાહ્મણ પૂજારી કોઈ ફૂલની દાંડી વડે કેટલાક જાદુઇ અક્ષરો લખે છે જેથી તેનામાં અજબ શક્તિ તથા કલા-કૌશલ્યનો સંચાર થાય. સામાન્યરીતે બાલીમાં દરેક નૃત્ય-નાટિકા રજૂ કરતાં પહેલાં બધા કલાકારો નૃત્ય-શાસ્ત્રના અધિષ્ઠાતા 'દેવ પેગિંના'ની તથા અપ્સરાઓ (દેદારી) સુમભા તથા તિલોત્તમાની ટૂંકી પૂજા કરે છે.

બાલીમાં વર્ષનો એક દિવસ નૃત્ય-નાટ્યકલાને સમર્પિત હોય છે. તે દિવસને 'તુમ્પક-વયાંગ' કહે છે, અને તે દહાડે દેવપેગિંના તથા સુમભા અને તિલોત્તમા ઉપરાંત સંગીતનાં વાદ્યો, નૃત્યના પોષાકો, આભૂષણો, મહોરાં (મુખવટા), પડદાઓ, રંગભૂમિ તેમજ નૃત્ય-નાટ્ય-માં વપરાતી બધી ચીજ-વસ્તુઓની પૂજા કરવામાં આવે છે. આ દિવસે બધાં બંજારો તરફથી ભોજન-સમારંભ યોજાય છે, પરંતુ તે દિવસે આખા બાલીમાં કોઈ પણ સંગીત કે નૃત્ય નાટ્યનો 'કાયક્રમ' થતો નથી. લે-મેયૂરે જણાવ્યું કે આવી જ રીતે વર્ષનો બીજો એક દિવસ વિદ્યાભ્યાસ, સાહિત્ય, કવિતા તથા વિજ્ઞાન માટે સમર્પિત હોય છે, જે દિવસે દેવી સરસ્વતી તથા હસ્તલિખિત ગ્રંથો તેમજ સાહિત્ય-સામગ્રીની પૂજા થાય છે, પણ તે દિવસે કોઇ પુસ્તક વાંચતું નથી આ-પણે ત્યાં પણ દીવાળીને દિવસે 'શારદા-પૂજન' થાય છે ને? (ચાલુ)

જિંદગીનો બોજ

જે પોતે રોગ નથી, પણ જોગવતાં ન આવડે તો અનેક રોગનું મૂળ થઈ શકે ખરો......... [માંદગીનાં મૂળ-હપતો ૪૬]



બોજને પરિણામે મગજના તળભાગમાંની પિચ્યુ-ટરી ગ્રંથિનો સ્રાવ એ.સી.ટી.એચ. અને તેના વડે ઍડ્રેનલ ગ્રંથિનું કોરટેક્સ ઉત્તેજતાં કોરટીસોન સ્રવીને શારીરિક કામગીરીનું સમતોલન જળવાઈ રહે છે.

લેખક·ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

થોડાં વરસો થયાં જીવાણુઓથી પેદા થતા તાવ, રોગો અને રોગચાળાઓ જેમ કમી અને ઓછા ભયાનક બનતા ગયા તેમ આપણે 'મનની તાણ'ના લીધે આવી પડતા નવા 'બોજ–રોગો'ના વધારે ને વધારે ભોગ બનતા ગયા છીએ. માનસિક બોજ (stress)ને લીધે થઇ આવતા શારીરિક રોગોમાં ત્રણ આગળપડતા છે: 'એક્ઝૉપ્થૅલ્મિક ગૉઈટર', 'હોજરીનું ચાંદું' અને 'લોહીનું ઊંચું દબાણ'.

મૂળે જોવા જઇએ તો આ કાંઇ નવા રોગો નથી. એક્ઝૉપ્થૅલ્મિક ગૉઈટર ઈ. સ. ૧૮૩૫માં શોધાએલો રોગ છે ને ઓગણીસમી સદીમાં એપોપ્લેક્સીના અંગે થતાં મરણો ભલે સાવ સામાન્ય ન હતાં; પણ નવરાશ ને ધાર્મિકતાના એ દિવસોમાં આ રોગો મુકાબલે ઓછા હતા. ઈ. સ. ૧૯૨૦ પછી લાગણીના ઘમસાણમાં પડેલા યુવાનો અને પ્રૌઢોમાં આ રોગો વધારે સંખ્યામાં થતા આવ્યા છે.

આ રોગોના ભોગ બનનારા કોણ હોય છે? ચૌદથી ચાલીસ વર્ષ સુધીના માણસો—જે જીવનના જંગમાં ઊતર્યા છે પણ જેમને ફતેહ મળી નથી, જેમણે ઝઝૂમવાનું નિરર્થક લેખી હજી છોડયું નથી એઓ 'જિંદગીના બોજ'ના ભોગ બને છે. આ લોકો શારીરિક નહિ પણ નિર્ણયો લેવાના અને જવાબદારી ઉઠાવવાના માનસિક શ્રમમાં પડેલા હોય છે. તેઓ બુદ્ધિશાળી, ન્યાયપરાયણ, વધારેપડતા મહત્ત્વાકાંક્ષી અને વિજય માટે કૃતનિશ્ચય હોય છે. વળી આ લોકો પહોંચી ના વળાય એવાં નવાં કામ ઉપાડવાથી કે લાગણીનો ભાર વધવાથી વધારે બોજના ભોગ બને છે. આ બોજના ભોગ બનનાર સ્ત્રી કે પુરુષ ગમે તે હોઈ શકે; પણ રોગના પ્રકાર માટે તેમની જાતિ નિર્ણાયક બને છે ખરી.

આ 'બોજ' તે શું? એ નથી 'ભય' કે નથી શારીરિક કે માનસિક 'શ્રમ'; પણ તે અનિશ્ચિત પરિણામવાળું લાંબા ગાળાનું 'યુદ્ધ' છે, જેમાં વિજય હાથવેંતમાં દેખાતો છતાં તેની પ્રાપ્તિમાં ફતેહ મળતી નથી. તેઓ જીવન-સંગ્રામમાં સદાય ઝઝૂમતા રહે છે, પણ તેમાં તેમને હમેશાં હેઠા જ પડવાપણું રહે છે. ઠંડી-ગરમી, ભારે શ્રમનું કામ, ચિંતા ક્રોધ કે ઈર્ષા, અને જીવાણુઓનો હુમલો, એ આ બોજ આણનારાં છે.

ટૂંકામાં જિંદગી જીવવામાં કોઈ પણ કાળે શરીરને પડતો ઘસારો (wear and tear) એ 'બોજ' છે.

આ-'બોજ'નો અનુભવ કર્યા વિના કોઇ પણ માણસ કોઈ પણ કાળે જીવી શકે એમ નથી. શારીરિક કે માનસિક ભારે ઈજા કે ઉગ્ર રોગ વખતે જ આ બોજ ઊપજી આવે છે એ માન્યતા પણ ખોટી છે. ભૂખથી મરતો ભિખારી અને પુષ્કળ ખાતો શ્રીમંત, કમાણીની ચિંતા કરતો નાનો દુકાનદાર અને વધારે નાણાં એકઠાં કરવા મથતો મોટો વેપારી, ટિકિટ લીધા છતાં ય રેલવે ટ્રેનમાં જગ્યા મેળવવાની ચિંતા કરતો મુસાફર અને ઘોડદોડ પર ખેલનાર જુગારી, તેમજ એ ઘોડો અને તેનો દોડાવનાર,—સૌકોઈ આ 'બોજ' નીચે કામ કરે છે. વળી બાળકને સંભાળતી માતા અને રમતમાં ઈજા પામતો બાળક, પરીક્ષા માટે તૈયારી કરતો વિદ્યાર્થી અને શહેરમાં મોટરોની દોડ વચ્ચે રસ્તો કાપતો પથિક પણ 'બોજ' અનુભવ્યા વિના નથી રહેતાં. અરે, પવનનો ઝપાટો તથા કોઈ આનંદની મઝા પણ થોડો બોજ પેદા કરે છે! મતલબ કે કોઇ પણ કામકાજ અને કોઇ પણ લાગણી બોજ આણે છે.

વળી આ 'બોજ' આપણા માટે ખરાબ જ છે એવું પણ નથી. એ ય પણ જીવનનો આસ્વાદ છે, જીવનનો તેજાનો છે. માત્ર આપણું શરીર એને ઝીલવા તૈયાર હોવું જોઇએ. જે બોજ એક જણને માંદલો બનાવે તે બીજા માટે ઉત્સાહદાયી અનુભવ પણ બની શકે.

આપણા શરીરની અંદર ને આસપાસ થતા ફેરફારોને બંધબેસતા થવા માટે આંતરસ્રાવી ગ્રંથિઓ અને જ્ઞાનતંત્ર આપણી મદદમાં રહે છે. સંજોગો અનુસાર સમયાનુકૂલ વર્તન દાખવવાની ક્રિયા એ 'જીવન' છે. આ પૃથ્વી ઉપર સદા બદલાતી રહેતી સ્થિતિઓ વચ્ચે અનુકૂળ વર્તન દાખવવામાં આરોગ્ય અને સુખનું રહસ્ય રહેલું છે. આ અનુવર્તન(adaptability)ની મહાન ક્રિયામાં નિષ્ફળતા મળવાના પરિણામે રોગ અને દુ:ખનો દંડ ભોગવવો પડે છે.

એક તદ્દન સાદા જીવમાંથી અટપટા માનવ-જીવનની ઉત્ક્રાંતિ એ પૃથ્વી ઉપરનું મોટામાં મોટું અનુવર્તન છે. એ પછી, જન્મથી મૃત્યુ સુધીની જીવનમર્યાદામાં દરેક માણસ એક બીજા પ્રકારની ઉત્ક્રાંતિમાંથી પસાર થાય છે. આ છે જિંદગીના 'બોજ' અને 'તાણ' (stress and strain of life) પરત્વેનું અનુવર્તન (adaptation). 'બોજ' એ જિંદગી જીવવામાં ઊપજતા વિવિધ ઘસારાનો આવેગ છે. જે કોઇને પોતાનું કામકાજ પરિશ્રમભર્યું અને ઘસારો પાડતું લાગે તે સૌ આ 'બોજ'ને મોઘમરીતે ઓળખે છે તો ખરા. થાક, કંટાળો અને બેચેની આ બધાં એ બોજનાં લક્ષણો છે.

આપણે જીવીએ ત્યાં સુધી એ બોજને અવગણી શકીએ એમ તો નથી; પણ તેની હાનિકારક અસરો ઓછી કરવાનું તો આપણે શીખી શકીએ. વસ્તુતઃ એ બોજને અનુકૂળ થવામાં આપણે હાથે થતી ભૂલોને લીધે જ આપણે અમુક સામાન્ય રોગોના ભોગ બનીએ છીએ. એ રોગોની હારમાળા આ રહી: એક્ઝૉપ્થૅલ્મિક ગૉઈટર, હોજરીનું ચાંદું, લોહીનું ઊંચું દબાણ, દમ, સસણી, સાંધાના સોજા (રૂમૅટૉઈડ આર્થ્રાઇટિસ), આંતરડાંનો સોજો (અલ્સરેટિવ કોલાઇટિસ રીજીઅનલ કોલાઇટિસ), ન્યૂરો ડર્મેટાઇટિસ, હૃદયશૂળ અને ગુરદાના

રોગ. ઉપરાંત અત્યારે વ્યાપક બનતા બીજા રોગોનો સંબંધ પણ આ 'બોજ' સાથે જોડી શકાય એમ છે.

આ 'બોજ' વખતે આપણા શરીરમાં તેનો પ્રતિરોધ (resistance) જાળવનારું આપણું જ્ઞાનતંત્ર અને આંતરસ્રાવી ગ્રંથિઓ છે. ચિત્તક્ષોભ, ઘા, ચેપ વગેરે બોજ આણનાર કારણો વખતે શરીરની રચના અને વ્યાપારોને સ્થિર રાખનારાં પણ આ જ બંને છે. આંતરસ્રાવી ગ્રંથિઓમાં મુખ્યત્વે ત્રણ છે: એક તો 'પિચ્યુટરી', જે મગજના તળ ભાગમાં આવેલી છે; ને બીજી તે પેટના પોલાણમાં ગુરદાઓ ઉપર ગોઠવાએલી બે 'એડ્રેનલ' ગ્રંથિઓ. નવાઈની વાત એ છે કે આ ત્રણેનું વજન તો આશરે એક ઔંસના ત્રીજા ભાગ જેટલું (માંડ એક રૂપિયાભાર) થવા જાય છે, પણ આપણા આખા શરીરની બધી જરૂરી કામગીરીઓ પર તેમના શક્તિશાળી સ્રાવોની ભારે અસર છે. હાન્સ સિલ્યે (Hans Selye)ના કથન મુજબ તેમનું મુખ્ય કામ તો શરીરને બધા પ્રકારના બોજને અનુરૂપ કરવાનું છે.

શરદી વખતે આ સ્રાવો લોહીની નળીઓને સંકોચી લોહીનું દબાણ વધારે છે, કે જેથી શરીરમાં ગરમી પેદા થાય. કાંટો કે કાચ વાગતાં એની સાથે આવેલા જીવાણુઓ શરીરમાં ફેલાવા ન પામે એ માટે વાગ્યાની જગ્યાએ આ સ્રાવો સોજો આણે છે; અને વધારે ઈજા વખતે આ સ્રાવો ત્યાં લોહીની જમાવટ ઝડપી બનાવવા સાથે લોહીનું દબાણ ઘટાડે છે, જેથી લોહી વહેતું અંકુશમાં આવે છે. સાથોસાથ આવે વખતે લોહીમાં તે શર્કરાનું પ્રમાણ વધારી મૂકે છે, જેથી જલ્દી તાકાત આવે છે. ટૂંકામાં પિચ્યુટરી અને એડ્રેનલ સ્રાવો શરીરમાં બોજનો સામનો કરે છે અને શરીરની સુખાકારીને રૂંધતા ભયને હઠાવે છે.

આજના જીવનમાં આપણે આપણી જાતને વધુપડતા બોજ નીચે નાખીએ છીએ. આપણે સદા ઉતાવળમાં રહીએ છીએ અને અપરંપાર ચિંતા સેવીએ છીએ. વેપારી આખો દિવસ વેપારમાં મશગૂલ રહી રાતનો મોટો ભાગ પણ તેની જ ચિંતા સેવ્યા કરે છે. વચલા થરના માનવીને જેને ઘર નભાવવાનું હોય છે, છોકરાં ભણાવવાનાં હોય છે અને પ્રતિષ્ઠા ખાતર સમાજના વ્યવહાર સાચવવાના હોય છે, એ બધાંમાં તે એટલો અટવાઇ જાય છે કે રાતના ઊંઘવા માટે તેને તરફડિયાં મારવાં પડે છે અથવા ગોળીઓ ખાવી પડે છે.

આ બધા બોજને શરીર પહોંચી વળે એ માટે ગ્રંથિઓ સદા પ્રયત્નશીલ રહે છે. શરીર નભે એ માટે તે વધારે પણ સ્રવે છે. થોડો સમય તો આ નભે પણ છે, અને વિવિધ ચિંતાઓ, વધારેપડતું કામ, થાક, જૂનો ચેપ વગેરે 'બોજ' હેઠળ આપણે સારું નભીએ પણ છીએ; પરંતુ છેવટે આ રક્ષણાત્મક યોજના તૂટી પડે છે. પરિણામે લોહીની નળીઓ કઠણ બને છે, લોહીનું દબાણ ઊંચું જાય છે, હૃદયરોગો પેદા થાય છે, ને સાંધાઓ સોજાથી જકડાય છે. ચિંતાઓને પોતાનામાં સમાવતો પાતળો ને શાંત માણસ લોહીના ઊંચા દબાણથી પીડાય છે, તો કામમાં ડૂબેલો રહેતો જાડો માણસ હૃદયશૂળનો ભોગ બને છે, ને ગજા ઉપરનું કામ કરીને થાકેલી રહેતી ગૃહિણીને મધુમેહ લાગુ પડે છે.

પ્રાગની યુનિવર્સિટિમાંથી એમ.ડી. અને પીએચ.ડી. થએલા ને તે મૉન્ટ્રીઑલ ઇન્સ્ટટ્યૂટ ઑવ એક્સપેરિમેન્ટલ મેડિસીન ને સર્જરીના વડા ડૉ. હાન્સ સિલ્યેએ વીસ વર્ષ સુધી સ્ટ્રેસ (બોજ) ઉપર પ્રયોગો કર્યા છે, છ ગ્રંથો ને સેંકડો લેખો લખ્યા છે, અને બીજા વિદ્વાનોએ પણ તેમના આ સંશોધન ઉપર ઘણા લેખો લખ્યા છે.

ડૉ. સિલ્યેના શરૂના પ્રયોગો ઉંદર ઉપર હતા. ઉંદરોને તેમણે યંત્રથી ફરતા એક પિંજરામાં મૂકી ખૂબ થકાવ્યા. પરિણામે તેમની પિચ્યુટરી ગ્રંથિમાંથી સ્રાવો ઝર્યા, જેની અસર નીચે એડ્રેનલ ગ્રંથિના સ્રાવો પણ સ્રવ્યા. અને એને લીધે આ બોજને અનુવર્તી બનીને ઉંદરો જીવ્યા. પણ છેવટે આ રક્ષણાત્મક યોજના તૂટી પડી. ઉંદરો માંદા પડયા અને મરી ગયા. શબ-છેદનમાં આ પ્રાણીઓનાં હૃદય ને લોહીની નળીઓ માનવી રોગી જેવાં જ જણાયાં. શરીર બહાર થએલા બોજને રક્ષવા કાજે પિચ્યુટરી અને એડ્રેનલના સ્રાવો વધારેપડતા સ્રવેલા એના પરિણામે જ આ ખાનાખરાબી થઈ હતી.

પિચ્યુટરી ગ્રંથિમાંથી ખાસ ગુણવાળા બહુ સ્રાવો સ્રવે છે, પણ 'બોજ'માં મુખ્ય ભાગ ભજવનાર તો સોમેટોટ્રૉપિક હોર્મોન (જે ટૂંકામાં S T H કહેવાય છે) નામનો એક સ્રાવ છે. એડ્રેનલ ગ્રંથિમાંથી પણ ત્રીસેક જેટલા સ્રાવો આવે છે, પણ 'બોજ'માં ભાગ ભજવનાર એમાંનો 'ડીસોકસી કોર્ટીકૉસ્ટેરોન (ટૂંકામાં D. C. A.) સ્રાવ છે.


હવે જો એસ. ટી. એચ. અને ડી. સી. એ. સ્રાવોની અસર નીચે રોગો થાય છે, તો એમનું શમન કરનાર બીજા સ્રાવો પણ હોવા જ જોઇએ; નહિ તો જિંદગીના આ બોજને લીધે આપણે સૌ જ સાંધાઓના સોજા, મધુપ્રમેહ તથા હૃદય કે ગુરદાના રોગથી પીડાતા હોત. એટલે આ બે સ્રાવોનું શમન કરનાર પિચ્યુટરીનો એ. સી. ટી. એચ. (Adreno Costicotropic Hormone) અને એડ્રેનલનો કોર્ટીસોન (Cortisone) નામના સ્રાવો છે. આ સ્રાવોથી શરીરમાં સામાન્ય રાસાયણિક સમતુલા જળવાયા કરે છે. પણ વધારેપડતા બોજ વખતે પેલા એસ.ટી.એચ. અને ડી.સી.એ. સ્રાવો એટલા વધી પડે છે કે શરીરમાં રાસાયણિક સમતુલા ખોરવાય છે ને રોગો આવી પડે છે. આવે વખતે એ.સી.ટી.એચ. અને કોર્ટીસોન દવા રૂપે બહારથી આપવાથી રાસાયણિક સમતુલા આવી જતાં રોગો મટી જાય છે.

ડૉ. સિલ્યે લખે છે કે "મારાં બધાં શબછેદનોમાં મેં કોઈ પણ માણસને 'વૃદ્ધાવસ્થા'ને કારણે મરતો જોયો નથી, ને હજુ સુધી કોઈ પણ માણસ વૃદ્ધાવસ્થાને લીધે મર્યું હોય એમ હું માનતો પણ નથી. લાંબા વખતના વપરાશથી જેના શરીરના બધા જ અવયવો એકસરખી રીતે ઘસાઈ ગયા હોય તેનું જ મૃત્યુ વૃદ્ધાવસ્થાને લીધે થએલું ગણાય; પણ આવું કદી બનતું નથી, પરંતુ એકાદ કોઈ જરૂરી અવયવ વહેલો ઘસાઈ જવાથી જ આપણે મરીએ છીએ. કઠણ બનેલી ને ઘસારે પડેલી મગજની લોહીની નળી તૂટતાં, કે અતિશય કામથી હૃદયની માંસપેશીઓને ઈજા પહોંચવાથી, કે લોહીનાં અપદ્રવ્યો ગુરદાઓ ગાળી નહિ શકવાથી ઘરડો માણસ મરણ પામે છે. આ બધાંમાં જ કોઈ પણ એક અવયવ વહેલો ઘસાતાં આખા શરીરના ભુક્કા ઊડયા હોય છે."

શરીરમાં નીપજતી બોજની માઠી અસરો વિષે આપણે જાણ્યું. એ બોજ વખતના શારીરિક ફેરફારો 'મન' ઉપર પણ અસર કરે છે; જેમ મનનો શ્રમ શરીર ઉપર અસરો ઉપજાવે છે. શરીરની અનુવર્તનની રક્ષણાત્મક યોજનાને લીધે આપણે તેના બોજના હુમલા જેમ વેઠી શકીએ છીએ, ને શરીરનાં એ રક્ષણાત્મક બળોને મજબૂત બનાવી રોગને હઠાવવાનું જેમ શક્ય બન્યું છે, એ જ રીતે રોજિંદા જીવનમાં પડતા માનસિક બોજને ઝીલવા માટે આપણે જાળવવાના નિયમો વિષે પણ જાણવું અગત્યનું છે.



જન્મ બાદ વીતેલાં 'વરસો'એ કંઈ ઉમરનો ખરો આંકડો નથી, પણ શરીરને પડેલો કુલ ઘસારો (wear and tear) એ જ શરીરની ખરી ઉમર છે. કોઈ ચાલીસની વયે મન ને શરીરે ઘરડો બની મરણોન્મુખ બને છે, તો કોઈ સાઠે વર્ષે પણ યુવાન રહે છે. એટલે શરીર પર પડતા ઘસારાના આવેગ ઉપર જ ખરી ઉમરનો આધાર છે.

આપણને સૌને માબાપ તરફથી વારસામાં ચોક્કસ પ્રમાણમાં અનુવર્તી શક્તિની થાપણ મળે જ છે. આ થાપણના વ્યયની ક્રિયા એ





ગઈ તા. ૨૨મી સપ્ટેમ્બરથી શરૂ થએલી (અને આવતી ૧૦મી જાન્યુઆરીએ પૂરી થનારી) ગુજરાતમાંની વિનોબાની ભૂદાન-ગ્રામદાન માટેની પદયાત્રા દરમ્યાન તરુણ કલાકાર (મૂળ અમદાવાદ પાસે સરખેજના અને હાલ મુંબાઈ ન્યૂ ઈરા સ્કૂલમાં કામ કરતા) શ્રી દિનેશ શાહે તેમની સાથે યાત્રામાં ફરીને તેમના રોજિંદા જીવનના અસંખ્યાત ઝડપી સ્કેચો કર્યા છે, તેમાંથી થોડા ચૂંટીને આ પાનાંઓ પર આપ્યા છે. એમાંના કેટલાક પ્રવૃત્તિ દરમ્યાનના, કેટલાક ચાલતી વખતના ને એક તો દોડતી વખતનો છે; એટલે એમાં કલાકારે સ્વાભાવિક રીતે જ અસાધારણ ત્વરાથી દૃશ્યો ઝડપવાં જોઈએ. એવી ત્વરા દાખવીને ભાઈ દિનેશે આ સ્કેચોમાં વિનોબાની વિવિધ પ્રસંગોની આબેહૂબતા યશસ્વીરીતે પકડી છે, અને પરબારી કલમથી ઉતારેલી માત્ર ગણત્રીની ઝડપી રેખાઓમાં એની જીવંતતા તાદૃશ્ય કરાવી છે. આ પાના પરનાં ચિત્રો અનુક્રમે (૧) શ્રી મોરારજી દેસાઈ તથા યશવંતરાવ ચવ્હાણ સાથેની ચર્ચા-વિચારણા: જે પર એ બંનેની સહીઓ છે; (૨) ફતેહસિંહરાવ ગાયકવાડ સાથે-જે પર એમની પણ સહી છે; (૩) વ્યાખ્યાન આપતા-જેમાં પાછળ હડપચીએ હાથ રાખીને શ્રી રવિશંકર મહારાજ, અને આગળ ઉઘાડે માથે શ્રી વજુભાઈ શાહ બેઠેલા છે; (૪) ઊભા ઊભાં ભોજન લેતા; (૫) યાત્રામાં ચાલતા.



ઘણીવાર વાચન અને ભોજન બંને સાથે ચાલતાં હોય છે



જ્યાં જાય ત્યાં સાથે રહેતી ૐની છબિ સામે ચિંતન કરતા



પ્રવાસમાંના પોતાના સાદા આવાસમાં વિચારમગ્ન: સાથે પુસ્તકો તો સદા હોય જ છે



વર્તમાનપત્રો દ્વારા ચાલુ સમાચારો અને વિચારપ્રવાહના સંપર્કમાં તો તેઓ રહે જ છે.



ડાબી બાજુ : પદયાત્રામાં સમૂહ સાથે; નીચે : વડોદરામાં પોતાનું બાળપણ વીતેલું, એ દિવસો યાદ આવતાં ત્યારની માફક રસ્તા પર દોડેલા પણ ખરા; નીચે જમણી બાજુ: કબીરવડમાં વડવાઇઓના ઝુંડ વચ્ચે.





જિંદગી છે. એ અનુવર્તી શક્તિનું જ બીજું નામ જીવનશક્તિ(vitality). આ શક્તિ એવા પ્રકારના બૅન્કના ખાતાની થાપણ જેવી છે કે જેમાંથી ઉપાડ કરીને વાપરી શકાય, પણ કશું જમા મૂકીને વધારી ન શકાય. આનો અર્થ એમ નહિ કે થાપણમાંથી બિલકુલ ઉપાડ જ ન કરવો, કે જીવન ટકાવવા જેટલો જ ઉપાડ કરવો. આમ થતાં તો મૃત્યુ કે મૃત્યુ કરતાં પણ અધમ વનસ્પતિ જેવું જીવન આવી પડે. એનો વ્યય ઉડાઉ-પણે નહિ પણ ઉદારતાથી થવો જોઇએ. કુદરતના નિર્મેલા માર્ગે ને ઝડપે જીવનશક્તિનો વ્યય કરવાની એ મહાન કળા દરેકે શીખવાની છે.

આખા દિવસની સખત મજૂરીનો બોજ આપણને ઘસઘસાટ ઊંઘ આપે કે આખી રાત જાગતા પણ રાખે. ઊંઘ આણતા ને જાગતા રાખતા કામ વચ્ચે તફાવત છે. બોજ ભરેલું પણ પૂરું થએલું કામ આરામ ને ઊંઘ આણનારું છે, પણ જેની મનમાં સતત ચિંતા કે તાણ રહે તે કામ જાગતા રાખનારું છે.

આવે વખતે 'બધું ભૂલી જાઓ ને શિથિલ થઇને પડો એટલે આપોઆપ ઊંઘ આવશે'. એવાં સૂત્રો અમલમાં મૂકવાથી, કે માળા ફેરવવાથી યા ગરમ દૂધ પીવાથી કે ગરમ પાણીએ નહાવાથી ઊંઘ નથી આવતી. ઊંઘ આવે છે માત્ર ઊંઘની ગોળી લીધાથી. ત્યારે શું કામની ધમાલમાં રહેતા માણસે રોજ ઊંઘના ગોળી ખાવી? ના રે ના. ત્યારે?

આપણે કામને સારીરીતે પાર પાડવા માટે જેટલી જરૂરી હોય તે કરતાં વધારે પ્રમાણમાં 'ધગશ' ન કેળવવી. દિવસના વધારેપડતી ધગશ કેળવી તો તે રાત સુધી ચાલુ રહેવાની જ છે. કામના બોજ નીચે સ્રવેલા આંતરગ્રંથિના સ્રાવો (હૉર્મોનો) સારી રીતે કામ પૂરું થવા માટે નિર્માએલા છે. થાક લાગતાં પણ તમને સજાગ અને સાબદા રાખવાનું એમનું કામ છે. એટલે જો આ સ્રાવો લોહીમાં વધારે પ્રમાણમાં હોય તો તે તમને રાતના પણ જાગતા રાખવાના. આ રાસાયણિક કારણોને લીધે અનિદ્રા આવી પડે છે.

માટે થાક લાગે ત્યાં સુધી તમારા શરીર કે મનને એક કામમાં જકડી ન રાખતા. થાકી જવાય ત્યારે એક જ કામને વળગી ન રહેવું. કુદરતને વિવિધતા ગમે છે. એટલે તમારી દિવસની–અરે જિંદગીની યોજના ઘડવામાં આ યાદ રાખવું. શરીર કે મનના એક ને એક ભાગને તમે વારંવાર ઉપયોગમાં લો ત્યારે તમને એ ખાડામાંથી ખેંચી કાઢવા માટે કુદરત 'બોજ'નો આશરો લે છે.

ચિંતાની માઠી અસરોથી કોણ અજાણ હશે? લાંબા ગાળાની ચિંતાના બોજ હેઠળ હોજરીનું ચાંદું, લોહીનું ઊંચું દબાણ, સાંધાના સોજા ને બીજા રોગો થઈ આવે છે. ચિંતા નહિ કરવાનું કહેવા માત્રથી કંઈ વળતું નથી. એ માટે ખરો ઉપાય તો મનને બીજા વિચારમાં વાળવાનો છે. કોઈ બીજા પ્રશ્નમાં ચિત્ત પરોવવાથી કે બીજા કામમાં તન ને મન જોડવાથી ચિંતાનો ભાર આપોઆપ હળવો થાય છે. ઑપરેશન અગાઉ કે આર્થિક કટોકટીએ પહોંચેલા માનવીને ચિંતા નહિ કરવાનું કહેવાથી ચિંતા મટતી નથી; પણ ચિંતાજનક વિચારોના બદલામાં તેની આગળ બીજા વિચારો મૂકવા જોઈએ. આનું નામ મનનું વિચલન (deviation) છે. જો આ વખતે આપણું સમગ્ર ધ્યાન પરોવાય એવા કોઈ ભારે કામમાં પડાય તો ચિંતા ભલે ભૂલી ન જવાય પણ હળવી તો પડે. આનંદજનક વિચારોથી દુઃખદાયક વિચારો દૂર હડસેલાઈ જાય છે.

જ્ઞાનતંત્રના તાણ હેઠળ આપણામાં લાગણીનાં પૂર હેલે ચડે છે. આ વખતે એડ્રેનલ ગ્રંથિઓમાં વધુકો સ્રાવ થાય છે. 'બોજ' હેઠળ પણ એડ્રેનલનો વધુકો સ્રાવ થવાથી આપણે જાણે એનાથી ચકચૂર બનીએ છીએ. એટલે દિવસભરની કામગીરી વખતે આપણે ખૂબ 'ચકચૂર' બન્યાનાં ચિહ્નો વિષે સજાગ રહી તેને સમયસર અંકુશમાં મૂકવાનું શીખવું જોઈએ. જીવીએ ત્યાં સુધી બોજ નિવારી શકાય એમ તો નથી, પણ વધારેપડતો બોજ વહોરવાથી શરીરનો નાશ થાય છે.

દરેક માણસને કામ અને આરામની પોતપોતાની આગવી જરૂરિયાતો હોય છે. કામગરા માણસને માટે પથારીમાં સ્થિર પડ્યા રહેવું એ આરામ નથી. જોકે ઉંમર વધતાં ઘણા લોકોને વધારે આરામની જરૂર રહે છે; પણ દરેક જણમાં એકસરખી રીતે ઉંમર વર્તાતી નથી. શરીર કે શરીરના કોઈ અવયવ માટે તદ્દન આરામ પણ લાભકર્તા નથી. બોજમાંથી બચવા માટે કામગરો માણસ લાંબા વખત સુધી હવા ખાવાના સ્થળે જઈ પડી રહે તે ય ખોટું છે. મહત્ત્વાકાંક્ષી અને તરવરિયા માણસે પોતાનાં રોજિંદાં કામ તો કરવાં જ; પણ તેના બોજમાંથી બચવા માટે રોજ થોડી ફુરસદ ફરજિયાત કાઢવી. આ વખતે રસ પડતા, બુદ્ધિ ને ચાતુરી માગી લે એવા બીજા કામમાં મન પરોવવું. શ્રદ્ધા ધરાવતા લોકોએ ધર્મચિંતન અને પરમાત્મામાં ચિત્ત ચોડવું, ને કામકાજમાં નિષ્ફળતા મળે તો તે તત્ત્વજ્ઞાનની સમતાથી જીરવી લેવાનું શીખવું.

બોજ એ જેમ જીવનનો ઘસારો છે, તેમ જીવનનો આસ્વાદ છે, જીવનનો તેજાનો છે. એની મર્યાદાશીલતા જિંદગી માટે જરૂરી છે, અને એનો વધારેપડતો સતત મારો આરોગ્યના ભુક્કા ઉડાડી દે છે. ✿

અનુસંધાન] રાણકપુર [પૃ. ૪૮૩થી

કોતરેલા છે. દેવો અને તીર્થંકરોની ભાવગમ્ય મૂર્તિઓ, આભૂષણ-અલંકારથી સુશોભિત ચામરધારિણીઓ, તીર્થંકરોના જીવનપ્રસંગો, યુદ્ધો, ભગવાન નેમીનાથનો પંચકલ્યાણકનો ભાવ, નેમીનાથની જાન, લગ્નની ચૉરી, પશુઓનું પાંજરું, શ્રીકૃષ્ણનો મહેલ, મહી વલોવતી રમણીઓ, વૈવિધ્યભરી મનોહર કોતરણીની વચ્ચે સ્થાપિત તીર્થંકરોની મૂર્તિઓ, એક હાથમાં મુહપત્તિ અને બીજા હાથમાં નવકારવાળી શ્રી ગૌતમસ્વામીની મૂર્તિ, અંબિકા દેવીની મૂર્તિ, આચાર્ય મહારાજ અને સાથેના સાધુઓના કોતરેલા ભાવો, તોરણમાં અંકિત કરેલાં નિદ્રાધીન તીર્થંકરની માતાનાં ચૌદ સ્વપ્નો, ગજારૂઢ માતા મરૂદેવીની મૂર્તિ, પાઘડી, ખેસ અને હાથમાં માળા સાથેની પદ્માસનસ્થ મૂર્તિ, અને ધરણશાહ તથા સ્થપતિ દેપાની નાની અવિચળ મૂર્તિઓ, આ સર્વ સમૃદ્ધિએ આ મંદિરને જાણે યાત્રીઓની પુણ્યભૂમિ બનાવી દીધી છે.

નંદીશ્વરદ્વીપના પટ્ટ, શ્રી સમેતશિખરની કોરણીવાળી રચના, પથ્થર પર કોતરેલા શત્રુંજય અને ગિરનારના પટો, એક જ મસ્તકમાં જોડાએલી પાંચ પૂતળીઓનું સંયોજન-શિલ્પ અને બીજા કળાકૌશલના અજોડ નમૂનાઓ શિલ્પીની અસાધારણ કુશળતાના પ્રતીક છે. આ બધામાંયે ભગવાન શ્રી પાર્શ્વનાથની નાગેન્દ્રની પીઠ ઉપર કાયોત્સર્ગ-પૂર્વક ધ્યાનમાં ઉભેલી મૂર્તિ અને એના શિરછત્ર સમુ ફણાનું છત્ર તથા નાગનાગિણીઓની ગૂંથણીનું કૌશલભર્યું શોભનશિલ્પ મુગ્ધકર છે.

ભક્તિ અને સાધનાના સુયોગથી જ સંભવે એવી આ અદ્વિતીય કૃતિની સુસંવાદી સંયોજના, સુરેખતા ને સપ્રમાણ કારીગરી જ નહિ પણ તેની પાછળની ઉપાસના ધૈર્ય અને કૌશલસિદ્ધિ માત્ર જોનાર યાત્રીને જ નહિ પણ કુશળ કલાકારને પણ વિસ્મયમુગ્ધ કરે છે.

જૂના શિલાલેખો જોઈ, ભગવાનની મૂર્તિનાં દર્શન કરી, ચોમેર વિલસી રહેલી કોતરણીમાંથી ઝરતી ભક્તિથી કૃતકૃત્ય થઇ બહાર આવીને ચારે બાજુ પથરાએલી કુદરત અને હરિયાળી વનશ્રીને જોતાં મન અનિર્વચનીય આનંદ પામે છે. પ્રકૃતિ, કળા ને સંસ્કૃતિના સમન્વયના પ્રતીક સમું આ મંદિર આજના કળાકારો ને ભક્તવીરોને પ્રેરણારૂપ છે. ✿

સર્જનહારની સૃષ્ટિનો એક આશ્ચર્યજનક જીવ

વૈજ્ઞાનિક દષ્ટિએ..લોકાનુભવ દષ્ટિએ..આયુર્વેદ દષ્ટિએ



વીંછી

૧ વૈજ્ઞાનિક દષ્ટિએ

લેખક • વિજયગુપ્ત મૌર્ય

તમને વીંછી વિષે જિજ્ઞાસા હશે તે કરતાં ભય ને તિરસ્કાર વધુ હશે. આ વાંચ્યા પછી ભય ઓછો થાય અને તેના જીવનમાં રસ પડે તો તેથી વીંછીને નહિ તો તમને તો લાભ થશે જ; તે એ કે તમારા જ્ઞાનમાં વધારો થશે. મને તો બચપણમાં વીંછી કરડયો ત્યારથી તેમાં રસ છે. તદ્‌પરાંત મધમાખીઓ, કાંડર, જંગલના મંકોડા, વીંછીના ડંખની વેદના ને યાદ આપે એવા દરિયાઇ વાળા (Portuguesemen-of-war) ને દરિયાઇ જળસ (jelly-fish)ના ડંખ મળીને અસંખ્ય ડંખની સજા મેં ભોગવી છે. આ માટે જોકે મારી કુતૂહલવૃત્તિ પણ જવાબદાર છે. વીંછીની વિવિધ જાતો કહેવાય છે. ઘણા માને છે કે સાપની ફેણ ઉપર જ રહેતો ઠાકરિયો વીંછી બહુ ઝેરી હોય છે; પણ હકીકતે એવો વીંછી થતો જ નથી.

જીવસૃષ્ટિમાં વીંછીનું સ્થાન કરોળિયાના પિતરાઇ તરીકેનું છે. પરંતુ તેઓ જીવડાંની સાથે ગણાતા નથી. જીવડાંના શરીરના ત્રણ ભાગ હોય: પેટ, માથું, અને તેમને જોડતી પાતળી છાતી. વીંછી ને કરોળિયાને છાતી કે ડોક નથી. વીંછી, કરોળિયા, ઘતરડી વગેરે જીવ બીજાં જીવડાંથી આ રીતે જુદા પડીને 'અષ્ટપાદ' વિભાગમાં આવે છે. આ વિભાગ સંધિપાદ જીવોના ભાગનો એક વિભાગ છે. જેમાં તેમના પગને અંગ બંને સાંધાવાળા હોય છે. તમને જાણીને નવાઈ લાગશે કે વીંછીની પૂંછડી એ તેની 'પૂંછડી' નથી પણ તેના પેટનો જ વિસ્તાર છે અને તેનું દેખાતું પેટ એ પેટનો મુખ્ય એક ભાગ છે, તે પછી તો 'પૂંછડી' રૂપે બીજા પાંચ ભાગ છે. એ બધા ભાગ સાંધા વડે જોડાએલા છે. છેલ્લા ભાગને છેડે મળદ્વાર છે; અને પછી છેલ્લે ઝેરથી ભરેલ ગોળો અને તેની ઉપર કાંટો છે. જ્યારે વીંછી ડંખ મારે છે ત્યારે આ કાંટો ભોંકી દે છે અને તે વાટે ઝેર શરીરમાં દાખલ થતાં જાણે સળગતો અંગારો ચાંપી દીધો હોય એવી આગ તત્ક્ષણ ઊપડે છે.

જગતમાં ૫૦૦ જાતના વીંછી થાય છે! એ બધાનાં ઝેર એકસરખાં નથી. કોઈના ડંખનું ઝેર થોડીવારમાં શમી જાય છે, કોઈની અસર ૨૪ કલાક કે વધુ રહે છે, તો કોઇના ઝેરથી મૃત્યુ પણ થાય છે. જે વીંછીનું ઝેર ન્યુરૅાટૅાક્સિક–એટલેકે જ્ઞાનતંતુઓ પર અસર કરે તેવું હોય એવા વીંછીના ડંખથી આગ જેવી બળતરા ઊઠે પછી જ્ઞાનતંતુઓ પર અસર થવાથી શરીરનો એટલો ભાગ ખોટો પડી જાય, જીભ તોતડાય, મોઢામાંથી લાળ કે થૂંક વહેવા લાગે, શ્વાસ મૂંઝાય અને મૃત્યુ પણ થાય.

કેટલાક વીંછીના ઝેરની અસર રક્તાણુનાશક (haemolytic) હોય છે; એટલે કે તેના ડંખથી લોહીમાંથી લાલ કણો નાશ પામવા લાગે છે. જેમ સાપનું ઝેર ઉતારવા સાપના ઝેરમાંથી જ બનાવેલાં ઈન્જેકશન આવે છે, તેમ વીંછીનું ઝેર ઉતારવા વીંછીના ઝેરમાંથી ઍન્ટી-વેનમ ઇન્જેકશન બનાવવામાં આવે છે. પૃથ્વીના પ્રાચીનમાં પ્રાચીન જીવોમાં તે એક છે અને અશ્મીભૂત અવશેષો એમ બતાવે છે કે અબજો વર્ષો દરમિયાન તેની શરીરરચનામાં કંઈ સુધારો થયો નથી!

વીંછીના શરીરના છેડે જે ઝેરનો ગોળો છે તેમાં ઝેરથી ભરેલી બે ગ્રંથિ છે અને ડંખને છેડે સૂક્ષ્મ છિદ્રદ્વારા–ઇન્જેકશનની સોયની જેમ–ઝેર બહાર નીકળે છે. આ ડંખની રચના એવી છે કે શિકાર પાછળ હોય તો તેને વીંછી ડંખ ન મારી શકે; આગળ કે વાંસા ઉપર હોય તો જ મારી શકે. વીંછીની 'દવા' વેચનાર ફેરિયા પોતાની સાથે જીવતા વીંછી રાખે છે અને તેમને ડંખ પાછળથી કશા સંકોચ વિના પકડે છે, કેમકે વીંછી આ રીતે તેને ડંખ નથી મારી શકતો.

વીંછીની જરૂરિયાત ઓછી છે. શિકાર મળે તો અકરાંતિયાની જેમ ખાય, ન મળે તો બાર મહિનાના ઉપવાસ પણ કરી નાખે! થિજાવી દેતી ઠંડીમાં તે ઠુંઠવાઇને સુષુપ્ત અવસ્થામાં અઠવાડિયાં સુધી પડ્યો રહે અને પછી ઉષ્મા મળતાં થોડા કલાકમાં કામે વળગે! તેને હવાની જરૂર તો હોય જ છે, છતાં અઠવાડિયાં સુધી પાણીમાં ડુબાવી રાખવા છતાં તે જીવતો રહે છે. તેનાં આઠ 'ફેફસાં'માંથી સાતને બંધ કરી દો તો બાકીના એક વડે તે ચલાવી લે.

વીંછીને અંધારું અને ભેજ જોઇએ છે. પાણી મળે તો પીએ; ન મળે તો મહિનાઓ સુધી ચાલે. તે ભેજને પસંદ કરતો હોવા છતાં સહરાના સૂકા ધીખતા રણમાં પણ વીંછી છે, અને યુરોપના ઠંડા પ્રદેશોમાં પણ છે! આ બતાવે છે કે તે સંજોગોને કેવો અનુકૂળ થઈ શકે છે. અનુકૂળ નથી થઈ શકતો માત્ર સૂર્યનાં સીધાં કિરણોને. બપોરે તેને કાચની બરણીમાં તડકામાં રાખશો તો તરફડીને મરી જશે. શિકાર પર 'તરાપ' મારવામાં એ બહાદુર પણ નથી; પણ એક વાર શિકારને પકડયા પછી તેની ઉપર પકડ જમાવે છે અને તેને ડંખ મારીને તેનાં તરફડિયાંને શાન્ત કરે છે. બે 'હાથ'નાં બબ્બે આંગળાં વડે તે શિકારને પકડે છે ને પછી તેને મોં પાસે લાવે છે. (જુઓ ચિત્ર નં. ૨) કરોળિયો જેમ લોહી પીનાર જીવ છે તેમ તેનો ભાઈ વીંછી પણ રસ પીનાર છે. આથી શિકારને બચકાં ભરીને તે દ્વારા પોતાના પેટમાંથી રસ કાઢી તેના ઉપર રેડે છે. આ રસમાં એ કોળિયો પીગળી જાય છે અને તે પ્રવાહીને પછી વીંછી પી જાય છે! આમ વીંછીનો ખોરાક તેના પેટની બહાર પચે છે. તેનું મોં શિકારનો રસ ચૂસી લેવાની પિચકારીનું અને ગરણીનું પણ કામ કરે છે જેથી માત્ર પ્રવાહી રસ જ પેટમાં જાય.

શિકારને પીગાળીને રસ કરવામાં વીંછીનું ઝેર પણ ભાગ ભજવે છે! બચકું ભરી શકે એવું મોં તેને છે, પણ તે માટે દાંત નથી. તેના આગલા પગમાં પણ પાચક રસો ભરેલા હોય છે જે વડે તે શિકારને પીગાળી નાખે છે. વીંછી ટૂંકી નજરનો ને સુસ્ત દેખાતો છતાં ડંખ મારવામાં બહુ જ ઝડપી છે. તેના શરીર પર જે છૂટાછવાયા વાળ છે તે રેડિયોના એરીઅલનું કામ કરે છે. (જુઓ મથાળાનું ચિત્ર) તેની આસપાસ જરા પણ હલચલ થાય તેથી હવામાં જે આંદોલન થાય તે એ ઝડપી લે છે.

કરોળિયાની જેમ વીંછીમાં પણ પ્રેમ કરનાર નર મોત સાથે અડપલાં કરે છે! નર માદાના હાથમાં હાથ ભરાવીને અને મોં પાસે મોં રાખીને પ્રેમનૃત્ય કરે છે. તેઓ આગળના પગે ઊભા રહી 'પૂંછડી'ને ઊંચે ચડાવી છેડા ભેગા કરે છે. આ પ્રેમનૃત્ય પછી પ્રેમની પૂર્ણાહુતિ થાય ત્યારે ઘણી વાર સ્વાર્થી માદા તક મળે તો નરને ખાઇ જાય છે!

માદા ઈંડાં નહિ, બચ્ચાં જણે છે અને બચ્ચાં જન્મીને તરત માની પીઠ પર ચડી જાય છે. તેઓ પોતાની મેળે શિકાર કરતાં શીખે ત્યારે માનો ત્યાગ કરીને પોતાને રસ્તે પડે છે. બચ્ચાં માનું પેટ ફાડીને નીકળે છે અને માને ખાઇ જાય છે એવી માન્યતામાં તથ્ય નથી. બચ્ચાં પેટ ભરીને જ માના પેટમાંથી નીકળે છે એટલે તેમનું પોષણ કરવાની ઉપાધિ માએ કરવી પડતી નથી. સાપ કાંચળી ઊતારે છે તેમ વીંછીનાં બચ્ચાં પણ મોટાં થતાં જાય તેમ ખાલ ઉતારતાં જાય. પહેલી વખત ખાલ ઊતર્યા પછી તેઓ ભૂખ્યાં થાય છે ને શિકાર કરવા નીકળી પડે છે.

વીંછીની વસતિ બહુ ઠંડા પ્રદેશોમાં નથી. દાખલા તરીકે ઉત્તર યુરોપમાં નથી, પણ દક્ષિણ યુરોપમાં દક્ષિણ જર્મની સુધી છે. કેટલાક ટાપુઓમાં વીંછી નથી. ન્યૂઝીલૅન્ડ નસીબદાર છે કે ત્યાં વીંછી નથી.

જ્યાં ભેજ અને અંધારું હોય એ વીંછીની દુનિયા છે. છાણ નીચે, છાણાંમાં, કાચા છાપરામાં, ઢોરવાડિયામાં, પથ્થર નીચે, ઝાડની છાલ પાછળ, ખડકની તરાડોમાં, ખરી પડેલાં પાંદડાં નીચે, ઘાસમાં, કચરામાં, ખેતરમાં, જંગલમાં, દીવાલમાં, અને ઘરમાં પૂરતો પ્રકાશ ન હોય ત્યાં, વીંછીનો વાસ હોય. તે પથારીમાં પણ ઘૂસી જાય છે. ભેજવાળી હવા પસંદ કરનાર વીંછી સૂકી ઋતુ દરમિયાન છુપાઇ જાય છે, અને વરસાદ થતાં નીકળી પડે છે.

વીંછી સમૂહચારી કે સહચારી જીવ નથી. નર-માદા સાથે નથી રહેતાં. બચ્ચાં પણ પગભર થતાં વીખરાઈ જાય છે. બે વીંછી ભેગા થઈ જાય તો લડી મરે અથવા નાસી જાય. જો લડી મરે તો વિજેતા પરાજિતને ખાઈ જાય. નર વીંછી સામાન્ય રીતે પાતળો અને લાંબો હોય છે.

વીંછીના દુશ્મનમાં વીંછી પોતે, માણસ, મંકોડા, કાચંડા વગેરેનો સમાવેશ થાય છે. આફ્રિકાનાં બબૂન જાતનાં વાંદરાં વીંછીને ખાઈ જાય છે. કેટલાક જંગલી માણસો પણ વીંછીને ખાય છે! કૂકડો અને મોર વીંછીને મારીને ખાઈ જાય છે. મોટા કરોળિયાના જાળામાં વીંછીને નાખતાં કરોળિયો વીંછીને ખાઈ ગયાના દાખલા નોંધાએલા છે.


અરધા ઇંચથી માંડીને લગભગ દસ ઇંચના વીંછી થાય છે. બ્રિટનના 'ફીલ્ડ' સામયિકના જણાવ્યા પ્રમાણે દક્ષિણ ભારતમાંથી મળી આવેલો એક ખડકનો વીંછી સાડા અગિયાર ઇંચ લાંબો હતો. કદાચ એ આપણા દેશમાં મળી આવેલો સૌથી મોટો વીંછી હશે. બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી પાસે પોણા દસ ઇંચ લાંબા વીંછીનો નમૂનો છે.

આઠ પગ, બે હાથ, દરેક હાથને બે-બે આંગળાં ને છથી દસ આંખો ધરાવનાર વીંછી આશ્ચર્યજનક જીવ છે. અબજો વર્ષ પરથી પૃથ્વી પર માણસનો જન્મ ન હતો ત્યારે વીંછી પૃથ્વી પર હતો; અને જ્યારે બુદ્ધિશાળી માણસે હાઇડ્રોજન બૉમ્બ વડે પોતાનો નાશ કર્યો હશે ત્યારે પણ વીંછી આ પૃથ્વી પર વિહાર કરતો હશે! ('પ્રવાસી' પરથી)

૨ લોકાનુભવની દષ્ટિએ

લેખક • પ્રતાપરાય ગોપાલજી ત્રિવેદી

આપણે ત્યાં કાળા, ભૂખરા અને પીળા એમ ત્રણ પ્રકારના વીંછી જોવામાં આવે છે. કાળો વીંછી મોટા કદનો અને જોતાં જ કંપારી છૂટે એવો ભયંકર હોય છે, પણ કદ અને દેખાવના પ્રમાણમાં બહુ જ ઓછો ઝેરી છે. એ ઘણી વાર ખુલ્લા ચોકમાં આમતેમ લટાર મારવા નીકળી પડે છે. લપાઈ-છુપાઇને ચાલતાં એને બહુ ઓછું આવડે છે. આ વીંછી કરડે ત્યારે એના ઝેરની અસર ચોવીસ કલાક તો રહે છે જ, પણ એની પીડા ઓછી માત્રામાં હોય છે. બીજો ભૂખરા રંગનો વીંછી કાળા વીંછીથી કદમાં નાનો પણ ઝેરી વધારે છે. સ્વભાવે પણ ઝેરીલો જ. એના ડંખનો શિકાર થઈ પડેલાને ચોવીસ કલાક સુધી ઘણી પીડા ભોગવવી



શિકારને પકડીને તેને ડંખ મારવાની વીંછીની રીત

પડે છે. પીળા રંગનો, કદમાં સૌથી નાનો–લગભગ બેઆની જેવડો–અને સૌથી કાતિલ ઝેરવાળો વીંછી ટાકરીઆ વીંછીને નામે ઓળખાય છે. તે હમેશાં છુપાઇને જ રહે છે. કાળા વીંછીની માફક ખુલ્લામાં ફરતો ભાગ્યે જ જોવામાં આવે. આ ટાકરીઆનો ભોગ થઈ પડેલી વ્યક્તિને જો તાત્કાલિક સારવાર ન મળે તો મૃત્યુ થાય છે એમ કહેવાય છે.

વીંછીનું શરીર ઠીકઠીક ગરમ રહે છે અને તેથી જ ભેજ અને ઠંડક એને બહુ ગમે છે. વીંછણ ચોમાસામાં બે થી પાંચ બચ્ચાંને જન્મ આપે છે. વીંછણ પોતાનાં બચ્ચાંને ખાઈ જાય છે અને બચ્ચાં પોતાની માતાને જ ખાઈ જાય છે એવી બધી માન્યતામાં કશું જ તથ્ય નથી, કારણકે આ લેખકે આ બાબતમાં એકસાથે અસંખ્ય વીંછીનું–વીંછીના સમગ્ર પરિવારનું–અવલોકન કર્યું હતું.

મારા ખેતરમાં ગુવારને ઉખેડી, પચીસથી ત્રીસ છોડની સાધારણ કદની ઢગલીઓ થોડે થોડે અંતરે કરી હતી. વળી ત્યાં ઊધઇનો વાસ તો પહેલાંથી જ. ઢગલીઓ મહિનો દિવસ પડી રહી અને તે દરમ્યાન ઝાકળનો મારો ચાલુ હતો. આટલી સગવડો વીંછીની ઉત્પત્તિ અને વિકાસ માટે પૂરતી હતી! પરિણામે, ઢગલીઓ ભેગી કરવા જતાં દરેકની નીચે વીંછણ, ક્યાંક સાથમાં વીંછી, અને ત્રણ, ચાર કે પાંચ જેટલાં બચ્ચાં! ગુવારની એવી એંશીથી સો જેટલી ઢગલીઓ! એમાં ક્યાંય માતા અને બચ્ચાં એકબીજાને ખાઈ ગયાં હોય એ જોવામાં નહોતું આવ્યું.

આપણે ત્યાં એક બીજી પણ માન્યતા પ્રવર્તે છે કે વીંછી કરડે અને જો એ વીંછીને મારી નાખવામાં ન આવે તો ઝેર બહુ ચડે છે. આ માન્યતા પણ સત્યથી વેગળી છે. તેથી તો માત્ર ભોગ થઈ પડેલાને એટલું આશ્વાસન જ આપી શકાય છે કે 'તને કરડનારો તો ક્યારે ય આ લોક છોડી ગયો છે; હવે નાહકનો શા માટે રડે છે!' આમ જીવનમાં એથી તદ્દન ઊલટા અનેક દાખલા જોવામાં આવે છે કે વીંછીને મારી નાખ્યા પછી વધુ ઝેર ચડચું હોય અને હાથતાળી (કે પગતાળી?) દઇને ભાગી ગયો હોય છતાં ઝેર ઓછું ચડચું હોય!

સાધારણ રીતે જેને વીંછીની 'પૂંછડી' તરીકે ઓળખવામાં આવે છે તે પૂંછડી નથી પણ એનું પેટ છે. વીંછીના પગ જ્યાં પૂરા થાય છે ત્યાંથી ચાલુ થતા આંકથી ચાર આંક સુધી એનું પેટ આવેલું છે. એ પેટ પૂરું થતાં બાકી એક આંક રહે છે, ને છેલ્લે આંકડો. એ આંકડામાં બે ઝીણી અને પોલી નળીઓ હોય છે. આંકડાની અધવચ્ચ આવતાં એ નળીઓ ભેળી થઇ એક બની જાય છે અને ઘણી જ સખત થાય છે. સામી વ્યક્તિના શરીર પર એ સોય જેવી નળી દાબીને વીંછી પોતાનું ઝેર ઉતારે છે. ઝેરની માત્રા રાઈના એકથી બે દાણા જેટલી હોય છે.

ગામડાંઓમાં જ્યારે ગુસ્સે થયેલો સાપ માણસની પાછળ દોડે છે ત્યારે યુક્તિબાજ વ્યક્તિ એકાદ કપડું સાપ પર ફેંકી દે છે, અને સાપ

એ કપડાને જ ડંખ દેવા મંડી પડે છે. ટાકરીઆ વીંછી પર જ્યારે પગ પડે છે, એનું શરીર દબાય છે, ત્યારે એ ઝેરીલા જીવને માત્ર ડંખ દેવાથી જ સંતોષ ન વળતાં મોઢાથી પણ બચકું ભરે છે અને તાણીને તોડી નાખીએ તોપણ ગકોડાની માફક તે મોંની પકડ તો નથી જ છોડતો. તાત્કાલિક સારવાર ન મળતાં એ વ્યક્તિનું મૃત્યુ થાય છે, તો કહેવાય છે કે 'ટાકરીઓ મોઢેથી કરડ્યો એટલે પેલાનું મૃત્યુ થયું!' હકીકતમાં મૃત્યુ માટે ટાકરીઆનું કાતિલ ઝેર જ કારણભૂત હોય છે.


સામાન્ય રીતે ત્રણે જાતના વીંછીને ભેજ અને ઠંડક ખૂબ ફાવે છે એટલે ત્યાં જ પડ્યાપાથર્યા હોય છે; કેમકે ભેજવાળી જમીનમાં એમના ખોરાકની સગવડ (નાનાં જીવજંતુ) હોય છે. સાથોસાથ જો લીલું ઘાસ, ઇતર કચરો કે અગોચર હોય તો તો એવાં સ્થળો એમના અજય ગઢ બની જાય છે! એ જો સ્થળાંતર કરે તો તેનાં કારણોમાં ખોરાકની તંગી અને આબોહવાની વિષમતા! ઉનાળાની દિવસભરની ગરમી સહન કરતા ભરાઈ બેઠેલા વીંછી રાત્રે પોતાની ધીરજનો અંત આણી ખુલ્લા મેદાનની ઠંડી ધૂળમાં, કોઈનીય પરવા કર્યા વિના મરણિયા બની બેસી જાય છે અને ઉઘાડે પગે જનારાંને ડંખ દઈ પોતાની હાજરીનું ભાન કરાવે છે! શિયાળામાં તો એ શિકાર કે સ્થળાંતરનું કામ ભરબપોરે કરતા હોય છે. ઉનાળામાં રાત્રે તે ઘરમાં પણ ઘૂસી આવીને ખાંડણિયા, છીપરો, પાણીના રેલા તથા ઉંબરાના ખૂણાઓ પોતાને કબજે કરી લે છે! માટીના ઘરમાં પણ જ્યાં પથ્થર હશે ત્યાં જ એ હોવાનો. એટલે એની મુલાકાત થવાનો સમય ટૂંકમાં આમ છે: ઉનાળામાં સવારે સાંજે અને રાત્રે, શિયાળામાં બપોરે, અને ચોમાસામાં ચોવીસે કલાક!

ઉપર્યુક્ત બાબતો જોકે ટાકરીઆને પણ લાગુ તો પડે છે, છતાં એને એનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે! એને પોતાના નાના શરીરને પોષવાનું હોવાથી ખોરાકની વિપુલતાની જરૂર પડતી નથી. એકાદ બે નાનાં જીવડાં મળી જતાં એનો નિભાવ ખુશીથી થાય છે. આથી બીજા વીંછીઓના મુકાબલે એ સ્થળાંતર ઓછું કરે છે. એ બહુધા પથ્થર નીચે અને કૂવાના થાળાની આસપાસ, કે અવરજવર ઓછી હોય તેવા અગોચર સ્થાનમાં રહે છે. જે પથ્થર તળે ટાકરીઓ બેસતો હોય ત્યાં ધોળા રંગની અને સહેજ સપાટ જેવી છારી જામી ગઈ હોય છે. એ એની હગાર છે. ઉગ્ર તેજાબ જેવી એની એ હગાર હોય છે, અને કહેવાય છે કે તેના પર પાણી નાખીએ તો અગ્નિ પર પાણી નાખ્યું હોય તેમ છમ્છમ્ એવો અવાજ થાય છે!

આ ટાકરિયા વીંછી વિષે બીજી પણ ઘણી માન્યતાઓ છે. કહેવાય છે કે આવા કાતિલ ઝેરવાળા વીંછીને પુખ્ત વયની ગરોળી ખૂબ જ આસાનીથી ગળી જાય છે! ગરોળીને દેખતાં જ ટાકરિયાના મોતિયા મરી જાય છે ને બીચારાની પૂછડી સીધી થઈ જાય છે! ગરોળી પહેલું એનું મોં જ પકડે છે અને પછી ધીરેધીરે આખો ગળી જઇને માત્ર પૂછડીની સોય જેવી અણી છોડી દે છે. કાગડો પણ ટાકરીઆને ગળી જાય છે અને ગળામાં વાગે કે અટકે એવી આંકડાની અણી છોડી દે છે. બિલાડી પણ ટાકરીઆને ગળી જાય છે; પરંતુ કોણ જાણે, બિલાડી એને પ્રથમ ગ્રાસે ગળી પચાવી શકતી નથી, પરંતુ ઉપરાછાપરી ત્રણેક વાર એની ઊલટીઓ કરી બહાર કાઢે છે અને પછી તેને પેટમાં ઉતારી દે છે!

ગરોળીની પૂછડીની પેઠે વીંછીનું પણ એક અંગ તૂટી જતાં તે જીવતો રહે છે. લેખકના ઘરમાં એક વખત ભૂખરો વીંછી જોવામાં આવેલો. અમારા મિત્રે ચંપલ લગાવી તેથી બરાબર છેલ્લો અંકોડો જ તૂટી ગયો અને તે આબાદ છટકી ગયો. થોડા દિવસ બાદ એ જ તૂટેલા અંકોડાવાળો વીંછી જોવામાં આવ્યો. એટલે વીંછીને મારી ન નાખતાં, એના ડંખ દેવાવાળા છેલ્લા અંકોડા તથા તેથી ઉપરના અર્ધાએક આંકને કાતરથી કાતરી નાખતાં ભયનું કારણ દૂર થાય છે.

૪૯૫ ('કુમાર' અંક ૪૨૦)



બે પૂંછડીવાળો વીંછી
કુદરતની એક વિચિત્રતા

કેટલીક વ્યક્તિઓને વીંછીનું ઝેર મુદ્દલે નથી ચડતું. એ બાબતમાં એવી માન્યતા છે કે કોઈ સગર્ભા સ્ત્રીને વીંછી કરડે છે ત્યારે ગર્ભસ્થ બાળકને પણ એ ઝેરની અસર થાય છે ને તે રસીરૂપે એના શરીરમાં વ્યાપે છે, જે મોટપણે પ્રતિકારક શક્તિ તરીકે કામ કરે છે.

જો વીંછી ડંખી જાય તો તે કયો છે તે જોઈ લેવું. કાળો કે ભૂખરો હોય તો તે માટે આ નીચે ગામડાંના કેટલાક અનુભવસિદ્ધ ઉપાયો આપ્યા છે: (૧) કાચી કેરીની ચીર કરીને દંશસ્થળે બાંધી દેવી. કાચી કેરી ન હોય તો લીંબુથી પણ ફાયદો થશે. (૨) માણસના નખ ઉતારીને નાગરવેલના પાનમાં નાખી તેની બીડી કરીને પીવી. (૩) રાતી સોપારી અને કરોળિયાના જાળાને તંબાકુના પાનમાં નાખીને તેની બીડી પીવી. (૪) ગ્રામોફોનની રેકાર્ડ ઘસીને લગાડવી. (૫) આકડાના ક્ષીર-(દૂધ)માં હીંગ વાટી તેનો લેપ કરવો. (૬) તુલસીનો રસ ચોપડવો. (૭) ધતૂરાનાં પાંદડાં હાથમાં મસળી દંશસ્થાન પર ચોંટાડવા. (૮) નાગરવેલનાં પાન તથા મીઠું બરાબર ચાવી તેનો રસ ગળે ઊતારી જવો. (૯) પાકા કેળાની થેપલી દંશ પર લગાવી પાટો બાંધવો. (૧૦) જાંબુડાનાં પાન વાટી બાંધવાં. (૧૧) જાંબુડાનો ઠળિયો થોડોક ઘસી દંશ પર દાબવો. (૧૨) આમલીના શેકેલા કચૂકાની કાળી ફોતરી ઉતારી અંદરના ધોળા ઠળિયાને ઘસીને દંશ ઉપર દાબવો. (૧૩) સાકરમાં તાંદળજાનો રસ નાખી પી જવો. (૧૪) તંબાકુના પાનમાં અરીઠાની બીડી કરીને પીવી. (૧૫) દહીંમાં મોરથૂથુ ખૂબ મિલાવી દંશ પર ઘસવું. (૧૬) બીજી વ્યક્તિએ તુલસીનાં પાંદડાં ચાવી વીંછી કરડ્યો હોય તેના કાનમાં ધીરે ધીરે ફૂંક મારવી: આ ક્રિયા દર પા કલાકે ચાલુ રાખવી. (૧૭) માટીના વાસણમાં દેવતા મૂકી તે પર દળેલી હળદર નાખી તેમાંથી નીકળતા ધુમાડાને દંશિત અંગની વિરુદ્ધના નસકોરામાં લેવો. (૧૮) કપાસનાં પાંદડા સાથે રાઇ વાટી દંશસ્થળે લેપ લગાવવો.

પરંતુ વીંછી જ્યારે પીઠ, નાક, હોઠ, કાન કે ગુહ્યાંગો જેવા સુંવાળા ભાગો પર કરડે ત્યારે માત્ર ઉપર લખેલા ઉપાયો કરી બેસી ન રહેવું; કારણકે ત્યારે દર્દીને ક્યારેક લોહીની ઊલટીઓ થાય છે અને દર્દી આંખો તારવવા મંડી જાય છે. આ સમયે ડૉક્ટરી સારવાર લેવી ઘણી જ આવશ્યક છે. પણ સામાન્યરીતે પ્રાથમિક ઉપચાર તરીકે વીંછી કરડે ત્યારે દર્દીને તરત જ ગરમ પાણીમાં રાઈ વાટી પાઈ દેવી. એથી ઊલટી થશે અને હોજરીમાં આવેલું ઝેર નીકળી જશે.

દર્દીને કડવા લીમડાનાં પાન ચાવવા માટે આપવાં; લીમડાનાં પાન વાટી તેનો રસ પીવડાવવો. મીઠું વાટીને પાણી સાથે પીવડાવવાથી પણ ઊલટીઓ થશે; અને દર્દીની સ્થિતિ ભયંકર છે કે નહિ તેની પણ આથી ખબર પડશે: જો ઝેર અસર કરી ગયું હશે તો દર્દીને કડવો લીમડો તથા મીઠું સ્વાદ વિનાનાં લાગશે! દર્દીને નિદ્રા આવવા માંડે તોપણ તેને સૂવા ન દેવો, કારણકે એ ઘેન ભયપ્રદ છે.

પરંતુ ટાકરીઓ વીંછી કરડે ત્યારે સગવડ પ્રમાણે ઉપરના ઉપચારો ઉપરાંત ગામડામાં નીચેના ઉપચારો ખાસ કરવામાં આવે છે: (૧) વીંછી કરડે કે તરત જ—જરા પણ વિલંબ વગર કયાંકથી એકાદ બે ગરોળી પકડી લાવી ગરોળીના મોં તથા પૂંછડીને કપડાથી પકડી એનું છિદ્રાળુ પેટ દર્દીના દંશસ્થાન પર દાબી મૂકવું. આમાં ખયાલ એ રાખવો કે ગરોળી પોતાના મોંથી પકડનારને કે દર્દીને કશી તકલીફ ન કરી શકે અને વધુપડતા દબાણથી ગરોળી મરી ન જાય. જો ઝેરની અસર ચાલુ હોય તો પહેલી ગરોળી કૃશ થઈ જતાં બીજી રાખવી. (૨) હાથપગનાં આંગળાં પર વીંછી કરડે કે તરત જ દંશસ્થાનની થોડેક જ ઉપર મજબૂત દોરી ખૂબ કસકસાવીને બાંધી દેવી. દોરી મળવામાં અને બાંધવામાં જેટલો વિલંબ થશે તેટલી ઝેરની અસર શરીરમાં આગળ વધતી જશે. ધારો કે વીંછી હાથની આંગળીમાં કરડયો, દોરી મળતાં અને બાંધતાં સુધીમાં કોણી સુધી પીડા થવા લાગી, તો દોરીને પીડા થતા ભાગની ઉપર બાંધવી જોઇએ. દોરી બાંધ્યા બાદ હાથ કે પગ લીલા રંગનો થઇ જશે અને ફાટંફાટ થવા માંડશે. પછી તેનો ઉપાય છે 'છેદ'. દંશનો ભોગ બનેલી વ્યક્તિ યુવાન કે પૂરતી જીવનશક્તિવાળી હોય તો દંશસ્થળે તીક્ષ્ણ ચપ્પુ કે અસ્ત્રાને દીવાની જ્યોત પર ગરમ કરી, જંતુમુક્ત બનાવી છેદ પાડવો ને લોહી સાથે ઝેરને કાઢી નાખવું. બાળક, વૃદ્ધ કે અપૂરતી જીવનશક્તિવાળી વ્યક્તિ પર એવો પ્રયોગ કરવામાં જોખમ છે. એવા કિસ્સામાં, તેમજ જીભ, હોઠ, આદિ આગળ લખ્યાં સુવાળાં અંગો પર દંશ થયો હોય ત્યારે તો નિષ્ણાતની સલાહ પ્રમાણે જ વર્તવું હિતાવહ ગણાશે.

છેલ્લો ઉપાય છે ઝેર ચૂસવાનો. જેનું મુખ સંપૂર્ણ તંદુરસ્ત હોય એવી વ્યક્તિએ, વીંછી કરડે કે તરત દંશ પર પોતાનું મો રાખી, બરાબર લોહી ચૂસી, ઠંડા પાણીના કોગળા સાથે બહાર કાઢતા જવું. ઝેર ચૂસનારના મોંમાં ચાંદાં, પરુ, પાયોરિયા કે મોઢાનો કે ગળાનો કોઈ પણ રોગ હશે તો ઝેરની અસર એને જ લાગવા માંડશે! જેને દંશ થયો હોય તે વ્યક્તિનું પોતાનું મોં પણ જો તંદુરસ્ત હોય તો તે પોતે પણ ચૂસી શકે છે. લોહી ચૂસવાનું ને ચૂસીને ઠંડા પાણીના કોગળા કરવાનું કામ ઝડપી હોવું જોઇએ. ઠંડા પાણીના કોગળા કરવામાં વિલંબ થશે તો, પછી ભલેને મોં તંદુરસ્ત હશે તોપણ, ચૂસનારને આંખે અંધારાં આવવા માંડશે, માટે ઝડપ જરૂરી છે. સંપૂર્ણ ઝેર ચુસાઈ ગયા બાદ દંશ પર ઘી કે માખણ લગાડવું.


ઉપર લખ્યા ઉપાયો જેટલા બની શકે તેટલા કરતાંમાં જો ડૉક્ટરી સારવાર મેળવી શકાય તો પછી ભયનું કશું કારણ નથી. પરંતુ દિલગીરીની વાત એ છે કે ઘણાં ગામડાંઓમાં તાત્કાલિક સારવાર ન મળી શકતાં માણસનું કરુણ અવસાન થાય છે. ગામડાંમાં ટાકરિયા વીંછીના ભોગના આંકડા કદાચ સાપના ભોગના આંકડાની હરીફાઈ કરે.

'ગાડે પડી તે બળદે ભારી'ની માફક વીંછી કરડી જ ગયો તો સારવાર તો અવશ્ય કરવી જ જોઇએ. પણ prevention is better than cure સારવાર કરતાં અટકાવ કરવો એ જ વધુ સારું છે. એટલે આપણાં ઘર તથા આંગણાં, બાળમોરી અને કોઠારો બરાબર સાફ રાખીએ તો છાશવારે થતો વીંછીનો ઉપદ્રવ જરૂર ઓછો કરી શકીએ; પણ આપણે તો આ વસ્તુની ઉપેક્ષા કરી ઘરમાં બિલાડી પાળીએ છીએ કે જેથી વીંછી નીકળે તો બિલાડી તેને ખાઈ જાય! શી આપણી આળસ ને બેદરકારી!

૩ આયુર્વેદની દષ્ટિએ

લેખક • વૈદ્ય ફૂલાભાઈ મથુરભાઈ પટેલ

અંગદતંત્રમાં વીંછીની ગણના એક 'કીટવિશેષ' તરીકે કરેલી છે; અને મંદ વિષવાળા, મધ્ય વિષવાળા તથા ઉગ્ર વિષવાળા એવા એના ત્રણ પ્રકાર વર્ણવેલા છે. એમાંથી આપણે ત્યાં સામાન્યતઃ મંદ વિષવાળા વીંછી જ ખાસ થતા જણાય છે અને એમનાં વિષ મૃત્યુનું કારણ બનતાં નથી. મધ્ય અને ઉગ્ર વિષવાળા વીંછીના દંશથી સર્પદંશ જેવાં લક્ષણો થાય છે. મધ્ય વિષવાળા વીંછી કદી ઊતરી જાય, પણ ઉગ્ર વિષવાળા વીંછીનો દંશ તો મૃત્યુ જ લાવે છે.



વીંછીનું પ્રેમનૃત્ય : વર્ણન માટે જુઓ આ લેખનું પહેલું પાનું

કૃષ્ણ, શ્યામ, કાબરો, પાંડુ રંગનો, ગોમૂત્રના વર્ણનો, કર્કશ, આસમાની રંગનો શ્વેત, લાલ, રોમશ–રૂંછાંવાળો, લીલા ઘાસ જેવો અને થોડીક રતાશવાળો—આ બાર મંદ વિષવાળા વીંછી છે. એમાંનો કાળો વીંછી કેટલીકવાર જોવામાં આવે છે. લાલ ખાસ જોવામાં આવતો નથી. બાકીનામાંથી પણ અમુક જ ખાસ જોવામાં આવે છે.

વીંછી કાંટાથી જે સ્થાનમાં વીંધે ત્યાં અગ્નિનો તણખો પડયો હોય તેવી વેદના એકદમ શરૂ થાય છે. એ ભાગ જાણે ફાટી જતો હોય કે અણીવાળી ચીજથી ભોંકાતો હોય તેમ અસહ્ય વ્યથા થવા માંડે છે. સો અપરાધે વીંછી અને હજાર અપરાધે સાપ કરડે એમ લોકોમાં કહેવાય છે તે દર્દની આ ભયંકરતાને અનુલક્ષીને જ. મંદવિષવાળા વીંછીના ડંખમાં આટલાં જ લક્ષણો થાય છે, પણ મધ્યમ વિષવાળો વીંછી ડંખે ત્યારે તો જીભમાં સોજો આવે છે, ભોજનનો અટકાવ થાય છે અને દરદી ઉગ્ર મૂર્છા પામે છે. ઉગ્ર વિષવાળા વીંછીનો ડંખ તો એથી યે આગળ વધે છે. એમાં સર્પોના વિષથી જેવા વેગ આવે છે તેવા વેગ આવવા માંડે છે. ફેર ચડે છે, તાવ આવે છે, ફોલ્લા થાય છે, બળતરા થાય છે, અને શરીરનાં છિદ્રોમાંથી કાળું લોહી નીકળે છે. આ સ્થિતિમાં દરદી પ્રાણનો શીઘ્ર ત્યાગ કરે છે.

ઉગ્ર અને મધ્યમ વિષવાળા વીંછીનું વિષ ઉતારવું દુષ્કર છે. એ બંનેની ચિકિત્સા સર્પદંશની ચિકિત્સા જેવી છે. દંશ થાય કે તરત જ દંશસ્થાનની ઉપર ચાર આંગળ છેટે પાટો તાણી બાંધવો. હાથપગ પર ડંખ થયો હોય ત્યાં તો પાટો બાંધી શકાય; પણ જ્યાં પાટો બાંધી શકાય તેમ ન હોય ત્યાં શું કરવું? એવે સ્થળે દંશને ખોતરીને લોહીનો સ્રાવ કરવો; દંશની જગાએથી ચૂસીને લોહી ખેંચી લેવું; એ સ્થાનમાં ડામ દઇને વિષને બાળી મૂકવું. દેહમાં વિષની વ્યાપ્તિ થઈ હોય તો વમન વગેરે વિષનું નિર્હરણ કરનારા ઉપચાર હિતકારક છે.

પણ આપણે સામાન્ય રીતે મંદ વિષવાળા વીંછીના દંશનો પ્રતિકાર કરવાનો હોય છે, એટલે એનો જ વિસ્તારથી વિચાર કરીએ: દંશ થાય કે તરત જ દંશની ઉપરના પ્રદેશમાં પાટો તાણી બાંધવો. પછી ચિકિત્સાના આભ્યંતર અને બાહ્ય એમ બે પ્રકાર વર્ણવેલા છે.

આભ્યંતર પ્રયોગ : ઘીમાં મધ નાખીને તે દરદીને પાઈ દેવું; ખૂબ સાકર નાખીને દૂધ પાવું; તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસરનું

ચૂર્ણ નાખીને ગોળનું પાણી પાવું; ઠંડા દૂધમાં ગોળ નાખીને તે દૂધ પાવું. આ આભ્યંતર પ્રયોગ થયા.

બાહ્ય પ્રયોગ: (૧) દઝાવાય નહિ એટલા ગરમ પાણીમાં દંશવાળા ભાગને બોળી રાખવો. આ ઉપાયથી ઝેર નાબૂદ થતું નથી, પણ પાણીને લીધે વેદના અનુભવાતી નથી. એકાદ કલાક જેટલા સમયમાં તો વેદના ચાલી જાય છે. ત્યાં સુધી વચ્ચે વચ્ચે ઠંડા થતા પાણીમાં ગરમ પાણી ઉમેરતા રહેવું. આ સાદો, સરળ અને અચૂક ઉપાય છે. સાધારણ ગરમ પાણીની ધાર (પરિષેક) કરવાથી પણ આ જ ફળ મળે છે. (૨) ગાયનું કે બીજા કોઈ પણ પશુનું છાણ સાધારણ ગરમ કરીને તેની પોટીસ મૂકી દેવી. ભમરી કે મધમાખ કરડે તેની ઉપર આ છાણની પોટીસ અકસીર છે. વીંછીની વેદનામાં પણ એનો પ્રયોગ હિતકારક છે. તલનો ખોળ પણ ગરમ કરીને દંશ ઉપર બાંધી શકાય છે. (૩) ઘીમાં સૈંધવ નાખીને તેની માલિશ કરતા રહેવું. (૪) મોરપીંછ, કૂકડાનાં પીછાં, સિંધવ, તેલ અને ઘીનું મિશ્રણ કરી દેવતા ઉપર એનો ભૂકો નાખતા જવું. એમાંથી નીકળતી ધુમાડી દંશસ્થાનને આપવી. (૫) (૫) સૂંઠ, કબૂતરની હગાર, હરતાલ અને સિંધવને બિજોરાના રસમાં ઘૂંટી તેનો લેપ કરવાથી વીંછીનું વિષ નાશ પામે છે. (૬) હિંગ અને હરતાલ સરખે ભાગે લઈ તેમની બિજોરાના રસમાં ગોળી વાળવી. એ ગોળી ઘસીને દંશ ઉપર લેપ કરવાથી વીંછીનું વિષ નાશ પામે છે. (૭) દંશસ્થાન ચોક્કસ મળી આવતું હોય તો પોટાસ પરમૅંગેનેટ અને ટાર્ટરિક ઍસિડનાં બારીક ચૂર્ણ કે અલગ અલગ શીશીઓમાં ભરી રાખેલાં હોય તેમાંથી એકેક ચપટી દંશસ્થાન પર મૂકીને ઉપર પાણીનું એક ટીપું પાડવું. જળનો સ્પર્શ થતાંવેંત ઊભરો આવશે અને વિષને તત્કાલ નાબૂદ કરશે; પણ આ પ્રયોગ દંશસ્થાન ઉપર જ કરવાનો છે. દંશ સિવાયને સ્થળે એની અજમાયશ થશે તો મૂળ દરદ તો રહેશે ને નવું દરદ ઊભું કરશે. (૮) પણ દંશસ્થાન જાણી શકાય એવી સ્થિતિ નથી હોતી ત્યારે બીજા એક પ્રયોગનો અનેકશ: ઉપયોગ કર્યો છે. એ સચોટ છે અને એટલો જ નિર્દોષ છે. ચોમાસામાં ખાટખટુંબાના વેલા વાડો ઉપર ચઢેલા જોવા મળે છે. એનાં પાન ખાટાં હોય છે. એના મૂળમાંથી ગાંઠો નીકળે છે. એ ગાંઠ લીલી મળી આવે તો તેને ઘસીને ડંખ ઉપર લેપ કરવો, એટલું જ નહિ પણ જેટલે સુધી વેદના હોય તેટલે સુધી પણ એ લેપને લઇ જવો. બહુ થોડા વખતમાં વેદના નાબૂદ થઈ જશે. લેપ સુકાવાની સાથે વેદના પણ સુકાઈ જશે.

આ ગાંઠોને તાજી મેળવવી મુશ્કેલ છે, એટલે ભીની રેતીમાં રાખી મૂકવાની સલાહ છે. તાજી ગાંઠના અભાવમાં સૂકી ગાંઠનો પ્રયોગ પણ અનેક વાર કરવામાં આવ્યો છે અને તેનાથી સારાં પરિણામ પ્રાપ્ત થયાં છે. એટલે વૃશ્ચિકદંશના અમોઘ ઉપચાર તરીકે આ ગાંઠનો પ્રયોગ કરવાની ભલામણ છે. એક મિત્રને આ વાત કરતાં તેમણે ખાટખટુંબાનાં લીલાં પાનની લુગદીથી પણ ઝેર ઉતારવાની વાત કરી.

છેવટ રહે છે મંત્રચિકિત્સા. મંત્રચિકિત્સાને બધાથી શ્રેષ્ઠ કહેવામાં આવી છે. એ વિષે જોરશોરથી વાતો કરનારા પણ ઘણા મળી આવે છે. એમાં મારી શ્રદ્ધા હજુ પ્રગટી નથી; છતાં એને નકામી કહેવાની ધૃષ્ટતા પણ હું કરતો નથી, કારણકે એ પરાધિકારની વાત છે.

('પ્રસ્થાન' ઉપરથી)

*આ લેખ સાથેનાં ચારે ચિત્રો 'બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી' તથા 'એન્ડેવર'ના સૌજન્યથી 'પ્રવાસી' પત્રે છાપેલાં તે ઉપરથી તે સવના આભાર સાથે અમે અત્રે પ્રકટ કર્યા છે.



બ્રિજ

[૨] કેટલીક વધુ સમજણ

લેખક · શ્રી સાધુરામ દવે

ગયા અંકમાં આપણે બ્રિજની રમતની સમજણ જોઈ તથા તેના માર્ક ગણવાની ખાસ પદ્ધતિ જોઈ ગયા. બ્રિજની બીજી વિશેષતા એ છે કે. પાનાં એકએક કરીને દરેકને વહેંચાય છે; અને એ હિસાબે, આંકડાશાસ્ત્રીઓની ગણતરી મુજબ, એક જ જાતની બાજી (એટલેકે જેવાં ૧૩ પાન કોઈ પણ એક રમતમાં આપણને આવ્યાં હોય તેવાં જ ૧૩ પાનાં) કોઈ પણ ખેલાડીને, પોતાની જિંદગી દરમિયાન, બીજી વાર મળતાં નથી. **દરેક બાજીમાં કાંઈક તો ફેર હોવાનો જ.** અને એ રીતે, દરેક બાજી વિવિધતા-ભરી પણ રહેવાની. કોઈ ખેલાડી અમુક હાથ કરવાના બોલે તે ઉપરથી તેની પાસેનાં પત્તાંનું અનુમાન પણ કરી શકાય. વળી, દરેક રમતમાં ગમે તે એક બાજી તો ખુલ્લી થાય છે જ, અને પોતાનાં પાનાં દરેક રમનાર જોઈ જ શકે છે, એટલે બાકીનાં છવ્વીસ પાનની ગણતરી ગોઠવવાની સૂત્ર મેળવવાની રહી. એ કામ ખૂબ બુદ્ધિપૂર્વક કરવું જોઇએ. તેમાં યાદદાસ્ત સારી જોઈએ, અને એકાગ્રતા પણ જોઈએ જ. તમે જ્યારે બ્રિજ રમશો ત્યારે સમજી શકશો કે તમારી એક જ ભૂલથી, સામાવાળાઓને બિત્રણ હાથ-(trics)નો ફાયદો થઈ જવા સંભવ છે; એટલેકે સામાવાળાઓના શકય હોય તે કરતાં પણ બિત્રણ હાથ વધુ થઈ જશે.

બ્રિજ રમવામાં ઉદ્દેશ પૉઈન્ટ જીતવાનો છે; એટલે તેના માર્કની પદ્ધતિ બરાબર ખયાલમાં રાખવી. સામાવાળાનું રબર થઈ જાય એમ લાગે ત્યારે, તમે થોડો ભોગ (sacrifice) જરૂર આપી શકો. બોલેલા હાથ કરતાં એક યા બે હાથ ઓછા થાય એમ લાગે (એટલેકે એક યા બે 'ડાઉન' થવાનું લાગે) તો પણ અમુક હાથ બોલી તમે રબર બચાવવાનો પ્રયત્ન કરી શકો. તેમાં પણ યાદ રાખો કે અમુક જ ભોગ આપી શકાય, આત્મઘાત (suicide) તો ન જ થાય! ભિલ્લુ સારો અને હોશિયાર હોય તો રબર લંબાય તેમ સારું, પરંતુ ભિલ્લુ નબળો હોય તો, રબર જેમ બને તેમ જલદી પૂરું કરી ઊઠી જવું સારું. **રમતી વખતે ભિલ્લુની ટીકા તો કદી ન જ કરવી,** તેની કોઈ પણ ભૂલ બદલ ઠપકો યે ન આપવો; નહિ તો તેના તરફથી વધુ ભૂલો જ થવા સંભવ છે. ભિલ્લુની હિમાલય જેવડી ભૂલ હોય તો પણ એ જતી કરી, કદાચ મારાથી પણ એમ જ થાત એમ બોલી, તેને આશ્વાસન આપવું એ જ હિતાવહ છે.

ઘણા વાચકો તો બ્રિજ રમતા જ હશે. કેટલાક આ લેખ વાંચીને શરૂઆત કરશે. જો કોઇ ખેલાડીને, કોઈ પણ રમતમાં ચર્ચાસ્પદ bidding (હાથ બોલવાનું) અથવા રમતની ચાળવણીમાં પણ મતભેદ જેવું જણાય તે મને લખી જણાવશે તો પછીના 'કુમાર'માં તેની ટૂંકી ચર્ચા પણ કરીશું. કોઈ એવી ચોક્કસ જાણવા જેવી બાજી આવી હોય, કોઈ ખેલાડી સુંદર રમત રમી બતાવે, યા કોઇ રમતમાં કોઇએ ફાંકડો બચાવ કરી બતાવ્યો હોય તેવા સ્પષ્ટ દાખલા લખી મોકલશો તો તેની, નોંધ લેવા યોગ્ય બાબતો પણ સૌના લાભાર્થે પ્રકટ કરીશું. એથી બ્રિજનો સળંગ સંપર્ક આ માસિકમાં ચાલુ રહેશે ને વાચકોને પણ તેમાં આનંદ આવશે. એવી માહિતી જણાવવા માટે આ સર-

નામું નોંધી રાખો: Sadhuram M. Dave, 33 Ritherdon Road, Vepery, Madras-7 સરનામું અંગ્રેજીમાં જ કરવું.

કેટલાક વાચકોએ બ્રિજ વિષેનાં પુસ્તકો તેમજ માસિકોની યાદી માગી છે. મોટાં શહેરોમાં અંગ્રેજી પુસ્તકોના કોઈ પણ વિક્રેતાને ત્યાં Culberston કે Gorenનાં પુસ્તકો મળશે. તે ઉપરાંત બીજા કેટલાય લેખકો છે. હવેના લેખોમાં હાથ ક્યારે બોલવા, રમત કેમ કરવી, બચાવ કેમ કરવો વગેરે વિગતો હું આપવા ધારું છું. એમાંથી રમતનો પૂરો ખયાલ આવ્યા બાદ જ બ્રિજનાં માસિકો તો તમને આનંદ આપશે. ત્યાં સુધી વાચકો શક્ય હોય તે, એકાદ પુસ્તકાલયમાંથી બ્રિજ ઉપરનું રમત શીખવા માટેનું પ્રાથમિક પુસ્તક વાંચી લે તો બહુ છે.

નવા યુગની નવી કહેવતો

કુંડળ જાય પણ કાણાં ન જાય.
ભટ્ટ રાંધે છે કે લાકડાં બાળે છે?
લાકડાને તાપે લોખંડ ન પીગળે.
વધારેપડતી ગતિ ઊલટી દિશા દેખાડે.
આગ લગાડે તે અંગારો, ને પકવે તે દેવતા.
પાટણ પડ્યું તે પડ્યું, હીરોશીમા પડીને ઊભું થયું.
માકડ કાંઇ માણસના લોહીનો નંબર મેળવવા ન બેસે.
વાણિયે વાણિયે કાટલાં જુદાં, પણ નીતિ એક.
મેશ-કંકુ જુદાં, પણ આંગળી એક.
કપડું ગયું ને કરચલી પણ ગઈ.
કપડા કરતાં થીગડાં વધારે ટકે.
છેડાવાળીને છોગાળો મળ્યો.
ફળ ભેગાં બિયાં ન ખવાય.
સાક્ષર ગયા ને અક્ષર રહ્યા.
દેડકાની દોડ તળાવ સુધી.
બી કંઈ ફળ જોવા ન બેસે.
આંકડા ભેગો અલ્લાયો.
હૈયાએ કહ્યું ને હાથે કર્યું.
ત્રાપો નહીં તો તુંબડી!
કાંટે કાંટે જુદો ડંખ.

રતિલાલ 'અનિલ'

પાનાંની કોઈ પણ રમતમાં ઇશારતને કે કોઈ પણ ગેરરીતિને સ્થાન નથી જ; એ તો રીતસરની ચોરી જ કહેવાય. પત્તું પછાડવું, નાપસંદ ઊતર વખતે મોઢું મચકોડવું, અમુક વખતે મોટા અવાજે હાથ બોલવા યા ડબલ કરવી (sound Bridge !), અમુક વખતે એવી રીતે બોલવું કે આપણા ભિલ્લુને તેનો માર્મિક અર્થ સમજાય, રમતની વચમાં સ્કોર (score) કેટલો છે તે ધ્યાન ઉપર આણવું વગેરે ખોટી ટેવોથી તો દૂર જ રહેવું. બ્રિજની જ્યારે મૅચ રમાય છે ત્યારે આ બધી વસ્તુઓની નોંધ લેવાય છે અને તેવે વખતે, તેની શિક્ષાના ચોક્કસ નિયમોનો અમલ પણ થાય છે, જે આપણે આગળ જોઈશું. માટે **શુદ્ધ અને પ્રમાણિક રમત રમવાનો જ આગ્રહ રાખવો.**

બ્રિજની રમતનો પાયો બરોબર સમજો. સરબાજીના સિદ્ધાંત બરાબર ખયાલમાં રાખો, ને તેના માર્કની વિશિષ્ટ પદ્ધતિ યાદ કરી લો. સામાવાળાના અને પોતાના માર્ક ક્યારે કેટલા છે અને પછીની રમતમાં આપણે હાથ બોલીને યા સામાવાળાને ડબલ ખખડાવીને લાભ લેવો કે કેમ એ બધી વસ્તુઓની વિચારણા શીખી લો. એ બધું તમને કાંઈ મહિના બે મહિનામાં આવડવાનું નથી; પણ તેથી નિરાશ થયા વિના, રમત રમતાંરમતાં, પોતાની ભૂલો સુધારતા જવું. પરંતુ સૌ પહેલાં એક મુદ્દો ચોક્કસ ગોખી રાખો કે **રમત ફાજલ સમયમાં જ રમવા માટે છે.** ગમે ત્યારે, ઉજાગરા કરીને, ઘરનાં માણસોને અગવડમાં નાખીને, યા પોતાના અગત્યનાં કે જરૂરી કામના ભોગે કોઈ રમત ન જ રમે. રમત રસપ્રદ ને બુદ્ધિગમ્ય છે એટલે સૌને તેમાં આનંદ ભલે લેવડાવો, પણ તેનો અતિરેક કરીને તેને ઘૃણાસ્પદ ન બનાવશો.

ભલભલા નિષ્ણાતો પણ ભૂલો કરે છે. દુનિયાભરની ચૅમ્પિયનશિપની કેટલીક બાજીમાં થએલી ભૂલો આપણે જોઇએ તો આશ્ચર્ય થાય! પણ દરેક ખેલાડી પોતાની વિચારસરણી ને અનુમાન મુજબ રમે એ અનુમાન ખોટું યે પડે! અરે, દીવા જેવી સ્પષ્ટ ને મૂર્ખાઈ ભરેલી ભૂલો પણ શરૂઆતમાં થવાની જ; પણ આથી નિરાશ ન થવું. રમત સુધારવાનો રસ્તો તો, વારંવાર શક્ય તેટલી કાળજીથી રમત રમવી તે જ છે.

બ્રિજની બીજી એક વિશેષતા એ છે કે **દરેક બ્રિજ રમનાર પોતે જેટલો તે રમતમાં હોશિયાર હોય છે તેનાથી પોતાની જાતને વધુ હોશિયાર માને છે.** આ એક સત્ય છે. માટે દરેકે પોતાની ત્રુટિઓ ખયાલમાં રાખી, રમતનો ગર્વ તો ન જ કરવો.

બ્રિજની સૂચનાઓ ટૂંકાણમાં ઉપર જણાવી. માર્ક વગેરે પણ સૌને બરાબર યાદ થઈ ગયા હશે. માટે હવે જેવી આવડે તેવી રમત રમવાની શરૂ કરો. હવે એક સુંદર કોયડો રજૂ કરી, પછી બ્રિજ શી રીતે રમવી, હાથ ક્યારે બોલવા, બચાવ શી રીતે કરવો વગેરેની સળંગ માહિતી શરૂ કરીશું.


ગયા અંકના લખાણમાં કેટલીક છાપભૂલો રહી જવા પામી હતી, જેના સુધારા આ પ્રમાણે છે:

પૃ. ૪૪૩ ૨જું કૉલમ ૨૪મી લીટી : 'કહી' શકો નહિ, 'કરી' શકો જોઇએ.
,, ૪૪૩ ,, ૩૩મી લીટી પહેલી 'બાજુ'માં નહિ, 'બાજી'માં જોઇએ.
,, ૪૪૪ ,, ૪થી લીટી little slamના ૮૫૦ નહિ, ૭૫૦ જોઇએ.
,, ૪૪૫ ૧લું કૉલમ ૩જી લીટી ,, ,, ના ૧૫૦ નહિ, ૫૦૦ જોઇએ.
,, ૪૪૫ ૨જું કૉલમ છેલ્લેથી બીજી લીટી ♣7 ને બદલે ♣J જોઇએ.

એક નવો પ્રશ્ન

♠ K
♥ Q 8 2
♦ 8 5
♣ —

♠ 10
♥ J
♦ Q J
♣ Q 8



♠ —
♥ 7 4 3
♦ 9
♣ 7 5

♠ Q 6
♥ 9 5
♦ —
♣ J 9

સર લાલ છે. પહેલી ઊતર દક્ષિણની છે. ઉત્તર દક્ષિણે ગમે તે બચાવ સામે, બધા એટલે છએ છ હાથ કરવાના છે. દરેક વાચક આ સાદો પ્રશ્ન ઉકેલવા પ્રયત્ન કરે અને શક્ય હોય તે વાચકો તેનો જવાબ પોસ્ટ કાર્ડ પર લેખકના સરનામે મોકલી આપે. જવાબ આવતા અંકમાં.

બિનસરનો સૂર્યોદય


લેખક • **નવનીત પારેખ**

કૌસાનીમાં પૂજ્ય સ્વામી આનંદ સાથે એક સપ્તાહ રહીને હું અલ્મોડા આવ્યો. બપોરે ભોજન સમયે તો બસ અમને ઠેકા સુધી પહોંચાડી ગઈ. મારી સાથે કેવળ મારા રસોયા-સાથી, ભાઇ પન્નાલાલ હતા. અમે જે મિત્રને ત્યાં ભોજન લેવા ગયા ત્યાં જ મારા પૂર્વપરિચિત યોગી ભાસ્કર મળી ગયા. મૂળ અમદાવાદનાં બ્રહ્મ-ક્ષત્રિય કુટુંબના ભાસ્કરજી છેલ્લાં વીસેક વર્ષથી હિમાલયમાં જ વસે છે. બાર કે તેર વર્ષ સુધી તેઓ લગાતાર વરસોવરસ કૈલાસ જતા હતા ને હવે બિનસર જવાના માર્ગે 'ખાલી' નામના સ્થળે વસવાટ કરે છે. તેઓ એ જ દિવસે બપોર પછી પોતાને સ્થળે-'ખાલી' જવાના હતા, એટલે મને પોતાની સાથે ખાલી આવવાનો ઘણો આગ્રહ કર્યો તથા બીજે દિવસે વહેલી સવારે બિનસર લઈ જઈ ત્યાંથી સૂર્યોદયના વિવિધરંગી પ્રકાશમાં મધ્ય-હિમાલયની સળંગ પર્વતમાળાનું અનુપમ દશ્ય બતાવવાનું આકર્ષણ પણ બતાવ્યું. બિનસરથી દેખાતું આ હિમા-ચ્છાદિત ગિરિમાળાનું લોકવિશ્રુત દશ્ય જોવાની મહેચ્છા તો મને ઘણાં વર્ષોથી હતી જ, તેમાં આ તો ભાવતું હતું અને વૈદે કહ્યું.

બપોર પછી સાડા ચારે અમે અલ્મોડાથી નીકળ્યા. ખાલી કેટલું દૂર છે તેની મને ખબર નહોતી તેથી નીકળવામાં અમે મોડા થયા છીએ એ મને ન સમજાયું. ઉત્તર દિશાએ જતી પગવાટ પકડીને અમે ઝપાટાબંધ ચાલવા લાગ્યા. ભાસ્કરજીની ચાલ આટલી વેગીલી છે તે તો મને ત્યારે જ જાણવા મળ્યું. તેમની વાગ્ધારા પણ એટલી જ વિપુલ અને વેગીલી છે, તેથી માર્ગનું અંતર તેમજ સમય બંને કેમ કપાઈ ગયાં તેની અમને ખબર ન રહી. અલ્મોડાથી બે માઇલે 'નારા-યણ-તેવાડી-દેવાલ' નામનું ગામ આવ્યું. અલ્મોડાનું તે એક પરું જ છે અને ત્યાં સંખ્યાબંધ દુકાનો તથા ઘર આવેલાં છે. પહાડી લોકો ટૂંક-માં તેને 'નેન તાડી દેવાલ' કહે છે. શ્રી ભાસ્કરજીએ સમજાવ્યું કે મૂળ 'ત્રિવેદી' ઉપરથી આ 'તેવાડી' અથવા 'તેવારી' શબ્દ ઊતરી આવ્યો છે.

થોડે દૂર ગયા પછી અમારી પગદંડી ઇશાન દિશાએ વળી અને કાસારદેવીનો પહાડ અમારી ડાબી બાજુએ રહી ગયો. કાસારદેવીની ધાર તથા તેને પડખે આવેલી કાલીમટની ટેકરી ઉપરનાં પુષ્ટ દેવદાર વૃક્ષો સમીરની લહેરમાં ડોલતાં હતાં, જ્યારે આસપાસ ચીડનાં જંગલ તથા બાંજ અને બૂંસની ઝાડી આવેલી હતી. બાંજ વૃક્ષ ઓક(oak)-નો એક પ્રકાર છે અને પહાડોમાં બન્ને બળતણ માટે તથા કોલસા બનાવવામાં અત્યંત ઉપયોગી ગણાય છે. બૂંસવૃક્ષને અંગ્રેજીમાં હોડો-ડેન્ડ્રન (Rhododendron) કહે છે અને સમસ્ત હિમાલયમાં તે ઠેર-ઠેર જોવા મળે છે. વસંતઋતુમાં તેના ઉપર લાલ સિંદૂરિયા તેમજ ઘેરા પીળા રંગનાં ફૂલો બેસે છે ત્યારે આખાયે વનની શોભા અલંકારોથી સજેલી લલનાની જેમ ખીલી ઊઠે છે. કોકવાર તેની શાખાઓ પર આછાં જાંબલી ઑર્કિડનાં ફૂલો પણ ડોકિયાં કરતાં હતાં.

બે કલાકમાં તો અમે છ માઈલ કાપી નાખીને દીનાપાણી ગામે આવી પહોંચ્યા. આટલી ઝડપથી તો હું ભાગ્યે જ કોઇ વાર પણ ચાલ્યો હોઈશ. દીનાપાણીમાં તો બેત્રણ ઘર તથા એક ડાકઘર (પોસ્ટ-ઑફિસ) જ હતાં. બાજુમાં જ ચાની એક દુકાન હતી તેમાં અમે પ્રવેશ્યા. બે કલાકના અવિરત પાદક્રમણ પછી થોડા વિશ્રામની પણ જરૂર હતી જ. દીનાપાણી પણ ધાર ઉપર વસેલું ગામડું છે. ધારની બંને બાજુ ચીડનાં જંગલ હતાં અને ઉત્તર દિશામાં હિમ-શિખરોની



ભાગીરથી પર્વતવૃંદ : ગોમુખની ઉપર (ફોટો • નવનીત પારેખ)

લાંબી હારમાળા સૂર્યાસ્તનાં છેલ્લાં કિરણોમાં ઝગમગતી હતી. કૌસા-નીમાં જ પૂ૦ સ્વામી આનંદે મને એ બધાં શિખરોનો પરિચય કરાવ્યો હતો તેથી એ સૌ નિકટનાં આપ્તજનો હોય તેમ એમની સાથે મનો-મન જ સંભાષણ કરતો ઊભો. ત્યાં તો ભાસ્કરજીએ હાંક મારી કે સાંજ પડી ગઈ હતી ને અમારે હજુ ચાર-પાંચ માઈલ કાપવાના બાકી હતા.

પોતપોતાની લાઠી પકડીને અમે ઝપાટાભેર ખાલીની દિશામાં ચાલ્યા. પગદંડી ઇશાન દિશામાં જતી હતી. શરદ ઋતુ પૂરી થઇને હેમંત બેસી ચૂકી હતી, તેથી દહાડો ઘણો ટૂંકો હતો અને ટાઢ પણ વધતી જતી હતી. જોતજોતાંમાં તમસનું સામ્રાજ્ય વ્યાપી ગયું. હું મજાકમાં બોલ્યો, 'तमसो मा ज्योतिर्गमय' અને તરત પાછળથી મહા-રાજ પન્નાલાલે ટૉર્ચ સળગાવી અમારી પગદંડી ઉપર પ્રકાશ નાખ્યો. ભાસ્કરજી પાસે પણ એક નાની ટૉર્ચ હતી, જેના અજવાળે અમે ઝડપથી પણ ચોક્કસ પગે આગળ ધપ્યા. આસપાસની ઝાડીમાં પણ અસંખ્ય આગિયા અમારા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા ટમટમી રહ્યા હતા. કવચિત્ કોઈક પક્ષીનો ટહુકાર આ અરણ્યની અગાધ શાન્તિને તોડવાને બદલે તેની ગહનતા સૂચવતો હતો. અમે ત્રીસેક અક્ષાંશ જેટલા ઉત્તરમાં હતા તેથી અમારી સામે જ ધ્રુવનો તારક સ્પષ્ટ ચળ-કતો હતો, અને સપ્તર્ષિનું તારકવૃંદ તેની પરિક્રમા કરી રહ્યું હતું. અમે કૈલાસયાત્રાના તેમજ તિબેટના અમારા અનુભવોની પરસ્પર આપલે ન કરતા હોત તો આ ગાઢ અંધકારમાં માર્ગ કાપવો ઘણો કઠણ થઈ પડત.

છેવટે રાતના નવ વાગ્યાના શુમારે અમે ખાલી મુકામે આવી પહોંચ્યા. ભાસ્કરજીના પિતાશ્રી તથા બીજાં માણસો તો બધું બંધ કરીને નિદ્રાધીન પણ થઈ ગયાં હતાં એટલે અમારે ખૂબ બૂમો પાડીને તથા બારણાં ધમધમાવીને તેમને જગાડવા પડ્યાં.

ભાસ્કરજીએ માર્ગમાં જ મને 'ખાલી' વિષે ઘણી માહિતી આપી હતી. મૂળે આ મિલકત (એસ્ટેટ) એક મોટા અંગ્રેજ અમલદાર શ્રી વિલ્સનની હતી. આજથી સાતઆઠ દાયકા અગાઉ ઘણા નિવૃત્ત થએલા અંગ્રેજ અમલદારો કુમાઉંના પહાડોમાં તેમજ સિમલા-મસૂરી બાજુએ જઈ વસેલા હતા ને ત્યાં ચાના બગીચાઓ તથા ફળફળાદિની વાડીઓ ઊભી કરી હતી. જમીન તો તેમને સરકારે પાણીને મૂલે આપી હતી અને પહાડી વસતિ તો બધી તેમની જ ગુલામ. માંડ એક ટંક ખાવા મળે એટલી મજૂરી આપીને તેમની પાસે વેઠે કામ કરાવે. ખાલી પણ બિનસરની જ ધાર ઉપર વસ્યું હોવાથી ત્યાંથી પણ હિમ-શિખરોનું ભવ્ય દશ્ય જોવા મળે છે. બિનસરથી હજારેક ફીટ નીચું હોવાથી

શિયાળામાં ત્યાં ટાઢ પણ ઓછી પડે છે. અહીં અંગ્રેજ અમલદારે બાંધેલો બંગલો વિશાળ અને બધી સગવડવાળો હતો. આશરે ત્રીસેક વર્ષ ઉપર વર્ધાવાળા સ્વ૦ જમનાલાલજી બજાજે ગાંધી સેવાસંઘ માટે આ મિલ્કત એ અંગ્રેજ પાસેથી ખરીદી હતી અને પાછળથી ગાંધી સેવાસંઘે તે શ્રી રણજિત પંડિતને વેચી હતી. શ્રી પંડિતના દેહાન્ત પછી શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત પાસેથી શ્રી ભાસ્કરજીએ તે ખરીદી હતી. શ્રી જવાહરલાલજી તેમજ બીજા ઘણા દેશ-નેતાઓ અને દેશ-સેવકો અહીં રહી ગયા છે.

રાત્રે મહારાજે ખીચડી પકાવી તેનું વાળુ કરીને અમે સાડા દસે સૂતા. ઠંડી પણ ખાસ્સી હતી. બીજે દિવસે વહેલી સવારે તો અમે બિનસર પહોંચી જઈને ત્યાંના 'ઝંડા-શિખર' પરથી સૂર્યોદયનું ભવ્ય દૃશ્ય જોવાનું ગોઠવ્યું હતું. સાંજના ચાર કલાકમાં ઉતાવળે દસ માઇલ કાપીને આવ્યા પછી હું થાકીને ઘસઘસાટ ઊંઘતો હતો, ત્યાં તો પરોઢના (કે રાતના?) સાડા ત્રણ વાગ્યે ભાસ્કરજીએ મને જગાડ્યો. બિનસર પહોંચી જઇને સૂર્યોદય જોવો હોય તો અત્યારે જ ખાલીથી નીકળવું જોઈએ. મનુષ્યની મહેચ્છાઓ ને મહત્ત્વાકાંક્ષાઓએ હમેશાં તેની શારીરિક મર્યાદાઓ ઉપર સરસાઈ મેળવી છે. મનનો અડગ નિર્ધાર શરીર પાસે શું શું નથી કરાવી શકતો? થોડી જ વારમાં ભાસ્કરજી અને હું હાથમાં એકએક ટૉર્ચ લઇને નીકળી પડ્યા. કૃષ્ણપક્ષની રાત્રિ હતી તેથી અંધારું ઘણું હતું, પરંતુ નભોમંડળમાં અનેક તારાઓ ટમટમતા હતા. મૃગશીર્ષનું નક્ષત્ર આથમવાની તૈયારી કરતું હતું. હિમાલયમાં બ્રાહ્મમુહૂર્તના સમયે બ્રહ્મ તથા અદ્વૈત વેદાન્તના જ વિચારો સ્ફૂરે; તેથી અમે અંતર્મુખ બનીને મૂગે મોઢે આગળ ચાલ્યા.

ચીડ-બાંજના જંગલમાંથી માર્ગ કાપતા બે કલાકે અમે બિનસર પહોંચ્યા. હવે ભળભાંખળું થયું હતું તેથી અમે ટૉર્ચ બુઝાવી નાખી. બિનસર નાનું ગામ છે અને ત્યાં કાયમી વસતિ ઝાઝી નથી. પણ અહીંની આબોહવા તથા અહીંથી દેખાતા અપૂર્વ દૃશ્યને લક્ષમાં રાખીને અલ્મોડાના ત્રણચાર આગેવાન વેપારી શાહ કુટુંબવાળાઓએ અહીં કેટલાક બંગલાઓ બાંધ્યા છે. અહીંની આબોહવામાં ફળફળાદિ પણ સારાં ઊગી શકે છે તેથી તેમણે અહીં સફરજન, પીચ, આલુ-બુખારા, ખુમાણી વગેરે ફળોની વાડીઓ ઊભી કરી છે.

અમે બિનસર પહોંચ્યા ત્યારે ગામલોકો હજુ સૂતા હતા, તેથી અમે સીધા ઝંડા-શિખર તરફ ચડવા માંડ્યું. (અગાઉ જે દિવસે આકાશ સ્વચ્છ હોય અને સામેનાં હિમશિખરો સ્પષ્ટ જોઈ શકાતાં હોય તે દિવસે આ શિખર પર એક ઝંડો ફરકાવવામાં આવતો, જેથી આસપાસના લોકોને તેની જાણ થતી. આવી વ્યવસ્થા નૈનીતાલના પહાડની ટોચ પર પણ રાખવામાં આવતી હતી. આને લીધે જ બિનસરના આ શિખરને ઝંડાશિખર કહે છે.) પરોઢની ટાઢમાં આ વ્યાયામ અમને મીઠો લાગ્યો. એક કલાકે અમે શિખરની ટોચ પર પહોંચ્યા ત્યારે સાડા-છ ઉપર પાંચ મિનિટ થઈ હતી.

બિનસરનું આ ઝંડાશિખર અપૂર્વ સ્થળ છે. અહીં ઉત્તર દિશામાં વાયવ્યકોણથી શરૂ કરીને છેક ઈશાનકોણ સુધી પથરાએલી મધ્ય હિમાલયની અનંત પર્વતમાળાનું અનુપમ દૃશ્ય જોવા મળે છે. પૂર્વ-પશ્ચિમ એકબીજાના ખભા મિલાવીને અડોઅડ ઊભેલાં અનેક હિમાચ્છાદિત શિખરોની આ હારમાળા બસોથી અઢીસો માઈલ લાંબી પથરાએલી જોઇ શકાય છે. સૂર્યોદય થવાને હજુ વાર હતી, છતાં પરોઢના ઉજાસમાં પાસેના પહાડો સ્પષ્ટ જોઇ શકાતા હતા, જ્યારે દૂરનાં પૂર્વપશ્ચિમ બાજુનાં શિખરોની ઝાંખી રૂપરેખા છાયાચિત્ર જેવી નજરે પડતી હતી. શિખરની ટોચ પર બધે હિમકણો જામી ગયાં હતાં. જાણે કે ભૂમિ પર મલમલની પાતળી ચાદર પાથરી ન હોય!

ઉત્તર દિશાએથી પવનનો સુસવાટો આવ્યો અને અમે હેમન્તનો ચમકારો અનુભવ્યો. અમે નખશિખ ઊની વસ્ત્રોમાં સજ્જ હતા, છતાં પણ રવિ દેવતાની ગેરહાજરીમાં ખાસ્સી ટાઢ અનુભવતા હતા અને અમારો કંપ દૂર કરવા દસ્તાના (હાથમોજાં) પહેરેલા હાથ મસળતા હતા. ભાસ્કરજીએ એક યુક્તિ અજમાવી. આસપાસનાં બાંજ વૃક્ષોની સૂકી ડાંખળીઓ વીણી લાવ્યા અને સૂકાં પાદડાં સાથે ભેળવીને બેચાર મિનિટમાં જ તાપણી કરી. હવે હું સજીવન થએલો લાગ્યો અને મેં પ્રાચીની દિશામાં મીટ માંડી. ઉષઃકાળ વીતી ચૂક્યો હતો અને અરુણની સવારી આવી પહોંચી હતી. તેના સાત અશ્વો, સાત રંગોને રૂપે ગગનમાં પોતાનું સામ્રાજ્ય વિસ્તારી રહ્યા હતા.

છ ઉપર પંચાવન મિનિટે અમારી સન્મુખ હાથવેંતમાં ઊભેલા નંદાદેવીના શિખરની ટોચ ઉપર સૂર્યનું પ્રથમ કિરણ પડ્યું. દેવી નંદાના મસ્તક ઉપર શોભતા કિરીટમાં જડેલા કોઈક કોહિનૂરની જેમ તે ચમકવા લાગ્યું. શિખરને આદિત્યદેવનું શર વાગ્યું હોય તેમ તેની ટોચ પરથી રક્તધારા નીચે વહેવા લાગી અને જોતજોતાંમાં આખું યે શિખર તામ્રવર્ણી બની ગયું. ગઢવાલ તેમજ કુમાઉં વિસ્તારમાં આ નંદાદેવીનું શિખર સૌથી ઊંચુ (૨૫,૬૪૫ ફીટ) છે અને જાણે કે તે પુરવાર કરવા જ સૂર્યનું પહેલું કિરણ તેની ટોચ પર પડ્યું. થોડી જ પળોમાં મુખ્ય શિખરની પડખેનું શૃંગ (Nanda-Devi East) પણ ચમકવા લાગ્યું. પછી તો હોળીના દિવસોમાં મિત્રો એકઠા મળી એકબીજાને લાલ પીળા રંગે રંગી નાખવાની હોડ રમે તેમ પૂર્વ-પશ્ચિમનાં બધાં શિખરો તામ્રવર્ણી બની ગયાં. પરંતુ હું તો રહ્યો વાણિયો! કાંઈ તાંબાથી સંતોષ થાય? સુવર્ણની પ્રાપ્તિ થાય તો જ તૃપ્તિ મળે! મારી ઇચ્છા સમજી ગયાં હોય તેમ નંદાદેવીએ પોતાનાં વસ્ત્ર-પરિધાન બદલ્યા ને સોનેરી અંચલ ઓઢ્યો. આસપાસના પહાડોએ પણ તેનું અનુકરણ કર્યું.

રંગોની આ રમત જોવામાં અરધો કલાક કેમ વીતી ગયો, તેનું અમને ભાન પણ ન રહ્યું. લગભગ સાડાસાતે અમારા ઝંડાશિખર ઉપર પણ સૂર્યનો પ્રકાશ પડ્યો અને અમે નવચેતન અનુભવ્યું. સાગેના પહાડો પણ લાલ સામ્યવાદ છોડીને રાષ્ટ્રવાદી બન્યાં હોય તેમ સફેદ ખાદીનાં વસ્ત્રોમાં શોભતા હતા. અમે મૌન તોડીને હવે આ બધાંની ઓળખ કરવા માંડી. સુદૂર પશ્ચિમ ક્ષિતિજ ઉપર નાનકડા ડુંગર જેવો લાગતો પહાડ તે બંદર-પૂંછ. હનુમાનજીએ પોતાની પૂંછડી પર બાંધેલાં ચીંથરાં સળગાવીને લંકા-દહન કરેલું તે પ્રસંગના સ્મૃતિચિહ્ન રૂપે શું આ નામ અપાયું હશે? બંદરપૂંછની પૂર્વે ગંગોત્તરી વિસ્તારનાં શિખરો ચમકતાં હતાં, જેમની તળેટીએ આવેલા હિમ-પ્રવાહોને છેડે, ગોમુખ પાસે માતા ભાગીરથીનું ઉદ્‌ગમ સ્થાન આવેલું છે. જગન્નાથ પંડિતની 'ગંગાલહરી' યાદ કરતાં અમે પૂર્વમાં નજર ફેરવી તો કેદારનાથનું ગગનચુંબી શિખર ઓળખી શકાયું, અને તરત કેદારનાથ પાસે પદ્માસન વાળીને ધ્યાનસ્થ બેઠેલા ભગવાન શંકરાચાર્યનું સ્મરણ થયું. કેદારનાથની પડખે જ બદરીનાથનાં શિખરો આવેલાં છે. આ ચાર શિખરોનો સમૂહ કોઈ હિમાચ્છાદિત દુર્ગના જેવો શોભે છે અને તે 'ચૌખંભા' (ચાર-સ્તમ્ભ)ના નામે ઓળખાય છે. આ દીવાલની બગલમાં જ ઊભું હોય તેમ નીલકંઠનું તીક્ષ્ણ શૃંગ ઉન્નત મસ્તકે પોતાની અજેયતા સૂચવતું હતું. આ જ દિશામાં પાછળ ઝાંખા દેખાતા પહાડો તે માના-શિખર, મુકુટ-પર્વત, કામેટ તથા હાથી-પર્વત હશે એમ અનુમાન કર્યું, ત્યાંથી પૂર્વમાં વળતાં નંદા-ઘૂંટીનું ટોપચું પોતાના નામને સાર્થક કરતો આકાર ધારણ કરતું હતું. નંદા-[illegible] ત્રિશૂળની ભવ્ય

દીવાલ અભેદ્ય કિલ્લેબંધીની જેમ અડીખમ ઊભી હતી. તેનાં ત્રણ મુખ્ય શિખરો ભગવાન શંકરના આયુધની યાદ આપતાં હતાં. સમગ્ર હિમાલય જ શિવનું મૂર્તિમંત સ્વરૂપ લાગે છે. તરત મને શિવનો મહિમા ગાતો પુષ્પદન્તનો પ્રસિદ્ધ શ્લોક યાદ આવ્યો :

"असितगिरिसमं स्यात्कज्जलं सिन्धुपात्रे,
सुरतरुवरशाखा लेखिनी पत्रमुर्वी;
लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं
तदपि तव गुणानामीश पारं न याति."

ત્રિશૂળથી પૂર્વે અને અમારી સાવ સામે જ નંદાદેવીનો ઉત્તુંગ પહાડ ઊભો હતો. આ પર્વતને બે શિખર છે. મુખ્ય શૃંગ કોઈ મંદિરના શિખર જેવું ઉન્નત અને પ્રમાણબદ્ધ છે અને તેના પૂર્વ ખભાથી શરૂ થતી ધાર નંદાદેવીના સૂચ્યાકાર પૂર્વશિખરમાં પરિણમે છે. કાશ્મીરને બાદ કરતાં, ભારતના તળ-પ્રદેશમાં આવેલાં બધાં શિખરોમાં નંદાદેવીનું મુખ્ય શિખર સૌથી ઊંચું છે, કારણ કે હિમાલયના સૌથી ઊંચા પહાડો તો બધા નેપાલ તથા સિક્કિમમાં આવેલા છે. નંદાદેવીથી પૂર્વમાં પથરાએલો પહાડ નંદાકોટનો છે. તેનું ધવલ શિખર જાણે કોઈ તંબૂ ઊભો કર્યો હોય તેવું દેખાતું હતું. આ શિખરની ધાર ફરસીના પાના જેવી લાંબી તથા તીક્ષ્ણ છે તેથી પહાડના લોકો તેને 'પરશુરામ' અથવા 'બન-કટિયા'ના નામે પણ ઓળખે છે. આ પહાડની બાજુમાં પાસે જ પિંઢારીનો જાણીતો હિમ-પ્રવાહ(ગ્લેશિયર) આવેલો છે.

નંદાકોટની યે પૂર્વે છ ગગનભેદી શિખરોનું એક વૃંદ ખભા મિલાવીને ઊભું હતું. પુરાણપ્રિય ભારતના લોકો તેને પાંચ પાંડવો તથા છઠ્ઠી દ્રૌપદીના ચૂલા તરીકે ઓળખે છે અને આ પર્વતવૃંદ પચ-ચુલ્હીના નામે ઓળખાય છે. આમાંનું સૌથી ઊંચું શિખર તે 'યુધિષ્ઠિર'. વહેલી સવારે પવનના સુસવાટામાં આ શિખરો પરથી બરફના કણો હવામાં ઊડી રહ્યા હતા; જાણે કે પાંડવોના ચૂલામાંથી ધુમાડો નીકળતો ન હોય! આ પહાડોને પડખે થઈને જ મુખ્ય યાત્રામાર્ગ લીપુઘાટ ઓળંગીને તિબેટમાં કૈલાસ-માનસરોવર જવાય છે. તેથી યે દૂર પૂર્વમાં દેખાતાં શિખરો તે પશ્ચિમ નેપાળમાં આવેલા અપી તથા નંપાના પહાડો.

આમ, પશ્ચિમે બંદરપૂંછથી શરૂ કરીને પૂર્વમાં અપી-નંપા સુધી વિસ્તરેલાં અસંખ્ય હિમાચ્છાદિત શિખરોની અનંત હારમાળા જોઈને કોને કિરતારની વિરાટતા અને મનુષ્યની અલ્પતાનું ભાન ન થાય? અમે તો હિમાલય સાથે તદ્રૂપ તથા તલ્લીન બનીને હર્ષોલ્લાસમાં આવી ગયા હતા અને અનિમેષ નયને અમારી આંખોને ઉજાણી કરાવી રહ્યા હતા. કાલિદાસના કુમારસંભવમાંથી :

अस्त्युत्तरस्याम् दिशि देवतात्मा
हिमालयो नाम नगाधिराजः

વગેરે શ્લોકો અમે મોટેથી લલકારવા માંડયા. કાલિદાસે હિમ(બરફ)ને હિમાલયનું એક લાંછન અથવા દોષ કેમ ગણ્યો છે તે મને સમજાયું નથી. હિમ વિનાનો હિમાલય જ કેમ સંભવી શકે? તેને તો હિમાલયનું ભૂષણ જ ગણવું જોઈએ. સફેદ ચાદર ઓઢેલાં આ હિમાચ્છાદિત શિખરોની હારમાળા આપણા નૌકાદળના સફેદ ગણવેશ પહેરીને, ખભા મિલાવીને ઊભેલા નાવિકોની શિસ્તબદ્ધ હરોળના જેવી શોભતી હતી; અથવા તો કોઈ જૈન દેરાસરની ભમતીમાં શ્વેતામ્બર પહેરીને બેઠેલા ચોવીસ તીર્થંકરોની હાર જેમ તે ધ્યાનસ્થ બેઠેલાં લાગતાં હતાં.

મારે સાંજ પડયે અલ્મોડા પહોંચી જવું હતું તેથી ઘણી અનિચ્છાએ પણ બિનસરના આ ઝંડાશિખર પરથી નીચે ઊતરવું પડયું. પરંતુ આજનો સૂર્યોદય તો ચિરસ્મરણીય જ રહેશે.

૫૦૧ ('કુમાર' અંક ૪૨૦)

મધ્ય હિમાલયની ગિરિમાળાનાં વિખ્યાત શિખરો



કુમાઉં-નેપાલના પ્રદેશમાં આવેલા મધ્ય હિમાલયની ઉચ્ચ શિખરમાળાઓનો સ્કેચ. હિમાલય-આરોહણ માટે ઈ. ૧૯૩૬માં આવેલી સ્વિટ્ઝર્લૅંડની પહેલી ટુકડીના બે સભ્યો આર્નોલ્ડ હાઈમ અને ઑગસ્ટ ગૅન્સરે 'ધ થ્રોન ઑવ ધ ગૉડ્ઝ' (દેવોનું સિંહાસન) નામથી એક અત્યંત સુંદર ને રસમય સચિત્ર પુસ્તક લખ્યું છે. તેમાંથી લીધેલું આ આલેખન મિ. ગૅન્સરે, બિનસરની ઉપર આવેલા ૭૮૭૦ ફૂટ ઊંચા ઝંડા-શિખર નામે પર્વત ઉપરથી, કુદરત પરથી સપ્રમાણ ઉતારેલું છે. કેદારનાથથી નંદાકોટ સુધીનાં તેમાં દર્શાવેલાં શિખરો વચ્ચેના વિસ્તારનું અંતર ૯૦ માઈલનું થાય છે. દરેક શિખર ઉપર લીટી દોરીને લખેલાં તેનાં નામને પડખે દર્શાવેલા આંકડા તે શિખરની ઊંચાઈ ફૂટમાં દર્શાવે છે.

પચ્ચીસ વર્ષ પહેલાં


માગશર ૧૯૯૦
અંક ૧૨૦

"વિશાલ જ્ઞાનસાગરના જલમાંથી અંજલિઓ ભરવા મથતા પંદર વર્ષના એક કાઠિયાવાડી હાઇસ્કૂલના વિદ્યાર્થીએ, ઈ. ૧૯૧૨ના જાન્યુઆરીની એક સવારે આસમાની પૂઠાનું એક નવું માસિક આવેલું જોયું અને એક જ બેઠકે તેમાંથી લઇ શકાય તેટલી તૃપ્તિ લીધી. એ વેળાએ નીકળતાં માસિકોમાં કંઈક નવું જ સ્વરૂપ ધારતા એ નવા આગન્તુકે એના બાલક મન ઉપર ઊંડી છાપ પાડી દીધી.

ગુજરાતી સામયિકોમાં પોતાનું વિશિષ્ટ સ્થાન ધારનાર તથા ટકાવી રાખનાર એ આસમાની રંગના પૂઠાવાળા માસિક 'સાહિત્ય'-ના વાચનનું પાન તે પછી તેણે હમેશાં, લાગટ ને નિયમિત કર્યું. 'ચર્ચાપત્રો' ને 'ગ્રંથાવલોકનો'ના વિભાગોમાં જણાતાં એના તંત્રીનાં તાટસ્થ્ય, ગૌરવ ને ગિરાભક્તિ જોઇ એ મુગ્ધ થયો.

દલપતરામ જેવા, 'શાણી ગુજરાતી રાણી' ગુજરાતી ભાષાના તે સાચી દાઝવાળા નીડર 'વકીલ' એને જણાયા. ખોટી વાક્યરચનાઓ ને વ્યાકરણદોષથી, અંગ્રેજી ભાષાંતરિયા પ્રયોગોથી, સંસ્કૃત શબ્દોના બોજાથી જ્યારેજ્યારે સરળ, સ્વાભાવિક, ગૌરવગતિ ગુર્જર ગિરાના પ્રવાહને કોઈ અભડાવતું કે રોધતું ત્યારેત્યારે તેની સામે એમનો પોકાર ઊઠચો જ હોય. એમની જાગતી ચોકીઅને નીડર વિરોધેધરેલી લાલ બત્તીઓ પોતાના જેવા અનેકની માર્ગદર્શક છે એ જાણી એનો એ આદરભાવ વધ્યો.

બીજાં થોડાં વર્ષો વીતી ગયાં ને અમદાવાદમાં ગુજરાતી સાહિત્યની છઠ્ઠી બેઠકમાં પ્રમુખ હરગોવિંદદાસને પડખે એક વિચિત્ર ઘાટની પાઘડી-ટોપી પહેરેલી, ભીના વાનની, ભરાવદાર અને કદાવર છતાં ચપળ વ્યક્તિ જુદી તરી આવતી તેણે જોઈ. કોઇએ કહ્યું કે એ 'મટુભાઇ કાંટાવાળા.' એ પરિષદ વેળા થએલી કેટલીક



'જગમગતિનું શતક: શિકાગો ૧૯૩૩' દર્શાવતું જગતમેળાનું સંજ્ઞાચિત્ર. દિક્કાલના અવકાશમાં વેગથી ફરી રહેલી પૃથ્વીનું આ સૂચક અને અસરકારક ચિત્ર છે.

ચર્ચાને અંગે તે પછીના 'સાહિત્ય'ના અંકોમાં અને ત્યાર બાદ સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદ વખતે ભાવનગરમાં 'આમવર્ગને માટે જ સાહિત્ય'ની હિમાયત કરતો એમનો તીણો બુલંદ અવાજ ગાજી ઊઠતો એણે સાંભળ્યો.

ગાંધીજીની પ્રવૃત્તિથી રાષ્ટ્રભાષાને સિંહાસને હિંદી આરૂઢ થઇ તે સાથે રાષ્ટ્રલિપિની ચર્ચા પણ શરૂ થઇ. એ વેળા,ગુજરાતી લિપિનો મરોડ સુંદર,લખાવટ સરળ,દેવનાગરીસાથેનું મળતાપણું વધુમાં વધુ હોવાને લીધે રાષ્ટ્રલિપિ તરીકે પ્રચલિત થવાની શક્યતા મોટામાં મોટી તેની જ છે, એ વિષે સબળ દલીલો સાથેની વકાલતનો એમનો સમર્થ ને પહેલો પોકાર'સાહિત્ય'નાં પાનાંઓ પર પડચો. અને પોતે પોતાના અંતરમાં પણ ઊગેલી ગુજરાતી લિપિ વિષેની માન્યતાને એમના તરફના આ સબળ પોકારથી અનુકૂળ પોષણ મળતું જોઇ એ તરુણના આનંદનો પાર ન રહ્યો."

ગુજરાતી ભાષાના એક સમર્થ ને સહૃદય સેવક અને ત્યારના અગ્રણી માસિક 'સાહિત્ય'ના તંત્રી મટુભાઈ (મગનલાલ હરગોવિંદદાસ) કાંટાવાળા આજથી પચ્ચીસ વર્ષ પર ગુજરી ગયા ત્યારે,આપત્રના આજના તંત્રીની આટલી સ્મરણનોંધ સાથે, આજે તો ભુલાએલા એ વિદ્વાનનું, શ્રી કેશવ શેઠે લખેલું ટૂંકું જીવનચિત્ર છપાએલું તે આજે સ્મરણપાત્ર છે:

"ફાલીફૂલી ફૂલવાડીમાંથી શીળા શેરડા ને છત્રછાયા દેતાં ઘેરઘટાળાં વૃક્ષો એક પછી એક ગન્ધવતીની ગોદમાં લપાય એવો આ કરુણ કિસ્સો છે. એમના પિતાશ્રી રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળા આજથી બે વર્ષ ઉપર—સંવત ૧૯૮૭માં બોલતા ચાલતા ને સંપૂર્ણ શુદ્ધિ સાથે એકાએક હરિશરણ થયા હતા, અને ત્યાર પછી છએક મહિને જ એમનું વિશાળ કુટુમ્બ માતાવિહોણું બની જાય છે! એ 'બા'ની અવસાન-નોંધમાં શ્રી મટુભાઈએ 'સાહિત્ય'માં લખેલા શબ્દો હજી તો લીલા છે: 'રિબાયા વગર, સ્વાભાવિક રીતે એ સ્વર્ગવાસી થઈ. જેવું ધન્ય જીવન હતું તેવું જ ધન્ય મૃત્યુ આવ્યું. અમારે હવે શું ઇચ્છવું રહ્યું છે? એવું ધન્ય જીવન ને અંતે એવું ધન્ય મૃત્યુ આવે એ જ બસ અંતરની ઇચ્છા.'

અને શ્રી મટુભાઇના અંતરની ઇચ્છા, તેમના શબ્દેશબ્દ પ્રમાણે મૂર્તિમંત થએલી આપણે જોઇએ છીએ! પંદરમી નવેમ્બરના બુધવારની સવારે તો પોતે નિયમસર પોતાની મિલમાં જાય છે, કામ ઉપર આરૂઢ થાય છે; અગિયારેકને શુમારે મિલમાં ફરવા નીકળે છે અને ફરતાંફરતાં જ એકાએક ફૂંક નીકળી જાય છે! મજબૂત બાંધો, કદાવર દેહ, નખમાં ય રોગ નહિ,એવા તંદુરસ્ત ને તેજદાર મટુભાઈનું આમ એકાએક અવસાન થાય છે! કેવું ધન્ય જીવન અને સ્વાભાવિક ધન્ય સ્વર્ગવાસ!

અને મટુભાઈ ખરેખર એવા 'ધન્ય' હતા. એમનું હૃદય નિખાલસ હતું. એમના શ્વાસમાં સેવાની સુવાસ હતી; એમની કાયા કર્તવ્યની મૂર્તિ હતી. પોતે મૂડીદાર હતા,છતાં મૂડીવાદના મદથી અણુએ અણુ અલિપ્ત હતા. એમના સરખા બબ્બે મિલોના એજન્ટ એક જ દીઠા, જેમણે પોતાના તમામ કામદારો સાથે પાવાગઢનો પ્રવાસ કર્યો હોય. એ જ એ નિખાલસ દિલના મિલ-એજન્ટ, જેમણે 'મિલ-ઉદ્યોગ વિરુદ્ધ હાથવણાટ'ની હિમાયત વિષે ઐતિહાસિક બની જાય એવી સરસ નોંધ 'સાહિત્ય' માં લખી હતી. પોતે મિલ-એજન્ટ હતા, પણ જાતે હતા શુદ્ધ સ્વદેશી. અને 'શુદ્ધ' એટલે વાણી તેવા જ વર્તનવાળા જન્મસંસ્કારી.

જેવા એ સાચા સ્વદેશી હતા એવા જ સાચા ગુજરાતીહતા. એમ.એ.ની પરીક્ષામાં ગુજરાતી ભાષાને સ્થાન મળ્યા પછી ગુજરાતી લઇને એમ.એ. થનાર મટુભાઈ પહેલા હતા. અને કેવળ પરીક્ષામાં ઉત્તીર્ણ થવા પૂરતો જ ગુજરાતી ભાષાનો ઉપયોગ એમણે ન કર્યો, પરંતુ છેલ્લા શ્વાસ પર્યંત એ માતૃભાષાની સેવા શુદ્ધ ગુર્જર પૂજારી સ્વરૂપે બજાવી.તેમના તંત્રીપદેથી બબ્બે દાયકા થયાં પ્રકટ થતા 'સાહિત્ય' માસિકની નોંધોએ, તેનાં ગ્રંથાવલોકનોએ ઘણા ઊછરતા લેખકોને માતૃભાષા પ્રત્યે સદ્ભાવ અને ભક્તિ, બીજા કોઈ કરતાં વધારે પ્રમાણમાં ઉત્પન્ન કરાવ્યાં છે. ગુજરાતી ભાષાશૈલી પર જાણ્યેઅજાણ્યે પણ ઇંગ્લિશ લેબાસ ચડી ગયો હોય તો તે મટુભાઈની દૃષ્ટિમાંથી ચસ્કી શકતો જ નહિ. તળપદી ભાષા, સાદી છતાં મધુર શૈલી, વ્યાકરણ અને વિરામચિહ્નો સુધીની વાત લક્ષમાં રાખીને એ'ગ્રંથાવલોકન' કરતા. એ ઉપરાંત 'સંસારલીલા' તથા 'વીતક વાતો' અને 'પ્રેમાનંદનાં જ નાટકો' નામે જે

* ત્રણ ગ્રંથો લખ્યા છે તેનું વિશિષ્ટ સ્થાન સાહિત્યસૃષ્ટિમાં છે. ૧૯૧૨માં વડોદરા મુકામે ભરાએલી ચોથી સાહિત્ય પરિષદના એ મંત્રી હતા, અને વડોદરાની સાહિત્યસભાના ખજાનચી ઉપરાંત પ્રમુખને હોદ્દે પણ હતા.

સાહિત્યસૃષ્ટિમાં જેવા નિરાડંબરી સાક્ષર હતા તેવા જ એ સમાજસૃષ્ટિના ચુસ્ત સંસારસુધારક હતા; પણ સુધારાના અન્ધ પૂજક મુદ્દલ નહિ. વડોદરા રાજ્યના છૂટાછેડાને લગતા કાયદા સામે, ઈંગ્લિશતાની વાનરનકલી સુધારાઓ સામે અને પવિત્ર આર્ય મહિલાને લાંછન રૂપ લાગે એ જાતની કેળવણી કે સંસ્કાર સામે તેમણે સખ્તમાં સખ્ત વિરોધનો જે નિર્ઘોષ કર્યો છે તેનું સ્મરણ કરનારને પ્રતીતિ થશે કે મટુભાઈ ઝાંઝવાંનાં જળ કે આગિયાનાં તેજ સરખા સુધારાના સમર્થક નહોતા, પણ આર્યાવર્તને છાજતા સંસારની હિમાયત કરનાર સંયમશીલ સુધારક હતા.

સ્વ. મટુભાઈ હતા નગરના ભૂષણરૂપ નાગરિક, પ્રજાના નમૂનેદાર નેતા અને છતાં નામદાર ગાયકવાડને દિલાસાનો તાર કરવો પડે



પોતાના પેટના પડદા ઉપર હાલતાંચાલતાં ચિત્રો વડે દર્શાવાતી માણસના પેટમાંની પાચનક્રિયાની આખી કુદરતી પદ્ધતિ, આ દોઢ હજાર રતલનો યંત્રમાનવ, ખરેખરા માનવી પેઠે બતાવતો જઇને વીસ મિનિટનું લાંબું ભાષણ આપીને તે વિગતવાર સમજાવે છે.

એટલા રાજપ્રિય હતા. બૅંકના ડિરેક્ટર થવાય, શહેર સુધરાઈના ઉપાધ્યક્ષ થવાય, મુંબાઈ યુનિવર્સિટીની સેનેટમાં જવાય, વડોદરા રાજ્યના પ્રજાકીય વિધવિધ હોદ્દા ભોગવાય કે પાટણના પ્રજામંડળના પ્રમુખ થવાય,—એ સઘળું જ બની શકે છે, પણ હોદ્દાને સાંગોપાંગ શોભાવવો— કાતિલમાં કાતિલ કસોટીમાંથી અણીશુદ્ધ પાર ઊતરીને તીક્ષ્ણમાં તીક્ષ્ણ ફરજનાં કરજ ફેડવાં, તે જ વસ્તુ સ્મરણીય બને છે; અને એવાં ગૌરવશીલ સ્મરણો મટુભાઈ મૂકતા ગયા છે.

વડોદરામાં જન્મ લીધો (તા. ૧-૧૧-૧૮૮૦) અને વડોદરામાં વનપ્રવેશ કીધો; જીવનની ત્રેપન જેટલી શરદો વડોદરે જ ઝીલી અને વડોદરે જ તેમની નીલમલીલી સંસારવાડી ખીલી. આ રીતે મટુભાઇએ પોતાના જન્મવતન-વડોદરાને દીપાવ્યું. માતૃભાષાની અનન્ય ભક્તિ વડે ગુજરાતના માતૃવતનને શોભાવ્યું. સ્વદેશીના વફાદાર પૂજક તરીકે સારા રાષ્ટ્રમંદિરને સમુજ્જ્વલ રાખ્યું; એવા શ્રી મટુભાઈ શ્રીસંપન્ન હતા, ધીસંપન્ન હતા, સંસ્કારપૂર્ણ સંતતિસંપન્ન પણ હતા.''

અમેરિકામાં ત્યારે જગત-પ્રગતિનું એક અદ્દભુત શતાબ્દી પ્રદર્શન ભરાએલું. 'કુમાર'-નો ૩૪૪મો અંક જેમના સ્મરણમાં નીકળ્યો છે તે અકાળે અવસાન પામેલા આપણા પ્રતિભાવાન તરુણ ઇજનેર સ્વ. અનંત પંડ્યા ત્યાં અભ્યાસાર્થે હતા. એમણે મોકલેલી સામગ્રી પરથી તૈયાર થએલા લેખની થોડી વાનગી આજે પણ આકર્ષક લાગે એવી છે:


“અમેરિકામાં મિશિગન સરોવરને તીરે આવેલું શિકાગો શહેર એ દેશમાં તેમ જગતમાં અનેક વિશિષ્ટતાઓ માટે પ્રખ્યાત છે. પ્રચૂર વસ્તી, ધીકતો ધંધો, સૌંદર્યભરી નગરરચના–તેમ બીજી બાજુ માથાં ફરેલી ગઠિયા ટોળીઓ ધરાવતું આ શહેર જગતનાં વયમાં નવજવાન શહેરોમાંનું એક છે, છતાં સૌ કરતાં એણે વધારે અને ઝડપી પ્રગતિ કરી છે. ચાળીસ વરસ પહેલાં (આજથી પાંસઠ વર્ષ પર) ઈ.સ. ૧૮૯૩માં એ શહેરને એક નવો વિચાર સૂઝ્યો. એ સાલમાં કોલંબસને અમેરિકા શોધ્યે ચારસો વરસ પૂરાં થતાં હતાં. એ પ્રસંગ ઊજવવાને શિકાગોએ 'કોલંબસ એક્સ્પોઝિશન' નામનો એક જંગી મેળો ભરેલો, જેમાં જગતની વિવિધ વિચિત્ર ને અદ્દભુત તથા પ્રગતિદર્શક વસ્તુઓ ને સાધનો થએલાં.

તે પછી ચાળીસ વર્ષે–૧૯૩૩માં–શિકાગોએ એવો જ એક બીજો જંગી જગતમેળો ભર્યો. તેનો ઉદ્દેશ શિકાગોના ઇતિહાસનું શતવર્ષી ઊજવવાનો હતો. ઈ. ૧૮૩૩માં માત્ર સાડા ત્રણસો માણસની વસતિવાળું શિકાગો નાનું ગામડું હતું તે દિવસથી માંડીને એ ઉદ્યોગધંધાથી ધીકતું ને માનવવસતિથી ઊભરાતું શહેર થયું ત્યાં સુધીનાં સો વરસના ગાળામાં એ શહેરે જ માત્ર નહિ પણ સમસ્ત જગતે પણ વિવિધ ક્ષેત્રોમાં કેટકેટલી પ્રગતિ સાધી તેનો આંક નજર સમક્ષ ખડું કરે એવું વિસ્તૃત, શિક્ષણદાયી, પ્રગતિદર્શક, રોચક, આનંદજનક અને વિચારપ્રેરક એક ગંજાવર પ્રદર્શન ભરવાની એણે યોજના કરી, અને ત્રણેક વર્ષની તડામાર તૈયારી પછી એ પાર પણ પાડી. જગતના દેશવિદેશથી નવાઈની, જ્ઞાનની, પ્રગતિની અનેકવિધ વસ્તુઓ ત્યાં લાવીને ખડી કરવામાં આવી. વિજ્ઞાન અને ઉદ્યોગનાં ક્ષેત્રોમાં જગત કૂદકે ને ભુસકે કેટલું આગળ વધ્યું છે તેનાં પ્રત્યક્ષ પ્રમાણો સાથેનાં, અદનામાં અદના માણસ સમજી શકે એવાં ચિત્રો, આંકડા, પ્રયોગો ને નમૂનાઓ ત્યાં રજૂ કર્યાં.

એ પ્રદર્શન ખુલ્લું મૂકવાની વિધિ પણ અદ્વિતીય હતી. કોઈ રાજા-મહારાજા, પ્રજાપ્રમુખ કે ધનકુબેરના હાથે એ પ્રદર્શનનો ઉદ્દઘાટન-વિધિ નહોતો થયો, પણ પૃથ્વીથી ૨૪૦,૦૦૦,-



આઠ ફૂટના આ જંગી ફૂલમાં પુંકેસરમાંથી રજ ઊડીને સ્ત્રીકેસર પર કેવી રીતે પડે છે અને બીજનો કેમ ઉદ્દભવ થાય છે તે બધી ક્રિયા જોનાર આગળ મોટા રૂપમાં બની જાય છે.



પુરાણકાળના ગાડાથી માંડીને તે આધુનિક યુગની મોટરકાર સુધી, અંગુઠિયાં એન્જિનોથી માંડી આજનાં ધમધમાટ કરતાં પ્રચંડ લૉકૉમૉટિવ સુધી, સૌથી શરૂઆતની 'ક્લૅરમન્ટ' આગબોટથી માંડીને તે છેલ્લી ઢબની લાઈનરો સુધી, સફર અને માલફેરવણીનાં સાધનોની આખી વિકાસદશા, ક્રમસર, મૂળ જેવડા જ કદનાં વાહનો વડે મેળાના એક વિભાગમાં દર્શાવી છે તેનું ઉપલું મોટું ચિત્ર છે. વચ્ચેની ગોળાકૃતિ તે સૃષ્ટિની વય દરમ્યાન થએલો તેના વિકાસનો ક્રમ દર્શાવતા ઘડિયાળનું દૃશ્ય છે. જેમજેમ એ ચાલે તેમતેમ પડદા ઉપર સમય અનુસાર પ્રસંગો બતાવાતા જાય છે. નીચે સેકન્ડ કાંટો છે. એક ખટકો એટલે આપણાં એક કરોડ વરસ સમજવાં! પાછળથી પ્રસંગોની વિવિધતા વધી જતાં ઘડિયાળ ધીમું થઈ જાય છે ને છેલ્લે ખટકે મનુષ્યનો જન્મ થાય છે.

૦૦૦,૦૦૦,૦૦૦ માઈલ દૂર અંતરીક્ષમાં આવેલા આર્કટુરસ નામના તારાના પ્રકાશ વડે તે ખુલ્લું મૂકાયું હતું! પ્રકાશની ગતિ દર સેકંડે એક લાખ અને છયાશી હજાર માઇલની છે. પૃથ્વીથી જેટલે અંતરે એ તારો છે તે કાપીને અહીં પહોંચતાં એના પ્રકાશને બરોબર ૪૦ વરસ લાગે. એટલે ચાળીસ વરસ પહેલાં ઈ.સ. ૧૮૯૩માં શિકાગોમાં જગતમેળો ભરાએલો તે વખતે પ્રકાશનાં જે કિરણ એ તારામાંથી નીકળ્યાં હશે તે વડે આ પ્રદર્શન ખુલ્લું મુકાય એવી યોજના હતી, ને એ અદ્ભુત યોજના બહુ ખૂબીપૂર્વક સફળતાથી પાર પાડવામાં આવી.


ચાળીસ વરસની અંતરીક્ષની લાંબી સફર કરીને આવેલા એક ઝીણા ગુલાબી કિરણે, આ કાર્ય માટે ફોટો ઇલેક્ટ્રિક સેલવાળા ખાસ યોજાએલા એક યંત્ર મારફત એ પ્રદર્શનની વીજળીની સ્વિચ ઉઘાડી અને આખા પ્રદર્શનને ઝળાંઝળાં કરી મૂક્યું.

અને એ પ્રકાશમાં જગતે શું જોયું? ૩૩૮ એકર જમીન પર ઠાંસીઠાંસીને ગોઠવેલા હજારો નમૂનાઓમાં છેલ્લાં સો વર્ષોના ઇતિહાસની અજાયબી ને વિજ્ઞાનની પ્રગતિના પ્રત્યક્ષ પ્રયોગભવન જેવું જંગી પ્રદર્શન, જે જોઈ કેટલાકે તેને 'યુગદર્શન'નું નામ આપેલું."



સર્ખિસ કચ્ચાદોરિયાં

આ અંકના મુખચિત્ર તરીકે આપેલી અનુકૃતિના સર્જક ખ્યાતનામ ઈરાની કલાકાર સ્વ. સર્ખિસ કચ્ચાદોરિયાં ભારતનાં ગુફામંદિરોની અનુકૃતિઓ કરીને આજથી અઢાર વર્ષ પહેલાં અમદાવાદ આવેલા ત્યારે એમની એ કૃતિઓનું પ્રદર્શન અમદાવાદમાં ભારતકલામંડળના આશ્રયે ભરાએલું, ને અમદાવાદના શ્રીમંત કલાસંસ્કારપોષક સર ચિનુભાઈએ એમની કૃતિઓ ખરીદેલી. એ સમયે બહાર પડેલા 'કુમાર'ના ૨૦૦મા અંકમાં સિલોનનાં સીગિરિનાં ગુફાચિત્રોની એમની અનુકૃતિઓ પૈકીની એક સાથે એમનો ટૂંકો પરિચય છપાએલો તે આજે, એમની ઈરાની કળાની અનુકૃતિ છાપીએ છીએ તે પ્રસંગે નવા વાચકોની જાણ ખાતર અહીં ફરી છાપવો ઉચિત ગણાશે.



કલા-આલેખન: આ મથાળે હવેથી આ વિભાગમાં નિયમિતરીતે કલાનાં કોઈ ગણનાપાત્ર યા સમર્થ રેખાંકનો—આલેખનો આપવામાં આવશે,—એ ઇરાદે, કે વાચકોને નામી કૃતિઓની ગુણવત્તાનો પરિચય થાય, અને કલાના વિદ્યાર્થી તથા આલેખન-શૉખીનોને તેની અનુકૃતિ કરવા માટે એક ઉત્તમ બોધ-કૃતિ મળી રહે. ઉપરનું આ ચિત્ર 'ગેંડો' વિખ્યાત જર્મન કલાકાર આલ્બર્ટ ડ્યૂરરનું એક ઉત્કૃષ્ટ વૂડકટ ગણાય છે.

"એશિયાનાં પ્રાચીન ચિત્રોના અજોડ નકલસર્જક માત્ર નહિ પણ સંજીવક કહી શકાય એવા આ કલાકારે હિંદ-સિલોનનાં અજંતા, બાઘ, બાદામી, સીતાન્નવાસલ, સીગિરિ, કુમાત્ગી વગેરે સ્થળોનાં ચિત્રોનું એકલે હાથે મહાભારત બનાવી લીધું છે. કેટલાં યે નવાં ચિત્રો તેમની વેધક દૃષ્ટિ સામે ફૂટી આવ્યાં છે.

એમનો જન્મ ઈરાનના તબ્રેઝ નગરમાં ઈ. ૧૮૮૯માં થયો હતો. એમણે રોમ, બર્લિન ને પારીસની ઍકેડેમીઓ સેવી છે ને એમનાં કરેલાં ભીંતચિત્રો-(murals)-યુરોપનાં લગભગ બધાં પ્રખ્યાત ચિત્રાલયોમાં ખરીદાયાંછે. પણ એમની પ્રશસ્તિનું માપ છાપેલાં ચિત્રોથી આપવું મુશ્કેલ છે. ખોદાઈ ખવાઈ ગએલી ભીંતો પર જે અસલ ચિત્રો હતાં–નહતાં લાગે છે તે પર આંખ ફેરવીફેરવી, જાદુગરની સમાધિ સાધીને પૂર્વચિત્રિત ભૂમિ અને રેખાવિલાસ ઉપજાવવો એ કોઈ વિરલ શક્તિનું જ કામ છે.

કલાવાર્તા


ઈરાનના શાહ અબ્બાસના રાજમહેલોનાં ખંડિયેરોમાં દેખાતાં કેટલાંક રંગધાબાં બસો વરસથી લોકો જોયા કરતા. તેમાંથી ત્યારના શાહી કલાકારોનો વારસો સજીવન કરીને કચ્ચાદોરિયાંએ પહેલે જ ઝપાટે પોતાની પ્રતિષ્ઠા જમાવી દીધી.

ઈરાની અને મુઘલ કળાને આપણે માત્ર નાનાં ગ્રંથચિત્રોથી જ પિછાનીએ છીએ. મુઘલ દરબારમાં શાહ અબ્બાસના ચિતારા પણ આદર પામ્યા હતા; પરંતુ મોટાં ભીંતચિત્રોના નમૂનાનું અસ્તિત્વ મળ્યું નહોતું. મિ. કચ્ચાદોરિયાંના ઈરાની નમૂનાઓ પરથી લાગે છે કે શાહ અબ્બાસ સુધી તો અજંતાએ પ્રચારેલી રેખાની કળા એશિયામાંથી લુપ્ત થઈ નહોતી.

આ પ્રાચીન ચિત્રકળાની અપાર સૌન્દર્યધારણ શક્તિ દુનિયા ઓળખે તે પહેલાં વિદાય થઈ જાય તેનો ભય ઓળખીને તેનો સંગ્રહ કરવા નીકળી પડેલા આ મહારથીને કલાજગતનું અભિનંદન ઘટે છે. માત્ર આટલી જ તમન્ના સિવાય તેને કોઇની સહાય નથી. તેના કાર્યમાં ત્રાસ ને સંકટો, મુસીબતો ને નિરાશા હોવા છતાં અનુભવદૃષ્ટિ ને કલમકૌશલથી પોતાનું ધ્યેય તે પાર ઉતારે છે. તેમનાં ચિત્રો અસલનું પ્રતિબિમ્બિત્વ સર્વાંશે સાચવવાસાથે, લુપ્ત થએલાં રેખાબંધનો, રંગાવટ ને પાત્રગુંફન પણ સુરુચિપૂર્વક સાચવી લે છે. (જુઓ આ અંકમાંનું ચિત્ર.) **રવિશંકર રાવળ**

ઈરાની કળા

ભારતીય કળાના અભ્યાસીઓ મોટે ભાગે ઈરાની કળાનાં લક્ષણોથી અજ્ઞાત નથી. મુઘલ અમલની સ્થાપના સાથે બાબરે સ્વદેશથી બોલાવેલા કલાકારોની જે અસરે હિંદની તળપદી રાજસ્થાની ચિત્રશૈલીમાં ભળીને મુઘલ શૈલીને જન્મ આપ્યો તે અસર મુઘલ ચિત્રોમાં સ્પષ્ટ તરી આવે છે. તેજસ્વી રંગ-ભભક, ઝીણામાં ઝીણી વિગતો ઉતારવાની બારીકી, આલેખનની સફાઈ અને ગાલીચાની ભાત જેવી માંડણી, એ ઈરાની કલમનાં લક્ષણોએ મુઘલ શૈલી જન્માવી. પણ એના નિર્ભેળ સ્વરૂપનું લાલિત્ય, રંગસફાઈ અને રેખાવિન્યાસ જે અસલી ઈરાની કલમમાં જ જોવા મળે છે તેનો આસ્વાદ આ અંકનું મુખચિત્ર આપશે.



મોકલનાર : મથાળેથી (૧) દેવજીભાઈ વાજા–પોરબંદર, (૨) દેવનાથ મુખજી–અમદાવાદ, (૩) જ્યોતિ ભટ્ટ–વડોદરા, (૪) પોતે શોધીને પ્રકાશમાં આણેલી ગુજરાતની વિરલ શિલ્પકૃતિ 'ત્રિમૂર્તિ' મોકલનાર દીનબંધુ–કઠલાલ; (૫) પ્રમોદ પટેલ–ભરૂચ; (૬) પ્રદ્યુમ્ન તન્ના અને સુનીલ કોઠારી–મુંબાઇ

પ્રત્યેક વર્ષની પેઠે આ દીપોત્સવી નૂતન વર્ષ નિમિત્તે પણ 'કુમાર'ના અનેક મિત્રો અને ચાહકો તરફથી અમને શુભેચ્છાનાં અભિનંદનપત્રો મળ્યાં છે. તે સર્વનો આભાર માનીએ છીએ. એમાંના કેટલાક કલાકાર મિત્રોએ સ્વહસ્તે ખાસ આલેખનો કરી મોકલ્યાં છે, તેમાંથી થોડાંની ચૂંટણી આ સાથે છાપીએ છીએ.



ટિકિટ સંગ્રહ

એ સંસારવ્યાપી શૉખનો વિભાગ

←બાળશુશ્રૂષા ટિકિટ



ભારતના ટિકિટ-પ્રકાશનમાં ગયો (નવેમ્બર) માસ ત્રણ ટિકિટો બહાર પાડીને નોંધપાત્ર બન્યો છે : ૭મી તારીખે દેશભક્ત બિપિનચન્દ્ર પાલની જન્મશતાબ્દી નિમિત્તની, ૧૪મીએ વડાપ્રધાન નેહરુના જન્મદિન નિમિત્તે પળાતા 'બાળદિન'ના સ્મરણમાં 'બાળશુશ્રૂષા' પરની, અને ૩૦મીએ વિજ્ઞાનવિભૂતિ જગદીશચન્દ્ર બોઝની જન્મશતાબ્દી નિમિત્તની. આ છપાશે ત્યારે તો ટિકિટ-શૉખિનોમાં એ જૂની થઇ ગઈ હશે. એ પૈકી બેનાં ફર્સ્ટ ડે કવરની આ છાપો છે, જે પર પાલ બાબુની તસ્વીર, તથા આચાર્ય બોઝે શોધેલા માઇક્રોવેઈવ યંત્રનાં ચિત્રો છે.

યુરોપા

છેલ્લાં ત્રણ વર્ષથી યુરોપમાં એકરસભરી ટિકિટ બહાર પડે છે, અને સંગ્રાહકોમાં તેની ઘણી માગ રહે છે. યુરોપમાં પોલાદ અને કોલસો ઉત્પન્ન કરનારા દેશોનો એક સંઘ છે: 'યુરોપીઅન સ્ટીલ ઍન્ડ કોલ કૅામ્યુનિટી'. ઈ. ૧૯૫૫માં બેલ્જિયમ, ફ્રાન્સ, લકઝમ્બર્ગ, હોલાંડ, ઈટલી અને ફેડરલ જર્મન રીપબ્લિકે મળીને 'યુરોપા' નામથી એક સહિયારી ટિકિટ પાડવાનું ઠરાવ્યું, અને ૧૯૫૬ની ૧૫મી સપ્ટેમ્બરે, ગૅાન્ઝાગ નામે ફ્રૅંચ કલાકારે આલેખેલી ટિકિટ



સૌએ પોતપોતાને ત્યાં બહાર પાડી, જે પર નવરચનાના સૂચક માળખા(પાલખ)ની ઊભી આકૃતિમાં Europa અક્ષરો રચેલા હતા. ૧૯૫૭માં એ છયે દેશોએ પોતપોતાની સ્વતંત્ર ડિઝાઈનની ટિકિટો બહાર પાડી : ફ્રાન્સે ખેતી ને ઉદ્યોગના પ્રતીકોવાળી, જર્મનીએ 'યુરોપા'-નો વૃક્ષાકાર દર્શાવતી, ઇટાલીએ સભ્યદેશોના ધ્વજ ગુંથાઇને E અક્ષર બનતી, બેલ્જિયમે પણ ખેતી અને ઉદ્યોગ દર્શક કારખાનું અને અનાજ નિરૂપતી, હોલાંડે છ સભ્યદેશોના સૂચક છ ખૂણાવાળા તારક સાથે વિકાસના પ્રતીક ફૂલની રચનાવાળી અને લકઝ્મ્બર્ગે શાન્તિ પ્રતીકની ટિકિટો બહાર પાડી.

વળી ૧૯૫૭માં બે નવા દેશો એ સંઘમાં જોડાયા: સ્વિટ્ઝર્લૅાડ અને સાર. તે પૈકી સારે જર્મની જેવી જ આકૃતિ પસંદ કરી, અને સ્વિટ્ઝર્લૅાંડે સાત દોરડી ભેગી મળીને ગૂંથાતા જાડા દોરડાની આકૃતિવાળી ટિકિટ બહાર પાડી.

આ વર્ષે ૧૩મી સપ્ટેમ્બરે સૌએ સાથે મળીને આ બાજુની એક જ આકૃતિની ટિકિટ બહાર પાડી છે, જેમાં 'ઈ' અક્ષર ઉપર 'ટપાલ'ના પ્રતીક ઊડતા કબૂતરની સાદી પણ જોરદાર ચિત્રણા છે. આજે તો સૌસૌની ટિકિટો પોતપોતાના દેશમાં જ ચાલે છે, પણ નજીકના જ ભવિષ્યમાં એવો સમય આવશે, જ્યારે એ દેશોમાં યુરોપીઅન પોસ્ટલ યૂનિયન સ્થપાઇને ઝડપી ટપાલ-વ્યવસ્થા સધાશે અને સંઘના સર્વ દેશોમાં સંઘની ટિકિટ ચાલતી થશે.

અનુસંધાન] **એક અપ્રતિમ સાહસ** [પૃ. ૪૭૯થી

તે સરકી ત્યારે તેની ને કિનારાની વચ્ચે માત્ર થોડા ઈંચનું જ અંતર હતું!

૦૦.૫૮ કલાકે (રાતના ૧૨ કલાક ને ૫૮ મિનિટે) પહેલી ટૉર્પિડો છૂટી હતી. ૦૧.૨૨ વાગ્યે આક્રમણનો અંત આવ્યો, ને ૦૨.૧૫ કલાકે તો 'યુ.૪૭' ખુલ્લા મહાસાગરનાં મોજાંઓ પર ધસમસતી જતી હતી.

ગન્થર પ્રીને બર્લિનનો સંપર્ક સાધ્યો: 'એક યુદ્ધ-જહાજને ડુબાડયું છે, બીજાને નુકસાન પહોંચાડાયું છે...' સંદેશો વહેતો મૂકાયો.

નાત્સી અફસરો આનંદથી નાચી ઊઠયા. ગન્થર પ્રીન એક રાતમાં રાષ્ટ્રનો લાડકવાયો બની ગયો. નૌકાસેનાધિપતિ રીડર પોતે તેનો સત્કાર કરવા કીલ બંદરે પધાર્યા. બર્લિન શહેર પ્રીનની જવાંમર્દી પર આફરીન પોકારી રહ્યું.

'રિપલ્સ'ને ખાસ નુકસાન થયું ન હતું. પણ 'રૉયલ ઓક', હુમલા પછી બે જ મિનિટમાં, ૭૮૬ અફસરો ને ખલાસીઓ સાથે ડૂબી ગયું.

હવે તો વીજળિક કરામતો, વૈજ્ઞાનિક શોધો, જળ-સુરંગો અને ખાસ પ્રકારની જાળીથી આવા હુમલા અશક્ય બનાવાયા છે. એટલે નૌકા ઈતિહાસમાં ગન્થર પ્રીનનું સાહસ અનોખું જ રહેશે.

લશ્કરી જીવનમાં નસીબ હમેશાં યારી નથી આપતું. બીજા એક હુમલામાં જળસુરંગનો ભોગ બની 'યુ.૪૭'એ પ્રીન તથા તેના ખલાસીઓ સાથે હમેશને માટે જળસમાધિ લીધી. (અંગ્રેજી પરથી)



પ્રેમપિયા

ઉસ્તાદ ફૈયાઝખાંની વિશિષ્ટતા

લેખક
હૃષીકેશ પાઠક

સંત સાહિત્યના 'મીરાં કહે પ્રભુ', ને 'કહત કબીરા'ના જેવું જ શાસ્ત્રીય સંગીતના સાહિત્યમાં 'પ્રેમપિયા'—ઉસ્તાદ ફૈયાઝખાનું નામ અમર થઇ ગયું છે. તાજેતરમાં, નવેમ્બરની ૧૯મીએ વડોદરાની 'ફૈયાઝખાં સંવત્સરી-સમિતિ' તથા 'આકાશવાણી અમદાવાદ-વડોદરા'એ એમની સંવત્સરી ઊજવી. શાસ્ત્રીય સંગીતમાં સ્વ. ફૈયાઝખાંની અપૂર્વ સિદ્ધિ અને અદ્વિતીય સ્થાન વિષે વર્ષોથી એક ચોક્કસ છાપ મનમાં રહી છે, એ આ લેખમાં સ્પષ્ટ કરવાનો આશય છે.

સંગીતકાર એક 'સર્જક કલાકાર' છે એ વાત સ્વ. ફૈયાઝખાં કદી ભૂલ્યા ન હતા. શાસ્ત્રનું જ્ઞાન, તાલીમ અને કલાત્મક રજૂઆત ત્રણે એમની ગાયકીમાં અત્યંત સ્વાભાવિક રીતે પ્રતીત થતાં. એમનું એ સૌભાગ્ય હતું કે માતા તથા પિતા બંનેના વારસામાં એમને આપણા સંગીત-વારસાનું હીર મળ્યું હતું. ધ્રુવપદ-ધમાર અને ખયાલ આ બંને ગાયકીનો જે વારસો એમને મળ્યો એવો કદાચ કોઇને નહોતો મળ્યો. અને આથી વિશેષ તો એમના પૂર્વજો બધા ગવૈયાઓ જ હતા, એટલે કે એઓ ગાયકોનું જ ઘરાણું પામ્યા હતા. (આજે ઘરાણાને નામે પ્રસિદ્ધ ઘણા ઘરાણાવાળાઓના પૂર્વજો સારંગિયા કે કોઇ વાદ્યકારો હતા ને એ વાદ્યોની અસર એ ઘરાણાઓના વાદકો-ગાયકો પર અવશ્ય પડી છે.)

આપણે શાસ્ત્રીય ગાયનને સાહિત્યના વ્યાપારોમાં ઉચ્ચ કોટિએ ગણાતા 'કાવ્ય'માં ગણતા નથી. સંગીતકાર એક અનોખા પ્રકારનો કવિ છે અને કવિ તરીકેની તેની લાયકાતમાં બીજા કવિઓ કરતાં એક મુદ્દો વધારે જણાય છે. કવિને શબ્દ અને ભાવ ઉપરાંત છંદ વગેરેનું જ્ઞાન હોય; જ્યારે શાસ્ત્રીય સંગીતનો કવિ શબ્દ અને ભાવ ઉપરાંત તાલ, સ્વર અને રાગનું વિલક્ષણ જ્ઞાન બતાવે છે. શબ્દો તથા તેની પાછળનો ભાવ તેને રાગના અને તાલના માળખામાં જડવાના છે, અને આ રચના કલાત્મક હોવી જોઈએ એ વાત તો ધ્યાનમાં રાખવાની જ છે. આ માટે સૌથી વિશેષ અગત્ય રાગની ઊંડી સમજની છે. આજે લગભગ ભુલાવા લાગેલી ધ્રુવપદ-ધમારની પ્રણાલિકાને લીધે આપણા સંગીતને એક મોટી હાનિ થઇ રહી છે. ધ્રુવપદ ગાનારા ગવૈયાઓ જે કુશળતાથી રાગનો આલાપ કરતા તેમાં સૌથી વિશેષ તો રાગનું સ્વરૂપ સ્પષ્ટ થતું હતું. આ તાલીમ પામેલા ગાયકો રાગને બરાબર સમજે છે બલ્કે ઘૂંટીને પી ગયા હોયછે એમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય.

સ્વ. ફૈયાઝખાં સાહેબની રાગની સમજ આવી જ હતી. આજથી વર્ષો પૂર્વે તેમની પાસેથી એકથી દોઢ કલાક સુધી સાંભળેલો મિયાં મલ્હારનો આલાપ હજુ મારા કાનમાં ગુંજી રહ્યો છે. તેમાં પણ કોમળ 'ની', શુદ્ધ 'ની' અને ઉપરના 'સા' વચ્ચે જે રમત એ કરતા તેની છાપ તો હજુ ભૂંસાઇ નથી. આની સાથોસાથ કલાકાર તરીકે તેમનામાં એક અનન્ય વિવેકશક્તિ હતી. એક રાગની અનેક ચીજોમાં રાગ જુદા જુદા સ્વરૂપે પ્રગટ થાય છે. આની સાથે જે તાલમાં ચીજ બાંધવામાં આવી હોય તે તાલના વજનને લીધે રાગ અને તેનાં સ્વરસ્થાનો એક વિશિષ્ટ માળખા(સ્ટ્રક્ચર)માં ગોઠવાય છે. આ માળખાને એ ચીજના વિસ્તારમાં સાચવવું જોઈએ અને બોલતાનો, તાનો તથા મુખડાઓ તેને અનુરૂપ હોવા જોઇએ. આ મુદ્દો સ્વ. ફૈયાઝખાં પચાવી ગયા હતા. એકના એક રાગની બે ચીજોનો વિસ્તાર તેઓ જુદીજુદી રીતે કરતા અને આની પાછળ તેઓ ચીજના ભાવને પણ અચૂકપણે ધ્યાનમાં રાખતા. આ સર્વને પરિણામે તેઓ એક 'સર્જક કલાકાર' તરીકે પણ પ્રગટ થયા અને તેમણે અનેક ચીજો બાંધી.

ચીજનો વિસ્તાર કરવાની તેમની રીત—ખરીરીતે કહું તો કાર્યરીતિ -ટેકનિક-હવે તો એક શૈલી તરીકે આપણને મળી છે. તેમના પૂર્વજોને સાંભળવાની તક તો ઘણા ઓછાને મળી હશે; પણ મને એમ લાગ્યું છે કે આ રીત તેમની પોતાની જ હતી. આ વિસ્તાર કરવામાં ખયાલની તાલીમ ઉપરાંત ચીજના શબ્દો અને ભાવ અનુસાર તેઓ પોતાની ઠુમરી-ટપ્પાની તાલીમનો પણ ઔચિત્યપૂર્વક ઉપયોગ કરતા. દાખલા તરીકે ગારા કાનડાનો વિલંબત ખયાલ 'વારંવાર...' તેઓ એક ઠુમરીની જેમ વિસ્તારીને ગાતા. કેટલાક ખયાલોના શબ્દો અને મુખડાઓને તેઓ ટપ્પાના શબ્દો પેઠે ઝીણવટભરી કારીગરીથી ભરી દેતા; જ્યારે દરબારી જેવા ધીરગંભીર રાગોમાં ડોલતા હાથીઓનું મોટું સરઘસ નીકળ્યું હોય તેવો આભાસ કરાવતા. વિલંબિત ખયાલ ઉપરાત તેમની પાસેથી દ્રુત લયની ચીજો સાંભળવામાં પણ અનેરો આનંદ આવતો. આપણી શાસ્ત્રીય ચીજોમાં શબ્દ, ભાવ અને સ્વરનું વજન તાલના સમ ઉપર ગજબ ઝોક સાથે પડે છે. વળી આખી ચીજ બોલી જઇએ તો ઝીણવટભરીરીતે સાંભળનારને સમ પર આવવાની એક પ્રક્રિયા ચાલુ થતી દેખાય છે. કેટલીક ચીજોમાં બીજી કે ત્રીજી લીટી તાલથી આડી જાય ત્યારે તો ઉપર કહી તે પ્રક્રિયા સ્પષ્ટ જણાય છે. ખાસ કરીને ઉસ્તાદ ફૈયાઝખાંએ પોતે બાંધેલી કેટલીક ચીજોમાં તો બીજી ત્રીજી લીટીઓ સાંભળવાની ઘણી મઝા આવે છે. અને આજે પણ આગ્રા ઘરાણાની દ્રુત લયની વિધવિધ રાગોની ચીજોમાં જે એક ઝમક દેખાય છે તે ઉસ્તાદ ફૈયાઝખાંને જ આભારી છે. એમના ઘરાણાને 'રંગીલું ઘરાણું' કહેતા તે આ ઝમકભર્યા ગીતો સાંભળતાં પ્રતીત થાય છે.

ઘણી વાર દ્રુતની ચીજોમાં સમ ઉપર આવતાં પહેલાં સ્થાયી કે અંતરાની છેલ્લી લીટીનો વિસ્તાર તેઓ સકારણ વધારતા. દાખલા તરીકે રામકલીની દ્રુતની ચીજ 'ઉન સંગ લાગી અખિયાં...'ના અંતરાની છેલ્લી લીટી 'કેસે કરૂંગી લટકેયાં', તેઓ પ્રયત્નપૂર્વક મલ્હાવી મલ્હાવીને વિસ્તારતા. આમ કરવામાં સ્થાયીની પહેલી લીટી અને સમ પર આવવાની શ્રોતાવર્ગની આકાંક્ષા તેઓ એટલી વધારી દેતા કે જ્યારે તેઓ ખરેખર સમ પર આવતા ત્યારે લોકોનાં માથાં ઝૂકી પડતાં. આમ કરવામાં ગીતના ભાવનો ખયાલ તેઓ રાખતા જ.

આપણા સંગીતની દ્રુતની ઘણી ચીજોના શબ્દાર્થ, ભાવ અને બંધારણ ઠુમરીઓને મળતાં આવે છે. આ પરિસ્થિતિનો ફૈયાઝખાં પૂરેપૂરો ઉપયોગ કરતા. મુંબાઇમાં ૧૯૪૫-૪૬ના એક જલસામાં શ્રોતાવર્ગ જરા

હળવા સંગીતનો શોખીન જણાતાં ઉસ્તાદે ઠુમરીઓ અને એક પછી એક જુદાજુદા રાગોની ત્રિતાલની દ્રુત ચીજો એવી તો ગોઠવી દીધી હતી કે જલસો પૂરો થયો ત્યારે શ્રોતાવર્ગ રસ નીતરતો ઘેર ગયો. એ ચીજોમાં તિલકકામોદની 'મોરે રાજા કેવડિયાં ખોલો કે રસકી બુંદાં પડે', ખમાજની 'ન માનુંગી ન માનુંગી', સોહનીની 'ચલો હટો જાઓ જાઓ સૈયાં ના બોલુંગી ના બોલુંગી' હજુ માનસપટ અને શ્રવણપટ પરથી ભૂંસાઇ નથી.

હમણાં જ રાષ્ટ્રપતિને હસ્તે રાષ્ટ્રીય માન પામેલા ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાંએ એક લેખમાં કહ્યું છે કે 'ઉસ્તાદ ફૈયાઝખાં ગવૈયાઓના જમાનાના છેલ્લા પ્રતિનિધિ હતા.' આ વાક્ય ઘણે અંશે સાચું છે. સંગીતશાસ્ત્રની દૃષ્ટિએ જોઇએ તો ઉસ્તાદ ફૈયાઝખાં પંડિતયુગના પ્રતિનિધિ હતા. જોકે એમણે પોતે કોઈ શાસ્ત્ર લખ્યું નહોતું. એમના ભાઇ તરદ્દુતહુસેનખાં એક વિદ્વાન શાસ્ત્રજ્ઞ હતા. પણ ફૈયાઝખાંમાં ઊંડી સમજ હતી, તેની તો તેમના ધ્રુવપદ-ધમાર સાંભળનારને પ્રતીતિ હશે. છેલ્લે-છેલ્લે તો વડોદરા રેડિયો સ્ટેશન ઉપરથી તેઓએ ઘણા ધમાર ગાયા હતા. ઉપરાંત આપણા કેટલાક રાગો–છાયાનટ, જયજયવંતી, બરવા, ગૌરીના પ્રકારો, મેઘમલ્હાર, કામોદ—એમણે જે રીતે ગાયા તે તો આજે આપણી સમક્ષ અધિકૃત નમૂના જેવા પડયા છે. ખાસ કરીને રાગના આલાપોની તેમની રેકોર્ડો તો અભ્યાસીઓ માટે ઘણી ઉપયોગી છે. ટૂંકામાં, પોતે ગાએલા રાગો અને ચીજો પર પોતાના વ્યક્તિત્વની ઊંડી ને અચૂક છાપ તેઓ મૂકતા ગયા છે. પશ્ચિમના સંગીતવિવેચકો કોઇ પણ જલસો સાંભળ્યા પછી તેના કલાકારનું વ્યક્તિત્વ અને પ્રતિભા શોધવાનો પ્રયત્ન કરે છે અને તદનુસાર તેનું મૂલ્યાંકન કરે છે. એ દૃષ્ટિએ જોતાં ઉસ્તાદ ફૈયાઝખાંનું સંગીત પ્રતિભાવાળું હતું કે નહિ તે પ્રશ્નનો જવાબ હામાં જ આપી શકાશે.

આપણા શાસ્ત્રીય સંગીત સામે એક ખૂબ વ્યાજબી ટીકા થાય છે, કે તેમાં ચીજના બોલ-શબ્દો શ્રોતાજન સમજી ન શકે તેવી રીતે ગવાય છે. (કેટલાક ગવૈયાઓ તો ચીજોના બોલ છુપાવવા જ આવું ઇરાદાપૂર્વક કરતા હોય છે.) ઉસ્તાદ ફૈયાઝખાં આવું નહોતા કરતા. એ આખી જ ચીજ, શબ્દોના ઉચ્ચાર પૂરેપૂરા કરીને, ગાતા હતા. આમાં એમને ઠુમરીની તાલીમ એક રીતે ઉપયોગી થઈ હતી. શાસ્ત્રીયસંગીતમાં ઠુમરી એક એવું અંગ છે જેમાં સ્વરથી શબ્દાર્થને કોઈ દિવસ છૂટા પાડી ન શકાય; અથવા તો એ છૂટા પાડવાનો પ્રયત્ન કરો તો ઠૂમરી જ નિષ્પ્રાણ બની જાય. 'બાજુબંધ ખુલ ખુલ જા' આ પંક્તિમાંથી એક પણ શબ્દ કાઢી ન શકાય. ખરી રીતે ઠુમરી માટેનું આ વિધાન દરેક ચીજ–ખયાલ, ટપ્પા, ધ્રુવપદ, ધમાર, સૌને લાગુ પડે છે. ઉસ્તાદ ફૈયાઝખાંએ ગાએલા ખયાલોના શબ્દો સ્પષ્ટ રહેતા અને એ શબ્દોના ભાવ પ્રમાણે, ઉપર કહ્યું તેમ, તેઓ ખયાલનો વિસ્તાર કરતા.

આજે આપણી પાસે એમનો સ્વરદેહ નીચેની રેકોર્ડો દ્વારા રહ્યો છે:

૧ રામકલી (ખયાલ): ઉન સંગ લાગી અખિયાં (આલાપ સાથે)
૨ દરબારી કાનડા (ખયાલ): સાહેલરિયાં...(આલાપ સાથે)
૩ લલિત (ખયાલ): તરપત હું મૈં જૈસે જલબીન મીન (આલાપ સાથે)
૪ જોનપુરી (ખયાલ): ફુલવનકી ગવદ મૈં કા.
૫ દેશી (ધમાર): હરિ મેરો નામ.
૬ ભૈરવી (ઠુમરી): બાજુબંધ ખુલ ખુલ જા.
૭ ભૈરવી (દાદરા): બનાવો બતિયાં.
૮ પુરિયા (ખયાલ): કર આઈ પિયા સંગ રંગરલિયાં.
૯ પરજ (ખયાલ): મનમોહન બ્રિજકો રસિયા.
૧૦ જયજયવંતી (ખયાલ): મોરે મંદર અબ લો નહિ આયે.
૧૧ નટબિહાગ (ખયાલ): ઝનઝનઝન પાયલ બાજે.
૧૨ મિયાં કી તોડી (ખયાલ): ગરવા મા સંગ લાગે.
૧૩ દાદરા: બાલમ પરદેસવા.
૧૪ પૂર્વી (ખયાલ): મથુરા ન જાઓ મોરા કાન.

આ ઉપરાંત આકાશવાણીનાં જુદાંજુદાં સ્ટેશનો—ખાસ કરીને મુંબાઈ તથા દિલ્હી—પાસે તેમનાં ગાયનોની રેકોર્ડ છે. પચ્ચીસ વર્ષ પહેલાં મુંબાઈનું રેડિયો સ્ટેશન શરૂ થયું ત્યારે તેમનું ગાન રાખવામાં આવ્યું હતું અને તેની રેકોર્ડ ઉતારી લેવામાં આવી હતી. આ રેકોર્ડ ઉપર તજ્જ્ઞો પાસેથી વિવેચનો, વાર્તાલાપો વગેરે એકઠાં કરીને આકાશવાણીએ કલાવિવેચનની દિશામાં પ્રયાણ કરવું જોઇએ.

તેમણે પોતે બાંધેલી ચીજોના શબ્દો કોઈ પણ ઉચ્ચ કોટિના કાવ્યની હરોળમાં ઊભા રહી શકે એવા છે. તેમનું પોતાનું તખલ્લુસ 'પ્રેમપિયા' તેઓ સામાન્યરીતે અંતરાની પહેલી કે છેલ્લી લીટીમાં આપતા: 'પ્રેમપિયા જબસોં ગયો ઘરસેં (છાયાનટ)', 'પ્રેમપિયા મુખરો નહિ બોલત' (શુદ્ધ સારંગ), 'પ્રેમપિયા હમ પાસ' (જોગ), કે 'નિસદિન પ્રેમપિયાકી બાતમેં' (પૂરિયા)–આ બધી અંતરાની લીટીઓ છે. એ ચીજો આજે પ્રખ્યાત બની ગઈ છે અને આજના ગાયકો તેના વિસ્તારમાં અનાયાસે ઉસ્તાદ ફૈયાઝખાંનું અનુકરણ કરતા રહ્યા છે. આજે પણ એમનો ઘેરો, રિયાઝથી કસાએલો ધીરગંભીર અવાજ આ ચીજો સાંભળીએ ત્યારે કાન પર ધ્વનિત થાય છે.

અને આ સિદ્ધિ તથા જ્ઞાન સાથે જે નમ્રતા એમનામાં હતી તે તો એમની સાથે સંપર્કમાં આવનારને સદા યાદ રહેશે. ઘણીવાર ઉસ્તાદ કહેતા કે 'પગ જ્યારે કબરમાં આવી પડયા છે ત્યારે આ મહાન શાસ્ત્રનો થોડો ભાગ સમજાતો જાય છે.'



માધુકરી

દુઃખોને દળ દારુણ બળથી, પીડી પીડાને પગ હેઠ;
મારગ કર મહિમાએ મંડિત સાર્વભૌમ સિંહાસન ઠેઠ.

મરવાનું નિર્માણ જગતમાં, મરતો રખે કરી આક્રંદ;
અંતિમ પળ પર્યંત લૂંટજે ઝળહળ જીવનનો આનંદ.


રખે ધુમાતો ધીરે બળતા કુત્સિત કુશકા સમ કંગાલ;
ઉલ્કા માફક ઊઠ ભભૂકી, ક્ષણમાં જાય શમી છો જ્વાલ.

(પાંચજન્ય) —પૂજાલાલ

બે વંગ વિભૂતિઓ

ગયા મહિને ભારતના વંગદેશ(બંગાળ)ની બે વિભૂતિઓની જન્મશતાબ્દીનો ગૌરવ-પ્રસંગ આવી ગયો, ને દેશે સમુચિત રીતે તેમની જયંતીઓ ઊજવવાની સાથે તેમની સુંદર તસ્વીરોવાળી બે ટિકિટો પણ બહાર પાડી. એ બંનેનાં ચરિત્રો અગાઉ 'કુમાર'ના અંકોમાં આવી ગયાં છે: વળી આચાર્ય બોઝની ટૂંકી જીવનરેખા ગયા માસની વ્યક્તિવિશેષ તરીકે પણ પુનઃ આવી ગઈ. જીવસૃષ્ટિ જેવી જ ચેતના વનસ્પતિમાં પણ છે, એ મહાસત્યને વૈજ્ઞાનિક રીતે જગતમાં સૌ પ્રથમ પ્રસ્થાપિત કરનાર આચાર્ય બોઝ પોતાના જમાનાથી ઘણા આગળ હતા, એટલે એમની આ વાતથી શરૂમાં તો હાંસી થઈ, પણ એમણે જે અસાધારણ ઉપાસના, ધીરજ ને નિષ્ઠાપૂર્વક કામ કરીને આજથી લગભગ ચારેક દાયકા પહેલાં જાતે શોધેલાં યંત્રોથી એની પ્રતીતિ કરાવી આપી ત્યારે દુનિયા દંગ થઈ ગઈ. એમને આ સિદ્ધાંત પ્રત્યે દોરવામાં મૂળ કારણભૂત તો ભૌતિક વિજ્ઞાન અને ઇલેક્ટ્રિક રૅડીએશનના ક્ષેત્રમાં તેમના પ્રયોગો; અને એક સમયે તો એ રેડિયો-શોધક માર્કોની અને લૉજની જ દિશામાં કામ કરતા હતા. છેક ઈ. ૧૮૯૫માં એમણે ઈથરનાં મોજાં દ્વારા, બીજા ઓરડામાં આવેલી ઘંટડી ભીંત સોંસરી વગાડી બતાવેલી અને નાની સુરંગ પણ ફોડેલી. મહાન શોધક એવા જ એ મહાન દેશભક્તે પોતાની અંગત બચતમાંથી સ્થાપેલું વૈજ્ઞાનિક સંશોધન માટેનું મહાભવન–કલકત્તાનું 'બોઝ ઈન્સ્ટીટ્યૂટ' તેઓ દેશને અર્પણ કરતા ગયા છે, જે એમની મહત્તા અને પ્રતિભાના પ્રતીક સમું અનેક આવતી પેઢીઓનું પ્રેરણાસ્થાન રહ્યું છે ને રહેશે.

બંગાળમાં સામાજિક જાગૃતિથી પોતાના મહાન સેવાકાર્યની શરૂઆત કરનાર બિપિન ચન્દ્ર પાલની દેશભક્તિ પણ એ જ રીતે ઊગતી પેઢીઓનું પ્રેરકબળ રહીને એક કહેતી રૂપ બની ગઈ છે. એમને અંજલિ આપતાં 'ગુજરાત મિત્રે' યોગ્ય જ કહ્યું છે કે ૧૮૫૭ના પરાજયની



બનેની જયંતીને પ્રસંગે ગયા માસમાં બહાર પડેલી ટિકિટો ઉપરની તસ્વીરો

આપણાં પ્રાણીઓ : ૨૫
રીંછ



આમ તો એ વન્ય પ્રાણી; પરંતુ ચપળતા, નિર્ણયશક્તિ ને હિંસકતામાં ઊતરતું. આખા શરીરે લાંબા કાળા જાડા બરછટ વાળ; મોં બોટવા જેવું ને નીચલો હોઠ લાંબો લબડતો; નાક આગળપડતું, છાતી પર V આકારનું સફેદ ચિહ્ન ને નાક-મોં તથા પગનાં ટેરવાં ગંદા ધોળા રંગનાં કે પીળાશ પડતાં. આગલા પગ વધુ લાંબા ને તેના લાંબા નહોર હાથીદાંત જેવા સફેદ. ચાલ ધીમી ને લથડતી. પગલાં માણસને બહુ મળતાં. ઝાડની બખોલ કે જમીનમાં ઊંડે રહેલાં જીવજંતુ તથા મધપૂડાનું મધ ચૂસવાના હેતુસર હોઠ હવા ચૂસી શકે તેવા. શક્તિશાળી અવયવો, ગાદી જેવા પગ અને લાંબા નહોર ઝાડ પર ચડવામાં ઉપયોગી. ભારતનાં અને સિલોનનાં યે જંગલોમાં તે થાય છે.

ખોરાક મુખ્યત્વે ફળો અને જંતુઓ, અને તે પુષ્કળ પ્રમાણમાં મળી રહે એવી જગ્યા રહેવા માટે પસંદ કરે. જોકે ભૂખ્યું હોય તો વાસી માંસ પણ ખાય. ભારે શરીરને પૂરતો ખોરાક આપવા માટે તેને બહુ હરવુંફરવું પડે છે. મધ અને ઊધઈ એ તેનો પ્રિય ખોરાક. લાકડામાં ઊંડે સુધી પેઠેલી ઊધઈ કે જમીનના ખાડામાં અગોચર પડેલા છાણ વગેરેના કીડાને, તે જગ્યાએ ઉપલો હોઠ નાક આડો આવી જાય તે રીતે મોં દાબીને ચૂસીને ખાઈ જાય છે. માનવ-વસાહત કને રહેતાં રીંછ શેરડી અને મકાઈના પાક ઉપર પણ ઊતરી પડે છે.

ઉનાળો એ સંવનનકાળ. ડિસેમ્બર-જાન્યુઆરીમાં માદા બચ્ચાંને જન્મ આપે. શક્તિ આવે એટલે બચ્ચાં માની પીઠ પર ચડી આજુબાજુ ફરે ને બે-ત્રણ વર્ષનાં પુખ્ત ન થાય ત્યાં સુધી માતા સાથે રહે. બચ્ચાંના રક્ષણ માટે સંજોગોએ માતા વિકરાળ પણ બને છે.

હતાશામાંથી દેશ જ્યારે ફરીથી જાગી રહ્યો હતો ત્યારે, લાલ (લાલા લજપતરાય), બાલ (બાલ ગંગાધર ટિળક) અને પાલ (બિપિનચન્દ્ર પાલ)ની ત્રિપુટી, યુગાવતાર ગાંધી ને યુગપુરુષ નેહરુ માટે રાજકીય ક્ષેત્ર તૈયાર કરતી હતી. કશા તિરસ્કાર વિના દેશપ્રેમ વ્યક્ત કેમ કરવો, પ્રજાને ઉશ્કેર્યા વિના રાષ્ટ્રીયતા જાગ્રત કેમ કરવી તેમાં બિપિનચંદ્ર પાલની આવડત વાઇસરૉય લૉર્ડ મિન્ટોને તેમ જ હિંદી વજીર લૉર્ડ મોરલીને પણ મૂંઝવતી હતી. આજે વાદ, ભાષા ને પ્રદેશની મમતાથી પ્રેરાઇને જ્યારે લોકો સંયમ ગુમાવી બેસી દેશનું અહિત કરે છે ત્યારે બિપિનચંદ્ર પાલની સૌમ્ય પ્રકૃતિ યાદ આવે છે. જ્યારે સરકારી વકીલો પાલની કોઈ ભાષાને રાજદ્રોહની વ્યાખ્યામાં ન લાવી શક્યા ત્યારે વાઈસરૉયે તેમને દેશનિકાલ કરવાની દરખાસ્ત મૂકી હતી!

સત્યાગ્રહનું સફળ શસ્ત્ર ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ઘડ્યું પણ તેની ભૂમિકા સ્વાતંત્ર્યરીતે બિપિનચંદ્રે ભારતમાં તૈયાર કરી. તેમણે કહેલું કે સત્યાગ્રહ 'નિષ્ક્રિય' નથી, પણ 'અનાક્રમક' છે. કાયદો જ્યાં સુધી આપણા અધિકારને માન આપશે ત્યાં સુધી જ આપણે કાયદાને માન આપીશું. અને આપણા જાહેર જીવનની રચના ગામડાથી શરૂ થવી જોઇએ. એ વિધાન પણ એમણે જ કરેલું.

બિપિનચંદ્ર ભાવિના દ્રષ્ટા હતા. ઇંગ્લંડમાં દેશવટો ભોગવતાં તેમણે રાષ્ટ્રસમૂહની અને તેમાં સ્વતંત્ર ભારતની સમાન ભાગીદારીની કલ્પના કરી હતી! આમ ગાંધીજી ને નેહરુની દૃષ્ટિ બિપિનચંદ્ર પાલમાં પણ હતી. તેઓ પોતાના જમાનાથી ઘણા આગળ હતા અને તેથી સમાજ અને રાજકારણના ક્ષેત્રમાં ઘણા માણસો તેમના વિચારોને સાંખી શકતા નહિ. તેમની જ્ઞાતિએ તેમનો બહિષ્કાર કર્યો હતો. કડવા અનુભવના ઘૂંટડા પી જતાં બિપિનચંદ્ર કદી કચવાયા નથી. ઝેર પી જઇને પણ તેમણે આ દેશની પ્રજા માટે અમૃત આપ્યું છે.

પાલ માત્ર રાજકારણના યોદ્ધા ન હતા. એક પ્રખર પત્રકાર તરીકે તેમણે પોતાનાં પત્રો 'ટ્રિબ્યૂન', 'વંદે માતરમ્', 'પરિદર્શક', 'ન્યૂ ઇન્ડીઆ', 'સ્વરાજ', 'હિંદુ રિવ્યૂ', 'ઇન્ડીપેન્ડેન્ટ', 'ડેમોક્રેટ' ને 'બંગાળી' વડે પ્રાંત ને દેશની પ્રજામાં નવપ્રાણ પૂર્યા. એમણે જેલ, દેશવટો, દંડ વગેરેની સજા ભોગવી, યાતના પણ ભોગવી. પરંતુ એ કર્મયોગીને પોતાના ધ્યેયમાં ને દેશના ભાવિમાં અચળ શ્રદ્ધા હતી. ને એની પાછળના એમના જેવાના ભોગે એ ફળવતી થએલી આપણે આજે ભોગવીએ છીએ.

નવું ચમત્કારિક હિસાબયંત્ર અને સંક્ષેપયંત્ર

દર સેકન્ડે ૩૦,૦૦૦ના દરથી સરવાળા ને બાદબાકી, ૨,૦૦૦ના દરે ગુણાકાર અને ૬૦૦ના દરથી ભાગાકાર કરી શકતું વિશ્વનું એક સૌથી મોટું ને ઝડપી ઇલેક્ટ્રૉનિક હિસાબયંત્ર બ્રિટનની રાષ્ટ્રીય ભૌતિક પ્રયોગશાળાના વૈજ્ઞાનિકોએ તૈયાર કર્યું છે. આ યંત્રને તેઓ ઑટૉમૅટિક કૉમ્પ્યુટિંગ એન્જિન–ટૂંકમાં એ. સી. ઇ.–કહે છે. આ નવું વીજળિક મગજ તેના પુરોગામી યંત્ર કરતાં આઠગણી ઝડપથી કામ કરી શકે છે. તેની કિંમત પ. ૨૫૦,૦૦૦ જેટલી છે.

લેખો વાંચીને આપમેળે તેનો સંક્ષેપ કરતું 'ઑટો-ઍબ્સ્ટ્રૅક્ટ' (સ્વયંસંક્ષેપ) નામનું એક વીજાણુ-યંત્ર શોધાયું છે. તેમાં એક લેખનો આખો યે પાઠ એક ચુંબકીય પટ્ટી પર સંકેતલિપિમાં ઉતારાય છે. એક વીજાણુનું મગજ અથવા ગણિતયંત્ર આ સંકેતલિપિ સમજી, લેખના શબ્દેશબ્દનું પૃથક્કરણ કરી, એ શબ્દો કેટલી વાર વપરાય છે. અને કયા કયા ભાગમાં અમુક શબ્દો વધારે કે ઓછા પ્રમાણમાં વપરાયા છે તેના આંકડા મેળવે છે. આમ, શબ્દોનું મહત્ત્વ નક્કી કરીને તે યંત્ર દરેક વાક્યના મહત્ત્વ પ્રમાણે તેનો ચડતો ઊતરતો વર્ગ નક્કી કરી સૌથી ઊંચા વર્ગમાં આવેલાં વાક્યો જુદાં પાડી તેમને કાગળ ઉપર છાપી નાખે છે!

અનુસ્વાર-અષ્ટક

આ પેઢીના માત્ર વિદ્યાર્થીઓ જ નહિ પરંતુ ઘણા 'લેખકો' સુદ્ધાં અનુસ્વારના ઉપયોગ વિષે જે અજ્ઞાન ધરાવે છે તે ખરેખર શોચનીય છે. કવિ સુંદરમે એના ઉપયોગ માટેના નિયમો સમજાવતું સરસ બોધ-અષ્ટક લખ્યું છે, એ 'અનુસ્વાર-શત્રુઓ'ના લાભાર્થે 'દક્ષિણા'માંથી ઉતારીએ છીએ:

(હરિગીત છંદ)

હું બિંદુ સુંદર માત શારદને લલાટે ચંદ્ર શું,
મુજને સદા યોજો સમજથી, ચિત્ત બનશે ઇંદ્ર શું;
મુજ સ્થાન ક્યાં, મુજ શી ગતિ જાણી લિયો રસ-પ્રેમથી,
તો રાજજ બનશો જ્ઞાનથી, સૌન્દર્યથી ને ક્ષેમથી.

તો પ્રથમ જાણો 'હું' અને 'તું'માં સદા મુજ વાસ છે,
આ જ્ઞાન વિણ 'હુ-હુ' અને 'તુ-તુ' સમો ઉપહાસ છે;
હું 'કરુ'–'વાંચુ'–'લખુ' જો એમ લખશો લેશ તો,
મા ભારતીના રમ્ય વદને લાગતી શી મેશ જો!

નરમાં કદી નહિ, નારીમાં ના એકવચને હું રહું,
હું કિંતુ નારી-બહુવચનમાં માનવંતું પદ ગ્રહું;
'બા ગયાં', 'આવ્યાં બેન મોટાં' એમ જો ન તમે લખો,
'બા ગયા', 'આવ્યા બેન મોટા' શો પછી બનશે ડખો!

ને નાન્યતરમાં તો ઘણી સેવક તણી છે હાજરી,
લો, મુજ વિનાના શબ્દની યાદી કરી જોજો જરી;
સૌ મુજ વિશેષણ એક ને બહુવચનમાં રાખો મને,
યાચું કૃપા આ ખાસ, મારો ભરખ ત્યાં ઝાઝો બને.

'શું ફૂલ પેલું શોભતું!' જો આવું પ્રેમે ઉચ્ચરો,
'શાં ફૂલ પેલાં શોભતાં!' બહુવચનમાં વાણી કરો;
'મોજું' નિહાળો એક નીરે, ત્યાં પછી 'મોજાં' બને,
'બમણાં' અને 'તમણાં' પછી 'અણગણ્યાં' કોણ કહો ગણે?

ને બંધુ, પીતાં 'નીર ઠંડું' ના મને પણ પી જતા,
ને 'ઝાડ ઊંચાં' પર ચડો તો ના મને ગબડાવતા;
'બકરા' અને 'બકરાં', 'ગધેડા' ને 'ગધેડાં' એક ના,
'ગાડાં' અને 'ગાંડાં' મહીં જે ભેદ, ભૂલો છેક ના.

ને જ્યાં ન મારો ખપ, મને ત્યાં લે જતા ન કૃપા કરી,
નર જાતિ સંગે મૂકતાં, પગ મૂકજો નિત્યે ડરી;
કો મહાને એવું કહ્યું જો, 'ક્યાં ગયાં'તાં આપ જી?'
જોજો મળે ના તરત મુક્કાનો મહા સરપાવ જી.

તો મિત્ર મારી નમ્ર અરજી આટલી મનમાં ધરો,
લખતાં અને વદતાં મને ના સ્વપ્નમાં યે વિસ્મરો;
હું રમ્ય ગુંજન ગુંજતું નિત જ્ઞાનના પુષ્પે ઠરું,
અજ્ઞાનમાં પણ ડંખું,—કિંતુ એ કથા નહિ હું કરું.

(દોહરા)

અનુસ્વારનું આ લખ્યું સુંદર અષ્ટક આમ
પ્રેમ થકી પાકું ભણો, પામો સિદ્ધિ તમામ.
છાપે છાપે છાપજો, પુસ્તક પુસ્તક માંહ્ય,
કંઠે કંઠ કરજો, થશે શારદ માત સહાય.
પાક્કો આનો પાઠ જો કરવાને મન થાય,
સૂચન એક સમર્પું તો, કમર કસી લો, ભાઈ!
નકલ કરો અષ્ટકતણી એકચિત્ત થઇ ખાસ,
અનુસ્વાર એંશી લખ્યાં પૂરાં, તો બસ પાસ.

(કડી વાર અનુસ્વારોની સંખ્યા: ૮+૫+૧૩+૪+૧૪+૧૨+૯+૧૫=૮૦)

આગ કેમ લાગે છે?

૮૫ ટકા આગ બેદરકારીથી અને અજ્ઞાનતાના કારણે લાગે છે.

તેલ, પેટ્રોલ કે સળગી ઊઠે એવા પદાર્થોની નજીક દીવા કે દેવતા કરવાથી, યંત્રોની ધરીમાં યોગ્ય તેલ ન પૂરવાના કારણે ઘર્ષણથી, હલકા પ્રકારના કે સળી ગએલા વાયરમાં વીજળીનું શૉર્ટ સર્કિટ થવાથી અને ગરમીના દિવસોમાં ગરમ જગ્યામાં સળગી ઊઠે એવા પદાર્થો ભરી રાખવાથી આગના બનાવ બને છે.

એક ઓરડામાં દીવાલ પાસે સળગી ઊઠે એવા પદાર્થો ભર્યા હોય અને બીજા ઓરડામાં એ જ દીવાલની બીજી બાજુ ભઠ્ઠી હોય ત્યારે દીવાલ મારફત ગરમી પેલા પદાર્થોને સળગાવી દે છે.

રૂ, પેટ્રોલ, કચકડો વગેરે સળગી ઊઠે એવા પદાર્થો પર બારીના કાચમાંથી સૂર્યનાં કિરણો એકત્ર થઇને પડે ત્યારે પણ આગ લાગે છે.

પેટ્રોલ, સ્પિરિટ વગેરેમાંથી ગૅસ નીકળીને હવામાં વ્યાપ્ત થાય છે અને દીવો–દેવતા કે દીવાસળી સળગતાં જ આગ લાગે છે. પોટાસ જેવા પદાર્થો પર દબાણ થતાં, કે દારૂ ઘાસ વગેરે પર તણખો પડતાં, કે સેલ્યુલૉઇડ ફિલ્મ વગેરેને તાપ લાગતાં ભડકો થાય છે. એક રતલ પેટ્રોલ ૨૦૦ ઘન ફીટ હવાને સ્ફોટક બનાવી દે છે. આથી મોટર કે ગૅરેજ સાફ થતાં હોય કે પેટ્રોલ ભરાતું કે ખાલી થતું હોય ત્યાં દીવો કે દેવતા લઈ જવાં નહિ. બીડી, પ્રાઇમસ, બેદરકારીથી ફેંકેલી દીવાસળી અને ફટાકડાએ ભયંકર આગો ફેલાવી છે અને જાનમાલની હાનિ કરી છે. સ્વીડનમાં એક મહાવિનાશકારી આગ લાગી હતી તેના વિષે ટીકા કરતાં ત્યાંના એક અખબારે લખ્યું હતું કે પથારીમાં પડ્યા પડ્યા સિગારેટ પીશો નહિ, નહિતર જે રાખ નીચે પડશે તે કદાચ તમારી પોતાની હશે! (પ્રવાસી)

અડદ

અડદનો ઉપયોગ ખોરાક અને શક્તિ મેળવવાના પ્રયોગ તરીકે સદીઓથી આપણે કરીએ છીએ. કેટલાક પ્રદેશોમાં અડદની દાળ અને બાજરાના રોટલાનો ખોરાક એ જ જીવન ટકાવી રાખવાનો મુખ્ય ખોરાક છે. જેઓ પોતાના રોજિંદા ખોરાકમાં કીમતી ઘી–દૂધ નથી લઈ શકતા તેવા લોકો માટે અડદની દાળ અનેક પ્રકારનાં પોષક તત્ત્વો પૂરાં પાડે છે, ને નજીવી કિંમતે થોડા એવા પ્રમાણમાં પૂરતી જીવનશક્તિ આપે છે. અડદ પૌષ્ટિક, વાતહર, શક્તિવર્ધક, મૂત્રલ ને ધાવણ વધારનાર છે.

માણસને પોતાનું સ્વાસ્થ્ય ટકાવી રાખવા માટે બે વસ્તુની જરૂર રહે છે: એક પોષણ અને બીજું બળતણ. પોષણના અનેક પ્રકારો છે: (૧) હાડકાંનું બંધારણ મજબૂત કરવા માટે ચૂનાનાં તત્ત્વો–કૅલ્શ્યમ; (૨) લોહીમાંસમાં તાકાત વધારવા માટે પ્રોટીન–નત્રિલ (૩) શરીરના એકેએક અવયવને સ્નિગ્ધ રાખી કાર્યરત રાખવા માટે ચરબી (ફૅટ) (૪) અનેક પ્રકારના ખનીજ ક્ષારો અને (૫) પ્રજીવકો, એ આપણા ખોરાકની જરૂરિયાતો છે. આ તત્ત્વો અનેક પ્રકારની વાનીઓમાંથી શ્રીમંતો તો મેળવી લે છે, જ્યારે ગરીબ અને મધ્યમ વર્ગે પોતાની બેત્રણ વાનીઓમાંથી જ એ મેળવવાનાં હોય છે. આવા ખોરાકમાં અડદ એ ખૂબ મહત્ત્વની વસ્તુ છે. અડદમાં સૌથી વધારે નત્રિલ–પ્રોટીન છે, જે માણસની બળબુદ્ધિ અને મેધા વધારે છે. આપણી શરીરરચનામાં જે અનેક કોષોનું સંયોજન છે તે કોષોના બંધારણનો મુખ્ય આધાર આ નત્રિલ ઉપર રહ્યો છે.

અડદમાં બીજું તત્ત્વ વિટામિન 'બી' છે, જે આંતરડાંને અને એની તંદુરસ્તી દ્વારા જ્ઞાનતંતુઓને બળ આપે છે. ખોરાકશાસ્ત્રમાં સોયાબીનને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. અડદ પણ એક પ્રકારના સોયાબીન છે. એને 'કિડની સોયાબીન' કહેવામાં આવે છે. એમાં અનેક વનસ્પતિજન્ય ક્ષારો રહ્યા છે કે જે ઝાડો, પેશાબ ને પસીનાના માર્ગો સાફ રાખે છે. શિયાળો શરીરનાં સ્નિગ્ધ તત્ત્વોને પોતાની રુક્ષ ઠંડીથી શોષી લે છે અને પરિણામે સાંધા સૂકા થઈ આ ઋતુમાં સંધીવા વગેરે દરદો થાય છે, તે ઉપર અડદમાં રહેલી સ્નેહોષ્ણ ચિકાશ ને ગરમી ઉપયોગી નીવડે છે. એનાથી સાંધાઓને જોઈતી ચિકાશ મળે છે ને ઉષ્ણ ગુણ વાતહર હોઈ વાયુ દૂર કરી પાચન વધારે છે.

વાતજ દરદોમાં અડદનું લીસીથીન સત્ત્વ હિતકારી છે અને તેથી વૈદ્યજગતમાં કોઈ પણ જાતના લકવા પર અડદના જુદાજુદા પ્રયોગો સૂચવવામાં આવ્યા છે, જેમાં અડદની દાળ વાટીને એનાં વડાં આપવાનો પ્રચાર મુખ્ય છે. ભારતીય આયુર્વેદમાં જે કેટલાંક રસાયનો સૂચવાયાં છે એમાં અડદ પણ એક છે. વાજીકરણ તરીકે આપણે શિયાળામાં અડદિયા પાકો લઈએ છીએ. પુરુષને ઉપયોગી બનતા અડદ સ્ત્રીસમાજ માટે પણ એટલા જ હિતકર છે. એનાથી રજદોષ દૂર થઈ શકે છે. માસિક ઓછું આવતું હોય કે ન જ આવતું હોય તેવા કેસોમાં તો અડદની દાળ તો. ૦ાા, દૂધ તોલા ૧૦માં સારીરીતે ઉકાળીને એ પી જવાથી આર્તવને પેદા કરનારી ગ્રંથિઓ અવિરત કાર્ય કરતી બને છે. એના વાતહર ગુણથી ફેલોપીયર ટ્યૂબમાં અવરોધાએલો વાયુ દૂર થાય છે ને આર્તવ સહજરીતે આવી જાય છે. આપણા ગ્રામસમાજમાં પ્રદર અને એમાંથી પેદા થતી નબળાઈ, કમરનો દુખાવો ને શરીરની કળતરમાં પણ અડદ ઉપયોગી છે. સ્ત્રીસમાજનો એવો જ એક રોગ ધાવણદોષ છે. અડદમાં સૂંઠ અને એવાં દીપક-પાચક ઔષધો મેળવીને એનો પાક બનાવી લેવાથી પુષ્કળ ધાવણ છૂટે છે. આજનાં જાતીય નબળાઈનાં દરદોમાં નીચેના અનુભૂત પ્રયોગથી સ્વપ્નદોષ, મંદાગ્નિ અને એ બધાને પરિણામે આવેલી જાતીય અશક્તિ દૂર થાય છે અને નવજીવનની તાકાત મળે છે.

અડદની દાળ તોલા ૮૦નું ચૂર્ણ બનાવી, એ ચૂર્ણને ત્રણ ભાવના ડુંગળીના રસની ને ત્રણ ભાવના લસણના રસની આપવી. ત્યાર બાદ તેમાં નીચેનાં ઔષધો મેળવી લેવાં: સૂંઠ તોલા ૨, ધોળી મૂસળી તોલા ૪, શતાવરી તોલા ૪, ગોખરુ તોલા ૨, જાયફળ જાવંત્રી, કેસર, લવિંગ, પીપરીમૂળ, તજ, બરાસ, કપૂર, પ્રવાલ, લોહ, પીપર એ દસ વસ્તુઓ એક એક તોલો, આમળાં તોલા ૫, એખરો તોલા સાત, ડુંગળીનો રસ પાએલો હિંગળોક તોલા ૨. ઉપરની વસ્તુ ખાંડી વસ્ત્રગાળ કરી અડદના ચૂર્ણ સાથે મેળવી દેવી અને એ બધાંમાં ચોથા ભાગ જેટલી સાકર નાખવી. અનુપાન બેથી ચાર ગોળી દૂધ કે મધ ઘીમાં. ઉપર થોડું દૂધ પીવું. ગરમ લાગે તો દૂધ વધારવું. આ પ્રયોગનાં ઘણાં જ સારાં પરિણામો હું મેળવી શક્યો છું.

સામાન્ય રીતે કઠોળમાત્રમાં ગંધકનું એક તત્ત્વ પડ્યું છે, જે પચવામાં ભારે હોય છે. એ પચાવવા આંતરડાંમાં પૂરી શક્તિ ન હોય તો એમાંથી એક પ્રકારનો વાયુ પેદા થાય છે કે જેને સલ્ફરેટેડ હાઈડ્રોજન ગૅસ કહે છે. આ ગૅસથી અજીર્ણ, મંદાગ્નિ અને એવાં આંતરડાંનાં તથા મળદોષનાં દર્દો થાય છે અને આંતરડાં નબળાં પડે છે. આવી સ્થિતિમાં અડદનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જરૂરી છે. અડદના અતિરેકથી પેદા થનારાં દરદો દૂર કરવા માટે ઇંટથી ખાટાંમીઠાં ફળો, લીંબું, આદુનો રસ, મરી અને હિંગના સંયોજનવાળાં કોઈ ને કોઈ ઔષધો લેવાથી જલદી આરામ મળે છે. —ચિકિત્સક (પ્રવાસી)

અણુશક્તિની એક શાંતિમય પેદાશરૂપ કિરણોત્સર્ગી કાર્બન (કાર્બનના રેડિયોઆઇસોટોપ) વડે પુસ્તકો, વર્તમાનપત્રો, સામયિકો વગેરે છાપેલી સામગ્રીની આવરદા ૨૦,૦૦૦ વરસ જેટલી લંબાવી શકાય.

વીજાણુ-સંચાલિત ઇતિહાસગ્રંથ

અમેરિકામાં વીજાણુથી કામ આપતો એક ઇતિહાસગ્રંથ બનાવાયો છે, જે જુદીજુદી ૧૦ ભાષાઓમાં ઐતિહાસિક પ્રશ્નોના જવાબ આપી શકે છે! ઈસ્વી સન પૂર્વે ચોથી સદીથી માંડી વર્તમાન યુગ સુધીના વિશ્વના ઇતિહાસના હજારો મોટા બનાવો પૈકી ગમે તેની તારીખવાળું કાર્ડ જ્યારે એ યંત્રમાં નાખવામાં આવે ત્યારે તે વર્ષના મુખ્ય ઐતિહાસિક બનાવો તે બે તૃતીયાંશ સેકન્ડથી યે ઓછા સમયમાં કહી જાય છે, અને સાથોસાથ વીજળીના ટાઈપરાઈટરથી લખાઈ પણ જાય છે. આ યંત્ર એ જવાબો ૧૦ ભાષાઓમાં--અંગ્રેજી, ફ્રેન્ચ, ઇટાલિયન, ડચ, સ્પૅનિશ, સ્વીડિશ, પોર્ટુગીઝ, જર્મન, રશિયન ને ઇન્ટરલિંગ્વામાં આપે છે. ઇન્ટરલિંગ્વા એક વિશ્વવ્યાપી ભાષા છે અને ઘણા યે માણસો પોતાની માતૃભાષા ગમે તે હોય તો પણ આ ભાષા સમજે છે.

નિર્ધનની અમીરાત

મિયાણાના માળિયા જતાં વચમાં ભાવપર સ્ટેશન આવે છે. આસપાસનાં ગામોના લોકોને મોરબી કે મોળિયા જવું હોય તો વહેલી સવારે ભાવપર થઇને જ ટ્રેનમાં જવું પડે. એક દિવસ હું મોરબી જવા ભાવપર આવ્યો. ટાઢ કડકડતી હતી. ઠંડી એવી કે આંગળાં થીજી જાય. સ્ટેશન પર મુસાફરોની થતી વાતચીત સંભળાતી હતી: 'ઓલ્યો હીરો ચમાર જીવતો હોત તો આજે આપણે આ ઠંડીમાં ધ્રૂજવું ન પડત.'

'કેમ ભાઈ, હીરો શું જાદુગર હતો?' એક અજાણ્યા મુસાફરે પૂછ્યું.


'ના રે...ના, ભાઈ! એ તો ગરીબ ચમાર હતો. પણ એ જીવ્યો ત્યાં સુધી ભાવપર સ્ટેશને કોઈ ટાઢે દુ:ખી થયું જાણ્યું કે સાંભળ્યું નથી.'

'કાકા, જરા માંડીને વાત કરોને.' મેં એ ગ્રામજનને કહ્યું.

'એ...આ સ્ટેશનની સામે હીરા મૂળુ નામે ચમાર રહે.' એમ કહી આંગળી ચીંધી આછા પ્રકાશ અને આછા અંધકારની છાયામાં ચમારનું ઘર ચીંધતાં તેણે વાત આગળ વધારી, અને કહ્યું: 'પોતે સાવ ગરીબ માણસ; પણ ભાઈ, જીવ ઘણો જ ઊંચો. રોજ પરોઢિયે શિયાળામાં વહેલો ઊઠે. આસપાસમાંથી બળતણ ભેગું કરી લાવે અને સ્ટેશનના છાપરા પાસે આવીને તાપણું કરી જાય. શિયાળાની કડકડતી ઠંડીમાં મુસાફરો એ તાપણાની હૂંફ મેળવે. દિવસો, મહિનાઓ અને વર્ષો માળાના મણકાની જેમ એક પછી એક જતા જાય, અને એક દિવસ કાળની ઘટમાળે આ ચમારને પોતામાં સમાવી લીધો નહિ ત્યાં સુધી તેની સેવાભાવના ઠંડીમાં કદી થરથરી નહિ કે અટકી નહિ! તે તો ગયો પણ લોકોના હૈયામાં જીવી ગયો!'

ગાડી આવી અને હું ચડચો. જ્યાંથી તેનું નાનું સરખું ઘર દેખાતું હતું તે દિશામાં મુખ ફેરવી હું ઊભો રહ્યો. મને વિચાર આવ્યો કે 'કાળદેવ આ નિર્ધન અમીરના શરીરની તમામ ચાદી લઈ ગયા, પરંતુ તેના અંતરની અમીરાતે માનવહૃદયમાં ઊભી કરેલી કાયમી ખાંભીનો એક પથ્થર પણ હજી સુધી ડગાવી શકચા નથી.'

(વિકાસ) —અશ્વિનીકુમાર ગિ. ભટ્ટ



માનવી સમયની કિંમત પીછતો થયો ત્યારથી તે આજ સુધીમાં અનેકવિધ પદ્ધતિઓ તેનાં માપ માટે તેણે યોજી છે. તેમાં મુખ્ય સિદ્ધાંત સદોદિત ગતિનો છે. આકાશમાં નિયમિત ભ્રમણ કરતો સૂર્ય, પાણી અથવા રેતીનો ચોક્કસ માપનો પ્રવાહ, સળગતી મીણબત્તી કે તેલનો દીવો, આવાં આવાં જે કંઈ સાધનો ચોક્કસાઈભર્યો સદોદિત ગતિપ્રવાહ આપી શકે તેનો ઉપયોગ માનવીએ વિવિધ દેશોમાં કર્યો છે, અને છેક ઈસવી સનની ચૌદમી સદી સુધી તે થતો હતો. આ ઉપર એ સાધનો અનુક્રમે નીચે મુજબ દર્શાવ્યાં છે: ડાબી બાજુ (ઉપર) પ્રાચીન મિસરવાસીઓની પદ્ધતિમાં પૂર્વ-પશ્ચિમ છેડા રહે તેવી રીતે આંકાવાળી એક પટ્ટી સવારના પહોરમાં મૂકવામાં આવતી, જેને બરાબર કાટખૂણે આવી રહેલી બીજી પટ્ટીનો પડછાયો, જેમજેમ સૂર્ય ચડતો જાય તેમતેમ, જુદાજુદા આંકાઓ ઉપર પડતો જતો. મધ્યાહ્ને એ પટ્ટીને ફેરવીને પશ્ચિમ-પૂર્વ કરી નાખવામાં આવતી અને નમતા જતા સૂર્યનો પ્રકાશ એ રીતે તેના પર પડતો. આ પદ્ધતિમાં આગળ જતાં ફેરફાર થઈને પ્રાચીન યુરોપમાં પ્રચલિત છાયાયંત્ર યોજાયું જેના બે પ્રકાર (ઊભું તથા આડું) ચિત્રમાં દર્શાવ્યા છે. સમય માપવાની પદ્ધતિમાં પાણીના પ્રવાહનો ઉપયોગ તો આપણે ત્યાં પ્રચલિત ઘટિકાયંત્ર(ઘડી)થી જાણીતો છે. પાણી ભરેલા વાસણમાં ચોક્કસ માપનું કાણાવાળું બીજું વાસણ મૂકવાને લીધે કાણામાંથી ધીમેધીમે પાણી ભરાતું જઈ અંતે નાનું વાસણ ડૂબી જાય ત્યારે એક ઘડી પૂરી થએલી ગણાતી. પછી તેમાં સુધારો થઇને પશ્ચિમના દેશોમાં, છેલ્લા ચિત્રમાં બતાવ્યા મુજબના આંકાવાળા વાસણની યોજના થઈ. છેલ્લેથી બીજા ચિત્રમાંની પદ્ધતિ જરા જુદી છે. તેમાં પાણી પ્રવેશવાને બદલે વાસણમાંથી નીકળી જઇને તેની સપાટીની ઊતરતી જતી રેખા વડે કલાકના આંકા દર્શાવાતા જાય છે. (૨૫)

૫૧૩ ('કુમાર' અંક ૪૨૦)

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : રાજાજી

ભારતની આઝાદીના અગ્રણી રાહબરો પૈકીના એક, પ્રકાંડ મેધાવી રાજપુરુષ, ચિંતક અને ઉચ્ચ કોટિના પ્રભાવશાળી વક્તા



ચક્રવર્તી રાજગોપાલાચાર્યનો જન્મ ઈ. ૧૮૭૯ના ડિસેમ્બરમાં મદ્રાસ પ્રદેશના સાલેમ જિલ્લાના હોસુર ગામ પાસેના એક ગામડામાં ચુસ્ત બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. જમીનદાર અને ગામના મુનસફ પિતા ચક્રવર્તી આયંગર સંસ્કૃતના અઠંગ જ્ઞાતા હતા, અને માતા હતાં એવાં જ ધર્મનિષ્ઠ. અંગ્રેજી ત્રણ ધોરણ હોસુરમાં કરીને બૅંગ્લોર હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થયા, ને બૅંગ્લોર કૉલેજમાં બે વર્ષ કરી મદ્રાસની પ્રેસિડેન્સી કૉલેજમાંથી ૧૮ની વયે બી.એ. થયા બાદ ૧૯૦૦માં બી.એલ. થઇને સાલેમમાં વકીલાત આરંભી. ૧૯૧૭માંસાલેમની મ્યુનિસિપાલિટીના પ્રમુખ ચૂંટાઇને તેમણે કરેલા સુધારાઓમાં અસ્પૃશ્યતાનિવારણ મુખ્ય છે.

૨૦ વર્ષની ધીકતી વકીલાત બાદ ગાંધીજી મદ્રાસ આવતાં તેમને એમણે ગુરુપદે સ્થાપ્યા. જોકે એ પહેલાં રોલેટ ઍક્ટના વિરોધી સત્યાગ્રહમાં તેઓ જોડાએલા. ૩૭મે વર્ષે પત્નીનું અવસાન થયા બાદ પાંચ બાળકોનો નિભાવ કેવળ નિઃસ્વાર્થ લોકસેવામાં રચ્યાપચ્યા રહીને એમણે જે રીતે કર્યો તે એમની અખૂટ સહનશીલતા ને અપ્રતિમ આદર્શનિષ્ઠા બતાવે છે. ૧૯૨૦ની નાગપુર મહાસભાના મંત્રી થયા બાદ ૧૯૨૧ના ડિસેમ્બરમાં તેમને વેલોરમાં ત્રણ માસની જેલ મળી, જ્યાં આખે શરીરે ગૂમડાં નીકળ્યાંની બિલકુલ આજાર અવસ્થામાં તેમણે લખેલી 'જેલડાયરી' તેમના ઉદાત્ત-પ્રસન્ન વિચારસ્વાસ્થ્યની દ્યોતક છે.

૧૯૨૨માં જેલમાંથી છૂટયા બાદ તેમણે ગાંધીજીનું 'યંગ ઈન્ડિયા' પત્ર હાથમાં લીધું અને એ જ વર્ષની 'ગયા-કૉંગ્રેસ' વેળા ગાંધીજીના કાર્યક્રમ સામે પંડિત મોતીલાલ નેહરુ વગેરેએ સ્થાપેલા સ્વરાજ પક્ષ વખતે ગાંધીજીના ચુસ્ત 'નાફેરવાદી' પક્ષના તેઓ નેતા બન્યા ત્યારે જીત પણ તેમના પક્ષની થઈ. અને ત્યાર પછી ગાંધીજીના જમણા હાથ જેવા રહીને તેઓ ૧૯૨૧ થી ૧૯૪૨ સુધી કૉંગ્રેસની કારોબારી સમિતિમાં લાગટ રહેલા. દરમ્યાન ૧૯૩૦-૩૧માં કૉંગ્રેસના માનાર્હ મંત્રી તથા ૧૯૩૨-૩૪માં કામચલાઉ પ્રમુખ તરીકે સેવા આપેલી. ૧૯૩૭માં કૉંગ્રેસે પ્રધાનપદાંનો સ્વીકાર કર્યો ત્યારે મદ્રાસ પ્રાંતમાં તેઓ મુખ્ય પ્રધાન નિમાએલા અને ૧૯૩૭ થી ૧૯૩૯, લાગટ ત્રણ વર્ષ સુધી મદ્રાસ કૉંગ્રેસના અધ્યક્ષ રહેલા.

૧૯૩૯માં કૉંગ્રેસે પ્રધાનપદાં ફગાવી દીધા પછી ગાંધીજીએ શરૂ કરેલા વ્યક્તિગત સત્યાગ્રહમાં પણ તેઓ જોડાએલા. પણ પછી તેમને ગાંધીજી સાથે પ્રામાણિક મતભેદ થયો, અને આથી તેઓ ઘણાં વર્તુળોમાં અકારા થઇ પડયા. ૧૯૪૭માં સ્વરાજ મળ્યા બાદ તેઓ 'ઇન્ડિયન યુનિયન ગવર્મેન્ટ'ના પ્રધાન, તથા ૧૯૪૭-'૪૮માં પશ્ચિમબંગાળના ગવર્નર નિમાયા. અને ૧૯૪૮ની ૨૧મી જૂને તેઓ સ્વતંત્ર ભારતના પહેલા ગવર્નર જનરલને પદે નિયુક્ત થયા, જે હોદ્દો ૧૯૫૦ સુધી સંભાળ્યો. ૧૯૫૧ દરમ્યાન તેઓ ગૃહખાતાના પ્રધાન બન્યા, પણ તે પછી તેમણે પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું. હાલ તેઓ નિવૃત્ત છે.

સ્વચ્છ અને સત્ત્વશીલ ઘણું સાહિત્ય તેમણે તમિળ અને અંગ્રેજી ભાષામાં લખ્યું છે. મહાભારત રામાયણ પરનાં ભાષ્યો તથા સરળ પુસ્તકો, બાળઉછેરનું માર્ગદર્શન કરતું પુસ્તક, ધર્મ તત્ત્વજ્ઞાન આદિ ઉચ્ચ વિષયોને સરળ દૃષ્ટાંતો દ્વારા સમજાવતાં વાર્તાપુસ્તક, મદ્યનિષેધ પરનું વાર્તિક, સૉક્રેટિસ પરનો નિબંધ, જેલડાયરી તથા ૧૯૪૨ની પરિસ્થિતિનું પૃથક્કરણ કરતું પુસ્તક 'વે આઉટ' આદિ મુખ્ય છે.

તેઓ પ્રકીર્તિત વક્તા અને વિચારનિષ્ઠ સેવક છે. તેમની નમ્રતા, સાદાઈ અને આચાર-વિવેકના ગુણો યે એટલા જ લોકપ્રશસ્ત છે.

દિનવિશેષ

તા. ૧ સમર્થ ગદ્યકાર, અગ્રણી વિચારક તથા લોકસેવક કાકા કાલેલકરનો જન્મ, ૧૮૮૫.
તા. ૨ ખ્રિસ્તી ધર્મપ્રચારક સંત ફ્રાંસિસ ઝેવિયરનું ચીનમાં સાનસિયાન ખાતે નિધન, ૧૫૫૨.
તા. ૭ મ્હૈસૂરના સિંહ હૈદર અલીનું મૃત્યુ ને તેના પુત્ર ટિપુ સુલતાનનું રાજ્યારોહણ, ૧૭૮૨.
તા. ૮ હિંદી લોકલાગણીને માન આપી શહેનશાહ પાંચમા જ્યૉર્જે બંગભંગ રદ કર્યો, ૧૯૧૧.
તા. ૧૦ હિંદમાં પહેલી વાર વિમાન કાઇરોથી ઊપડીને કરાચી બંદરે આવી ઊતર્યું, ૧૯૧૮.
તા. ૧૧ ભારતની પહેલવહેલી સ્વદેશી બૅંક 'સેન્ટ્રલ બૅંક ઑવ ઇંડિયા'ની સ્થાપના, ૧૯૧૧.
તા. ૧૨ અંગ્રેજી અમલની રાજધાની કલકત્તાને બદલે દિલ્હી હિંદનું પાટનગર બન્યું, ૧૯૧૧.
તા. ૧૩ નૈસર્ગિક અને માનવી ભવ્યતાના કલાકાર-ઋષિ નિકોલસ રોરિકનું અવસાન, ૧૯૪૮.
તા. ૧૬ ગોવાના વિજેતા, પોર્ટુગીઝ સાહસ-સફરી આલ્ફૉન્ઝો આલ્બુકર્કનું મરણ, ૧૫૧૫.
તા. ૧૭ મૂર્તિપૂજા વિરુદ્ધમાં રાજા રામમોહન રાયના નિબંધથી બંગાળી ગદ્યનો આરંભ, ૧૭૯૦.
તા. ૨૧ રશિયાના આધુનિક સ્વરૂપના ઘડવૈયા, અને કઠોર મુત્સદ્દી સ્તાલિનનો જન્મ, ૧૮૭૯.
તા. ૨૮ દેશના સ્વરાજકારણ-ક્ષેત્રે અગ્રણીસંસ્થા 'ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ'ની સ્થાપના, ૧૮૮૫.

પ્રસંગવિશેષ : યુ. એસ. એસ. આર.ની સ્થાપના, ૩૦મી ડિસેમ્બર ૧૯૨૨


ઝારના આપખુદ શાસન સામે ઈ. ૧૯૧૭ની ૮મી માર્ચે રશિયાના છેક નીચેના થર-મજૂરવર્ગના લોકોએ કરેલી જગવિખ્યાત ક્રાંતિને પરિણામે ૧૯૨૧માં ભસ્મીભૂત બનેલી ઝારશાહીની કથા તો ઇતિહાસની કિંવદંતી બની ગઈ છે. તે પછી સ્વાયત્ત હકૂમતના ઇતિહાસનું તરતનું બીજું પાનું તે સમાજવાદી સોવિયેત પ્રજાસત્તાકોના સંઘની સ્થાપના. ℂ શરૂમાં તો તેની હકૂમત નીચે મૉસ્કો તથા લેનિનગ્રાદની આસપાસનો થોડો પ્રદેશ જ હતો. પશ્ચિમની સત્તાઓ તરફથી મળેલા ઉત્તેજનને કારણે બાલ્ટિક સમુદ્ર પરના કેટલાક દેશો ફિન્લૅન્ડ, એસ્ટોનિયા, લૅટવિયા અને લીથુઆનિયા-સ્વતંત્ર થઈ ગયા, અને પૉલંડે પણ એમ જ કર્યું. પરંતુ આંતરવિગ્રહમાં રશિયાના સોવિયેતનો વિજય થયો અને પરદેશી લશ્કરો ખસી ગયાં, એટલે સાઇબીરિયા તથા મધ્ય એશિયામાં અલગ અને સ્વતંત્ર સોવિયેત સરકારો સ્થપાઈ. આ બધી સરકારોનું ધ્યેય એક જ હોવાથી સ્વાભાવિકરીતે જ તે બધી વચ્ચે નિકટનો સંબંધ હતો. અંતે ૧૯૨૨ની ૩૦મી ડિસેમ્બરે એ બધી સરકારો એકત્ર થઈ ગઈ અને તેમણે સોવિયેતના સંયુક્ત રાજ્ય 'યુનિયન ઑવ સોશ્યલિસ્ટ સોવિયેત રીપબ્લિક્'ની સ્થાપના કરી. ૧૯૨૩ પછી તે પ્રજાસત્તાકોની સંખ્યામાં થોડોક ફેરફાર થઇને કુલ સાત સંયુક્ત પ્રજાસત્તાકો થયાં : રશિયા, શ્વેત રશિયા, યુક્રેન, કૉકેસસની પારનો પ્રદેશ, તુર્કમીનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તાજીકિસ્તાન.

આ બે વાતોનો કદી કરવો નહિ વિચાર:
એક બૂરું કરનારનો, બીજો કર્યો ઉપકાર.

—'જય હરિ'

દેશબંધુચિત્તરંજનદાસના પરોપકારી પિતા એક મિત્રની મોટી રકમના જામીન થએલા, તે ભરવાની જવાબદારી અકસ્માત તેમના પર જ આવી પડી! રકમ એટલી જંગી હતી કે પિતા-પુત્ર બંનેને કોર્ટમાં નાદાર ઠરવું પડ્યું.

પછી ઘણે વર્ષે દેશબંધુને આર્થિક સગવડ થઇ ત્યારે, એ 'મુદત બહારનું' વર્ષોજૂનું દેવું ચૂકવવાની કાયદો તો તેમને ફરજ પાડે તેમ ન હતું છતાં, પેલો નાદારીનો હુકમ રદ કરાવીને પણ તેમણે પિતાનું દેવું રજેરજ ચૂકવી દીધું. આ ઉપરથી એક અંગ્રેજ ન્યાયાધીશે તેમને 'નીતિના ફિરસ્તા' કહેલા.



અંગ્રેજી મૂળાક્ષરના ૨૧મા અક્ષર 'યુ'નો ઇજિપ્શ્યન ચિત્રલિપિ હાએરોગ્લિફ પરથી હાએરેટિક, ફિનિશ્યન, જૂના ગ્રીક, જૂના રોમન અને આધુનિક સ્વરૂપે થએલો વિકાસ પહેલી તકતીમાં, અને તેના લેખનમરોડના કૅપિટલ તેમજ નાના રૂપનાં કાલક્રમ અનુસાર ગ્રીક, રોમન, ઍંગ્લો-સૅક્સન, ગૉથિક, જૂનું અંગ્રેજી, જર્મન, કૅલ્ટિક, ઍન્ગ્રાસિંગ, ઈટાલિક, ટ્યુડર, વિક્ટોરિયન અને આધુનિક સ્વરૂપો બીજી તકતીમાં દર્શાવ્યાં છે.

'કોઈ માણસ કહે કે 'હું કોદાળી લઈને સારી પૃથ્વીખોદી કાઢીશ', કોઈ વળી કહે કે 'હું રંગોનાં કૂંડાંલઇનેઆખું આકાશ રંગી કાઢીશ', વળી કોઈ એવા પણ નીકળે કે 'હું ઘાસનો પૂળોલઇને ગંગા નદીને ઉકાળી દઈશ', તો આ ત્રણેના પ્રયાસોથી પૃથ્વી, આકાશ કે ગંગા ઉપર કશી અસર થાય ખરી? તે જ પ્રમાણે કોઇ પણ તમને ગાળ દે કે માઠું વેણ કહે તેની તમારા પર અસર થવી ન જોઈએ.'

ભગવાન બુદ્ધ

કહેવતોના અર્થ: 'ઊણું ત્યાં સુધી કૂણું.' પેટ અને કમજાત માણસ, એ બેને સીધાં રાખવાનો વ્યવહારબોધ આપતી આ કહેવતનો અર્થ સ્પષ્ટ છે. ખાતી વખતે પેટને થોડું ઊણું રાખવાથી જ તે કૂણું-સુંવાળું રહીને તંદુરસ્તી જળવાય છે; વધારે પડતું ખાવાનીટેવથી અપચો, ઝાડા ને બીજાં પરિણામજન્ય દરદો આવી પડે છે. આ જ રીતે કમજાત માણસ પર પણ ઉદારતાથી વરસી જઇને તેને બહેકી જવા ન દેતાં થોડો ઊણો, તંગીમાં, રાખવાથી જ તે સીધો રહે છે, ને નુકસાન કરતો અટકે છે.

અનેકાર્થી શબ્દ: **વાસી**=તાજું નહિ એવું, પડતર; ટાઢું; કરમાએલું કે ચીમળાએલું; રહેનાર; વસતિ કે રહેનારા લોકો; શહેર; વાસ મારતું; ફરસી કે કુહાડી; સુથારનો વાંસલો.

લાકડા પર લાખનું રંગકામ કર્યા પછી તેને ઓપ આપવા માટે સંઘાડિયાઓ કેવડાનાં સૂકાં પાન જ વાપરે છે. તેની અવેજીમાં ચાલે એવી બીજી કોઈ ચીજ આજ લગી મળી નથી.



ફ્રૅન્કફર્ટ(જર્મની)ના ઝૂમાંના ત્રણ ચિમ્પાન્ઝી વાંદરાઓનો આ અસાધારણ ફોટોગ્રાફ ચીનના ત્રણ વાંદરાઓના વિશ્વખ્યાત કહેવતશિલ્પની આબાદ પ્રતિકૃતિ છે: બૂરું ન બોલો. બૂરું ન જુઓ, બૂરું ન સાંભળો. ('હિંદુ'-મદ્રાસમાંથી)



કલાકણિકા: પુરાતન સાઈપ્રસના ઈ. પૂર્વે આઠસોએક વરસ પરના કાંસ્યપાત્ર ઉપરના આ પ્રકારના બારીક નકશીકામે ભૌમિતિક આકૃતિઓથી થાકેલા ગ્રીક કારીગરોને પ્રેરણા આપેલી.

પાંત્રીસમા વર્ષનું

કુમાર

વાર્ષિક સાંકળિયું

જીવનચરિત્ર

ચરિત્રરેખા

જીવનચિત્ર

માસમાસની વ્યક્તિવિશેષ

વાર્તા-નાટિકા

વાર્તા


નાટિકા

લેખો ઇતિહાસ, ભૂગોળ, પુરાતત્ત્વ

પ્રવાસલેખમાળા

બીજા લેખો

૫૨૯ ('કુમાર' અંક ૪૨૦)



ઝરૂખે • ચિત્રકાર : રસિકલાલ પરીખ



↑ ભાતીગળ દર્શન

(કલાકાર: મેદેનિકા સેકયુલા-યુગોસ્લાવિયા)



↓ છાયા-પૃથિવી

(કલાકાર: ઍલન છ. ગ્રે, એ.આર.પી.એસ.-ઑસ્ટ્રેલિય

૨૨ થી ૨૯ નવેમ્બર દરમ્યાન અમદાવાદમાં, 'ધી ઇન્ડિયન ઍકૅડેમી ઑવ ફોટોગ્રાફી'ના આશ્રયે અને 'નિહારિકા' તથા 'કૅમેરા પિક્ટોરિયાલિસ્ટ્સ'ના પરિશ્રમથી ભરાએલા આંતરરાષ્ટ્રીય ફોટોકલાપ્રદર્શનમાં રજૂ થએલી સાદી તેમજ રંગીન મળીને ૩૯૦ કૃતિઓમાંની બે કૃતિઓ તેની ગુણવત્તાનો ખયાલ આપવા અહીં રજૂ કરી છે. એકમાં ભાતીગળ કાચની બારી પાછળ બેઠેલી નિર્વસ્ત્ર નારીના દર્શન દ્વારા કલાકારે તૈલચિત્રની કોઈ ઉત્તમ કલાકૃતિનો આભાસ ઉપજાવીને સૌન્દર્યની જે અભિનવ રજૂઆત કરી છે તેમાં તેનું કલ્પનાકૌશલ છે. નીચેનું ચિત્ર ઑસ્ટ્રેલિયાના અફાટ વિસ્તારોમાં આકાશ અને પૃથ્વીની વિશાળતાનું જે કાવ્ય રચાય છે તેનો ખયાલ કેવળ બે ઊંચાં વૃક્ષો વચ્ચેથી ડોકિયું કરતા અટૂલા ઘરના દૃશ્ય દ્વારા રજૂ થયું છે. ઉપલા ચિત્રમાંના છાયાપ્રકાશની અને નીચેનામાંનાં વાદળોની મુલાયમતા નોંધપાત્ર છે.



ભૂહાનનો સંદેશ (સ્કેચ : દિનેશ શાહ - [illegible] રવિનાથોના સૌજન્યથી)

૧૯૫૯ · કુમાર

જાન્યુઆરી

ર.	૪ ૧૧ ૧૮ ૨૫
સો.	૫ ૧૨ ૧૯ ૨૬
મં.	૬ ૧૩ ૨૦ ૨૭
બુ.	૭ ૧૪ ૨૧ ૨૮
ગુ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
શુ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
શ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧

ફેબ્રુઆરી

ર.	૧ ૮ ૧૫ ૨૨
સો.	૨ ૯ ૧૬ ૨૩
મં.	૩ ૧૦ ૧૭ ૨૪
બુ.	૪ ૧૧ ૧૮ ૨૫
ગુ.	૫ ૧૨ ૧૯ ૨૬
શુ.	૬ ૧૩ ૨૦ ૨૭
શ.	૭ ૧૪ ૨૧ ૨૮

માર્ચ

[illegible]	[illegible] ૨૨ ૨૯
સો.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
મં.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧
બુ.	૪ ૧૧ ૧૮ ૨૫
ગુ.	૫ ૧૨ ૧૯ ૨૬
શુ.	૬ ૧૩ ૨૦ ૨૭
શ.	૭ ૧૪ ૨૧ ૨૮

એપ્રિલ

ર.	૫ ૧૨ ૧૯ ૨૬
સો.	૬ ૧૩ ૨૦ ૨૭
મં.	૭ ૧૪ ૨૧ ૨૮
બુ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
ગુ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
શુ.	૩ ૧૦ ૧૭ ૨૪
શ.	૪ ૧૧ ૧૮ ૨૫

મે

ર.	૩૧ ૩ ૧૦ ૧૭ ૨૪
સો.	૪ ૧૧ ૧૮ ૨૫
મં.	૫ ૧૨ ૧૯ ૨૬
બુ.	૬ ૧૩ ૨૦ ૨૭
ગુ.	૭ ૧૪ ૨૧ ૨૮
શુ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
શ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦

જૂન

ર.	૭ ૧૪ ૨૧ ૨૮
સો.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
મં.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
બુ.	૩ ૧૦ ૧૭ ૨૪
ગુ.	૪ ૧૧ ૧૮ ૨૫
શુ.	૫ ૧૨ ૧૯ ૨૬
શ.	૬ ૧૩ ૨૦ ૨૭

જુલાઈ

ર.	૫ ૧૨ ૧૯ ૨૬
સો.	૬ ૧૩ ૨૦ ૨૭
મં.	૭ ૧૪ ૨૧ ૨૮
બુ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
ગુ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
શુ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧
શ.	૪ ૧૧ ૧૮ ૨૫

ઑગસ્ટ

ર.	૩૦ ૨ ૯ ૧૬ ૨૩
સો.	૩૧ ૩ ૧૦ ૧૭ ૨૪
મં.	૪ ૧૧ ૧૮ ૨૫
બુ.	૫ ૧૨ ૧૯ ૨૬
ગુ.	૬ ૧૩ ૨૦ ૨૭
શુ.	૭ ૧૪ ૨૧ ૨૮
શ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯

સપ્ટેમ્બર

ર.	૬ ૧૩ ૨૦ ૨૭
સો.	૭ ૧૪ ૨૧ ૨૮
મં.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
બુ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
ગુ.	૩ ૧૦ ૧૭ ૨૪
શુ.	૪ ૧૧ ૧૮ ૨૫
શ.	૫ ૧૨ ૧૯ ૨૬

ઑક્ટોબર

ર.	૪ ૧૧ ૧૮ ૨૫
સો.	૫ ૧૨ ૧૯ ૨૬
મં.	૬ ૧૩ ૨૦ ૨૭
બુ.	૭ ૧૪ ૨૧ ૨૮
ગુ.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
શુ.	૨ ૯ ૧૬ ૨૩ ૦
શ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧

નવેમ્બર

ર.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
સો.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
મં.	૩ ૧૦ ૧૭ ૨૪
બુ.	૪ ૧૧ ૧૮ ૨૫
ગુ.	૫ ૧૨ ૧૯ ૨૬
શુ.	૬ ૧૩ ૨૦ ૨૭
શ.	૭ ૧૪ ૨૧ ૨૮

ડિસેમ્બર

ર.	૬ ૧૩ ૨૦ ૨૭
સો.	૭ ૧૪ ૨૧ ૨૮
મં.	૧ ૮ ૧૫ ૨૨ ૨૯
બુ.	૨ ૯ ૧૬ ૨૩ ૩૦
ગુ.	૩ ૧૦ ૧૭ ૨૪ ૩૧
શુ.	૪ ૧૧ ૧૮ ૨૫
શ.	૫ ૧૨ ૧૯ ૨૬

અહીંથી ફાડી લઈને જાડા પૂંઠા પર ચોંટાડી દેવું

આ સાથે હું નીચેના ……નવા ગ્રાહકના લવાજમ પણ મોકલું છું: તો મને ગુજરાત કલાકલાપ સંપુટ નં. ……બેટ મોકલશો.

નવા ગ્રાહક નં. ૧

નવા ગ્રાહક નં. ૨

નવા ગ્રાહક નં. ૩

કુમાર કાર્યાલય લિ.

૧૪૫૪ રાયપુર

AHMEDABAD-1